અલ-ફારૂક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ IATA
દિવાળી વેકેશન ઉમરાહ પેકેજ
હજ્જ ૨૦૨૭ બુકીંગ ચાલુ
ઉમરાહ ડિસેમ્બર, જાન્યુઆરી ફેબ્રુઆરી, રમઝાન
હાજી યાકુબ મુન્શી ૯૯૦૪૩૭૫૩૩૩-૯૭૧૨૯૭૫૩૩૩
જામનગર : નવાઝભાઈ ૯૮૨૪૩૦૩૭૮૬

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
AHMEDABAD ●●● SINCE-1991

ઝમ-ઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ IATA
હજ્જ-૨૦૨૭
નવેમ્બર ઉમરાહ
રમઝાન ઉમરાહ
બુકીંગ ચાલુ છે
9712057888/7405355743/9712457888
૮, ગ્રાઉન્ડ ફ્લોર, દસ્કોઈ ચેમ્બર્સ, ખમાસા, અમદાવાદ

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૬ અંક-૫૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી

### PLFSના સર્વે મુજબ કરોડો યુવાનો ન તો નોકરી કરે છે કે ન અભ્યાસ કરે છે

# ચોંકાવનારૂં સર્વેક્ષણ : દેશના ૨૫ ટકા યુવાનો સાવ બેરોજગાર

**PLFS સર્વેક્ષણ મુજબ દેશના લગભગ ૨૫૦ જિલ્લાઓમાં ૧૫થી ૨૯ વર્ષના ૨૫% યુવાનો ન તો નોકરી કરે છે, ન અભ્યાસ કરી રહ્યા છે, કે ન કોઈ તાલીમ લઈ રહ્યા છે. આ 'NEET' કેટેગરીમાં ઉત્તર ભારતના ઘણા રાજ્યોની સ્થિતિ વધુ ખરાબ છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના અહેવાલથી યુવાધનની વર્તમાન સ્થિતિથી ગંભીર ચિંતા ઊભી થઈ છે**

(એજન્સી) તા.૧૯

ભારત વિશ્વમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવતો દેશ હોવાનો ગર્વ લે છે. યુવાનો કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનું મુખ્ય એન્જિન હોય છે, પરંતુ શું આ માનવ સંસાધનની વાસ્તવિક ક્ષમતાનો સદુપયોગ થઈ રહ્યો છે? આ સવાલ વચ્ચે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના સામયિક શ્રમ દળ સર્વેક્ષણ (PLFS)ના અહેવાલે ગંભીર ચિંતા ઊભી કરી છે. શુક્રવાર ૧૮ સપ્ટેમ્બરના રોજ જાહેર થયેલા વર્ષ ૨૦૨૫ના જિલ્લા સ્તરીય સર્વે મુજબ દેશના આશરે ૨૫૦ જિલ્લાઓમાં ૧૫થી ૨૯ વર્ષની વયના ઓછામાં ઓછા ૨૫ ટકા યુવાનો સાવ ખાલી બેઠા છે. તેઓ ન તો કોઈ નોકરી કરે છે, ન અભ્યાસ કરી રહ્યા છે અને ન તો કોઈ સ્કિલ ટ્રેનિંગ લઈ રહ્યા છે.

અભ્યાસમાં એક ખાસ પરિભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેને NEET (Not in Employment, Education or Training) તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે યુવાનોમાં બેરોજગારી માટે એવો તર્ક આપવામાં આવે છે કે તેઓ આગળ અભ્યાસ કરી રહ્યા હશે કે કોઈ વ્યાવસાયિક કૌશલ્ય શીખી રહ્યા હશે. પરંતુ NEET કેટેગરીમાં એવા યુવાનો આવે છે જેઓ આ ત્રણેયમાંથી કશું જ નથી કરી રહ્યા. આટલી મોટી સંખ્યામાં યુવાધનનું ઉત્પાદક પ્રવૃત્તિઓથી દૂર રહેવું દેશના ભવિષ્ય માટે ખતરાની ઘંટડી સમાન છે. નીતિ આયોગે પણ અગાઉ એક અહેવાલમાં જણાવ્યું હતું કે, દેશમાં આશરે ૯ કરોડ યુવાનો એવા છે જેઓ બેરોજગાર છે અને અભ્યાસ પણ નથી કરી રહ્યા. બિહાર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોના લગભગ બે-તૃતીયાંશ જિલ્લાઓમાં ૨૫%થી વધુ યુવાનો NEET કેટેગરીમાં છે. એટલે કે અહીં દર ૪માંથી ૧ યુવા સાવ નવરો છે. આંધ્રપ્રદેશ, ઓડિશા, આસામ અને તેલંગાણાના લગભગ અડધા જિલ્લાઓમાં પણ ૨૫% યુવાનો આ જ કેટેગરીમાં સામેલ છે. આ અહેવાલ તૈયાર કરવા માટે મોટા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે ૬૦૦ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા હતા. સર્વેક્ષણ હેઠળના ૭૫% જિલ્લાઓમાં ૨૫%થી વધુ યુવા મહિલાઓ NEET કેટેગરીમાં છે. મોટાભાગની યુવતીઓને ઘર સંભાળવાની જવાબદારી સોંપી દેવામાં આવે છે, જે પગાર વગરનું કામ હોવાથી રોજગારમાં ગણાતું નથી. આ મહિલાઓની પ્રગતિમાં સૌથી મોટો અવરોધ છે. મોટી સંખ્યામાં યુવાનોએ નોકરી શોધવાનું જ બંધ કરી દીધું છે કારણ કે, તેમને તેમની લાયકાત કે મનપસંદ ક્ષેત્ર મુજબ રોજગાર મળતો નથી. ઘણા યુવાનો વર્ષો સુધી માત્ર સ્પર્ધાત્મક સરકારી પરીક્ષાઓની તૈયારીમાં વ્યસ્ત રહે છે, જેના કારણે તેઓ સત્તાવાર અભ્યાસ, નોકરી કે ટ્રેનિંગથી બહાર રહે છે. ચિંતાજનક પરિસ્થિતિ વચ્ચે દેશના ૨૫ જિલ્લાઓ એવા પણ છે જ્યાં NEET હેઠળ આવતા યુવાનોની સંખ્યા ૧૦% કરતા પણ ઓછી નોંધાઈ છે.

## 'AI ૨૦૩૦ સુધીમાં તમામ મનુષ્યોનો ખાતમો કરશેની ભવિષ્યવાણી અંગે એનવીડિયાના CEO જેન્સન હુઆંગનો પ્રતિભાવ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯

એનવીડિયા (Nvidia)ના સીઈઓ જેન્સન હુઆંગે ૨૦૩૦ સુધીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માનવજાતનો અંત આણશે તેવી ભવિષ્યવાણીને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે આ ટેકનોલોજીથી માનવજાતના અસ્તિત્વ સામે કોઈ વિનાશક જોખમ નથી. નોંધનીય છે કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ ભવિષ્યવાણીને "અફવા/ઢોંગ" ગણાવી હતી અને એન્થ્રોપિક (Anthropic)ના સંશોધક જેકબ કોક્સને એઆઈ સુરક્ષાની ગંભીર ચિંતાઓને પગલે રાજીનામું આપ્યું હતું. કોક્સને ચેતવણી આપી હતી કે આ સાધનો બનાવનારા કમ્પ્યુટર વૈજ્ઞાનિકો પોતે એવું માને છે કે આ સોફ્ટવેર દાયકાના અંત સુધીમાં માનવજાતનો નાશ કરી શકે છે. સીબીએસ ન્યૂઝ (CBS News)ને આપેલા એક ઈન્ટરવ્યુમાં હુઆંગે જણાવ્યું હતું કે, "દુનિયાના અંતનો દાવો સમગ્ર અમેરિકામાં ડરનો માહોલ ઊભો કરી રહ્યો છે. જે લોકો આવી વાતો કરી રહ્યા છે તેનો કોઈ અર્થ મને સમજાતો નથી. તેથી તેઓ કદાચ કોઈ છુપા હેતુઓ માટે - રાજકીય હોઈ શકે અથવા તો માત્ર ધ્યાન ખેંચવા માટે આવું કરી રહ્યા



**કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) માનવજાત માટે વિનાશનું જોખમ નથી ઊભું કરતી; ૨૦૩૦ સુધીમાં દુનિયાનો અંત આવવાની સંભાવના ૦% છે : જેન્સન હુઆંગ**

હશે." તેમણે ઉમેર્યું કે, "આવા દાવા પાછળનું કારણ ગમે તે હોય, પણ ૨૦૩૦માં દુનિયાનો અંત આવવાનો નથી. તે સમયે દુનિયાનો અંત આવે તેની ૦% સંભાવના છે."

**હુઆંગનું કહેવું છે કે ઉદ્યોગે તેની ગતિ ધીમી ન કરવી જોઈએ**

હુઆંગે માનવજાતના વિનાશની આ વિચારધારાનો વિરોધ કર્યો હોય તેવું પહેલીવાર નથી બન્યું. તાજેતરના દિવસોમાં વિવિધ કાર્યક્રમો દરમિયાન પણ તેમણે પુનરાવર્તન કર્યું હતું કે AIને સુરક્ષિત રીતે નિયંત્રિત કરી શકાય છે. AI પ્રોસેસર્સના અગ્રણી સપ્લાયર એવી કંપનીના વડા હોવાના નાતે હુઆંગે નવા કડક નિયમોની જરૂરિયાત સામે પણ દલીલ કરી હતી. રવિવારે પ્રસારિત થનારા આ ઈન્ટરવ્યુ દરમિયાન હુઆંગે દલીલ કરી હતી કે AI ઉદ્યોગે પોતાની કામગીરી ધીમી કરવી જોઈએ નહીં. તેમણે કહ્યું, "અન્ય કોઈની પરવા કર્યા વગર આપણે જેટલી ઝડપથી બની શકે તેટલું આગળ વધવું જોઈએ. પરંતુ આપણે ક્યારેય અને કોઈ પણ સંજોગોમાં પ્રોડક્ટ્સ પૂરી રીતે તૈયાર થાય અને સુરક્ષિત સાબિત થાય તે પહેલાં માર્કેટમાં ઉતારવી જોઈએ નહીં. ઉલ્લેખનીય છે કે, ચાલુ મહિનાની શરૂઆતમાં જ સંશોધક જેકબ કોક્સનના રાજીનામાથી AI ક્ષેત્રે ચિંતાનું મોજું ફરી વળ્યું હતું, જેમાં તેમણે ચેતવણી આપી હતી કે AI બનાવતા સંશોધકો પોતે ગંભીરતાથી માને છે કે આ ટેકનોલોજી દાયકાના અંત સુધીમાં આપણને સૌને ખતમ કરી શકે છે.

વેચવાના છે
નીલગીરીના ઝાડ
રીંગ રોડ, અમદાવાદ
M.7878603003

ડૉ. નાઝનીન વાજા
(એમ.ડી.-પીડીયાટ્રીક્સ) I.D.P.C.C.M. (મુંબઈ)
બાળરોગ નિષ્ણાંત અને બાળકોના ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
વી કેર ચિલ્ડ્રન હોસ્પિટલ
૧૧૧,૧૧૯, બ્લુ વોટર, અંબર ટાવર પાસે, સરખેજ, અમદાવાદ
૨૪x૭ ઈમરજન્સી સારવાર
મો.૯૮૯૮૮૫૩૫૩૧
ઓપીડી સમય : સવારે ૧૧થી ૨, સાંજે ૬.૩૦થી ૮.૩૦

## માનવીઓના કાબૂ બહાર AI !

## ગૂગલ જેમિનીએ 3 કંપનીઓ હેક કરતાં દુનિયાભરમાં હડકંપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ગૂગલનું અત્યાધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલ 'જેમિની' માનવ નિયંત્રણમાંથી બહાર નીકળીને વાસ્તવિક દુનિયાની ૩ મોટી કંપનીઓને હેક કરી ચૂક્યું હોવાનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. 'ધ વૉલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, આ ઘટના આ વર્ષે મે મહિનામાં સાયબર સુરક્ષા ફર્મ 'ઈરરેગ્યુલર' દ્વારા આયોજિત એક નિયમિત પરીક્ષણ દરમિયાન બની હતી. આ સમગ્ર માહોલ 'કેપ્ચર-દ-ફ્લેગ' સાયબર ટેસ્ટ દરમિયાન ખોટી ઓળખ અને ઓપન ઈન્ટરનેટ કનેક્ટિવિટીના કારણે શરૂ થયો હતો. ટેસ્ટ દરમિયાન જેમિનીને એક કાલ્પનિક

### પરીક્ષણના અલગ-અલગ દોર દરમિયાન જેમિની AIએ પોતાની સાયબર ક્ષમતાઓનો ઉપયોગ કર્યો

કંપનીમાંથી ડેટા ચોરવાનું નિર્દેશન અપાયું હતું, જેનું નામ ભૂલથી એક વાસ્તવિક કંપની સાથે મળતું આવતું હતું. પરીક્ષણનું વાતાવરણ સુરક્ષિત અને બંધ રાખવાનું હતું, પરંતુ માનવીય ભૂલના કારણે તેની ઈન્ટરનેટ કનેક્ટિવિટી ખુલ્લી રહી ગઈ હતી. મોડેલે ઈન્ટરનેટ પર ટાર્ગેટ કંપનીના નામથી જોડાયેલા વેબ સર્ચ કર્યા, ઓનલાઈન પડેલા ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા અને ૩ વાસ્તવિક કંપનીઓના કમ્પ્યુટર્સમાં અનઓથોરાઈઝ્ડ એન્ટ્રી મેળવી લીધી. પરીક્ષણના અલગ-અલગ દોર દરમિયાન જેમિની AIએ પોતાની સાયબર ક્ષમતાઓનો ઉપયોગ કર્યો હતો. એક મામલામાં મોડેલે સુરક્ષિત નેટવર્કમાં ઘૂસવા માટે સતત અલગ-અલગ પાસવર્ડ્સ ગેસ કર્યા હતા. જ્યાં સુધી કે તેણે સુરક્ષા ઘેરો તોડી નાખ્યો. અન્ય ટેસ્ટમાં આ સિસ્ટમે પબ્લિક ડેટા રિપોઝિટરીમાંથી સિક્યોર્ડ એક્સેસ ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા હતા અને તેની મદદથી બહારના કમ્પ્યુટર્સમાં ઘૂસણખોરી કરી હતી. ગૂગલે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે મોડેલે જ્યારે અહેસાસ કર્યો કે તે કોઈ સિમ્યુલેટેડ ટાર્ગેટને બદલે વાસ્તવિક કોર્પોરેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પ્રવેશી ગયું છે, ત્યારે તેણે તરત જ પોતાના હુમલા અને ઓપરેશન્સ રોકી દીધા હતા. કંપનીએ આને સામાન્ય 'બગ બાઉન્ટી' પ્રોગ્રામ જેવું ગણાવ્યું હતું. જોકે, સાયબર સુરક્ષા જગતના અનેક વિશેષજ્ઞોનું માનવું છે કે કોઈ ઓટોનોમસ AI એજન્ટનું માનવીય નિયંત્રણ વગર વાસ્તવિક નેટવર્કને હેક કરવું એ સુરક્ષા પ્રોટોકોલ માટે અત્યંત ગંભીર અને ખતરનાક નિષ્ફળતા છે.

## વડાપ્રધાન મોદીએ ભારતના ઝડપી અને સ્થિર વિકાસ, પુનઃપ્રાપ્ય ઊર્જા સાથે યુવા-આધારિત વિકાસ મોડેલ પર ભાર મૂક્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભારતના વિકાસને 'ઝડપી' અને 'સ્થિર' ગણાવતા પર્યાવરણ સંરક્ષણ, પુનઃપ્રાપ્ય ઊર્જા અને યુવાનોની ભૂમિકાને દેશની વિકાસયાત્રાના મુખ્ય આધાર ગણાવ્યા. નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 'પર્યાવરણ અને આબોહવા ગતિશીલતાનું



**મોદીએ કહ્યું કે, વિકસિત દેશોમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન ભારતની સરખામણીએ છ ગણું વધારે છે અને નવી દિલ્હી આ તથ્યને આંતરરાષ્ટ્રીય મંચો પર રજૂ કરે છે. મોદીએ ઝડપી વિકાસ સાથે પર્યાવરણ સંરક્ષણ, યુવા શક્તિ, પુનઃપ્રાપ્ય ઊર્જા અને હરિત વિકાસની વાત કરી હતી**

ભવિષ્ય' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદના ઉદ્‌ઘાટન દરમિયાન મોદીએ કહ્યું કે, વિશ્વને ભારતના નવીનકારો, ઉદ્યોગસાહસિકો અને યુવાનો પાસેથી અપેક્ષાઓ છે. મોદીએ કહ્યું કે, મુક્ત વેપાર કરારો યુવાનો માટે નવી તકોના દરવાજા ખોલી રહ્યા છે. ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું સ્ટાર્ટઅપ પરિતંત્ર બની ગયું છે અને દેશમાં નોંધાયેલા અડધાથી વધુ સ્ટાર્ટઅપ્સ બીજા અને ત્રીજા સ્તરનાં શહેરોમાં છે.

પર્યાવરણ અંગે ભારત પર થતા આક્ષેપોના સંદર્ભમાં મોદીએ કહ્યું કે, માથાદીઠ કાર્બન ઉત્સર્જનમાં ભારતનું યોગદાન વૈશ્વિક સરેરાશ કરતા અડધાથી પણ ઓછું છે. તેમના જણાવ્યા મુજબ વિકસિત દેશોમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન ભારત કરતા છ ગણું વધુ છે. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય મંચો પર ભારત આ હકીકત સતત રજૂ કરે છે. મોદીએ વિકાસશીલ દેશો પર આબોહવા પરિવર્તનની જવાબદારી વધુ પડતી મૂકવામાં આવતી હોવાનો પણ દાવો કર્યો. પર્યાવરણ અને આબોહવા અંગે યોજાયેલી બે દિવસીય પરિષદમાં પર્યાવરણ નિષ્ણાતો, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો, કાનૂની નિષ્ણાતો અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

મોદીએ ભારતના પરમાણુ ઊર્જા ક્ષેત્રના વિસ્તરણની વાત કરતા વિપક્ષ પર પણ પ્રહાર કર્યો. તેમણે કહ્યું કે, પર્યાવરણ સંરક્ષણની મોટી મોટી વાતો કરનારા લોકો તેમની સરકાર પરમાણુ ઊર્જાનું કામ આગળ વધારે ત્યારે તેને રોકવા અદાલતોનો દરવાજો ખખડાવે છે. મોદીએ જણાવ્યું કે, ભારત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યું છે અને જી-૨૦માં ભારત એકમાત્ર એવો દેશ છે જેણે પેરિસ કરાર હેઠળની પ્રતિબદ્ધતાઓ નિર્ધારિત સમયમર્યાદા પહેલા જ પૂર્ણ કરી છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૧૨ વર્ષમાં ભારતની પવન ઊર્જા ક્ષમતા ત્રણ ગણી થઈ છે. જળવિદ્યુત ક્ષેત્રે પણ નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે સાથે જ સરકાર આ ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી માટે નવા માર્ગો ખોલી રહી છે. તેમના જણાવ્યા મુજબ દેશની બિન-અશ્મિ ઊર્જા ક્ષમતામાં ૪૦૦ ટકાનો વધારો થયો છે.

સૌર ઊર્જામાં ભારતની પ્રગતિનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે, ૧૨ વર્ષ પહેલા દેશની સૌર ઊર્જા ક્ષમતા માત્ર ૨ ગિગાવોટ હતી, જે હવે ૧૬૦ ગિગાવોટને પાર કરી ગઈ છે. મોદીએ કહ્યું કે, સરકાર ઘરોને જ સૌર ઊર્જા ઉત્પન્ન કરતા કેન્દ્રોમાં ફેરવવાનું કામ કરી રહી છે. તેમના જણાવ્યા મુજબ ૫૦ લાખથી વધુ ઘરોની છત પર સૌર પેનલ લગાવવામાં આવી છે અને આવા દરેક પરિવારને આશરે રૂા.૮૦,૦૦૦ની વધારાની સહાય આપવામાં આવી છે.

સ્વચ્છ પરિવહન ક્ષેત્રે ભારતની પ્રગતિનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, થોડા દિવસ પહેલા દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન શરૂ થઈ અને તે વિશ્વની સૌથી લાંબી હાઈડ્રોજન ટ્રેન છે. તેમણે તેને સ્વચ્છ પરિવહનના નવા યુગની શરૂઆત ગણાવી હતી. મોદીએ કહ્યું કે, ૨૦૧૪ પહેલા ભારતમાં દર વર્ષે માત્ર આશરે ૩,૦૦૦ ઈલેક્ટ્રિક વાહનો વેચાતા હતા, જ્યારે ગયા વર્ષે લગભગ ૨૫ લાખ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું. તેમના જણાવ્યા મુજબ ફાસ્ટેગના કારણે ટોલ પ્લાઝા પર રાહ જોવાનો સમય અને ઈંધણનો બગાડ પણ ઘટ્યો છે. મેટ્રો રેલના વિસ્તરણનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું કે, ૨૦૧૪ પહેલા માત્ર પાંચ શહેરોમાં ૨૫૦ કિલોમીટરથી ઓછું મેટ્રો નેટવર્ક હતું. હવે ૨૦ શહેરોમાં ૧,૦૦૦ કિલોમીટરથી વધુનું મેટ્રો નેટવર્ક છે. રેલવેના ૧૦૦ ટકા વિદ્યુતીકરણને પણ તેમણે પર્યાવરણ માટે મહત્વપૂર્ણ ગણાવ્યું. તેમના જણાવ્યા મુજબ તેના કારણે દર વર્ષે કરોડો લિટર ડીઝલની બચત થઈ રહી છે. મોદીએ કહ્યું કે, દેશમાં ૭૦,૦૦૦થી વધુ 'અમૃત સરોવર' બનાવવામાં આવ્યા છે. 'કેચ ધ રેઈન' અભિયાન હેઠળ લગભગ દોઢ કરોડ જળસંચય માળખાં ઊભાં કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય કુદરતી ખેતી મિશન અંગે મોદીએ જણાવ્યું કે, ૧૨.૫ લાખ હેક્ટરમાં કુદરતી ખેતીના ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે.

CELEBRATING EXCELLENCE 36 years GT






## ‘દિલ્હી મહિલાઓ માટે દરરોજની એક ભયાનક કહાની બની ગયું છે’: કિશોરી પર ગેંગરેપ અને હત્યા મામલે રાહુલ અને પ્રિયંકાએ અમિત શાહને ઘેર્યા

કોંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાએ દિલ્હીમાં એક કિશોરી પર કથિત ગેંગરેપ અને હત્યાની ઘટના અંગે અવાજ ઉઠાવ્યો છે. બંનેએ મહિલાઓની સુરક્ષા મામલે સત્તાવાળાઓને સવાલ કર્યા છે અને આ ઘટના માટે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દિલ્હી પોલીસની ટીકા કરી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જવાબદારી પર સવાલ ઉઠાવ્યા, કારણ કે દિલ્હી પોલીસ તેમના મંત્રાલય હેઠળ કામ કરે છે. તેમણે કહ્યું કે કિશોરી પર ગેંગરેપ અને હત્યા કર્યા બાદ તેનો મૃતદેહ ખુલ્લા મેદાનમાં ફેંકી દેવામાં આવ્યો હતો, અને સવાલ કર્યો કે પોલીસને દિવસો સુધી આ ગુનાની જાણ કેમ ન થઈ. ‘X’ પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ આ ઘટનાને દેશની રાજધાનીમાં “ક્રૂરતાનું ભયાનક કૃત્ય” ગણાવ્યું. તેમણે એ વાતને પણ નકારી કાઢી કે દિલ્હી મહિલાઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડે છે; તેમણે કહ્યું કે આ શહેર મહિલાઓ માટે ભયનું કારણ બની ગયું છે. તેમણે કહ્યું, “દુર્ભાગ્યપૂર્ણ છે કે દિલ્હી આજે માત્ર રાજધાની નથી રહ્યું; તે મહિલાઓ માટે દરરોજની એક ભયાનક કહાની બની ગયું છે.” રાહુલે દિલ્હીમાં મહિલાઓની સુરક્ષાની જવાબદારી અંગે શાહને સીધો સવાલ કર્યો. તેમણે ધ્યાન દોર્યું કે દિલ્હી પોલીસ કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ આવે છે અને પૂછ્યું કે રાજધાનીમાં મહિલાઓની સુરક્ષા માટે આખરે કોને જવાબદાર ઠેરવવા જોઈએ. “અમિત શાહજી, દિલ્હી પોલીસ તમારા નિયંત્રણ હેઠળ છે. આખરે, મહિલાઓની સુરક્ષા કોની જવાબદારી છે?”

## તિરૂપતિ લાડુમાં પામ ઓઈલના ઉપયોગ મામલે EDએ સુકૃતિ ફૂડ્સના પ્રમોટરની ધરપકડ કરી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ તિરૂપતિ લાડુ પ્રસાદમ બનાવવા માટે વપરાતા ઘીમાં કથિત ભેળસેળ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સુકૃતિ ફૂડ્સના પ્રમોટર કૈલાશ ચંદ મંગલાની ધરપકડ કરી છે. એજન્સીએ જણાવ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD)ને ‘એગમાર્ક સ્પેશિયલ ગ્રેડ ગાયનું ઘી’ તરીકે જે ઘી પૂરું પાડવામાં આવ્યું હતું, તે કથિત રીતે રિફાઈન્ડ પામ ઓઈલ, પામ કર્નલ ઓઈલ, પામોલિન અને વિવિધ રસાયણોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું. એક નિવેદનમાં, કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું હતું કે TTDથી ભેળસેળ કેસના સંબંધમાં ૧૭ સપ્ટેમ્બરના રોજ હૈદરાબાદ સ્થિત કાર્યાલય દ્વારા મંગલાને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. EDએ જણાવ્યું હતું કે બાદમાં તેમને વિશાખાપટ્ટનમની ‘પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ’ (PMLA) હેઠળની વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને જ્યુડિશિયલ કસ્ટડી (ન્યાયિક કસ્ટડી)માં મોકલી દેવામાં આવ્યા હતા.

## રાજસ્થાની આદિવાસી શાળાઓ માટે અભિયાન : CJPએ જમીની વાસ્તવિકતા જાણવા ‘આદિવાસી સ્કૂલ ઠીક કરો’ અભિયાન શરૂ કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે શાળાઓ અને કોલેજોમાં “આશીર્વાદનો દીવો” પ્રગટાવવાના રાજસ્થાન સરકારના એક મહિના લાંબા અભિયાનની વચ્ચે, કોંગ્રેસ જનતા પાર્ટી (CJP) એ રાજ્યના આદિવાસી-પ્રભુત્વવાળા વિસ્તારોમાં શાળાઓની સ્થિતિની નોંધ લેવા એક સમાંતર અભિયાનની જાહેરાત કરી છે. “આદિવાસી સ્કૂલ ઠીક કરો” (આદિવાસી શાળાઓ સુધારો) શીર્ષક ધરાવતું આ અભિયાન ઉદયપુર વિભાગથી શરૂ થશે; CJPની ટીમ શુક્રવારે આ વિસ્તાર માટે રવાના થઈ રહી છે અને શનિવારથી શાળાઓની મુલાકાત લેવાનું શરૂ કરે તેવી અપેક્ષા છે. સંસ્થાની યોજના છે કે ત્યારબાદ આ અભિયાનનો વિસ્તાર રાજસ્થાનના અન્ય આદિવાસી વિસ્તારોમાં પણ કરવામાં આવે. CJPના રાષ્ટ્રીય સંયોજક આશુતોષ રંજને જણાવ્યું હતું કે સંસ્થા આદિવાસી શાળાઓમાં પણ સરકાર દ્વારા પ્રોત્સાહિત દીવો પ્રગટાવશે, પરંતુ આશા સાથે કે આ પ્રવૃત્તિ દ્વારા શાળાઓની મૂળભૂત માળખાગત સુવિધાઓ અને અન્ય સુવિધાઓ તરફ ધ્યાન દોરવામાં આવશે.

## દિલ્હી યુનિવર્સિટી ચૂંટણી પરિણામો ૨૦૨૬ : ABVPએ દિલ્હી યુનિવર્સિટીની ૪માંથી ૩ બેઠકો જીતી, અપક્ષ ઉમેદવારે રચ્યો ઈતિહાસ

દિલ્હી યુનિવર્સિટી ચૂંટણી પરિણામો ૨૦૨૬ : મતગણતરીના ૨૦ રાઉન્ડ પૂર્ણ થયા બાદ દિલ્હી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયન (DUSU) ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)એ ચાર મુખ્ય હોદ્દાઓમાંથી ત્રણ - પ્રમુખ, સચિવ અને સંયુક્ત સચિવ - પર જીત મેળવી છે. ABVPના યશ ડબાસે ૨૪,૫૭૬ મતો સાથે પ્રમુખ પદ જીત્યું; તેમણે NSUIના વિજય શંકર મીણાને હરાવ્યા, જેમણે ૨૨,૫૨૩ મતો મેળવ્યા હતા. રિયા છાવડીએ ૨૧,૬૫૦ મતો સાથે સચિવ પદ જીત્યું, જ્યારે લક્ષ્ય રાજ સિંહે ૧૬,૬૧૫ મતો સાથે સંયુક્ત સચિવ પદ જીત્યું. અપક્ષ ઉમેદવાર અને NSUIના પૂર્વ સભ્ય દીપાંશુ શોકીને ૩૦,૬૧૫ મતો સાથે ઉપ-પ્રમુખ પદ જીત્યું. ABVPના ઈશુ મૌર્ય ૧૬,૯૧૦ મતો સાથે બીજા ક્રમે રહ્યા, જ્યારે NSUIના વીર છત્રથે ૪,૩૧૩ મતો મેળવ્યા. પરિણામો સત્તાવાર રીતે જાહેર થાય તે પહેલાં, અધિકારીઓએ દિલ્હી હાઈકોર્ટના નિર્દેશો અનુસાર વિજેતા ઉમેદવારો અને તેમના સમર્થકોને યુનિવર્સિટી કેમ્પસની અંદર કે બહાર વિજય રેલીઓ ન કાઢવા જણાવ્યું હતું. DUSUના ચૂંટાયેલા પ્રમુખ યશ ડબાસે તેમના કાર્યકાળ દરમિયાન હાથ ધરવાની યોજના ધરાવતા મુદ્દાઓ વિશે વાત કરી.

## DUSU ચૂંટણી : સંદીપ દીક્ષિતનું કહેવું છે કે કથિત ગેરરીતિઓએ રસાકસીપૂર્ણ મુકાબલાના પરિણામોને અસર કરી છે

NSUIના અનેક સભ્યો દ્વારા મતદાન કેન્દ્રો પર ગેરરીતિઓની ફરિયાદો બાદ, કોંગ્રેસ નેતા સંદીપ દીક્ષિતે દિલ્હી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયન (DUSU)ની ચૂંટણીમાં કથિત ગેરરીતિઓના આરોપોની તપાસ કરવાની માંગ કરી છે. દીક્ષિતે જણાવ્યું હતું કે NSUI પ્રમુખે તેમને મતગણતરી દરમિયાન થયેલી કથિત ગેરરીતિઓ વિશે જાણ કરી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે NSUIના પ્રચારકોને અવરોધનો સામનો કરવો પડ્યો હતો અને તેમને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. તેમણે કહ્યું કે આ બાબતોની તપાસ થવી જરૂરી છે કારણ કે કેટલીક ચૂંટણીઓના પરિણામો ખૂબ જ ઓછા અંતરથી નક્કી થયા હતા. જો કે, આ આરોપો હજુ સાબિત થયા નથી. RSS સાથે સંકળાયેલી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) પ્રમુખ, સચિવ અને સંયુક્ત સચિવના પદો પર વિજયી બની હતી. અપક્ષ ઉમેદવાર દીપાંશુ શોકીને ઉપ-પ્રમુખનું પદ જીત્યું હતું.

## મહારાષ્ટ્રમાં કથિત ગેંગરેપ મામલે ભાજપના પૂર્વ ધારાસભ્ય અને બરતરફ પોલીસકર્મી સામે ગુનો દાખલ

થાણે : મહારાષ્ટ્ર પોલીસે ભાજપના પૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર પવાર અને બરતરફ પોલીસ અધિકારી શૈલેષ પાટીલ વિરૂદ્ધ કથિત ગેંગરેપનો કેસ નોંધ્યો છે. એક પરિણીત મહિલાએ ફરિયાદ કરી હતી કે પતિ સાથેના વિવાદને ઉકેલવામાં મદદ કરવાનું વચન આપીને આ બંનેએ તેનું જાતીય શોષણ કર્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મહિલા વૈવાહિક મુશ્કેલીઓનો સામનો કરી રહી હતી અને વિવાદ ઉકેલવા માટે પવાર પાસે મદદ માંગવા ગઈ હતી. તેણે આરોપ લગાવ્યો કે કલ્યાણ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા પૂર્વ ધારાસભ્યે મામલામાં મધ્યસ્થી કરવાના બહાને તેને પોતાની ઓફિસમાં બોલાવી હતી. મહિલાએ આરોપ લગાવ્યો કે ૧૩ સપ્ટેમ્બરની વહેલી સવારે પવાર અને પાટીલ તેને બાપગાંવના એક ખાનગી ફાર્મહાઉસ પર લઈ ગયા હતા, જ્યાં તેમણે હથિયારો બતાવીને ધમકાવી હતી, નશીલો પદાર્થ પીવડાવ્યો હતો અને જાતીય શોષણ કર્યું હતું. તેણીની ફરિયાદ મુજબ, પવાર સવારે લગભગ ૨ વાગ્યે ફાર્મહાઉસ છોડીને જતા રહ્યા હતા, જ્યારે પાટીલ સવારે લગભગ ૪ વાગ્યા સુધી ત્યાં રોકાયા હતા. તેણે વધુમાં આરોપ લગાવ્યો કે પાટીલે બાદમાં એક ત્રીજી વ્યક્તિની મદદથી તેને તેના ઘરે મૂકી હતી. મળતી માહિતી મુજબ, મહિલાએ ૧૬ સપ્ટેમ્બરે સોશિયલ મીડિયા દ્વારા કોંગ્રેસના કોર્પોરેટર કંચન કુલકર્ણીનો સંપર્ક કર્યો હતો અને શરૂઆતમાં ડર તથા આઘાતને કારણે ચૂપ રહ્યા બાદ આ કથિત ઘટના વિશે જણાવ્યું હતું. કુલકર્ણીએ કહ્યું કે મહિલાએ વીડિયો રેકોર્ડિંગ અને કોલ રેકોર્ડ્સ સહિતની ડિજિટલ સામગ્રી પણ શેર કરી હતી, જે તેના દાવા મુજબ આરોપોને સમર્થન આપતી હતી. કાયદાકીય કાર્યવાહી માટે તેઓ ફરિયાદી સાથે પઢઘા પોલીસ સ્ટેશન ગયા હતા.

## મુંબઈમાં દુ:ખદ ઘટના : લાલબાગચા રાજાના દર્શન દરમિયાન ૨૫ વર્ષીય યુવકનું હૃદયરોગના હુમલાથી અવસાન

મુંબઈ : જલગાંવના ૨૫ વર્ષીય યુવકનું ૧૭ સપ્ટેમ્બરના રોજ મુંબઈમાં લાલબાગચા રાજાના દર્શન દરમિયાન હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. પોલીસે જણાવ્યું હતું કે મૃતકની ઓળખ પુણેના બાવધાનના રહેવાસી જયદીપ મેઘરાજ નેમાડે તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ૧૭ સપ્ટેમ્બરની રાત્રે લગભગ ૧૧:૪૦ વાગ્યે બની હતી. નેમાડે લાલબાગ બિલ્ડિંગ નંબર ૩ પાસે તેમના મિત્રો સાથે બેઠા હતા ત્યારે અચાનક તેમને અસ્વસ્થતા અનુભવાઈ હતી. લાલબાગ ગણેશ ઉત્સવ મંડળના હોદ્દેદારોએ તાત્કાલિક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી અને તેમને ગ્લોબલ હોસ્પિટલ લઈ ગયા. પોલીસે જણાવ્યું કે સારવાર છતાં, હોસ્પિટલમાં હૃદયરોગના હુમલાને કારણે નેમાડેનું મૃત્યુ થયું હતું. કાલાચૌકી પોલીસે આકસ્મિક મૃત્યુનો અહેવાલ (ADR) નોંધ્યો છે અને વધુ તપાસ કરી રહી છે. પોલીસ ડેપ્યુટી કમિશનર અનુરાગ જૈને જણાવ્યું હતું કે નેમાડેના પરિવારજનોએ તેમના મૃત્યુ અંગે કોઈ ફરિયાદ કે શંકા વ્યક્ત કરી નથી.

## આગર માલવા નદી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૮ શ્રદ્ધાળુઓનાં પરિવારજનો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂા.૨ લાખની સહાય જાહેર કરી

આગર માલવા (મધ્યપ્રદેશ) : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મધ્યપ્રદેશના આગર માલવા જિલ્લાના નલખેડામાં મા બગલામુખી મંદિર નજીક વરસાદને કારણે ઉફરાઈ આવેલા નાળામાં શ્રદ્ધાળુઓ ભરેલી કાર તણાઈ જવાથી થયેલા આઠ લોકોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન મોદીએ ‘પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ’ (PMNRF)માંથી દરેક મૃતકના નજીકના સંબંધીઓને રૂા.૨ લાખની સહાય આપવાની પણ જાહેરાત કરી હતી. વડાપ્રધાન કાર્યાલય (PMO)ના એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, “મધ્યપ્રદેશના આગર માલવામાં થયેલી દુર્ઘટના અત્યંત દુ:ખદ છે. જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેવા પરિવારો પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરૂં છું. PMNRFમાંથી દરેક મૃતકના નજીકના સંબંધીઓને રૂા.૨ લાખની સહાય આપવામાં આવશે. ઘાયલોને રૂા.૫૦,૦૦૦ આપવામાં આવશે.”

# IIT બોમ્બેમાં વિદ્યાર્થીનું મૃત્યુ, માતા-પિતાએ સંસ્થાકીય ત્રાસ અને જાતિભેદના આક્ષેપ કર્યા : ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શનો કર્યા

(એજન્સી) મુંબઈ, તા.૧૯

આઈઆઈટી બોમ્બેના ૧૯ વર્ષીય દ્વિતીય વર્ષના વિદ્યાર્થી સાહિલ વાકુડેના મૃત્યુ બાદ સંસ્થામાં વિદ્યાર્થી આંદોલન ઉગ્ર બન્યું છે. પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યાની ઘટના બાદ શુક્રવારે વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું. ઘટનાના વિરોધમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ કેમ્પસમાં પ્રદર્શન કર્યું હતું અને સંસ્થાએ ચાલી રહેલી મધ્ય-સત્ર પરીક્ષાઓ મુલતવી રાખી હતી. ઊર્જા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગમાં અભ્યાસ કરતા વાકુડેને પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા પકડવામાં આવ્યો હોવાનું આઈઆઈટી બોમ્બેએ જણાવ્યું છે. સંસ્થાના જણાવ્યા અનુસાર તેણે પરીક્ષાનું પ્રશ્નપત્ર ચેટજીપીટી પર અપલોડ કરીને જવાબો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આઈઆઈટી બોમ્બેના સત્તાવાર નિવેદન મુજબ, આ મામલે તેની સામે કોઈ શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી નહોતી. શિક્ષક અને વિભાગના વડાએ વિદ્યાર્થી સાથે વાત કરી, તેને સમજાવ્યો અને આ ઘટનાની તેના શૈક્ષણિક ભવિષ્ય પર પ્રતિકૂળ અસર નહીં થાય તેવી ખાતરી આપી હતી. ત્યારબાદ તે હોસ્ટેલના રૂમમાં પરત ગયો હતો. સાંજે તે રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. સંસ્થાએ વિદ્યાર્થીના મૃત્યુ અંગે દુ:ખ વ્યક્ત કરતાં કહ્યું કે ઘટનાની પરિસ્થિતિની તપાસ સંબંધિત સત્તાધિકારીઓ કરી રહ્યા છે અને અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ, મિત્રો તથા શિક્ષકોને જરૂરી સહાય આપવામાં આવી રહી છે. પરંતુ વાકુડેના માતા-પિતાએ સંસ્થાના આ વર્ણનથી અલગ ગંભીર આક્ષેપો કર્યા છે. યવતમાળથી કેમ્પસ પહોંચેલા માતા-પિતાએ તેમના પુત્રને સંસ્થાકીય ત્રાસ અને જાતિભેદનો સામનો કરવો પડ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે આઈઆઈટી બોમ્બેના ડિરેક્ટર અને ડીનને જવાબદાર ઠેરવતાં ઘટનાને ‘સંસ્થાકીય હત્યા’ ગણાવી હતી. તેમણે કહ્યું કે સાહિલ તેમનો એકમાત્ર પુત્ર હતો અને અત્યંત મહેનતુ તથા સંઘર્ષશીલ હતો. “અમે ન્યાય ન મળે ત્યાં સુધી અહીં બેસીશું. અમે સંસ્થાને તેના મૃત્યુ માટે જવાબદાર માનીએ છીએ. વિદ્યાર્થીના મૃત્યુના સમાચાર બાદ ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ આઈઆઈટીની મુખ્ય ઈમારત પાસે એકત્ર થયા અને વહીવટીતંત્ર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. શનિવારે પણ વિરોધ ચાલુ રહ્યો હતો. વિદ્યાર્થીઓએ ડિરેક્ટર પ્રો. શિરીષ કેદારે તથા ઊર્જા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના પ્રો. સૂર્યનારાયણ દુલ્લાના રાજીનામાની માગ કરી હતી. પ્રો. કેદારે વિદ્યાર્થીઓ સાથેની મુલાકાતમાં સોમવારે રાજીનામું આપવાની વાત કરી હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ સાહિલના મૃત્યુની સ્વતંત્ર તપાસ, જવાબદાર લોકો સામે કાર્યવાહી અને છેલ્લા એક વર્ષમાં આઈઆઈટી બોમ્બેમાં થયેલા ચાર વિદ્યાર્થી મૃત્યુની જાહેર તપાસની માગ કરી છે. પરીક્ષા અને અન્ય શૈક્ષણિક સમિતિઓમાં લોકશાહી પદ્ધતિથી વિદ્યાર્થી પ્રતિનિધિત્વ, વિદ્યાર્થી આત્મહત્યા અંગે ટાસ્ક ફોર્સ અને વિરોધમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કે ધમકી ન આપવામાં આવે તેવી સુરક્ષાની પણ માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત મધ્ય-સત્ર અને અંતિમ પરીક્ષાઓ વચ્ચે વિરામ, પ્રોફેસરો માટે ફરજિયાત માનસિક આરોગ્ય સંવેદનશીલતા વર્કશોપ, વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્રનું સુચારૂ સંચાલન, વાકુડેના પરિવારને વળતર, વિદ્યાર્થી સંગઠનોને માન્યતા અને કેમ્પસમાં લોકશાહી પ્રક્રિયાની પુનઃસ્થાપનાની માંગ પણ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ એવી વેબસાઈટ બનાવવાની માંગ કરી છે જ્યાં તેઓ પોતાની ફરિયાદો ગુપ્ત રીતે નોંધાવી શકે અને તેની સ્થિતિ જાણી શકે. કોંગ્રેસ નેતા પવન ખેરાએ આ ઘટનાને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ પર રહેલા ભારે દબાણ અને માનસિક આરોગ્ય સેવાઓ અંગે ગંભીર પ્રશ્ન ગણાવ્યો. તેમણે જણાવ્યું કે ઓક્ટોબર ૨૦૨૨થી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ૧૮થી ૨૫ વર્ષની વયના ૧,૫૪,૦૪૬ કોલેજ વિદ્યાર્થીઓએ ટેલિ-માનસનો સંપર્ક કર્યો હતો, જેમાં ૫,૬૪૨ કોલમાં આત્મહત્યાને લગતી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ખેરાએ સુપ્રીમ કોર્ટને ટાંકીને ૨૦૨૨માં ૧૩,૦૪૪ વિદ્યાર્થી આત્મહત્યાના આંકડાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે આઈઆઈટી બોમ્બેમાં છ મહિનામાં આ ત્રીજું વિદ્યાર્થી મૃત્યુ હોવાનું કહીને સરકાર સમક્ષ વિદ્યાર્થી માનસિક આરોગ્યને ગંભીરતાથી લેવાની માંગ કરી છે. કોંગ્રેસ સાંસદ ડૉ. સૈયદ નાસિર હુસૈને પણ વિદ્યાર્થી આત્મહત્યાના વધતા બનાવો અંગે સરકારને સવાલ કર્યો અને પરીક્ષા પેપર લીકના કેસોમાં વિદ્યાર્થીઓને ભોગવવી પડતી મુશ્કેલીઓ તથા આરોપીઓ સામે થયેલી કાર્યવાહીની અસરકારકતા અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. એઆઈએસએની કાર્યકર નેહાએ કહ્યું કે આઈઆઈટી બોમ્બેમાં સતત થઈ રહેલા વિદ્યાર્થી મૃત્યુ એ ચેતવણી છે કે શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના જીવન અને સુરક્ષાને પ્રાથમિકતા આપવાની જરૂર છે. સીજેપીના સહસ્થાપક અભિજીત દીપકેએ પણ કહ્યું કે વિદ્યાર્થી આત્મહત્યાની સમસ્યા માત્ર મોટા શહેરો પૂરતી મર્યાદિત નથી; દૂરના આદિવાસી વિસ્તારો અને મુંબઈ જેવા મહાનગરોમાં પણ વિદ્યાર્થીઓ આ સંકટનો સામનો કરી રહ્યા છે. સાહિલ વાકુડેના મૃત્યુએ એકસાથે પરીક્ષા અને શિસ્તની વ્યવસ્થા, વિદ્યાર્થીઓ પરનું શૈક્ષણિક દબાણ, માનસિક આરોગ્ય સહાય, કેમ્પસમાં જાતિભેદના આક્ષેપો અને સંસ્થાઓમાં ફરિયાદ નિવારણની વ્યવસ્થા પર અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ઘટનાની સત્તાવાર તપાસ આગળ વધે તેમ આ આક્ષેપો અને મૃત્યુની પરિસ્થિતિ અંગે વધુ સ્પષ્ટતા થવાની અપેક્ષા છે.

# ‘છ લોકો આ વ્યવસ્થા ચલાવે છે’ : ઈન્દોરમાં વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ પીએમ મોદી, અમિત શાહ અને અજીત ડોભાલ પર નિશાન સાધ્યું

### રાહુલ ગાંધીએ કહ્યું કે, અદાણી અને અંબાણી મુદ્દે ‘વ્યવસ્થા’ (સિસ્ટમ) પર સવાલ ઉઠાવનારા વિદ્યાર્થીઓને ‘અંધભક્તો’ના વિરોધનો સામનો કરવો પડ્યો

(એજન્સી) તા.૧૯

શનિવારે ઈન્દોરમાં ‘છાત્રોં કી ગૂંજ’ કાર્યક્રમને સંબોધિત કરતી વખતે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ભારતની રાજકીય, સંસ્થાકીય અને આર્થિક વ્યવસ્થાઓ ‘છ વ્યક્તિઓ’ દ્વારા નિયંત્રિત થાય છે. તેમણે એમ પણ કહ્યું કે શિક્ષણ, ભરતી અને યુનિવર્સિટીઓ વિશે પ્રશ્નો ઉઠાવવા બદલ વિદ્યાર્થીઓને નિરુત્સાહિત કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ‘આ લડાઈ વ્યવસ્થા સામે છે’ અને તેમણે તે વ્યવસ્થાના વિવિધ સ્તરો વિશે પણ વાત કરી. ‘સૌથી ઉપરના સ્તરે છ વ્યક્તિઓ બેઠા છે જે તેને ચલાવે છે,’ રાહુલ ગાંધીએ કહ્યું. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, આરએસએસના વડા મોહન ભાગવત અને ઉદ્યોગપતિઓ ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીના નામ લીધા. તેમણે મોદી પર વિદ્યાર્થીઓને ડરાવવાનો આરોપ મૂક્યો અને શાહને વ્યવસ્થાના ‘અમલકર્તા’ (enforcer) ગણાવ્યા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ડોભાલ સોશિયલ મીડિયાને નિયંત્રિત કરે છે અને દેખરેખ (સર્વેલન્સ)ની પ્રવૃત્તિઓમાં સામેલ છે. ‘ભારતમાં ઘણા ક્રિકેટરો છે - સચિન તેંડુલકર, કપિલ દેવ અને અન્ય ઘણા. પરંતુ વ્યવસ્થાએ સમગ્ર ક્રિકેટ વહીવટ અમિત શાહના પુત્રને સોંપી દીધો છે,’ તેમણે કહ્યું. મધ્યપ્રદેશના વિવિધ ભાગોમાંથી આવેલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં પોતાના મુદ્દાઓ રજૂ કર્યા, જેમાં ઓબીસી (OBC) ક્વોટામાં વધારાને લઈને કાનૂની કેસોને કારણે સરકારી પદો પર ૧૩ ટકા ભરતી અટકાવી દેવાનો મુદ્દો પણ સામેલ હતો. રાજગઢની સહભાગી સપના ગુર્જરે રાહુલ ગાંધીને કહ્યું કે તેમના જેવા ઘણા ઉમેદવારો રાજ્ય સરકારની પરીક્ષાઓ પાસ કરવા છતાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, કારણ કે ઓબીસી ક્વોટાના મુદ્દે ૧૩ ટકા નિમણૂકો અટકાવી દેવામાં આવી છે. ‘દેશમાં શિક્ષકોની દસ લાખ જગ્યાઓ ખાલી છે. એક લાખ શાળાઓ બંધ થઈ ગઈ છે, જેમાં ઉત્તર પ્રદેશ (UP) અને મધ્ય પ્રદેશ (MP)ની ૫૫ ટકા શાળાઓનો સમાવેશ થાય છે,’ તેવો તેમણે દાવો કર્યો. મધ્ય પ્રદેશ સરકાર ઈન્દોરમાં યોજાનારા ‘છાત્રોં કી ગૂંજ’ (વિદ્યાર્થીઓનો અવાજ) કાર્યક્રમથી ડરી ગઈ છે. તેણે આ કાર્યક્રમને રોકવા માટે તમામ પ્રકારના પ્રયાસો કર્યા. તેમણે કહ્યું કે UPA સરકારે ૨૦૧૪માં શિક્ષણ માટે બજેટના ૪.૬ ટકા ફાળવ્યા હતા, પરંતુ ત્યાર બાદ આ ફાળવણી ઘટીને ૨.૬ ટકા (એટલે કે રૂા.૭.૭ લાખ કરોડ) થઈ ગઈ છે. દેવાસના એક વિદ્યાર્થીએ દાવો કર્યો કે જ્યારે તેણે અને અન્ય લોકોએ મધ્ય પ્રદેશ પબ્લિક સર્વિસ કમિશન (MPPSC)માં અનિયમિતતાઓ તરફ ધ્યાન દોર્યું, ત્યારે તેમની સામે FIR નોંધવામાં આવી અને તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા. અન્ય એક સહભાગી સાથે વાત કરતી વખતે, રાહુલ ગાંધીએ રાજ્યમાં શિક્ષકની જગ્યાઓ માટેના ઉમેદવારો દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાં જોડાવાની તૈયારી દર્શાવી. તેમણે એવો પણ




આરોપ લગાવ્યો કે વિદ્યાર્થીઓ ‘વ્યવસ્થા’ (સિસ્ટમ) વિશે - જેમાં અદાણી, અંબાણી અને જય શાહનો પણ સમાવેશ થાય છે - પ્રશ્નો પૂછી રહ્યા હતા, પરંતુ ‘અંધભક્તો’ દ્વારા તેમનો વિરોધ કરવામાં આવતો હતો. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા, પ્રેમ, નમ્રતા, સહિષ્ણુતા અને પ્રામાણિકતા જેવા ગુણો હોય છે, જ્યારે ‘અંધભક્ત’માં આ ગુણોનો અભાવ હોય છે અને તેઓ નફરત ફેલાવે છે.

## મધ્યપ્રદેશ સરકારે ‘છાત્રોં કી ગૂંજ’ કાર્યક્રમ પહેલા કડક શરતો લાદી, રેલીની ભીડ અને રાજીવ ગાંધીની હત્યાનો ઉલ્લેખ

(એજન્સી) તા.૧૯

કોંગ્રેસ પાર્ટીને લખેલા પત્રમાં, મધ્યપ્રદેશ પોલીસે જણાવ્યું હતું કે, "૨૧ મે, ૧૯૯૧ના રોજ શ્રીપેરૂમ્બુદુરમાં રાજીવ ગાંધીની હત્યા પાછળ આયોજકોનું બેજવાબદાર વલણ, સુરક્ષામાં વિક્ષેપો અને સહકારનો અભાવ, સ્થળ પસંદ કરવામાં બેદરકારી અને બેરિકેડિંગ અને પ્રવેશ નિયંત્રણમાં નિષ્ફળતાઓ જવાબદાર હતી." લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીનો ઈન્દોરમાં ‘છાત્રોં કી ગૂંજ’ કાર્યક્રમ થોડા કલાકો દૂર છે. આ કાર્યક્રમ આજે, ૧૯ સપ્ટેમ્બરના રોજ યોજાવાનો છે. મધ્યપ્રદેશમાં વિપક્ષી કોંગ્રેસ પાર્ટી અને ભાજપ સરકાર આ કાર્યક્રમને લઈને આમને-સામને છે અને સંઘર્ષ વધી રહ્યો છે. ચાલી રહેલા અશાંતિ, દાવપેચ, આરોપો અને નોટિસો વચ્ચે, ૩૫ વર્ષ પહેલા શ્રીપેરૂમ્બુદુર (તમિલનાડુ)માં રાજીવ ગાંધીની હત્યાનો ઉલ્લેખ કોંગ્રેસ પાર્ટીને સોંપવામાં આવેલા ૩૧ નવી શરતો ધરાવતા પત્રમાં ચાલી રહેલા સંઘર્ષને નવો વળાંક આપ્યો છે. એ નોંધવું જોઈએ કે મધ્યપ્રદેશ પોલીસે કોંગ્રેસ પાર્ટીને ૩૧ મુદ્દાનો પત્ર જારી કર્યો છે. સુરક્ષા માર્ગદર્શિકા ધરાવતા આ પત્રમાં ખાસ કરીને રાજીવ ગાંધી હત્યાકાંડની તપાસ અંગે વર્મા કમિશનના અહેવાલના અંશોનો ઉલ્લેખ છે. પોલીસે જણાવ્યું હતું કે, "૨૧ મે, ૧૯૯૧ના રોજ શ્રીપેરૂમ્બુદુરમાં રાજીવ ગાંધીની હત્યા આયોજકોના બેજવાબદાર વલણ, સુરક્ષામાં વિક્ષેપો અને અસહકાર, સ્થળની પસંદગીમાં બેદરકારી અને બેરિકેડિંગ અને પ્રવેશ નિયંત્રણમાં નિષ્ફળતાને કારણે થઈ હતી." વર્મા કમિશનના અહેવાલમાંથી ઉપરોક્ત હકીકતોને ટાંકીને, પત્રમાં ૩૧ મુદ્દાઓની રૂપરેખા આપવામાં આવી છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

## ઈન્દોર: ‘છાત્રોં કી ગૂંજ’ કાર્યક્રમ માટે રાહુલ ગાંધીના આગમન વેળાએ ૫ કિ.મી. લાંબો ટ્રાફિક જામ

(એજન્સી) તા.૧૯

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી શનિવારે ‘છાત્રો કી ગૂંજ’ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે સંવાદ કરવા માટે ઈન્દોર પહોંચ્યા હતા. જ્યારે તેઓ એરપોર્ટથી રેડિસન હોટેલ જઈ રહ્યા હતા, ત્યારે તેમને મળવાનો પ્રયાસ કરી રહેલા કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ટૂંકી ઝપાઝપી થઈ હતી. અહેવાલ મુજબ, કોંગ્રેસના ઘણા નેતાઓ તેમને મળી શક્યા ન હતા. ગાંધી સાંજે ૫:૩૦ વાગ્યે રિજનલ પાર્કની સામે આવેલા IDA ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમને સંબોધિત કરવાના છે. બપોરે ૩:૩૦ વાગ્યા પછી પ્રવેશ શરૂ થવાનો હતો, પરંતુ હજારો યુવાનો કાર્યક્રમના સ્થળે પહેલેથી જ એકઠા થઈ ગયા હતા. આ ચર્ચામાં શિક્ષણ, રોજગાર, પરીક્ષાના પેપર લીક અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવે તેવી અપેક્ષા છે. અહેવાલ મુજબ, ઈન્દોરનો આ કાર્યક્રમ શહેરમાં પ્રથમ ‘છાત્રો કી ગૂંજ’ કાર્યક્રમ છે અને દેશભરમાં આયોજિત આવી પાંચમી ઘટના છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે આ કાર્યક્રમ માટે લગભગ બે લાખ લોકોએ નોંધણી કરાવી છે. દેશના વિવિધ ભાગોમાંથી યુવાનો આ કાર્યક્રમ માટે ઈન્દોર પહોંચ્યા છે. કેટલાક લોકો “RAGA” લખેલા ચશ્મા પહેરેલા જોવા મળ્યા હતા, જ્યારે ગ્વાલિયરની એક યુવતીએ “હું ઈન્દોર આવી કારણ કે હું તમને પ્રેમ કરૂં છું” (I came to Indore because I love you) લખેલું પોસ્ટર પકડ્યું હતું. કાર્યક્રમ માટે ભીડ એકઠી થતાં MR-10 અને વિજય નગર વચ્ચે ટ્રાફિકને અસર થઈ હતી. અહેવાલ મુજબ, ટ્રાફિકમાં એક એમ્બ્યુલન્સ અટવાઈ ગઈ હતી પરંતુ રસ્તો ખુલ્લો થયા બાદ તે આગળ વધી શકી હતી. કાર્યક્રમનું સંચાલન કરતા કોંગ્રેસના સ્વયંસેવકોને પાર્ટી દ્વારા મફત ટી-શર્ટ આપવામાં આવ્યા હતા. સમર્થકોને ગાંધીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતા પણ સાંભળવામાં આવ્યા હતા.

## “કેદી નંબર ૬૨૬૭૧૦ હાજર છે” : IIIT હૈદરાબાદે ઉમર ખાલિદ પરની ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ શા માટે રદ કર્યું ?

### IIIT-Hએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના એક અનૌપચારિક જૂથે ૧૮ સપ્ટેમ્બરના રોજ પૂર્વ JNU વિદ્યાર્થી નેતા અને સંશોધક ઉમર ખાલિદ વિશેની ડોક્યુમેન્ટરીના સ્ક્રીનિંગનો પ્રસ્તાવ મૂક્યો હતો

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૯

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ની ચેતવણીને ધ્યાનમાં રાખીને, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી હૈદરાબાદએ શુક્રવારે મોડી સાંજે સ્પષ્ટતા કરી હતી કે તેણે જેલમાં બંધ વિદ્યાર્થી નેતા અને સંશોધક ઉમર ખાલિદ વિશેની ડોક્યુમેન્ટરીનું કેમ્પસમાં થનારું સ્ક્રીનિંગ રદ કર્યું છે. આ ડોક્યુમેન્ટરી—‘પ્રિઝનર નંબર ૬૨૬૭૧૦ ઈઝ પ્રેઝન્ટ’નું સ્ક્રીનિંગ શુક્રવારે રાત્રે ૮ વાગ્યે નિર્ધારિત કરવામાં આવ્યું હતું. સ્ક્રીનિંગ રદ કરવા અંગેની યુનિવર્સિટીની સૂચના ત્યારે આવી જ્યારે CBFCએ ગુરુવારે આ ડોક્યુમેન્ટરીના પ્રસ્તાવિત સ્ક્રીનિંગ અંગે વાંધો ઉઠાવ્યો હતો. CBFCએ જણાવ્યું હતું કે જ્યાં સુધી કોઈ ચોક્કસ મુક્તિ મેળવવામાં ન આવી હોય ત્યાં સુધી પ્રમાણપત્ર વિનાની ફિલ્મનું જાહેર પ્રદર્શન સિનેમેટોગ્રાફ એક્ટનું ઉલ્લંઘન ગણાય છે. CBFCએ IIIT-Hનું ધ્યાન દોરતા કહ્યું, ‘CBFC દ્વારા પ્રમાણિત ન કરાયેલી ડોક્યુમેન્ટરી ફિલ્મનું જાહેર સ્ક્રીનિંગ એ સિનેમેટોગ્રાફ એક્ટનું ઉલ્લંઘન છે, સિવાય કે તે એક્ટ હેઠળ કોઈ ચોક્કસ મુક્તિ માંગવામાં આવી હોય. સંસ્થાના એક વિદ્યાર્થી દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા પોસ્ટરનો ઉલ્લેખ કરીને, CBFC એ સંચાલકોને જરૂરી પગલાં લેવા જણાવ્યું હતું. આના જવાબમાં, IIIT-Hએ શુક્રવારે ત્વરિત પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના એક અનૌપચારિક જૂથે ૧૮ સપ્ટેમ્બરના રોજ કેમ્પસના લેક્ચર હોલમાં વિવાદાસ્પદ વિદ્યાર્થી નેતા અને સંશોધક ઉમર ખાલિદ વિશેની ડોક્યુમેન્ટરીના સ્ક્રીનિંગનો પ્રસ્તાવ મૂક્યો હતો. શૈક્ષણિક સંસ્થાએ કહ્યું કે આ સ્ક્રીનિંગનો IIIT-H સાથે કોઈ સત્તાવાર સંબંધ નથી. IIIT-H દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવ્યું છે કે, "આ માટે કોઈ સત્તાવાર મંજૂરી લેવામાં આવી ન હતી કે જરૂરી નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું,




તેથી સંસ્થાને આવા અનધિકૃત કાર્યક્રમ વિશે જાણ થતાં જ તેણે તાત્કાલિક ધોરણે તેનું સ્ક્રીનિંગ (પ્રદર્શન) રદ કરી દીધું હતું. સંસ્થાએ સ્પષ્ટ કર્યું છે કે વર્ગખંડો, પ્રયોગશાળાઓ અથવા કચેરીઓ સહિત સંસ્થાના કોઈપણ પરિસરમાં આ ફિલ્મનું જાહેર કે ખાનગી સ્ક્રીનિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં." ફિલ્મ નિર્માતા લલિત વાચાની દ્વારા નિર્દેશિત આ ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ સંસ્થાના KRB ઓડિટોરિયમમાં વિદ્યાર્થીઓના એક જૂથ દ્વારા યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૈયદ ઉમર ખાલિદ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી નેતા અને સંશોધક છે. ફેબ્રુઆરી ૨૦૨૦ના ઉત્તર-પૂર્વ દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા પહેલા અટકાયત અને ત્યારબાદ કડક ‘ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ’ (UAPA) હેઠળ ધરપકડ કરવામાં આવી ત્યારે તેઓ ચર્ચામાં આવ્યા હતા. આયોજિત સ્ક્રીનિંગ એ સંસ્થા દ્વારા આયોજિત કે અધિકૃત કાર્યક્રમ ન હોવાનું પુનરોચ્ચાર કરતા, IIIT-Hએ જણાવ્યું હતું કે સંસ્થા કે તેના કોઈપણ માન્ય વિદ્યાર્થી ક્લબ, સેલ કે સમિતિ આ આયોજિત સ્ક્રીનિંગમાં કોઈ પણ રીતે સામેલ નહોતા. કેમ્પસમાં સત્તાવાર કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ માટે સંસ્થાની લાંબા સમયથી સ્થાપિત પ્રક્રિયાઓ અમલમાં છે અને આ ફિલ્મ સ્ક્રીનિંગ માટે સક્ષમ સત્તાવાળાઓ પાસેથી કોઈ મંજૂરી લેવામાં આવી ન હતી.

## વેપારીઓ UPIને ‘મોદી ટેક્સ’ કહે છે અને પેટ્રોલ પંપ ડીલરો ૧૬ ઓક્ટોબરથી UPI ચૂકવણી સ્વીકારશે નહીં

### પેટ્રોલ પંપ ડીલરો UPIનો વિરોધ કરે છે - પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશને જાહેરાત કરી છે કે તે ૧૬ ઓક્ટોબરથી રૂા.૨,૦૦૦થી વધુની UPI ચૂકવણી સ્વીકારશે નહીં, એસોસિએશનનો દાવો છે કે નવા ચાર્જ પંપ ઓપરેટરો પર દર મહિને રૂા.૧૭,૭૦૦ સુધીનો વધારાનો બોજ લાદશે

(એજન્સી) તા.૧૯

UPI વ્યવહારોને કરવેરાના માળખા હેઠળ લાવવાના મોદી સરકારના પગલાનો વ્યાપક વિરોધ થયો છે. શનિવાર, ૧૯ સપ્ટેમ્બરના રોજ એક નિવેદનમાં પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશને જાહેરાત કરી કે, ‘૧૬ ઓક્ટોબરથી, રૂા.૨,૦૦૦થી વધુની ચુકવણી UPIમાં નહીં, રોકડમાં સ્વીકારવામાં આવશે.’ એસોસિએશનના નિવેદનની તાત્કાલિક અસર થઈ. મધ્યપ્રદેશ સહિત અનેક ભાજપ શાસિત રાજ્યોમાં રાજ્ય-સ્તરીય સંગઠનોએ પણ આવી જ જાહેરાતો જારી કરી છે. આ ઘટનાક્રમની પુષ્ટિ કરતા, મધ્યપ્રદેશ પેટ્રોલિયમ ડીઝલ એસોસિએશનના પ્રમુખ અજય સિંહે સત્ય હિન્દીને જણાવ્યું હતું કે, ‘મધ્યપ્રદેશમાં પેટ્રોલ અને ડીઝલ પંપ માલિકો અને સંચાલકો, જેઓ પહેલાથી જ કટોકટીનો સામનો કરી રહ્યા છે, તેઓ પ્રતિ UPI ટ્રાન્ઝેક્શન રૂા.૫નો નવો બોજ સહન કરી શકતા નથી. તેથી, આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના પંપ માલિકો/સંચાલકો ૧૬ ઓક્ટોબરથી રૂા.૨,૦૦૦થી વધુની ચુકવણી રોકડમાં સ્વીકારશે.’ દેશભરમાં રૂા.૨,૦૦૦થી વધુના UPI વ્યવહારો પર ૧૫ ઓક્ટોબરથી કર લાદવામાં આવશે. સરકારે ટેક્સ સ્લેબ સ્થાપિત કર્યા છે, જેમાં પેટ્રોલ પંપ પર રૂા.૨,૦૦૦થી વધુના UPI વ્યવહારો પર રૂા.૫નો નિશ્ચિત ચાર્જ સામેલ છે. એસોસિએશનના પ્રમુખ અજય સિંહે કહ્યું, ‘દરેક UPI વ્યવહાર પર રૂા.૫ના નિશ્ચિત ચાર્જ ઉપરાંત, પ્રતિ વ્યવહાર ૯૦ પૈસા GST પણ ચૂકવવાપાત્ર રહેશે.’ તેમણે ઉમેર્યું કે મધ્યપ્રદેશમાં ૪,૭૦૦ પેટ્રોલ પંપ છે. સરેરાશ, દરેક પંપ દરરોજ ૧૦૦ UPI વ્યવહારો પ્રક્રિયા કરે છે. આ સરેરાશના પરિણામે દરેક પંપ માલિક પર દરરોજ રૂા.૫૯૦ અને દર મહિને રૂા.૧૭,૭૦૦નો વધારાનો કર બોજ પડશે. સિંહ કહે છે, ‘ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા યુદ્ધને કારણે, તેલ સંકટ છે. કિંમતો વધી છે. પુરવઠો અપૂરતો છે. તેલ માંગને પૂર્ણ કરી રહ્યું નથી. આ સંજોગોમાં, છેલ્લા ત્રણથી ચાર મહિનાથી આપણે પહેલાથી જ રૂા.૪૦,૦૦૦થી ૫૦,૦૦૦ પ્રતિ મહિને ગુમાવી રહ્યા છીએ. હવે, રૂા.૧૭,૭૦૦નો વધારાનો બોજ સહન કરવો પરવડે તેમ નથી.’

એસોસિએશનના પ્રમુખ કહે છે, ‘પંપોના નિશ્ચિત ખર્ચ છે. આવકનો એકમાત્ર સ્ત્રોત ગેરંટીકૃત કમિશન છે. કમિશનમાં લાંબા સમયથી વધારો કરવામાં આવ્યો નથી. મધ્યપ્રદેશ દેશમાં સૌથી વધુ કર ધરાવતું ત્રીજું સૌથી વધુ રાજ્ય છે. ઊંચા કર વેચાણ ઘટાડે છે.’ નફો પહેલેથી જ ઓછો છે અને હવે આ નવો કર તેમને વધુ ઘટાડશે.

એસોસિએશનના પ્રમુખ અજય સિંહે ૧૮ સપ્ટેમ્બરના રોજ અજય શ્રીવાસ્તવ, સીજીએમ અને રાજ્ય સંકલન, ઓઈલ ઉદ્યોગ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનને ચાર પાનાનો પત્ર લખ્યો હતો. આ પત્રમાં અનેક મુશ્કેલીઓનો ઉલ્લેખ છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને, તેમણે માંગ કરી હતી કે પંપ ઓપરેટરોને રૂા.૨,૦૦૦થી વધુના UPI વ્યવહારો માટે MDR અને અન્ય વ્યવહાર શુલ્કમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવે. અજય સિંહે સત્ય હિન્દીને એમ પણ કહ્યું, ‘જો કેન્દ્ર સરકાર અથવા મધ્યપ્રદેશ સરકાર લેખિત ખાતરી આપે કે તેઓ દરેક UPI વ્યવહારનો બોજ પોતાના ખિસ્સામાંથી ઉઠાવશે, તો એસોસિએશન ૧૬ ઓક્ટોબરથી UPI દ્વારા રૂા.૨,૦૦૦થી વધુની ચુકવણી સ્વીકારવા અંગેની તેની જાહેરાત પાછી ખેંચી લેશે.’ જ્યારે પૂછવામાં આવ્યું કે શું એસોસિએશનની જાહેરાત સ્થાપિત નિયમોનું ઉલ્લંઘન છે અને જો સરકાર સાંભળશે નહીં તો પગલાં લેવામાં આવશે કે નહીં, ત્યારે અજય સિંહે કહ્યું, ‘અમને કોઈ વાંધો નથી. અમે વધારાનો બોજ સહન કરી શકતા નથી. નિર્ણય એ જ રહેશે. સરકાર જે ઈચ્છે તે કરી શકે છે.’ બીજા પ્રશ્નના જવાબમાં તેમણે ઉમેર્યું, ‘સરકાર કે વહીવટીતંત્ર દ્વારા અમારો સંપર્ક કરવામાં આવ્યો નથી. અમને કંઈ ચર્ચા પણ કરવામાં આવી નથી. અમને હજુ સુધી કંપની તરફથી કોઈ નવા આદેશ મળ્યા નથી.’

## ટ્રમ્પની સેન્સરશીપ

# ડોનાલ્ડ ટ્રમ્પે 'ફેક ન્યૂઝ'ના આરોપસર CNN, MS NOW અને પોલિટિકો પર વ્હાઈટ હાઉસમાં પ્રવેશવા માટે પ્રતિબંધ મૂક્યો; અન્ય મીડિયા હાઉસને પણ આપી ચેતવણી

**યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સીએનએન, એમએસ નાઉ અને પોલિટિકો પર વ્હાઈટ હાઉસમાં કવરેજ કરવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી દીધો છે, સાથે જ ચેતવણી આપી છે કે આગામી સમયમાં અન્ય મીડિયા આઉટલેટ્સ સામે પણ આવી કાર્યવાહી થઈ શકે છે**



(એજન્સી) વોશિંગ્ટન ડીસી, તા.૧૯

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા પ્રખ્યાત મીડિયા સંસ્થાઓ CNN, MS NOW અને Politico પર વ્હાઈટ હાઉસમાં પ્રવેશવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દીધો છે. ટ્રમ્પે આ ત્રણેય મીડિયા ગૃહો પર તેમના વહીવટીતંત્ર વિશે સતત "ફેક ન્યૂઝ" (ખોટા સમાચાર) પ્રકાશિત અને પ્રસારિત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' (Truth Social) પર આ અંગે માહિતી આપતા ટ્રમ્પે લખ્યું હતું કે, "હું ગર્વ સાથે જાહેરાત કરું છું કે તાત્કાલિક અસરથી ફેક ન્યૂઝ CNN, MSNOW (જેણે તાજેતરમાં દર્શકો અને વિશ્વસનીયતાના અભાવે MSNBCમાંથી નામ બદલ્યું છે!) અને Politicoને વ્હાઈટ હાઉસમાંથી બેન કરી રહ્યો છું. આ નિર્ણય તેમના દ્વારા સતત કરવામાં આવતા ફેક ન્યૂઝના રિપોર્ટિંગના પરિણામે લેવાયો છે." પોતાની પોસ્ટમાં પોલિટિકો પર વધુ આરોપ લગાવતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ મીડિયા હાઉસને પૂર્વ પ્રમુખ જો બાઈડનના શાસનકાળ દરમિયાન 'જીવંત' રાખવા માટે અમેરિકી સરકાર તરફથી ૮ મિલિયન ડૉલરનું ગેરકાયદેસર અને રેકોર્ડબ્રેક સબ્સ્ક્રિપ્શન મળ્યું હતું, જેને તેમણે ભ્રષ્ટાચાર ગણાવ્યો હતો. આ સિવાય ટ્રમ્પે સ્પષ્ટ ચેતવણી આપતા ઉમેર્યું હતું કે જ્યારે કોઈ મીડિયા હાઉસ યુએસ પ્રમુખ, ટ્રમ્પ વહીવટીતંત્ર કે અમેરિકા વિશે કવરેજ કરતું હોય, ત્યારે તેમને કાલ્પનિક વાર્તાઓ કે અસત્ય લખવાની છૂટ ન હોવી જોઈએ. તેમણે સંકેત આપ્યા હતા કે ભવિષ્યમાં આવા જ અન્ય ફેક ન્યૂઝ મીડિયા આઉટલેટ્સ સામે પણ આ પ્રકારના પગલાં લેવાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર અને દેશના અગ્રણી સમાચાર સંગઠનો વચ્ચે વ્હાઈટ હાઉસના કવરેજ અને પ્રેસિડેન્શિયલ ઈવેન્ટ્સમાં પ્રવેશને લઈને લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. આ પહેલાં પણ ટ્રમ્પ વહીવટીતંત્રે 'ધી એસોસિએટેડ પ્રેસ' (AP) પર નિર્બંધો મૂક્યા હતા. ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા 'મેક્સિકોના અખાત' (Gulf of Mexico)નું નામ બદલીને 'અમેરિકાનો અખાત' (Gulf of America) કર્યું હતું, પરંતુ APએ જૂના નામનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો. જેના પરિણામે ફેબ્રુઆરી ૨૦૨૫માં APના પત્રકારોને ઓવલ ઓફિસ અને એર ફોર્સ વનમાંથી બાદ કરવામાં આવ્યા હતા. આ મામલે APએ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા, જ્યાં એપ્રિલ ૨૦૨૫માં ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટે વહીવટીતંત્રના આ નિર્ણય સામે પ્રાથમિક મનાઈહુકમ (Preliminary Injunction) જારી કર્યો હતો.

# નહેરૂએ કહ્યું હતું કે ભારતને ખતરો સામ્યવાદથી નહીં પરંતુ હિંદુ જમણેરી સાંપ્રદાયિકતાથી છે : પૂર્વ ઉપ-રાષ્ટ્રપતિ અન્સારી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ મહંમદ હામિદ અન્સારીએ નવી દિલ્હી સ્થિત 'ઇન્ડિયા ઇસ્લામિક કલ્ચરલ સેન્ટર' ખાતે આયોજિત ઉજી એ.જી. નૂરાની મેમોરિયલ લેક્ચર ('Remembering a Polymath: The Life and Times of Abdul Ghafoor Noorani') દરમિયાન એક મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ સંબોધન કર્યું હતું. પોતાના પ્રવચનમાં તેમણે દિવંગત બંધારણીય નિષ્ણાત, ઇતિહાસકાર અને વરિષ્ઠ લેખક એ.જી. નૂરાનીના જીવન, તેમના યોગદાન અને તેમના પુસ્તકોનો ઉલ્લેખ કરતાં દેશમાં નાગરિક રાષ્ટ્રવાદ (Civic Nationalism), કોમવાદ અને લઘુમતીઓની વર્તમાન સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.

**૧. જવાહરલાલ નહેરૂના ઐતિહાસિક વિધાનનો સંદર્ભ**

હામિદ અન્સારીએ એ.જી. નૂરાનીના ૨૦૧૯માં પ્રકાશિત થયેલા પુસ્તક '૫ આરએસએસઃ એ મેનેસ ટુ ઈન્ડિયા' (The RSS: A Menace to India)નો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો. આ પુસ્તકની પ્રસ્તાવના ટાંકતા તેમણે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની એક ટિપ્પણીનો ઉલ્લેખ કર્યો હતો, જે વિદેશ મંત્રાલયના તત્કાલીન વિદેશ સચિવ ગુંદેવિયા દ્વારા નોંધવામાં આવી હતી:

**'ભારત માટે ખતરો, યાદ રાખજો, સામ્યવાદ (કોમ્યુનિઝમ) નથી, પરંતુ હિંદુ દક્ષિણપંથી કોમવાદ છે.'**



અન્સારીએ ઉમેર્યું કે નૂરાની સાહેબનું આ પુસ્તક તેમના જીવનનું કદાચ છેલ્લું મોટું અને અત્યંત મહત્વપૂર્ણ કાર્ય હતું, જેમાં તેમણે કોઈપણ વિચારધારાત્મક લક્ષ્મણરેખાને છુપાવ્યા વિના નીડરતાથી રજૂઆત કરી હતી.

**૨. ભારતીય મુસ્લિમોની સ્થિતિ અને શાયરીનો ઉલ્લેખ**

પુસ્તકની શરૂઆતમાં નૂરાની દ્વારા લખાયેલી પંક્તિઓ અને ઉર્દૂ શાયરીઓનો સંદર્ભ આપતા પૂર્વ ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, તે પંક્તિઓ આજના ભારતમાં મુસ્લિમ સમાજની સ્થિતિ અને તેમની અંદર રહેલી અસુરક્ષાની ભાવનાને સચોટ રીતે વ્યક્ત કરે છે. તેમણે ફિરાક ગોરખપુરીની પ્રખ્યાત પંક્તિનો ઉલ્લેખ કર્યો:

**"સર ઝમીન-એ-હિંદ પર અક્વામ-એ-આલમ કે, ફિરાક...**
**કાફિલે આતે રહે ઔર હિંદુસ્તાન બનતા ગયા."**

તેમજ બીજી શાયરી ટાંકી હતી:

**'જબ ગુલિસ્તાન કો લહૂ કી ઝરૂરત પડી, સબસે પહેલાં હમારી હી ગરદન કટી...**
**ફિર ભી કહતે હૈં હમસે યે અહલ-એ-ચમન, યે ચમન હૈ હમારા, તુમ્હારા નહીં.'**

**૩. 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ' સામે ચિંતા અને કાનૂની-રાજકીય લડાઈની અપીલ**

સંબોધન આગળ વધારતાં હામિદ અન્સારીએ જણાવ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં દેશમાં એવી પ્રવૃત્તિઓ અને વલણો જોવા મળ્યા છે જે દેશના સ્થાપિત 'નાગરિક રાષ્ટ્રવાદ' (Civic Nationalism)ના સિદ્ધાંતને નકારીને તેની જગ્યાએ 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ' (Cultural Nationalism)નો એક કાલ્પનિક વિચાર લાદવાનો પ્રયાસ કરે છે.

તેમણે ઉમેર્યું કેઃ આ પ્રવૃત્તિઓનો હેતુ ચૂંટણીકીય બહુમતીને ધાર્મિક બહુમતીમાં બદલીને રાજકીય સત્તા પર એકચક્રી શાસન કરવાનો છે. નાગરિકો વચ્ચે તેમના ધર્મના આધારે ભેદભાવ ઊભો કરવાનો, અસહિષ્ણુતા વધારવાનો અને અસુરક્ષાની ભાવના પેદા કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ કાયદાના શાસન (Rule of Law)ના આપણા દાવ પર ગંભીર સવાલો ઊભા કરે છે. આવા વલણોનો કાયદાકીય અને રાજકીય રીતે સામનો કરવો જરૂરી છે.

**૪. એ.જી. નૂરાનીના યોગદાનની સરાહના**

હામિદ અન્સારીએ એ.જી. નૂરાનીને એક "વન-મેન ઈન્સ્ટિટ્યૂટ" (એક વ્યક્તિ સંસ્થા) તરીકે વર્ણવ્યા હતા, જેમણે કલમ ૩૭૦, જમ્મુ-કાશ્મીર, બંધારણીય અધિકારો અને લઘુમતીઓના અધિકારો માટે આજીવન નીડરતાથી લેખન કર્યું હતું. તેમણે મૌલાના અબુલ કલામ આઝાદના એકીકૃતતા વિઝનનો પણ સ્મરણમાં ઉલ્લેખ કર્યો હતો.

# ન્યાયાધીશ ભૂયાને પોલીસ કસ્ટડીમાં મૃત્યુ અંગે પ્રશ્નો ઉઠાવતા કહ્યું કે એકસ્ટ્રા જ્યુડિશિયલ હત્યાઓ વધી રહી છે

**સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જવલ ભુયાને દેશમાં ન્યાયાધીશની બહાર હત્યાઓ અને પોલીસ હિંસાની વધતી જતી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે આરોપીઓને ક્યારેક પોલીસ કસ્ટડીમાં લેવામાં આવે છે અને કથિત એન્કાઉન્ટર અથવા અન્ય ઘટનાઓમાં માર્યા જાય છે તે રીત પર પ્રશ્ન ઉઠાવ્યો છે**

(એજન્સી) તા.૧૯

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જવલ ભુયાને પોલીસ કસ્ટડીમાં હિંસા અને કથિત એન્કાઉન્ટરમાં આરોપીઓના મૃત્યુ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો છે કે, જ્યારે ગુનાની તપાસ અને કાર્યવાહી માટે બંધારણીય અને કાનૂની પ્રક્રિયા હોય છે, ત્યારે શા માટે એવા સંજોગોનું નિર્માણ થાય છે જ્યાં આરોપીઓને રાતના અંધારામાં પોલીસ કસ્ટડીમાં લેવામાં આવે છે, જેના પરિણામે તેમના મૃત્યુ થાય છે. તેમણે કહ્યું કે બંધારણ આવા "શોર્ટકટ"ને મંજૂરી આપતું નથી. ન્યાયાધીશ ઉજ્જવલ ભુયાને કહ્યું કે તેઓ એક સમયે માનતા હતા કે પોલીસ કસ્ટડીમાં હિંસા ભૂતકાળની વાત છે, પરંતુ તાજેતરની ઘટનાઓએ તેમને તેમના મંતવ્ય પર પુનર્વિચાર કરવા મજબૂર કર્યા છે. ન્યાયાધીશ ભૂયાનની ટિપ્પણી મહત્વપૂર્ણ છે કારણ કે, જો કોઈ વ્યક્તિ પર ગંભીર ગુનાનો આરોપ હોય, તો પણ કોર્ટ દ્વારા દોષિત સાબિત ન થાય ત્યાં સુધી તેને કાયદાની નજરમાં દોષિત ગણવામાં આવતો નથી. ફોજદારી ન્યાય પ્રણાલીમાં તપાસ, આરોપો ઘડવા, ટ્રાયલ અને પુરાવાના આધારે કોર્ટના નિર્ણયની એક નિશ્ચિત પ્રક્રિયા છે. ન્યાયાધીશ ભૂયાનની ચિંતા એ છે કે આ ન્યાયિક પ્રક્રિયાને બાયપાસ કરીને, પોલીસ કાર્યવાહીનો ઉપયોગ કેસ ઉકેલવા માટે "શોર્ટકટ" તરીકે થઈ રહ્યો છે. ન્યાયાધીશ ભૂયાને શુક્રવારે નવી દિલ્હીમાં સેન્ટર ફોર ડિસકોર્સ ઓન ક્રિમિનલ એન્ડ કોન્સ્ટિટ્યુશનલ જ્યુરિસપ્રુડન્સ દ્વારા આયોજિત "ડિસકોર્સ ઓન એથિક્સ ઇન ક્રિમિનલ લિટીગેશન, ટ્રાયલ બાય મીડિયા, એન્ડ એડમિસિબિલિટી ઓફ સ્ટેટમેન્ટ્સ" કાર્યક્રમમાં આ ટિપ્પણી કરી હતી. ન્યાયાધીશ ભૂયાને પોલીસ દ્વારા આરોપીઓને વિચિત્ર સમયે બહાર કાઢવાની પ્રથા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. લાઈવ લોના અહેવાલ મુજબ, તેમણે પ્રશ્ન કર્યો કે જો કોઈ આરોપી ગુનાનું દૃશ્ય ફરીથી બનાવવાનો હોય અથવા અન્ય તપાસ હેતુઓ માટે હોય તો તેને સવારે ૩ વાગ્યે પોલીસ કસ્ટડીમાં કેમ લેવાની જરૂર છે. ન્યાયાધીશ ભૂયાને પ્રશ્ન કર્યો કે જો કોઈ તાત્કાલિક અને ગંભીર કટોકટી ન હોય, તો શું પોલીસ સવાર સુધી રાહ ન જોઈ શકે? આ પ્રશ્ન એવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે જ્યાં પોલીસ રાત્રે આરોપીને કસ્ટડીમાંથી બહાર કાઢે છે અને પછીથી તેમની ઈજાઓ અથવા મૃત્યુ માટે અલગ અલગ ખુલાસાઓ આપે છે. જસ્ટિસ ભૂયાને આરોપીના કસ્ટડીમાં મૃત્યુ અથવા કથિત એન્કાઉન્ટર પછી પોલીસ શું સ્પષ્ટતા આપી શકે છે તેનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ક્યારેક એવું કહેવાય છે કે આરોપીએ પોલીસ અધિકારીની રાઈફલ છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. ક્યારેક એવું કહેવાય છે કે આરોપી અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી, અને ગોળી ચલાવવામાં આવી હતી. તેમણે કહ્યું કે બીજા કિસ્સામાં, એવું કહી શકાય કે આરોપીને ઝડપી વાહને ટક્કર મારી



**ખોરાક, કવિતા-પઠન અને સોશિયલ મીડિયાની ટિપ્પણીઓ અંગેની બાબતના કેસો હાસ્યાસ્પદ છે : જસ્ટિસ ભુયાન**

હતી. તેમણે એક એવા કેસનો પણ ઉલ્લેખ કર્યો જેમાં આરોપી હતાશ હોવાનું અને કથિત રીતે કૂવામાં કૂદી પડવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઉદાહરણો દ્વારા, ન્યાયાધીશ ભૂયાને આવી ઘટનાઓની પરિસ્થિતિઓમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસના મહત્વ પર પ્રશ્ન ઉઠાવ્યો.

**"તપાસની ખામીઓ છુપાવવા માટે શોર્ટકટ?"**

ન્યાયાધીશ ભૂયાને કહ્યું કે આવી ઘટનાઓ લોકોના મનમાં ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. તેમણે ચિંતા વ્યક્ત કરી કે તપાસની ખામીઓને છુપાવવા માટે આવા "શોર્ટકટ"નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમના મતે, જો તપાસ અધિકારી જાણે છે કે કોર્ટમાં કેસનું પરિણામ અપેક્ષા મુજબ નહીં આવે તો ગેરકાયદેસર માધ્યમોનો આશરો લેવાની શક્યતા વધુ ગંભીર બની જાય છે. આ સંદર્ભમાં, તેમણે કહ્યું કે લોકોને આશ્ચર્ય થાય છે કે શું તપાસની ખામીઓને છુપાવવા માટે આવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જો કે, ન્યાયાધીશ ભૂયાને એવું તારણ કાઢ્યું ન હતું કે પોલીસે કોઈ ચોક્કસ કેસમાં આવું કર્યું છે. તેમની ટિપ્પણીઓ પોલીસ કસ્ટડી, હિંસા અને કથિત ન્યાયિક હત્યાઓ સંબંધિત પ્રશ્નો પર હતી.

**"બંધારણ આવી પરિસ્થિતિઓને મંજૂરી આપતું નથી."**

ન્યાયાધીશ ભૂયાને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારતની બંધારણીય વ્યવસ્થા આવી પરિસ્થિતિઓને મંજૂરી આપતી નથી. મૂળભૂત પ્રશ્ન એ છે કે શું આરોપી સામે કાયદા હેઠળ કાર્યવાહી કરવી જોઈએ, અથવા શું પોલીસને ન્યાયિક પ્રક્રિયાની બહાર સજા લાદવાની સત્તા આપી શકાય છે. જસ્ટિસ ભૂયાને માત્ર કસ્ટડીમાં આરોપીઓ સાથેના વર્તન પર જ પ્રશ્ન ઉઠાવ્યો ન હતો, પરંતુ પ્રદર્શનકારીઓ સામે પોલીસના વર્તન અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે તેમણે યુવા IPS અધિકારીઓને પ્રદર્શનકારીઓ પર વ્યક્તિગત રીતે હુમલો કરતા જોયા છે. તેમણે અવલોકન કર્યું કે કેટલાક અધિકારીઓએ તીવ્ર ગુસ્સો દર્શાવ્યો હતો. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે એક વ્યાવસાયિક પોલીસ અધિકારી પ્રદર્શનકારી પર આટલો ગુસ્સે કેમ થાય છે. તેમણે ખાસ કરીને ખાલી હાથે પહોંચેલા પ્રદર્શનકારીને માર મારવા જેવી ઘટનાઓ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. જસ્ટિસ ભૂયાને અગાઉ જંતર-મંતર ખાતે વિદ્યાર્થી પ્રદર્શન દરમિયાન પોલીસ બળના કથિત ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જસ્ટિસ ભૂયને પોલીસ અધિકારીઓના વર્તનને કસ્ટડીમાં આરોપીઓની સલામતી સાથે જોડીને કહ્યું કે જો કોઈ પોલીસ અધિકારી જાહેર પ્રદર્શન દરમિયાન આટલો ઉશ્કેરાઈ જાય, જો કોઈ વ્યક્તિ કોઈ ગુનેગાર પર હુમલો કરે છે, તો તે પ્રશ્ન ઉભો કરે છે કે રાત્રે પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીનું શું થઈ શકે છે, તે જ અધિકારી સાથે શું થઈ શકે છે. ન્યાયાધીશ ભૂયાને કહ્યું કે રાત્રે પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીનું શું થઈ શકે છે તે વિચારવું ચિંતાજનક છે. તેમણે એમ પણ કહ્યું કે ઘણા લોકો આરોપીને પોલીસ કસ્ટડીમાં મોકલવામાં સાવચેત રહે છે, અને આ સાવધાની કારણ વગર નથી. જસ્ટિસ ભૂયાનની ટિપ્પણીઓ અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા અનેક કેસોમાં ઉત્તર પ્રદેશમાં કથિત પોલીસ એન્કાઉન્ટરના સત્તાવાર સંસ્કરણ પર પ્રશ્ન ઉઠાવ્યા પછી આવી છે. ઓગસ્ટ ૨૦૨૬માં, અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે CBIને મે ૨૦૨૫માં શ્રાવસ્તીમાં થયેલા કથિત પોલીસ એન્કાઉન્ટરની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે FIRમાં ઘણી વિસંગતતાઓ શોધી કાઢી હતી અને પોલીસના સંસ્કરણની તપાસ કરવાની હાકલ કરી હતી. આ કેસમાં એક આરોપીનો સમાવેશ થાય છે જેને પોલીસે બંને પગમાં ગોળી મારવાનો દાવો કર્યો હતો. બીજા એક કેસમાં, હાઈકોર્ટે પોલીસ એન્કાઉન્ટરમાં આરોપીઓને પગમાં ગોળી મારવાની વારંવારની પેટર્ન પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે, પોલીસના મતે, ઘણા કિસ્સાઓમાં, આરોપીઓ પોલીસ ટીમ પર ગોળીબાર કરે છે, પરંતુ પોલીસકર્મીઓને કોઈ નુકસાન થતું નથી અને પોલીસની ગોળીઓ આરોપીના ઘૂંટણમાં અથવા નીચે વાગે છે. આ કિસ્સામાં, કોર્ટે સીબીઆઈને સ્વતંત્ર તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જો કોઈ આરોપી કસ્ટડીમાં મૃત્યુ પામે છે, તો કોર્ટમાં તેની સામેની સમગ્ર ન્યાયિક પ્રક્રિયા રદ કરવામાં આવે છે. તેથી, કસ્ટડીમાં રહેલા વ્યક્તિની સલામતી અને પોલીસ કાર્યવાહી માટે જવાબદારી એ લોકશાહી અને બંધારણીય વ્યવસ્થાના આવશ્યક ઘટકો છે. ન્યાયાધીશ ઉજ્જવલ ભૂયાનની ટિપ્પણી વ્યાપક પ્રશ્ન ઉભા કરે છેઃ શું કાયદા અમલીકરણ એજન્સીઓ પોતે ગુના સામે લડવાના નામે કાયદાની મર્યાદાઓ ઓળંગી શકે છે.

# IIT બોમ્બેના વિદ્યાર્થીએ પરીક્ષામાં ChatGPTનો ઉપયોગ કરતા પકડાયા બાદ આત્મહત્યા કરી; કેમ્પસમાં વિરોધ પ્રદર્શન

**ન્યુઝ GT પોઈન્ટ: શું ખરેખર વિદ્યાર્થી પરીક્ષાખંડમાં ચોરી કરતો પકડાયો હશે કે મેનેજમેન્ટે પોતાનો ડિફેન્સ રજૂ કર્યો ?**

(એજન્સી) તા.૧૯

સંસ્થાના જણાવ્યા અનુસાર, શુક્રવારે IIT બોમ્બેના બીજા વર્ષના એક વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી હતી; આ ઘટના પરીક્ષા દરમિયાન જવાબો મેળવવા માટે ChatGPTનો ઉપયોગ કરતા પકડાયાના થોડા કલાકો બાદ બની હતી. તેના મૃત્યુને પગલે પોવઈ કેમ્પસમાં વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા અને વિદ્યાર્થીઓએ વહીવટીતંત્ર પાસેથી જવાબદારી અને પારદર્શિતાની માંગ કરી હતી. IIT બોમ્બેએ જણાવ્યું હતું કે વિદ્યાર્થી પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા પકડાયો હતો. તેણે જવાબો મેળવવા માટે પ્રશ્નપત્ર ChatGPT પર અપલોડ કર્યું હતું. સંસ્થાએ જણાવ્યું હતું કે તેની સામે કોઈ શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા ન હતા. પ્રશિક્ષક અને વિભાગના વડાએ વિદ્યાર્થી સાથે આ બાબતે ચર્ચા કરી હતી અને તેને કાઉન્સેલિંગ પૂરું પાડ્યું હતું. તેને એ પણ ખાતરી આપવામાં આવી હતી કે આ ઘટનાની તેની શૈક્ષણિક કારકિર્દી પર કોઈ નકારાત્મક અસર પડશે નહીં. ત્યારબાદ વિદ્યાર્થી તેના હોસ્ટેલના રૂમમાં પાછો ફર્યો હતો અને સાંજે તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. દિવસ દરમિયાન, પરીક્ષા વખતે, વિદ્યાર્થી પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા પકડાયો હતો. તેણે જવાબો મેળવવા માટે પરીક્ષાનું પ્રશ્નપત્ર ChatGPT પર અપલોડ કર્યું હતું. વિદ્યાર્થી સામે કોઈ શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા ન હતા. પ્રશિક્ષક અને વિભાગના વડાએ પણ વિદ્યાર્થી સાથે આ બાબતે ચર્ચા કરી હતી; તેમણે વિદ્યાર્થીનું કાઉન્સેલિંગ કર્યું હતું અને ખાતરી આપી હતી કે આ ઘટનાની તેની શૈક્ષણિક કારકિર્દી પર કોઈ નકારાત્મક અસર પડશે નહીં. ત્યારબાદ વિદ્યાર્થી તેના હોસ્ટેલના રૂમમાં પાછો ફર્યો હતો. મોડી સાંજે, તે તેના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ મૃત્યુને કારણે કેમ્પસમાં વિરોધ પ્રદર્શન શરૂ થયું હતું અને વિદ્યાર્થીઓ વહીવટીતંત્ર પાસેથી જવાબ માંગી રહ્યા હતા. વિદ્યાર્થીઓ અને સંસ્થાના સત્તાવાળાઓ વચ્ચે ચર્ચા શરૂ થતાં પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ દત્તાત્રેય નાલાવડેએ જણાવ્યું હતું કે તપાસ ચાલી રહી છે. આજે IIT પવઈમાં એક વિદ્યાર્થીએ આત્મહત્યા કરી. ત્યારબાદ, કેટલાક IIT વિદ્યાર્થીઓ એકઠા થયા અને પોતાની માંગણીઓ અંગે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું. IIT વહીવટીતંત્ર સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવવા માટે તેમની સાથે ચર્ચા કરી રહ્યું છે. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓમાંના એક, પ્રણયે કહ્યું કે આ પ્રદર્શન કેમ્પસમાં થતા મૃત્યુની એક વ્યાપક પેટર્ન છે. આજે અમારા વિરોધનું કારણ એ છે કે અમારી કોલેજમાં આજે એક આત્મહત્યાની ઘટના બની છે. તેથી જ અમે વિરોધ કરવા માટે એકઠા થયા છીએ અને અમે વહીવટીતંત્ર પાસેથી જવાબદારી, પારદર્શિતા અને જવાબોની માંગ કરી રહ્યા છીએ. તેણે આક્ષેપ કર્યો હતો કે આ વર્ષે આવી ચાર ઘટનાઓ બની છે, જેમાં છેલ્લા બે મહિનામાં બનેલી બે ઘટનાઓનો સમાવેશ થાય છે. સૌ પ્રથમ, વહીવટીતંત્રને જવાબદાર ઠેરવવું જોઈએ. જે પ્રોફેસરો વિદ્યાર્થીઓ સાથે ખરાબ વર્તન કરે છે અથવા કઠોર વ્યવહાર કરે છે, તેમના પર નિયંત્રણ રાખવાની જરૂર છે. અમે ફક્ત એટલું જ ઈચ્છીએ છીએ કે ડીન, ડિરેક્ટર અને વહીવટીતંત્ર અમને ખાતરી આપતો અહેવાલ આપે કે તેઓ આ બાબતની તપાસ કરશે, જવાબદારી અને પારદર્શિતા સુનિશ્ચિત કરશે અને ખાતરી આપશે કે તેમના કાર્યકાળ દરમિયાન આવી ઘટનાઓ ફરીથી ન બને. પોલીસનું કહેવું છે કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે વાતચીત ચાલી રહી છે.




**IIT બોમ્બેએ જણાવ્યું હતું કે બીજા વર્ષના વિદ્યાર્થી સામે કોઈ શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા ન હતા અને અધ્યાપકોએ તેને ખાતરી આપી હતી કે પરીક્ષાની આ ઘટનાની તેની શૈક્ષણિક કારકિર્દી પર કોઈ નકારાત્મક અસર પડશે નહીં**


નાલાવડેએ કહ્યું કે વિદ્યાર્થીઓએ આંતરિક વહીવટી મુદ્દાઓ ઉઠાવ્યા છે અને સંસ્થા તેમની સાથે વાતચીત કરી રહી છે. વિદ્યાર્થીઓના આંતરિક વહીવટી મુદ્દાઓ છે જેનુt IIT વહીવટીતંત્રે ભૂતકાળમાં પણ નિરાકરણ કર્યું છે અને અત્યારે પણ વહીવટીતંત્ર વિદ્યાર્થીઓ સાથે સક્રિયપણે વાતચીત કરી રહ્યું છે. DCPના જણાવ્યા અનુસાર, ચર્ચા ચાલુ હોવાથી કેટલાક વિરોધ કરનારાઓ ત્યાંથી જતા રહ્યા હતા જ્યારે અન્ય ત્યાં જ રોકાયા હતા. અન્ય એક વિદ્યાર્થીએ અલગ વિચાર રજૂ કર્યો અને ચેતવણી આપી કે આ મૃત્યુને તાત્કાલિક વિદ્યાર્થીઓ અને વહીવટીતંત્ર વચ્ચેના સંઘર્ષમાં ફેરવવું જોઈએ નહીં. આપણે બધા ખૂબ જ દુઃખી છીએ. આઘાતજનક અને હૃદયદ્રાવક ઘટના છે. જે કંઈ પણ થયું, એવું લાગે છે કે તે આપણામાંનો જ એક હતો અને આપણામાંથી કોઈ પાછળ રહી ગયું છે. તેણે વિદ્યાર્થીઓને વિનંતી કરી કે જ્યાં સુધી સંજોગોની તપાસ ચાલી રહી હોય ત્યાં સુધી કોઈને દોષિત ગણવા જોઈએ નહીં.

# ૧૫ વાર નિષ્ફળ ગયા, ૧૫ વર્ષ સુધી નૌકાદળમાં સેવા આપી... પછી UPSC CAPF પરીક્ષા પાસ કરી

**કાનપુરના પૂર્વ નૌકાદળના નાવિક મયંક સચાને ૧૫થી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં નિષ્ફળ જવા છતાં હાર માનવાનો ઈન્કાર કર્યો અને ત્રીજા પ્રયાસમાં UPSC CAPF ૨૦૨૫ પરીક્ષામાં ૩૪૩નો ઓલ ઈન્ડિયા રેન્ક મેળવ્યો. તેમની વાર્તા ખંત અને હિંમતનું ઉદાહરણ બની ગઈ છે. ચાલો જાણીએ કે તેમણે કેવી તૈયારી કરી અને તેમની યાત્રા કેવી રીતે આગળ વધી**

(એજન્સી) તા.૧૯

એવું કહેવાય છે કે, જો તમારામાં ઉચ્ચ મનોબળ હોય, તો નિષ્ફળતાઓની શ્રેણી પણ તમને તમારા લક્ષ્યને પ્રાપ્ત કરતા રોકી શકતી નથી. કાનપુરના પૂર્વ નૌકાદળના નાવિક મયંક સચાનની સફળતાની વાર્તા આનો જીવંત પુરાવો છે. ૧૫થી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં નિષ્ફળ જવા છતાં બે SSB રિજેક્શન અને બે CAPF નિષ્ફળતા છતાં મયંકે હાર માની નહીં. તેમના ત્રીજા પ્રયાસમાં તેમણે UPSC CAPF ૨૦૨૫ની પરીક્ષામાં ૩૪૩નો ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) મેળવીને એક ઉદાહરણ સ્થાપિત કર્યું. મયંક પોતે તેમની કઠિન યાત્રાની વાર્તા શેર કરે છે. મયંક ખૂબ જ સામાન્ય પરિવારમાં ઉછર્યો હતો. તેના પિતા એક ખાનગી ફેક્ટરીમાં ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતા હતા. બે ભાઈ-બહેનો અને મર્યાદિત નાણાકીય સંસાધનો સાથે




મયંક માટે એન્જિનિયરિંગ કરવું મુશ્કેલ હતું. પોતાના પરિવારને આર્થિક રીતે ટેકો આપવા માટે તેમણે એક અલગ રસ્તો પસંદ કર્યો અને ભારતીય નૌકાદળમાં જોડાયા. ભારતીય નૌકાદળમાં નાવિક તરીકે ૧૫ વર્ષ દેશની સેવા કર્યા છતાં મયંકનું અભ્યાસ કરવાનું અને રાષ્ટ્રની સેવામાં ઉચ્ચ હોદ્દા પર પહોંચવાનું સ્વપ્ન અકબંધ રહ્યું. તેમણે નૌકાદળમાં સેવા આપતી વખતે IGNOU દ્વારા જાહેર વહીવટમાં સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રી મેળવી. મયંકે કમિશન માટે બે વાર કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ (CDS) અને SSB ઈન્ટરવ્યુમાં હાજરી આપી, પરંતુ બંને વખત તેને નકારી કાઢવામાં આવ્યો. આ પછી તેમણે UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા આપી પરંતુ પ્રિલિમ્સ પાસ કરવામાં નિષ્ફળ ગયા. તેઓ CAPF લેખિત પરીક્ષામાં પણ તેમના પહેલા બે પ્રયાસોમાં નિષ્ફળ ગયા. સતત ૧૫થી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં નિષ્ફળ ગયા છતાં તેઓ નિશ્ચયી રહ્યા અને ત્રીજા પ્રયાસમાં UPSC CAPF ૨૦૨૫ પાસ કર્યું. મયંક તેમની ઐતિહાસિક સફળતા માટે ભારતીય નૌકાદળમાં તેમના ૧૫ વર્ષનો શ્રેય આપે છે. તેમનું માનવું છે કે, નૌકાદળમાં સખત તાલીમે તેમને મુશ્કેલ પરિસ્થિતિઓમાં શાંત, શિસ્તબદ્ધ અને ધીરજવાન રહેવાનું શીખવ્યું.

# એક કુલીએ ૬૮૧ કરોડ રૂપિયાની કંપની બનાવી, પહેલા ૧૦ રૂપિયા પણ નહોતા

**મુસ્તફા એક સમયે એટલો ગરીબ હતો કે ૧૦ રૂપિયા કમાવવા માટે તેને શાળા છોડીને કુલી તરીકે કામ કરવું પડતું હતું, પરંતુ જેમ તેઓ કહે છે, સમય બદલાય છે, પોતાની મહેનત અને સમર્પણ પર આધાર રાખીને, તેણે ૬૮૧ કરોડ રૂપિયાનો વ્યવસાય બનાવ્યો, ચાલો જાણીએ કેવી રીતે, તેની વાર્તા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ શેર કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૧૯

એક સમયે, પીસી મુસ્તફાનો પરિવાર દર રોજ લગભગ ૧૦ રૂપિયા કમાતો હતો. તેના માટે, શિક્ષણ સારા ભવિષ્યનો માર્ગ ન હતો, પરંતુ એક વૈભવી વસ્તુ હતી. મુસ્તફા છઠ્ઠા ધોરણમાં નાપાસ થયો અને કેરળના વાયનાડમાં કોફીના બગીચામાં તેના પિતા સાથે કામ કરવા માટે શાળા છોડી દીધી. પરંતુ ત્યાંના એક શિક્ષકે તેની પ્રતિભાને ઓળખી અને મુસ્તફાના માતા-પિતાને તેને શાળામાં પાછો મોકલવા અને તેના પુસ્તકોનો ખર્ચ પણ ચૂકવવા માટે સમજાવ્યા. મુસ્તફાએ ફરીથી અભ્યાસ શરૂ કર્યો અને તેના વર્ગમાં ટોચનું સ્થાન મેળવ્યું. આ પછી, તેણે NIT કાલિકટ અને પછી IIM બેંગ્લોરમાં અભ્યાસ કર્યો. ઘણા વર્ષો સુધી વિદેશમાં કામ કર્યા પછી, તે ભારત પાછો ફર્યો અને તેના પિતરાઈ ભાઈઓ સાથે iD ફ્રેશ ફૂડ શરૂ કર્યું. તેની મહેનત અને સમર્પણ દ્વારા, કંપનીનું વાર્ષિક મૂલ્યાંકન હવે રૂા.૬૮૧ કરોડથી વધુ હોવાનું જાણવા મળે છે. તેની વાર્તા સોશિયલ મીડિયા



પર લોકોને પ્રેરણા આપી રહી છે. મુસ્તફા કેરળના વાયનાડ જિલ્લામાં કાલપેટ્ટા નજીક ચેન્નાલોડમાં ઉછર્યા હતા. તેના પિતા, જેમણે ફક્ત ચોથા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો, તેઓ બગીચાઓમાં મજૂર તરીકે કામ કરતા હતા, જ્યારે તેની માતા ક્યારેય શાળામાં ગઈ ન હતી. તેમના પરિવારને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને મોટા પુત્ર, મુસ્તફા, છઠ્ઠા ધોરણમાં નાપાસ થયા પછી તેના પિતાને મદદ કરવા માટે શાળા છોડી દીધી હતી. તેનું શિક્ષણ ત્યાં જ સમાપ્ત થઈ શક્યું હોત, પરંતુ એક શિક્ષકે તે થતું અટકાવ્યું. શિક્ષકે શાળા છોડી દેનારા બાળકોની શોધ શરૂ કરી. આ સમય દરમિયાન, તેને મુસ્તફા કામ કરતો જોવા મળ્યો. શિક્ષણમાં રસનો અભાવ નહીં પણ પૈસાનો અભાવ તેને શાળાથી દૂર રાખતો હતો તે સમજીને, શિક્ષકે તેના માતા-પિતાને તેને શાળાએ પાછો મોકલવા માટે સમજાવ્યા અને તેના પુસ્તકોનો ખર્ચ પણ ચૂકવ્યો. મુસ્તફાએ ફરીથી અભ્યાસ શરૂ કર્યો અને પોતાના દમ પર આગળ વધવા માટે સખત મહેનત કરી. આખરે, તેણે NIT કાલિકટમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો અને IIM બેંગ્લોરમાંથી MBA પૂર્ણ કર્યું. અભ્યાસ પૂર્ણ કર્યા પછી, મુસ્તફા સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરતો હતો અને વિદેશમાં પણ કામ કરતો હતો. પરંતુ ૨૦૦૫માં, તે બેંગ્લુરૂ પાછો ફર્યો અને પોતાનો વ્યવસાય શરૂ કરવાનું નક્કી કર્યું. આઈડી ફ્રેશનો વિચાર અહીંથી આવ્યો. મુસ્તફા અને તેના ચાર પિતરાઈ ભાઈઓ, અબ્દુલ નઝીર, શમસુદ્દીન ટીકે, જાફર ટીકે અને નૌશાદ ટીએ, એ બેંગ્લુરૂમાં ૫૦ ચોરસ ફૂટના નાના રસોડામાંથી કંપની શરૂ કરી. તેમનું પહેલું ઉત્પાદન તાજી ઈડલી અને ઢોસાનું ખીરૂં હતું.

### ખાડા, ઊખડેલી સપાટી અને અધૂરા રિપેરિંગથી વાહનચાલકો ત્રસ્ત

# નડિયાદમાં ડિસ્કો રોડથી પ્રજા મુશ્કેલીમાં મનપાના વિકાસની પોલ વરસાદે ખોલી

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૯

નડિયાદના રસ્તાઓની વાસ્તવિક તસવીર સામે આવી છે. શહેરના અનેક માર્ગો પર ખાડા, ઉખડેલી ડામરની સપાટી અને ઉબડખાબડ રસ્તાઓ વાહનચાલકો માટે મુશ્કેલીનું કારણ બન્યા છે. એક તરફ રસ્તા અને રિસર્ફેસિંગ પાછળ લાખો-કરોડો રૂપિયાના ખર્ચના દાવા કરવામાં આવે છે, તો બીજી તરફ વરસાદી પાણીના થોડા રાઉન્ડ બાદ જ રસ્તાઓની હાલત કથળી જતાં કામની ગુણવત્તા, ટકાઉપણું અને જાળવણીની મનપાની કામગીરી સામે સીધા સવાલો ઊભા થયા છે.

વરસાદ દરમિયાન રસ્તાઓ પર પાણી ભરાવા અને વિવિધ સ્થળે થયેલા ખોદકામના કારણે અનેક માર્ગોની સપાટી ખરાબ થઈ હતી. હવે વરસાદી માહોલ ઓસરતાં રસ્તાઓ પર સર્જાયેલા ખાડા અને તૂટેલી સપાટી વધુ સ્પષ્ટ દેખાઈ રહી છે. શહેરના કેટલાક માર્ગો એટલા ઉબડખાબડ બની ગયા છે કે વાહનચાલકોને ખાડો ટાળવા માટે વારંવાર દિશા બદલવી પડે છે. ખાસ કરીને ટુ-વ્હીલરચાલકો માટે અચાનક સામે આવતા ખાડા અકસ્માતનું જોખમ વધારી રહ્યા છે. મનપા દ્વારા શહેરમાં નવા રસ્તા બનાવવા, જૂના રસ્તાઓનું રિસર્ફેસિંગ કરવા અને વિવિધ માળખાકીય કામો પાછળ જાહેર નાણાં ખર્ચવામાં આવે છે. તેમ છતાં થોડા સમય બાદ જ રસ્તાની સપાટી ઉખડી જાય અને ફરી પેચવર્ક કે ખાડા પૂરવાની જરૂરિયાત ઊભી થાય તો એક જ રસ્તા પાછળ વારંવાર ખર્ચ કરવાની સ્થિતિ કેમ સર્જાય છે, તે પ્રશ્ન પ્રજામાં ચર્ચાઈ રહ્યો છે. રસ્તાનું કામ માત્ર પૂર્ણ કરવું પૂરતું છે કે તેની ગુણવત્તા અને ટકાઉપણાની પણ જવાબદારી નક્કી થવી જોઈએ, તે મુદ્દો હવે સામે આવ્યો છે. નડિયાદમાં રસ્તાઓની આ સ્થિતિએ મનપાના વિકાસના દાવા સામે જમીની વાસ્તવિકતા મૂકી દીધી છે. પ્રજાના ટેક્સના નાણાંથી થતા રસ્તાના કામમાં ગુણવત્તા જળવાય, કામ કેટલો સમય ટકે અને વારંવાર મરામત પાછળ સરકારી નાણાં ખર્ચવાની નોબત કેમ આવે છે, તેના જવાબની અપેક્ષા હવે નડિયાદવાસીઓ રાખી રહ્યા છે.

### સેવા સંકલ્પ અભિયાનની ૨૫ પ્રવૃત્તિઓ માટે અધિકારીઓને માર્ગદર્શન

# નડિયાદ : સંકલન બેઠકમાં રોડ-રસ્તા, વીજળી-પાણીના પ્રશ્નો બાબતે ચર્ચા થઈ

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૯

ખેડા જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિ સહિત વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રોડ-રસ્તા, વીજળી, પાણી, જમીન સહિતના સ્થાનિક પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ, લેન્ડ ગ્રેબિંગના પ્રશ્નો તેમજ વડનગરથી વારાણસી સુધીની સંકલ્પ યાત્રા અંતર્ગત યોજાનારી સેવા સંકલ્પ અભિયાનની વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હિતેશકુમાર ડાભી, નડિયાદ મહાનગરપાલિકાના મેયર મનીષભાઈ પટેલ, નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. ખાસ કરીને નેશનલ હાઈવે તથા પંચાયત હસ્તકના રોડ-રસ્તાની સ્થિતિ, શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ઘરેલુ તથા ખેતીવાડી વીજ પુરવઠાની સમસ્યા, પાણી અને જમીન સંબંધિત પ્રશ્નો અંગે અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.રોડ-રસ્તા સહિતના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે કલેક્ટર એન.વી. ઉપાધ્યાય તથા નડિયાદ મહાનગરપાલિકાના કમિશનર કિરણ ઝવેરીએ સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા તાકીદ કરી હતી. બેઠકમાં રોડ-રસ્તાના પ્રશ્નો સાથે લેન્ડ ગ્રેબિંગના મામલાઓ અંગે પણ છણાવટ કરવામાં આવી હતી અને સંબંધિત અધિકારીઓને કાયદેસરની કાર્યવાહી તથા પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી ધ્યાન આપવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હિતેશકુમાર ડાભી, નડિયાદ મહાનગરપાલિકાના મેયર મનીષભાઈ પટેલ, નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય, મ્યુનિસિપલ કમિશનર કિરણ ઝવેરી, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલ, નાયબ વનસંરક્ષક, અધિક કલેક્ટર વિમલ બારોટ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જોગીયા, નિવાસી અધિક કલેક્ટર જે.બી. દેસાઈ, જિલ્લા પુરવઠા અધિકારી બારૈયા ઉપસ્થિત રહ્યા હતા.

### વડનગરથી વારાણસી સુધીની "સેવાયાત્રા" દરમ્યાન

# DY CM હર્ષ સંઘવીની હાજરીમાં બાઈક રેલીનું પંચમહાલમાં સ્વાગત

ગાંધીનગર, તા.૧૯

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના અવસર પર તેમની જન્મભૂમિ વડનગરથી કર્મભૂમિ વારાણસી સુધી આયોજિત કરાયેલી વિશેષ 'સેવા યાત્રા' અંતર્ગત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી બાઈક રેલીમાં સેવાયાત્રીઓ સાથે પંચમહાલ જિલ્લામાં પહોંચ્યા, જ્યાં સેવાયાત્રીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પંચમહાલના હાલોલ સ્થિત ચંદ્રપુરા ચોકડી ખાતે આદિવાસી પરંપરાગત લોકનૃત્ય તેમજ 'વિકસિત ભારત' થીમ આધારિત નૃત્ય સાથે રેલીનું ઉષ્માભર્યું અભિવાદન કરાયું હતું.



હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ૫૦૦થી વધુ ઉત્સાહી સેવાયાત્રી યુવાનો અલગ-અલગ ૧૦ રૂટ ઉપર મોટરસાઈકલોના ગ્રૂપમાં ૨૨ દિવસ સુધી ગામેગામ ફરીને સ્વચ્છતા અભિયાન, ગૌસેવા, વૃદ્ધોની સંભાળ અને સરકારી યોજનાઓના લોકજાગૃતિ જેવા સેવાકીય કાર્યો કરશે. છેલ્લા બે દિવસથી આ બાઈક યાત્રામાં જોડાયાનો સંઘવીએ વિશેષ આનંદ વ્યક્ત કર્યો હતો. સેવાયાત્રીઓના સ્વાગત પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રી રમેશ કટારા, જિલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલ, જિલ્લા અગ્રણી મયંક દેસાઈ, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર તથા સંગઠનના પદાધિકારીઓ, જી.આઈ.ડી.સી. મસવાડ અને જી.આઈ.ડી.સી. હાલોલના અગ્રણીઓ, હોદ્દેદારો તેમજ વિશાળ સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં કેન્સર પીડિત મહિલાના સોનાના દાગીના ચોરનાર બે આરોપી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢના મધુરમ વિસ્તારની કામનાથનગર સોસાયટીમાં કેન્સર પીડિત મહિલાના બંધ મકાનનું તાળું તોડી રૂા. ૩,૮૪,૦૦૦ની મત્તાની ઘરફોડ ચોરી આચરનાર બે આરોપીઓ આકાશ ચૌહાણ અને વિજય સોલંકીને સી- ડિવિઝન પોલીસે પકડી પાડ્યા છે. ચોરાયેલો મુદ્દામાલ વેચવા ગયેલા આરોપીઓની શંકાસ્પદ હિલચાલના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. સોની બજારના વેપારી ડેનિશ લાઠીગરાની સતર્કતાને કારણે પોલીસને ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. આ બનાવ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલિયાએ જણાવ્યું હતું કે, સવારે ૯:૩૦ થી સાંજે ૫:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન ફરિયાદી ભારતીબેન કશ્યપભાઈ ભટ્ટ જેઓ કો-ઓપરેટિવ બેંકમાં ફિલ્ડ ઓફિસર તરીકે ફરજ બજાવે છે તેઓ નોકરી પર હતા, ત્યારે તેમના ઘરનો દરવાજો તોડી અજાણ્યા શખ્સો ઘરમાં પ્રવેશ્યા હતા. કબાટ અને તિજોરીમાંથી ૮ ગ્રામનું મંગળસૂત્ર, ૧૩ ગ્રામની ફેન્સી સોનાની ચેઈન, ૫ ગ્રામની પટ્ટી ટાઈપની ચેઈન અને રૂા.૧૮,૦૦૦ રોકડા મળી કુલ રૂા.૩,૮૪,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ફરિયાદીના પતિનું કેન્સરથી અવસાન થયેલું છે અને તેઓ પોતે પણ કેન્સર પીડિત છે. પકડાયેલા આરોપીઓ પાસેથી રૂા.૩,૬૭,૬૫૦ નો મુદ્દામાલ (જેમાં ૨ સોનાની ચેઈન, ૧ મંગળસૂત્રનો ઢાળીયો અને રૂા.૭,૬૫૦ રોકડા) રિકવર કરવામાં આવ્યો છે. કોર્ટ દ્વારા ૨ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવતા પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે.

# ઊંઝા ઉમિયાધામમાં વડાપ્રધાનના જન્મ દિવસની ભવ્ય ઉજવણી

મહેસાણા, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે દેશભરમાં વિવિધ સેવાકીય અને જનભાગીદારીના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અંતર્ગત 'સંકલ્પ ભારત અભિયાન' અંતર્ગત ઊંઝા ખાતે આવેલા સુપ્રસિદ્ધ શ્રી ઉમિયા માતાજી મંદિર ખાતે 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ઉમિયા ધામ મંદિર પરિસરમાં ભવ્ય દીપોત્સવ અને મહા આરતી યોજાઈ હતી. મોટી સંખ્યામાં દીવડાઓ પ્રગટાવવામાં આવતા સમગ્ર મંદિર પરિસર દીવડાઓના પ્રકાશથી ઝળહળી ઉઠ્યું હતું અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. આ કાર્યક્રમમાં મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુષ્ય, લાંબી આયુ અને તંદુરસ્ત જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી તેમજ દેશની પ્રગતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પણ પ્રાર્થના કરવામાં આવી હતી. તેમજ આ પ્રસંગે ઊંઝા ખાતેના ઉમિયા સર્કલ, માનવ મંદિર અને રાધા કૃષ્ણ મંદિરની મુલાકાત લેવામાં આવી હતી. ત્યાં પણ દીપ પ્રગટાવી દીપોત્સવ અને મહા આરતીના પ્રસંગે ઊંઝા પાલિકા પ્રમુખ ક્રીમાબેન પટેલ, સંગઠન પ્રમુખ સંજય રાવળ, પૂર્વ પ્રમુખ જીગ્નાબેન પટેલ, રિંકુબેન પટેલ, ઉમિયા માતાજી મંદિરના વ્યવસ્થાપક દશરથભાઈ પટેલ, મંત્રી જયંતીભાઈ પટેલ, ભારત સરકારના સ્પાઈસીસ બોર્ડના ડિરેક્ટર નિલેશભાઈ પટેલ સહિત અન્ય આગેવાનો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી : SP મનોહરસિંહ જાડેજાએ પત્રકારોના વિસામામાં પદયાત્રીઓની સેવા કરી



(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૯

ભાદરવી પૂનમેમાં અંબાજી દર્શનાર્થે લાખો ભક્તો પગપાળા જઈ રહ્યા છે. પદયાત્રીઓની સેવા માટે વિસામા ધમધમી રહ્યા છે મોડાસા શહેરના જિલ્લા સેવાસદન કચેરી નજીક અરવલ્લી જિલ્લા ઈલેક્ટ્રોનિક્સ મીડિયા એસોસિએશન દ્વારા આયોજીત અંબાજી જતા પદયાત્રીઓ માટે પત્રકારોના વિસામાંની જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ શુભેચ્છા મુલાકાત લઈ દર્શન કરી પદયાત્રીઓની સેવાનો લાભ લીધો હતો. વિસામામાં પત્રકાર મિત્રોની ટીમ ખડેપગે પદયાત્રીઓની સેવાની ભેખની સરાહના કરી હતી.

# ફૂટબોલ સ્પર્ધામાં સ્વામી વિવેકાનંદ કોલેજ પાલીતાણા બહેનોની ટીમ રનર્સ-અપ



આંતર યુનિવર્સિટી દ્વારા તારીખ ૧૭/૦૯/૨૦૨૬ અને ૧૮/૦૯/૨૦૨૬ના રોજ ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૦૭ ટીમે ભાગ લીધો હતો. સ્વામી વિવેકાનંદ કોલેજ પાલીતાણાની ટીમ આ સ્પર્ધા એક પછી એક મેચ જીતીને 2nd રનર્સ-અપની ટ્રોફી જીતી. ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતાં 2nd રનર્સ-અપ તરીકે વિજેતા બનેલી ટીમને કોલેજના ટ્રસ્ટી ધર્મિષ્ઠાબેન દવે અને દીપકભાઈ ત્રિવેદી તથા પ્રિન્સિપાલ ભાવેશભાઈ અને વિજયભાઈ એ શુભેચ્છાઓ પાઠવી હતી. (તસવીર : આરીફ શેખ પાલીતાણા)

# વડાપ્રધાનના જન્મદિવસની વિશિષ્ટ ઉજવણીને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને મુખ્યમંત્રીએ બિરદાવી




અમદાવાદ, તા.૧૯

ભાજપના વરિષ્ઠ નેતા અને માજી મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે અને સફળ શાસનના પચ્ચીસ વર્ષ પૂર્ણ કરવા નિમિત્તે અમદાવાદ ખાતે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઊંઝા ઉમિયા સંસ્થાના પ્રમુખ અને સીનીયર ધારાસભ્ય બાબુભાઈ પટેલનાં કુટુંબ દ્વારા આદિવાસી ૭૬ વિધવા બહેનોને (પ્રત્યેકને) દૂઝણી દેશી ગીર ગાયનું વિતરણ કરવામાં આવ્યું, સાથે સાથે એક મહિનો ચાલે તેટલો પોષણયુક્ત આહાર પણ આપવામાં આવ્યો. ગરીબ આદિવાસી વિધવા બહેનોને આત્મનિર્ભર બનાવવા માટેના કામ માટે મેં અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે બાબુભાઈ પટેલને અને કુટુંબીજનોને અભિનંદન આપ્યા અને આભાર માન્યો હોવાનું ચુડાસમાએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ સંગઠન મંત્રી રત્નાકરજી, જેતલપુર સ્વામીનારાયણ મંદિરના મહંત પૂજ્ય આતમ સ્વામી, સાંસદ દેવુસિંહ ચૌહાણ ઉપરાંત જિલ્લા ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### બોડેલી તાલુકામાં આવેલી

# બે સરકારી શાળામાં ૯ વિદ્યાર્થીઓને ભણાવવા ચાર શિક્ષકો ફરજ બજાવે છે !

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૧૯

બોડેલી તાલુકાના રતનપુર થાના ગામના પેટા ગામ તોતરમાતાની સરકારી પ્રાથમિક શાળામાં હાલમાં માત્ર ચાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આશ્ચર્યની વાત એ છે કે આ ચાર વિદ્યાર્થીઓ માટે બે શિક્ષકો ફરજ બજાવે છે. શાળાનું મકાન પણ જર્જરિત હાલતમાં છે. બીજી તરફ, બોડેલી તાલુકાના લવેડ ગામની શાળામાં પાંચ વિદ્યાર્થીઓ માટે બે શિક્ષકો છે.

બીજી બાજુ, છોટાઉદેપુર જિલ્લાની અનેક શાળાઓમાં શિક્ષકોની અછત છે, જેના કારણે ત્યાંના વિદ્યાર્થીઓને પૂરતું શિક્ષણ મળતું નથી. આવી સ્થિતિમાં અમુક શાળાઓમાં વિદ્યાર્થીઓ કરતાં શિક્ષકોની સંખ્યા લગભગ બરાબર હોવી શિક્ષણ વ્યવસ્થાની અસમાન ફાળવણી દર્શાવે છે.

નોંધનીય છે કે તોતરમાતા શાળાથી માત્ર એક કિલોમીટરના અંતરે રતનપુર થાના ગામની શાળા આવેલી છે. જો તોતરમાતાના ચાર વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા કરી રતનપુર થાનાની શાળામાં મોકલવામાં આવે, તો સરકારના ખર્ચમાં મોટી બચત થઈ શકે તેમ છે. સાથે જ, તોતરમાતા અને લવેડ શાળાના શિક્ષકોની બદલી શિક્ષકોની અછતવાળી શાળાઓમાં કરવામાં આવે, તો જિલ્લાના અનેક અન્ય વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળી શકે. હવે જોવાનું એ રહે છે કે શિક્ષણ વિભાગ આ બાબતે ક્યારે અને શું પગલાં લે છે.

## ઊંઝાના સૂરજનગરથી ટુંડાવ રોડ પર ખેતરમાંથી ૨૫૦ ફૂટ કેબલ વાયરની ચોરી

(સંવાદદાતા દ્વારા) મહેસાણા, તા.૧૯

ઊંઝા તાલુકાના સુરજનગરથી ટુંડાવ રોડ પર આવેલા એક ખેતરમાંથી બોરની મોટરનો કેબલ વાયર ચોરી થયાની ઘટના સામે આવી છે. સુણક ગામના રહેવાસી અંબરામ ગંગારામ પટેલ ખેતી કરે છે. તેમનો બોર સુરજનગરથી ટુંડાવ રોડ પર વલ્લભીના આંટામાં આવેલો છે.

૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ની રાત્રે ૧૦ વાગ્યાથી ૧૮ સપ્ટેમ્બરની સવારે નવ વાગ્યાની વચ્ચે અજાણ્યા શખ્સોએ બોરની મોટરનો આશરે ૨૫૦ ફૂટ કેબલ વાયર ચોરી કરી લીધો હતો. ચોરાયેલા કેબલ વાયરની કિંમત આશરે રૂા.૭૧ હજાર હોવાનું જણાવાયું છે.આ અંગે અંબરામ પટેલે ઉનાવા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# હાજી અહેમદ મુન્શી આઈ.ટી.આઈ., ભરૂચ ખાતે ભવ્ય પદવીદાન સમારોહ યોજાયો

ભરૂચ, તા.૧૯

મુન્શી મનુબરવાલા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ, ભરૂચ સંચાલિત હાજી અહેમદ મુન્શી આઈ.ટી.આઈ. ભરૂચ ખાતે તાલીમાર્થીઓની મહેનત, સમર્પણ અને શૈક્ષણિક સિદ્ધિઓની ઉજવણી કરતો એક યાદગાર પદવીદાન સમારોહ યોજાયો હતો.



આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના ટ્રસ્ટી યુનુસ પટેલ તથા આઈ.ટી.આઈ. હેડ અને કેમ્પસ એડમિન આરીફ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત હાજી અહેમદ મુન્શી આઈ.ટી.આઈ. (ગર્લ્સ સેક્શન)ના પ્રિન્સિપાલ લુકમાન ભાઈ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહ દરમિયાન તાલીમાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. દરેક ટ્રેડમાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર તાલીમાર્થીઓને તેમની મહેનત, પ્રતિબદ્ધતા અને ઉત્કૃષ્ટ દેખાવ બદલ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ચાલુ વર્ષે આઈ.ટી.આઈ.માંથી સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર કુલ ૧૭૧ તાલીમાર્થીઓને સ્ટાફમિત્રો દ્વારા સર્ટિફિકેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ મુખ્ય અતિથિ યુનુસભાઈ પટેલે તથા આરીફ પટેલે પ્રેરણાદાયક ઉદબોધન આપ્યું હતું. પોતાના વક્તવ્યમાં તેમણે તાલીમાર્થીઓને પોતાના ક્ષેત્રમાં પ્રામાણિકતા, શિસ્ત અને મહેનત સાથે આગળ વધવા, સતત નવી બાબતો શીખતા રહેવા તથા આત્મવિશ્વાસ સાથે ભવિષ્યના પડકારોનો સામનો કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે તાલીમાર્થીઓને પ્રાપ્ત થયેલી કુશળતાનો સકારાત્મક ઉપયોગ કરી સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે પણ પ્રેરણા આપી હતી.

સમારોહ દરમિયાન તાલીમાર્થીઓના ચહેરા પર સિદ્ધિનો આનંદ અને ગૌરવ સ્પષ્ટ જોવા મળ્યો હતો. પદવીદાન સમારોહ તેમના શૈક્ષણિક જીવનના એક મહત્ત્વપૂર્ણ તબક્કાની પૂર્ણતા તથા વ્યાવસાયિક જીવનની નવી શરૂઆતનું પ્રતીક બન્યો હતો.

કાર્યક્રમના અંતે યુસુફ મતાદાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનું આયોજન આઈ.ટી.આઈ.ના સમગ્ર સ્ટાફના સહયોગથી સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ સ્ટાફમિત્રોનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. હાજી અહેમદ મુન્શી આઈ.ટી.આઈ. તથા મુન્શી પરિવાર તરફથી પદવી પ્રાપ્ત કરનાર તમામ ૧૭૧ તાલીમાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય, સફળ કારકિર્દી અને પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### નગરપાલિકા દ્વારા ગંદકીને ઢાંકવાનો પ્રયાસ

# ડભોઈમાં રાષ્ટ્રપતિની નજરે ગંદકી ના પડે તે માટે લીલી નેટ લગાડાઈ !



(તસવીર : આઈ.જી. બોડીવાલા)

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૧૯

ડભોઈ નગરપાલિકા ને પ્રાદેશિક કમિશ્નર તરફ થી અવારનવાર સ્વચ્છતા અંગે નોટિસ મળતી હોવાની માહિતી બહાર આવી છે અને નગરમાં કચરા ના ઢગલા ઠેર ઠેર જોવા મળે છે સફાઈને લઈ નગરપાલિકા સાથે નગરજનોની આળસ પણ જવાબદાર છે. નગરના એસ.ઓ.યુ માર્ગ શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ માર્ગ પર આગામી ૨૨ તારીખે દેશના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ પાદરાના કાર્યક્રમ બાદ એકતા નગર જઈ શકે છે. જેને લઈ આ માર્ગ પરની ગંદકી રાષ્ટ્રપતિની નજરે ના ચઢે એ માટે તંત્ર દ્વારા લીલા કલરની નેટ બાંધવાની કામગીરી ચાલી રહી છે ત્યારે પ્રશ્ન એ ઉઠે કે આ કામગીરી કોના હુકમથી કોણ કરી રહ્યું છે. નગરના આ માર્ગ પર નગરપાલિકા આવેલી છે અને નગરપાલિકાના સભ્યો, કર્મચારીઓ આ માર્ગ પર ગંદકી નજરે નહીં ચડતી હોય ડભોઈ નગરપાલિકાનું સેનેટરી વિભાગ વિવાદના વમળમા સપડાયેલું હોય એ સ્વચ્છતાની અસર નગર પર જોવા મળે છે ત્યારે રાષ્ટ્રપતિના આ માર્ગ પરની વિદાય બાદ સેનેટરી વિભાગે આ રોડની આજુબાજુની સફાઈ યુદ્ધના ધોરણે કરવી જોઈએ. એમ નગરમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. ડભોઈ નગરમાં ગંદકી દુર કરવા નગરપાલિકા સાથે સામાજિક સંસ્થાઓ, રાજકીય આગેવાનો અને સામાજિક અગ્રણીઓએ 'મારુ ડભોઈ સ્વચ્છ ડભોઈ'ના સૂત્રને સાર્થક કરવા આગળ આવવુ પડશે અને નગરપાલિકામા સેનેટરી વિભાગના કર્મચારીઓની અછત ટેબલના કર્મચારીઓથી પુરી કરવાનો સમય આવી ગયો છે.

### દિન પ્રતિદિન લુખ્ખાઓનો વધતો આતંક

# સુરેન્દ્રનગર બસસ્ટેન્ડ પાસે રિક્ષાચાલક પર કરાયો હુમલો

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગરમાં એસટી બસ સ્ટેન્ડ નજીક આવારા તત્ત્વો સતત આંતક મચાવી રહ્યા છે ત્યારે રિક્ષા ચાલક હુસેન ભાઈ પોતાની રીક્ષા લઈ અને જતા હતા તે દરમિયાન આગળ જઈ રહેલા એક્ટિવા ચાલક દ્વારા અચાનક વ્યક્તિઓ ઊભું રાખી અને ત્યારબાદ હુસેનભાઈને રિક્ષામાંથી ઉતારી અને તેમના સાથે અભદ્ર ભાષામાં વર્તન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેમને ફડાકા મારવામાં આવ્યા હતા અને છાતીના ભાગે પણ માર મારવામાં આવ્યો હતો.

જેને લઈને હુસેન ભાઈ બેહોશ થઈ ગયા હતા ૨૦ મિનિટ સુધી રોડ ઉપર પડ્યા રહ્યા હતા. જો કે, સ્થાનિક રાહદારીઓ દ્વારા તેમને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સંદર્ભે એક્ટિવા ચાલક ઉપર ગુનો દાખલ કરવા અંગેની તજવીજ પણ પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી આવા આવારા તત્ત્વો અને



કાયદાનું ભાન થાય તે જરૂરી બન્યું છે વારંવાર આવા વૃદ્ધ અને આધેડવયના લોકો ઉપર હુમલાની ઘટના બની રહી છે તે પણ એક ચિંતાનો વિષય છે ત્યારે આ સમગ્ર બાબતે તેમના પરિવારજનો દ્વારા પણ કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

## પાલીતાણાના ધારાસભ્ય ભીખાભાઈએ લાપાળિયા શાળાની મુલાકાત લીધી

પાલીતાણા, તા.૧૯

પાલીતાણા-૧૦૨ વિધાનસભાના ધારાસભ્ય ભીખાભાઈ બારૈયાએ શ્રી લાપાળિયા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓની સુવિધાઓ તથા શાળાના વિવિધ પ્રશ્નો અને જરૂરિયાતો અંગે માહિતી મેળવી અને સંબંધિત બાબતોની ચર્ચા કરી. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ, શ્રેષ્ઠ શૈક્ષણિક વાતાવરણ અને જરૂરી સુવિધાઓ મળે તે માટે સતત પ્રયત્નશીલ છીએ. તેમ તેમણે જણાવ્યું હતું.

# ડીસાના દિવ્યાંગ ભવનમાં માનવતાની મહેક



ડીસાના લાટી બજાર સ્થિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય દિવ્યાંગ ભવન ખાતે ડીસા દક્ષિણ પોલીસ ટીમ અને સમાજસેવકો દ્વારા માનવતાપૂર્વકનો કાર્યક્રમ યોજાયો હતો. ડીસા દક્ષિણ પીઆઇ એમ.બી. કોટવાલ, ઉત્તર પીઆઇ એ.આર. ખત્રી અને પોલીસ ટીમે દિવ્યાંગ તથા જરૂરિયાતમંદ બાળકો સાથે સમય વિતાવી તેમને સ્વાદિષ્ટ ભોજન પીરસી વાર્તાલાપ કર્યો હતો. આ પ્રસંગે સેવાભાવી સમાજસેવક સુરેન્દ્રસિંહ રાઠોડે એક દિવ્યાંગ દીકરીને દત્તક લઈ, તેના શિક્ષણ અને સારસંભાળ માટે જીવનભર મોટા ભાઈ તરીકેની જવાબદારી સ્વીકારી ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. પોલીસ પરિવાર અને સમાજસેવકની આ સંવેદનશીલ પહેલથી બાળકો અને સંચાલકોમાં ભારે આનંદ છવાયો હતો. (તસવીર : જમીલ મેમણ, ડીસા)

### ધાર્મિક કાર્યક્રમ

# સેગવામાં હઝરત કાજી મહેમુદ દરિયાઈ દુલ્હાના ચિલ્લા ખાતે ધાર્મિક કાર્યક્રમનું આયોજન

ભરૂચ તાલુકાના સેગવા ગામે આવેલ હઝરત કાજી મહેમુદ દરિયાઈ દુલ્હાના પવિત્ર ચિલ્લા ખાતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના ગુરૂવારના રોજ કોમી એકતાના અનોખા સંગમનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે સેગવા સહિત આસપાસના વિસ્તારોમાંથી વિવિધ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રદ્ધા અને ભાઈચારાની લાગણી સાથે કાર્યક્રમમાં જોડાશે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધાર્મિક શ્રદ્ધા સાથે કોમી એકતા, પરસ્પર પ્રેમ, ભાઈચારો અને માનવતાનો સંદેશ પ્રસરાવવામાં આવશેળચિલ્લા ખાતે યોજાનાર આ ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભજન-કીર્તન તેમજ કવ્વાલીનો જલસો પણ યોજાશે. એક જ સ્થળે વિવિધ સમુદાયના લોકો સાથે મળી ભજન-કીર્તન અને કવ્વાલીનો આનંદ માણશે, જે સેગવા ગામની વર્ષોથી ચાલી આવતી ગંગા-જમુની સંસ્કૃતિ અને સામાજિક એકતાનું સુંદર ઉદાહરણ બની રહેશે.

# ગુજરાતમાં આગામી બે દિવસ સુધી હજુ વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

હવામાન વિભાગના બુલેટિન પ્રમાણે ૧૮ સપ્ટેમ્બરે ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચોમાસું ખાસ સક્રિય રહ્યું હતું. તેના કારણે મોરબી અને સાબરકાંઠામાં ૧૨થી ૨૦ સેમી વચ્ચે ભારે વરસાદ નોંધાયો છે, જ્યારે ઉત્તર ગુજરાતમાં અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સૌરાષ્ટ્રમાં મોરબી અને દેવભૂમિ દ્વારકામાં છૂટાછવાયા સ્થળે ભારે વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં પણ સુરત અને આસપાસના વિસ્તારોમાં ૧૮ સપ્ટેમ્બરે વરસાદ પડ્યો હતો, જ્યારે ૧૯ સપ્ટેમ્બરે હવામાન સ્વચ્છ છે. હવામાન વિભાગ મુજબ ૧૯ સપ્ટેમ્બરથી પશ્ચિમ રાજસ્થાનમાંથી ચોમાસું વિદાય લેવા માટે અનુકૂળ સ્થિતિ રચાશે. ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં સમુદ્રની સપાટીથી ૧.૫ કિમીની ઉંચાઈએ એક અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન રચાયું છે.

ઉત્તર થાઈલેન્ડ પર પણ એક અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન રચાયું છે જે અંદમાન નિકોબાર સમુદ્ર તરફ આગળ વધે અને આગામી ત્રણથી ચાર દિવસમાં ઓડિશા તથા ઉત્તર આંધ્ર પ્રદેશમાં વરસાદ પડવાની શક્યતા છે. ગુજરાતમાં છેલ્લા ચોવીસ કલાકમાં અરવલ્લીના મેઘરજમાં ૩.૦૭ ઈંચ વરસાદ પડ્યો છે. તેવી જ રીતે ગીર સોમનાથના ગીર ગઢડામાં પણ ૩.૦૭ ઈંચ વરસાદ નોંધાયો છે.



અમદાવાદ શહેરમાં ગઈકાલે ૨.૮૭ ઈંચ, સાબરકાંઠાના તાલોદમાં ૨.૫૨ ઈંચ, નર્મદાના ડેડિયાપાડામાં ૨.૪૦ ઈંચ, અરવલ્લીના મોડાસામાં ૨.૩૬ ઈંચ, મહીસાગરના કડાણામાં ૨.૨૪ ઈંચ અને સંતરામપુરમાં ૨.૧૭ ઈંચ વરસાદ થયો છે. ગાંધીનગરના માણસામાં ૨.૧૩ ઈંચ, મહીસાગરના ખાનપુરમાં બે ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે વાંકાનેર, કલોલ, મહેસાણા, દહેગામ, ગાંધીનગર, દસક્રોઈ, બાયડ, વીજાપુર, ટંકારા, ઉમરાપાડા, કડી, માતર તાલુકામાં દોઢથી બે ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં ૧૮ સપ્ટેમ્બરે નડિયાદ, જાંબુઘોડા, દિયોદર, બોડેલી, વીરપુર, સાવરકુંડલા, નાંદોદ, ઈડર, પ્રાંતિજ, દાહોદ, અમીરગઢ, દસાડા, જેતપુર પાવી, હિંમતનગર, ખાંભા, ઉકાઈમાં પણ સવા ઈંચથી દોઢ ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. ગુજરાતમાં હજુ ત્રણ દિવસ સુધી અલગ-અલગ જગ્યાએ વરસાદ પડશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. લેટેસ્ટ અનુમાન પ્રમાણે ૧૯ સપ્ટેમ્બર શનિવારે ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને પંચમહાલ, દાહોદ તથા મહીસાગર જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં અમૂક જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી છે. ૨૦સપ્ટેમ્બર રવિવારે પંચમહાલ, દાહોદ, બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ અને મહીસાગર ઉપરાંત વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ થવાની આગાહી છે. ૨૧ સપ્ટેમ્બર સોમવારે દાહોદ, પંચમહાલ, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ અને મહીસાગર ઉપરાંત વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથમાં વરસાદ પડી શકે છે. શનિવારે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેશે અને સમયાંતરે હળવો વરસાદ પડી શકે છે. ગુજરાતમાં આ વખતે અત્યાર સુધીમાં ૮૭.૬૮ ટકા વરસાદ પડી ગયો છે જેમાં કચ્છમાં સૌથી ઓછો ૫૭ ટકા વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં અત્યાર સુધીમાં સિઝનનો ૭૦ટકા કરતા વધુ વરસાદ પડી ગયો છે, જ્યારે પૂર્વ મધ્ય ગુજરાતમાં ૮૮ ટકા કરતા વધુ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં ૬૮ ટકા વરસાદ નોંધાયો છે જ્યારે દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૧૩ ટકા કરતા વધુ વરસાદ પડી ગયો છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં મોટા ભાગના તાલુકામાં વરસાદની ઘટ છે જેના કારણે ખેતીને નુકસાન પહોંચવાનો અંદાજ છે. જેમ કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ ટકા કરતા પણ ઓછો વરસાદ છે, જ્યારે પોરબંદર તાલુકામાં માત્ર ૨૭ ટકા વરસાદ નોંધાયો છે. જામનગરમાં પણ ફક્ત ૪૦ટકા વરસાદ પડ્યો છે, જ્યારે રાજકોટમાં ૫૭ ટકા, બનાસકાંઠામાં ૬૩ ટકા, સાબરકાંઠામાં ૬૦ટકા, અરવલ્લીમાં ૬૨ ટકા વરસાદ નોંધાયો છે.

### ૨૫ સપ્ટેમ્બર સુધી હળવા વરસાદની આગાહી

# અમદાવાદના અનેક વિસ્તારોમાં મોડી સાંજે ધોધમાર વરસાદ

## બોપલ, શીલજ, પકવાન, માનસી સર્કલ, શેલા, ઘુમા, મકરબા, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં વરસાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં શનિવારે (૧૯ સપ્ટેમ્બર) રાત્રે વરસાદ વરસ્યો છે. જેમાં બોપલ, શીલજ, પકવાન, માનસી સર્કલ, શેલા, ઘુમા સહિતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ ખાબક્યો છે.

અમદાવાદ શહેરમાં શનિવારે મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. દિવસભરના હળવા વાતાવરણ બાદ મોડી રાત્રે ગાજવીજ સાથે ભારે વરસાદ થતાં શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં રસ્તા પર પાણી ફરી વળ્યા છે.

હવામાન વિભાગે આગામી ૨૫ સપ્ટેમ્બર સુધી અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. તેવામાં અમદાવાદ શહેરના મકરબા, એસજી હાઈવે, વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે વરસાદી માહોલ જામ્યો છે. અમદાવાદમાં વાતાવરણમાં અચાનક પલટો આવતાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બોપલ, શીલજ, પકવાન, માનસી સર્કલ, શેલા, ઘુમા, મકરબા, એસજી હાઈવે અને વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં રસ્તા પર પાણી ફરી વળ્યા હતા, જેનાથી સમગ્ર શહેરમાં ઠંડક પ્રસરી હતી. હવામાન વિભાગે ૨૫ સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

### ગાંધીનગર મનપા ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ નક્કી

# આમ આદમી પાર્ટીએ ૪૪માંથી ૨૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા

## આગામી ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીને લઈને AAPએ ૨૩ ઉમેદવારોના નામની યાદી જાહેર કરી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા ચૂંટણી-૨૦૨૬ને લઈને રાજકીય હલચલ તેજ બની છે. આમ આદમી પાર્ટીએ ચૂંટણી માટે પોતાની પ્રથમ ઉમેદવાર યાદી જાહેર કરી છે. AAPએ કુલ ૪૪ બેઠકોમાંથી ૨૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. વોર્ડ નંબર ૧થી ૧૧ સુધીના વિવિધ વોર્ડમાંથી ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. હવે આગામી દિવસોમાં બાકીના ઉમેદવારોના નામ પણ જાહેર થવાની શક્યતા છે.

ગાંધીનગર મહાનગર પાલિકા ચૂંટણી-૨૦૨૬ માટે આમ આદમી પાર્ટીએ પોતાની પ્રથમ ઉમેદવાર યાદી જાહેર કરી છે. પાર્ટીએ પ્રથમ તબક્કામાં કુલ ૪૪માંથી ૨૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં વોર્ડ નંબર ૧થી ૧૧ સુધીના ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

AAPએ વોર્ડ નંબર ૧માંથી બળદેવભાઈ પટેલ અને વિજયસિંહ આર. વાઘેલાને ઉમેદવાર બનાવ્યા છે.

વોર્ડ નંબર ૩માંથી શ્રેયા બકુલકુમાર મકવાણા, પિંકી રાજપૂત અને ભરતભાઈ જોશીના નામ જાહેર કરવામાં આવ્યા છે. વોર્ડ નંબર ૫માંથી પાર્વતીબેન નાગરભાઈ અને જીતેન્દ્ર ધરવાટર્યાને ટિકિટ આપવામાં આવી છે.

વોર્ડ નંબર ૬માં AAPએ તમામ ચાર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં પાર્વતીબેન વસાવા, સોનાબેન પટ્ટણી, તુષાર પારેખ અને હેમાભાઈ ભાલોટર્યાનો સમાવેશ થાય છે.

વોર્ડ નંબર ૭માંથી રાહુલ વાઘેલા અને સુરેશ પટેલને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. વોર્ડ નંબર ૮માંથી દેવયાની રાઠોડ અને ધર્મેશભાઈ ઠાકોર સહિતના નામ જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે વોર્ડ નંબર ૯માંથી ગૌતમભાઈ પરમાર સહિતના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે.

વોર્ડ નંબર ૧૦માંથી વોર્ડ નં ૧૦માં એન્જલ માસી તરીકે જાણીતા પારેખ જયને અને ને ડૉ. હાર્દિક વિ. ત્રિવેદીને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત વોર્ડ નંબર ૧૧માંથી કૈલાશબેન પરમાર અને રાજેશ્વરીબેન સોલંકીને ટિકિટ આપવામાં આવી છે.

AAPની પ્રથમ યાદીમાં હાર્દિક તલાટી, ભરત જોશી અને વર્તમાન કોર્પોરેટર તુષાર પરીખનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ત્રણેય અગાઉની ચૂંટણીમાં AAP તરફથી મેદાનમાં ઉતર્યા હતા. પાર્ટી દ્વારા પ્રથમ તબક્કામાં જૂના અને સંગઠન સાથે જોડાયેલા ઉમેદવારોને ફરી તક આપવામાં આવી છે. ઉમેદવારોની યાદી જાહેર કરતી વખતે AAPના નેતાઓએ ૨૦૨૧ની ગાંધીનગર મનપા ચૂંટણીના પરિણામોનો પણ ઉલ્લેખ કર્યો હતો. પક્ષના જણાવ્યા મુજબ, અગાઉની ચૂંટણીમાં AAPને એક બેઠક મળી હતી અને આશરે ૨૦ ટકાથી વધુ મત મળ્યા હતા. એક જ કોર્પોરેટર હોવા છતાં મજબૂતીથી વિપક્ષની ભૂમિકા ભજવી હોવાનો પક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. AAP દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આગામી ચૂંટણીમાં પાર્ટી પીવાનું પાણી, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને શિક્ષણ જેવા સ્થાનિક મુદ્દાઓને લઈને મતદારો વચ્ચે જશે. પાર્ટીએ ખાસ કરીને શિક્ષણને મહત્વના મુદ્દા તરીકે રજૂ કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકા ચૂંટણી માટે ૨૧ સપ્ટેમ્બરથી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે. જ્યારે ૨૬ સપ્ટેમ્બર ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ રહેશે. AAPની પ્રથમ યાદી જાહેર થતાં ગાંધીનગર મનપા ચૂંટણીનો રાજકીય માહોલ વધુ ગરમાયો છે.

# રાજ્યમાં આવેલી તમામ પ્રકારની હોસ્ટેલમાં આવેલી મેસમાં હવે ABVP ચકાસણી કરશે

## તાજેતરમાં મેસમાં બનેલી ફુડ પોઈઝનિંગની ઘટનાઓ બાદ વિદ્યાર્થી સંગઠન મેદાનમાં ઉતર્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત રાજ્યની વિવિધ હોસ્ટેલોમાં તાજેતરમાં ભોજન લીધા બાદ વિદ્યાર્થીઓ બીમાર પડવાની એટલે કે ફૂડ પોઈઝનિંગની ઘટનાઓ સામે આવી છે. સુરતની પી.પી. સવાણી હોસ્ટેલ, આણંદની રાણક ગર્લ્સ હોસ્ટેલ સહિત બનાસકાંઠા, સુરેન્દ્રનગર, વડોદરા, અમદાવાદ, સુરત અને ભાવનગર જેવા જિલ્લાઓમાં બનેલી ઘટનાઓને ગંભીરતાથી લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ABVP દ્વારા સમગ્ર રાજ્યમાં હોસ્ટેલ મેસની તપાસ કરવા માટે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

ABVP ગુજરાત પ્રદેશ દ્વારા સમગ્ર રાજ્યમાં 'સ્ટુડન્ટ્સ રેડ- ભોજનમાં ગુણવત્તા, વિદ્યાર્થીઓની પ્રાથમિકતા' શિર્ષક હેઠળ પ્રદેશવ્યાપી અભિયાન હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ABVPના કાર્યકર્તાઓ વિવિધ જિલ્લાઓમાં આવેલી સરકારી, અર્ધ-સરકારી અને યુનિવર્સિટી સંચાલિત હોસ્ટેલોની પ્રત્યક્ષ મુલાકાત લેશે. કાર્યકર્તાઓ વિદ્યાર્થીઓ સાથે સીધો સંપર્ક સાધીને મેસમાં પીરસાતા ભોજનની ગુણવત્તા, પીવાના ચોખ્ખા પાણીની સ્થિતિ, રસોડાની સફાઈ, સામગ્રીનો સંગ્રહ, વાસણોની સ્વચ્છતા તેમજ રસોઈ બનાવતા કર્મચારીઓની સ્વચ્છતા અંગે વિગતો મેળવશે. ABVP ગુજરાત પ્રદેશ મંત્રી દેવાંશુ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ પોતાના ઘરથી દૂર રહીને અભ્યાસ કરે છે, ત્યારે હોસ્ટેલનું ભોજન તેમના સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્વનું હોય છે. મેસ સંચાલકો માટે આ ભોજન વ્યવસાય હોઈ શકે છે, પરંતુ વિદ્યાર્થીઓ માટે તે આરોગ્યનો આધાર છે. રાજ્યમાં બનતી ફૂડ પોઈઝનિંગની ઘટનાઓને સામાન્ય ગણીને છોડી શકાય નહીં. જો મેસમાં સ્વચ્છતા કે ગુણવત્તામાં બેદરકારી જોવા મળશે તો ABVP તંત્ર સામે મજબૂત રજૂઆત કરશે અને જરૂર પડશે તો ઉગ્ર વિરોધ પણ કરશે.

# જે.જે. પટેલ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયા, પી.ડી. પટેલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત બાર કાઉન્સિલની મળેલી વિશેષ સામાન્ય સભામાં રાજ્યના વકીલ આલમ માટે એક મહત્વપૂર્ણ વિકાસ સામને આવ્યો છે, જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન જે.જે. પટેલની બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI)ના સભ્ય તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી છે. એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યની કાનૂની સંસ્થાના નવા હોદ્દેદારોની પણ સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.

આ બેઠકમાં પી.ડી. પટેલને ચેરમેન તરીકે, અનિલ કેલ્લાને કો-ચેરમેન તરીકે, નિમિષા ધોત્રેને વાઈસ ચેરમેન તરીકે અને અનિરૂદ્ધસિંહ ઝાલાને એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તમામ હોદ્દેદારોની આ પસંદગી બિનહરીફ થઈ હોવાથી સમગ્ર વકીલ સમુદાયમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. રાષ્ટ્રીય સ્તરે વકીલાત અને પ્રશાસકીય બાબતોનું પ્રતિનિધિત્વ કરવા માટે જે.જે. પટેલની આ નિમણૂકને એક સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહી છે.

આ ઉપરાંત, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય પ્રમુખ અને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા મંજૂર કરાયેલાં પૂર્વ ન્યાયાધીશ મૌના એમ. ભટ્ટ અને સિનિયર એડવોકેટ મેઘા જાની કો-ઓપ્ટ સભ્ય તરીકે હાજર રહેતાં બાર કાઉન્સિલનું ૨૫ સભ્યોનું કોરમ પૂરૂં થયું હતું. ચૂંટણી બાદ વકીલોના હિત અને કલ્યાણ માટે એનરોલમેન્ટ કમિટી, ફાયનાન્સ કમિટી, રૂલ્સ કમિટી, જીએલએચ કમિટી અને એડમિનિસ્ટ્રેટિવ કમિટી સહિતની અંદાજે ૧૫ જેટલી મહત્વની સમિતિઓ અને ૨૬ ડિસિપ્લિનરી સમિતિઓની રચના કરવામાં આવી છે, જેથી કાનૂની વહીવટ વધુ સુચારૂ બની શકે.

# આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે ૨૩મી સુધી ચોઈસ ફીલિંગ કરી શકાશે

## ● સ્ટેટ ક્વોટા તથા ૧૫ ટકા ઓલ ઈન્ડિયા ક્વોટા બેઠકો માટે ઓનલાઈન ચોઈસની કાર્યવાહી શરૂ ● MDS અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પણ ઓનલાઈન ચોઈસ ફીલિંગની કાર્યવાહી શરૂ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત સરકારની એડમિશન કમિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે સ્નાતક વિદ્યાશાખાના આયુર્વેદ (BAMS) અને હોમિયોપેથી (BHMS) કોર્સીસમાં પ્રવેશ પ્રક્રિયાનો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે. સ્ટેટ ક્વોટા અને ૧૫ ટકા SFI AIQ બેઠકો પર પ્રવેશ મેળવવા માટે પ્રથમ રાઉન્ડની ઓનલાઈન ચોઈસ ફીલિંગ પ્રક્રિયા શનિવારથી શરૂ કરી દેવામાં આવી છે.

પ્રવેશ સમિતિની અખબારી યાદી મુજબ, એડમિશન કમિટીના મેરિટ-લિસ્ટમાં સામેલ ઉમેદવારો સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી, મેનેજમેન્ટ તથા NRI બેઠકો માટે અને ૧૫ ટકા સેલ્ફ ફાઈનાન્સ ઓલ ઈન્ડિયા ક્વોટાની BAMS તથા BHMS બેઠકો માટે અલગ અલગ લિંક પરથી ચોઈસ ભરવાની રહેશે. પ્રથમ રાઉન્ડ માટે ચોઈસ ફિલીંગની કાર્યવાહી શનિવારથી શરૂ કરવામાં આવી છે અને ઉમેદવારો ૨૩ સપ્ટેમ્બર સુધી ચોઈસ ફિલીંગ કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. ચોઈસ ભરાયા બાદ ૨૩ સપ્ટેમ્બરના રોજ બપોરના ૧૨ વાગ્યા સુધી ભરેલી ચોઈસ જોઈ શકાશે.

ચોઈસ ફીલિંગની નિયત સમયમર્યાદા પહેલાં જે કોલેજોને નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન (NCISM) અથવા નેશનલ કમિશન ફોર હોમિયોપેથી (NCH) દ્વારા મંજૂરી પ્રાપ્ત થઈ હોય અને સંબંધિત યુનિવર્સિટીનું જોડાણ મળેલું હોય, તેવી જ કોલેજોની બેઠકોને પ્રથમ રાઉન્ડની સીટ ફાળવણીમાં સામેલ કરવામાં આવશે. આ ઉપરાંત, ગુજરાત સરકારની એડમિશન કમિટી દ્વારા અનુસ્નાતક ડેન્ટલ (MDS) કોર્સમાં પ્રવેશ મેળવવા માટે બીજા રાઉન્ડની ઓનલાઈન ચોઈસ ફીલિંગ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મેરિટ યાદીમાં સમાવિષ્ટ તમામ લાયક ઉમેદવારો સરકારી અને સ્વનિર્ભર ડેન્ટલ કોલેજોની સરકારી, મેનેજમેન્ટ તથા NRI બેઠકો માટે ૧૯ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યા સુધી ચોઈસ ફીલિંગ કરી શકશે. ઉમેદવારો દ્વારા ભરેલી ચોઈસ ૨૨ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધી જોઈ શકાશે. આ બીજા રાઉન્ડમાં પ્રથમ રાઉન્ડ બાદ નોન-કન્વર્ટેડ અને નોટ-રિપોર્ટેડ રહેલી બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવશે.

### ડિજિટલ કંકોતરી ખોલતાં જ ખાતામાંથી રૂા.૧.૫ લાખ ઉપડી ગયા

# લગ્નના આમંત્રણની APK ફાઈલ મોકલી કરાઈ ઠગાઈ

## તે પીડીએફ કે ઈમેજના બદલે APK ફાઈલ હતી, જેની નિલેષને જાણ ન હોવાથી તેમણે ફાઈલ ખોલી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

નિકોલ રોડ પર પાવરહાઉસ સામે શ્રીનાથ પાર્કમાં રહેતા અને ઈલેક્ટ્રિકનું છૂટક કામ કરતા ૪૪ વર્ષીય નિલેષ ભુવા બીજી સપ્ટેમ્બરના રોજ તેના મિત્ર જયસુખના વોટ્સએપ નંબર પરથી તેના મોબાઈલમાં એક આમંત્રણ પત્રિકા આવી હતી. જોકે, તે પીડીએફ કે ઈમેજના બદલે APK ફાઈલ હતી, જેની નિલેષને જાણ ન હોવાથી તેમણે ફાઈલ ખોલી હતી.

બીજા દિવસે બપોરે તેના મોબાઈલમાં બેન્ક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી અચાનક નાણાં ડેબિટ થવાના મેસેજ આવવા લાગ્યા હતા. તેઓ તાત્કાલિક બેન્ક પહોંચ્યા અને ખાતું ફ્રીઝ કરાવ્યું ત્યાં સુધીમાં તેમના ખાતામાંથી ૪૫ હજાર, ૧૬ હજાર, ૮૪ હજાર અને ૬ હજાર રૂપિયા મળીને કુલ ૧.૫૧ લાખ રૂપિયા ઉપડી ચૂક્યા હતા. બેન્ક તપાસમાં બહાર આવ્યું હતું કે, મોબાઈલમાં આવેલી એપીકે ફાઈલથી ફોન હેક થઈ ગયો હતો અને તમામ એકાઉન્ટ ક્રિડેન્શિયલ ચોરી થઈ ગયા હતા. આ મામલે ક્રિષ્નનગર પોલીસે અજાણ્યા શખ્સ સામે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### કરંટ લાગવાથી મોતની શંકા

# અમદાવાદના વટવામાં ચાલુ વરસાદે બે યુવકોનાં મૃતદેહ મળ્યા

## ગામડી નજીક કરંટથી મોતની શંકા, પી.એમ. રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ બહાર આવશે

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના વટવામાં ગામડી જવાના રોડ ઉપરથી વરસતા વરસાદમાં બે યુવકોને મૃતદેહ મળી આવ્યા હતા. જેમાં બંને મિત્રો ૧૭મી સપ્ટેમ્બરના રોજ એ.સી રિપેરિંગ કરવા માટે જવાનું કહીને ઘરેથી ગયા હતા અને ૧૮મી સપ્ટમ્બરના રોજ સવારે તેના મૃતદેહ મળી આવ્યા હતા. શરીરે ઈજાના કોઈ નિશાન મળ્યા નથી.

કરંટથી મોતની શંકા સેવાઈ રહી છે, જો કે, ત્યાંથી જીવતા કોઈ વાયર પણ મળી આવ્યા ન હતા.

મળતી માહિતી અનુસાર, શાહવાડી નારોલ ખાતે રહેતા ૨૭ વર્ષીય રજનીકાંત ચૌહાણ અને જમાલપુરમાં રહેતા ૩૭ વર્ષીય દિપક પરમાર બંને મિત્રો ગઈકાલે એ.સી. રિપેરિંગ કરવા જવાનું કહીને ઘરેથી બાઈક પર બેસીને ગયા હતા. આ દરમિયાન શુક્રવારે સવારે વટવા પોલીસને મેસેજ મળ્યો હતો કે વટવા વિસ્તારમાં ગામડી ગામ તરફ જવાના માર્ગ ઉપર બે યુવકોના મૃતદેહ મળી આવ્યા હતા. વટવા પોલીસે ત્યાં પહોંચીને તપાસ કરતાં બન્ને યુવકોના શરીર ઉપરથી ઈજાના નિશાન મળ્યા ન હતા જેથી મોત કયા કારણથી થયા હતા. તે જાણવા હાલ તો પોલીસે પીએમ અને એફએસએલ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ જાણવા મળશે, બીજીતરફ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ તથા મોબાઈલ લોકેશન આધારે તપાસ કરાઈ રહી છે.

### સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

# મીઠી-મીઠી વાતો કરીને મિત્રતા કેળવી અને પછી રૂા.૩૫ લાખ લઈ ફરાર

## આરોપી ગોળ-ગોળ જવાબો આપીને સમય વિતાવવા લાગ્યો હતો અને આખરે રૂપિયા પરત આપ્યા વિના જ ગાયબ થઈ ગયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં એક હાઈપ્રોફાઈલ ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. અહીં આવેલી જાણીતી શાંતિ જુનિયર સ્કૂલના ટેરેટરી મેનેજર તરીકે ફરજ બજાવતી મહિલા સાથે એક યુવકે પ્રથમ મિત્રતા કેળવીને લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે. આરોપી યુવકે ધંધામાં રોકાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપીને મહિલા મેનેજર પાસેથી તબક્કાવાર કુલ રૂા.૩૫ લાખની માતબર રકમ પડાવી લીધી હતી.

આરોપીએ મહિલાનો વિશ્વાસ જીતવા માટે એવું વચન આપ્યું હતું કે રોકાણ કરેલા તમામ રૂપિયા ૪ મહિનાની અંદર પરત આપી દેવામાં આવશે. જો કે, ૪ મહિનાનો સમયગાળો પૂર્ણ થઈ ગયા બાદ પણ જ્યારે રકમ પરત ન મળી ત્યારે મહિલાએ પોતાના નાણાંની માંગણી કરી હતી. તે સમયે આરોપી ગોળ-ગોળ જવાબો આપીને સમય વિતાવવા લાગ્યો હતો અને આખરે રૂપિયા પરત આપ્યા વિના જ ગાયબ થઈ ગયો હતો. આ સમગ્ર મામલે છેતરપિંડીનો ભોગ બનનાર મહિલા મેનેજરે સેટેલાઈટ પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. મહિલાની ફરિયાદના આધારે પોલીસે હિતેન્દ્ર કાકુલપતિ અને તેની માતા વાણી કુમાર વિરૂદ્ધ ઠગાઈ અને છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે. હાલમાં સેટેલાઈટ પોલીસે કાયદેસરનો ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા બંને આરોપીઓને ઝડપી પાડવા માટે આગળની તપાસ તેજ કરી છે.

# હૌથી ડ્રોન ખતરા વચ્ચે એર ડિફેન્સ એલર્ટ જારી થતાં સઉદી રાજધાની રિયાધમાં વિસ્ફોટોના અવાજો સંભળાયા

**રિયાધમાં શનિવારે વહેલી સવારે સાઉદી નાગરિકોને એર ડિફેન્સ એલર્ટ મળતાં વિસ્ફોટો સંભળાયા હતા; બાદમાં સત્તાવાળાઓએ રિયાધ અને અલ-ખાર્જમાં ભય ટળી ગયો હોવાનું જણાવ્યું હતું, આ ઘટના સઉદી અરેબિયા પર હૌથી ડ્રોન તોડી પાડવાની ઘટનાના થોડા દિવસો બાદ બની છે, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બે અન્ય ઘાયલ થયા હતા**

(એજન્સી) રિયાધ, તા.૧૯

સઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં શનિવારે વહેલી સવારે જોરદાર વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા, જેના પગલે સ્થાનિક રહીશોને મોબાઈલ એપ્સ દ્વારા એર ડિફેન્સ એલર્ટ મળ્યા હતા. શરૂઆતમાં કટોકટીની સ્થિતિ માટેના નેશનલ અર્લી વોર્નિંગ પ્લેટફોર્મ દ્વારા અલ-ખાર્જ ગવર્નરેટમાં ખતરાની ચેતવણી આપતું એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. જોકે, સાઉદી ડાયરેક્ટોરેટ ઓફ સિવિલ ડિફેન્સે પાછળથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરી હતી કે રિયાધ અને અલ-ખાર્જમાં ભય હવે ટળી ગયો છે. સત્તાવાળાઓએ નાગરિકોને સૂચનાઓનું પાલન કરવા અને ભીડ ન કરવા અથવા વીડિયો શૂટિંગ ન કરવાની અપીલ કરી હતી. આ ઘટના તાજેતરમાં બનેલી હુમલાની ઘટના બાદ સામે આવી છે. સિવિલ ડિફેન્સના પ્રવક્તા અનુસાર, તાઈફ શહેરમાં તોડી પાડવામાં આવેલા હૂથી ડ્રોનનો કાટમાળ પડતાં સિવિલ ડિફેન્સની ટીમોએ બચાવ કામગીરી હાથ ધરી હતી. આ અગાઉની ઘટનામાં ડ્રોનનો કાટમાળ પડવાથી એક યમની નાગરિકનું મોત નીપજ્યું હતું, જ્યારે એક સાઉદી મહિલા અને એક પાકિસ્તાની નાગરિક ઘાયલ થયા હતા (જેમાંથી પાકિસ્તાની નાગરિકની હાલત ગંભીર છે). આ ઉપરાંત આ ઘટનામાં અનેક ઈમારતો અને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. બીજી તરફ, હૌથી દ્વારા સંચાલિત અલ-મસિરા ટીવીના અહેવાલ મુજબ, સઉદી એરસ્ટ્રાઈકે ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ યમનના કેટલાક વિસ્તારોને નિશાન બનાવ્યા હતા, જેમાં ઓછામાં ઓછી એક વ્યક્તિનું મોત થયું હતું. ઉત્તર-પશ્ચિમ પ્રાંત હજ્જાહના અબ્સ શહેરમાં બે હવાઈ હુમલામાં એક વ્યક્તિનું મોત અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થઈ હતી તેમજ ચાર વાહનો



નષ્ટ થયા હતા અને એક મકાનને નુકસાન થયું હતું. દક્ષિણમાં તાઈઝ પ્રાંતમાં પણ ત્રણ ટેલિકોમ્યુનિકેશન ટાવર્સને લક્ષ્ય બનાવી હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. જોકે, આ હવાઈ હુમલા કે ખુવારી અંગે સઉદી સત્તાવાળાઓ તરફથી તાત્કાલિક કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, યમનના સંઘર્ષમાં બંને પક્ષો વચ્ચે સતત સૈન્ય કાર્યવાહી ચાલી રહી છે. બુધવારે હૌથી જૂથે દાવો કર્યો હતો કે તેમણે યમનના ઉત્તર-પૂર્વ મારિબ પ્રાંતમાં સઉદીના એક સશસ્ત્ર જાસૂસી ડ્રોનને તોડી પાડ્યું હતું અને યમનના પશ્ચિમ કિનારે સઉદી યુદ્ધવિમાનોને અટકાવ્યા હતા. આ ઉપરાંત, મંગળવારે પણ રોયલ સઉદી એર ડિફેન્સ ફોર્સે મક્કાના પ્રતિબંધિત હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ કરે તે પહેલાં જ હૂથી દ્વારા છોડવામાં આવેલા એક શત્રુતાપૂર્ણ ડ્રોનને સફળતાપૂર્વક તોડી પાડીને નષ્ટ કર્યું હતું.

# ગાઝામાં યુદ્ધવિરામના તાજેતરના ઉલ્લંઘનોમાં ઈઝરાયેલી ગોળીબારમાં વધુ ૩ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૧૯

શનિવારે ગાઝામાં ઈઝરાયેલી સેનાના ગોળીબારમાં ત્રણ પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા, જેમાં ગાઝાના આરોગ્ય મંત્રાલયના ડાયરેક્ટર-જનરલ મુનીર અલ-બુર્શના પુત્રનો પણ સમાવેશ થાય છે. ઓક્ટોબર ૨૦૨૫થી અમલમાં રહેલા યુદ્ધવિરામનું તેલ અવીવ (ઈઝરાયેલ) દ્વારા સતત ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે, તેમ તબીબી સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ એનાદોલુ એજન્સીને જણાવ્યું હતું કે ઉત્તર ગાઝામાં જબાલિયા શરણાર્થી શિબિરની પશ્ચિમે આવેલા અલ-ઝહરા વિસ્તારમાં બસીર અલ-બુર્શને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલામાં તેમનું મૃત્યુ થયું હતું. સૂત્રોએ ઉમેર્યું હતું કે ગાઝા શહેરની પૂર્વમાં આવેલા શુજાઈયા વિસ્તારમાં ઈઝરાયેલી ડ્રોન હુમલામાં અન્ય એક પેલેસ્ટીનીનું પણ મૃત્યુ થયું હતું. મધ્ય ગાઝામાં નુસીરાત શરણાર્થી શિબિરની ઉત્તરે ઈઝરાયેલી સેનાના ગોળીબારમાં અગાઉ ઘાયલ થયેલી એક પેલેસ્ટીની બાળકીનું પણ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે ઉત્તર ગાઝામાં જબાલિયા શરણાર્થી શિબિરની પૂર્વમાં ઈઝરાયેલી લશ્કરી વાહનો દ્વારા સમયાંતરે ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઈઝરાયેલી સૈન્ય દળોએ દક્ષિણ ગાઝામાં ખાન યુનિસની દક્ષિણ-પશ્ચિમે આવેલા અલ-શાકુશ વિસ્તારમાં પણ ગોળીબાર કર્યો હતો અને તે વિસ્તારમાં ડ્રોન દ્વારા બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી હેલિકોપ્ટરોએ ખાન યુનિસની પશ્ચિમે આવેલા અલ-માવાસી વિસ્તારની દક્ષિણે અને રફાહના નજીકના વિસ્તારોમાં ભારે ગોળીબાર કર્યો હતો. ગાઝાના આરોગ્ય મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ, ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના યુદ્ધવિરામ કરારના ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા ઉલ્લંઘનને કારણે ૧,૩૮૬ પેલેસ્ટીનીઓનાં મોત થયાં છે અને ૪,૭૮૪ લોકો ઘાયલ થયા છે.

OCT 12-19-26 | NOV-02-09-16 | DEC 21-28 | JAN 04-25
શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ કાશ્મીર ટ્રેન દ્વારા દિ.૧૧ 19,500/-
OCT 26 | NOV 05-15 | DEC 21-28
કેરાલા 22,500/- ટ્રેન દ્વારા દિ.૧૧
ઠેક્કડી - મુનાર - કન્યાકુમારી
ડાયરેક્ટ પેકેજ : હોટલ સાથે જમવાની બુકિંગ કરી આપવામાં આવશે.
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 997 40 40 880 | 9909029072 SHRINAGAR: 8492938350
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અહમદાબાદ

ઓક્ટોબર ૨૦૨૩થી, ઈઝરાયેલી સેનાએ નરસંહાર સમાન યુદ્ધમાં લગભગ ૭૪,૦૦૦ પેલેસ્ટીનીઓની હત્યા કરી છે અને ૧,૭૪,૦૦૦થી વધુ લોકોને ઘાયલ કર્યા છે; આ યુદ્ધે ગાઝાના લગભગ ૯૦% નાગરિક માળખાગત સુવિધાઓનો પણ નાશ કર્યો છે.



# ઈરાને ઈઝરાયેલને મિસાઈલ માહિતી પૂરી પાડવાના આરોપમાં એક વ્યક્તિને ફાંસી આપી : ન્યાયતંત્ર

(એજન્સી) તેહરાન, તા.૧૯

ઈરાનના ન્યાયતંત્રે શનિવારે એક વ્યક્તિને ફાંસી આપવાની જાહેરાત કરી હતી જે ઈઝરાયેલી ગુપ્તચર એજન્સીઓને ઈરાની મિસાઈલ સાઈટ્સ વિશે માહિતી પૂરી પાડવાના આરોપમાં છે. મધ્ય ઈરાનમાં ઈસ્ફહાન પ્રાંતમાં મિસાઈલ સાઈટ્સ વિશે મોસાદને માહિતી પૂરી પાડનાર હુસૈન પેદારન સામે મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી, ન્યાયિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'મૃત્યુદંડની સજા મધ્ય ઈરાનમાં મોસાદને આપવામાં આવી હતી', ન્યાયિક અધિકારીઓએ જણાવ્યું હતું, જ્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી અથવા ટ્રાયલ ચલાવવામાં આવ્યો હતો તે જણાવ્યું ન હતું. પેદારનને ઈઝરાયેલની તરફેણમાં 'જાસૂસી અને ગુપ્તચર સહયોગ'ના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. ન્યાયતંત્રએ કહ્યું કે સુપ્રીમ કોર્ટે તેની સજાને સમર્થન આપ્યું છે. આ કેસ અગાઉ મીડિયા દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યો ન હતો. ફેબ્રુઆરીમાં શરૂ થયેલા મધ્ય પૂર્વ યુદ્ધ અને જાન્યુઆરીમાં ચરમસીમાએ પહોંચેલા રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોના સંદર્ભમાં ઈરાની અધિકારીઓએ ધરપકડો અને ફાંસીની સંખ્યામાં વધારો કર્યો છે. યુદ્ધ દરમિયાન, અસંખ્ય મિસાઈલ સ્થળો પર બોમ્બમારો કરવામાં આવ્યો છે. યુદ્ધની શરૂઆતમાં સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનાઈનું મૃત્યુ થયું હતું. ઈસ્ફહાન પ્રાંત, જે ઈરાની પરમાણુ સ્થળોનું આયોજન કરે છે, તે સમગ્ર યુદ્ધ દરમિયાન સૌથી વધુ અસરગ્રસ્તોમાંનો એક રહ્યો છે. ઓગસ્ટમાં, ન્યાયતંત્રે બે માણસોને ફાંસીની સજાની જાહેરાત



કરી હતી જેમના પર 'સંવેદનશીલ લશ્કરી અને સુરક્ષા સ્થળોના કોઓર્ડિનેટ્સ ઈઝરાયેલને મોકલવાનો' આરોપ છે. માન્યતા જૂથો અનુસાર, ચીન પછી ઈરાન વિશ્વમાં બીજા ક્રમે સૌથી વધુ ફાંસીની સજા આપે છે.

# ઈઝરાયેલી સેનાએ દક્ષિણ લેબેનોનમાં સરકારી હોસ્પિટલમાં આગ લગાવી

(એજન્સી) તા.૧૯

દેશની સરકારી 'નેશનલ ન્યૂઝ એજન્સી'ના અહેવાલ મુજબ, શુક્રવારે ઈઝરાયેલી સેનાએ દક્ષિણ લેબેનોનમાં એક સરકારી હોસ્પિટલમાં આગ લગાવી હતી. એજન્સીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળોએ દક્ષિણ લેબેનોનના મારજાયોન (Marjayoun) વિસ્તારમાં આવેલા મેસ અલ-જબાલ (Mays al-Jabal) નગરમાં આવેલી સરકારી હોસ્પિટલમાં આગ લગાવી હતી. એજન્સીએ નુકસાનની માત્રા અથવા કોઈ જાનહાનિ થઈ છે કે કેમ તે અંગે તાત્કાલિક માહિતી આપી ન હતી. આ ઉપરાંત, એજન્સીએ ટાયર જિલ્લાના અલ-મન્સૂરી નગરમાં ઈઝરાયેલી લશ્કરી વાહનોની હિલચાલ અંગે પણ અહેવાલ આપ્યો હતો. તેમાં જણાવાયું છે કે ઈઝરાયેલી દળોએ અલ-બય્યાદાહ (Al-Bayyadah) નગરમાં વિસ્ફોટ કર્યો હતો, જ્યારે અલ-મન્સૂરીને આર્ટિલરી (તોપમારા) દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈઝરાયેલી સેનાએ આ અહેવાલો પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી. આ હુમલાઓ જૂન મહિનામાં લેબેનોન અને ઈઝરાયેલ વચ્ચે અમેરિકાની મધ્યસ્થીથી થયેલા માળખાગત કરાર (ફ્રેમવર્ક એગ્રીમેન્ટ) છતાં થઈ રહ્યા છે. આ કરારમાં લેબેનોનના પ્રદેશમાંથી ઈઝરાયેલની ક્રમશઃ પીછેહઠ અને ઈઝરાયેલી દળો દ્વારા ખાલી કરાયેલા વિસ્તારોમાં લેબેનીઝ સેનાની તૈનાતીની જોગવાઈ છે. કરાર હોવા છતાં, ઈઝરાયેલ દક્ષિણ લેબેનોન પર હુમલા ચાલુ રાખે છે અને હજુ પણ દક્ષિણના વિસ્તારો પર કબજો જાળવી રાખ્યું છે; જેમાંના કેટલાક વિસ્તારો



પર દાયકાઓથી અને અન્ય પર તાજેતરના યુદ્ધો અને લશ્કરી કાર્યવાહી દરમિયાન કબજો કરવામાં આવ્યો હતો. લેબેનોનના સત્તાવાર આંકડાઓ અનુસાર, ૨ માર્ચથી ઈઝરાયેલી હુમલાઓમાં ઓછામાં ઓછા ૪,૩૮૬ લોકો માર્યા ગયા છે અને ૧૨,૪૦૭ લોકો ઘાયલ થયા છે. લેબેનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ૮ ઓક્ટોબર, ૨૦૨૩થી ઈઝરાયેલી હુમલાઓમાં કુલ જાનહાનિનો આંકડો ૮,૯૫૩ મૃત્યુ અને ૩૦,૬૪૩ ઘાયલો સુધી પહોંચ્યો છે.

# શું ઈઝરાયેલી ફિલ્મ 'નાઝા' ગાઝા યુદ્ધ કેવી રીતે લડવામાં આવ્યું, તેની ચર્ચાને અસર કરી શકશે?

(એજન્સી) તા.૧૯

ગાઝામાં યુદ્ધ દરમિયાન ઈઝરાયેલની કામગીરી અંગેની ચર્ચા અત્યાર સુધી મોટાભાગે પેલેસ્ટીની સાક્ષીઓ, મૃત્યુઆંક, ઉપગ્રહ તસવીરો, આંતરરાષ્ટ્રીય મીડિયા તપાસ તથા માનવાધિકાર અને માનવતાવાદી સંગઠનોના અહેવાલો પર આધારિત રહી છે. પરંતુ હવે એક નવી દસ્તાવેજી ફિલ્મ ઈઝરાયેલી સરકાર માટે વધુ મુશ્કેલ સવાલો ઊભા કરી રહી છે. કારણ કે ફિલ્મના અનેક મુખ્ય દાવા એવા ઈઝરાયેલીઓના નિવેદનો પર આધારિત છે, જેઓ કહે છે કે તેમણે સૈન્યની લક્ષ્ય-પસંદગીની પ્રક્રિયા જોઈ હતી. 'નાઝા' નામની આ બ્રિટિશ દસ્તાવેજી ફિલ્મ ઈઝરાયેલી ફિલ્મ નિર્માતાઓ યુવાલ અબ્રાહમ અને રેચલ સ્ઝોરે બનાવી છે. ફિલ્મમાં ઈઝરાયેલી સૈન્ય અને ગુપ્તચર તંત્ર સાથે સંકળાયેલા ૨૪ લોકોની મુલાકાતો સામેલ છે. ફિલ્મ એ તપાસવાનો પ્રયાસ કરે છે કે ગાઝા યુદ્ધ દરમિયાન લક્ષ્યો કેવી રીતે પસંદ કરવામાં આવતાં હતાં અને હુમલામાં કેટલા નાગરિકોના મૃત્યુની શક્યતા છે તેનો નિર્ણયમાં કેવી રીતે સમાવેશ થતો હતો. ૮૦ મિનિટની આ ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ તેલ અવીવની છત પર રાત્રિના સમયે કરવામાં આવ્યું છે. તેનું નિર્માણ 'ધ ગાર્ડિયન' અને જેડબ્લ્યુ ફિલ્મ્સે કર્યું છે. અબ્રાહમ અને સ્ઝોર અગાઉ ઓસ્કાર વિજેતા દસ્તાવેજી ફિલ્મ 'નો અધર લેન્ડ'ના ચાર દિગ્દર્શકોમાં સામેલ હતા. 'નાઝા'ને આ મહિને વેનિસ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં વિશેષ જ્યુરી પુરસ્કાર મળ્યો હતો. ફિલ્મનું નામ હિબ્રુ ભાષાના એક લશ્કરી સંક્ષેપ પરથી છે, જેનો ઉપયોગ ''કોલેટરલ ડેમેજ'' એટલે કે લશ્કરી લક્ષ્ય પર હુમલો કરતી વખતે અપેક્ષિત નાગરિક જાનહાનિ માટે થાય છે. ફિલ્મમાં દર્શાવાયેલા સૈન્ય અને ગુપ્તચર અધિકારીઓની ઓળખ છુપાવવામાં આવી છે અને તેમના ચહેરા તથા અવાજમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ફિલ્મનો મુખ્ય દાવો માત્ર એટલો નથી કે ઈઝરાયેલી હુમલામાં નાગરિકો માર્યા ગયા છે. આ હકીકત અગાઉથી અનેક અહેવાલોમાં દસ્તાવેજીકૃત થઈ ચૂકી છે. વધુ ગંભીર દાવો એ છે કે કેટલાક હુમલાઓમાં નાગરિક જાનહાનિની સંખ્યા અગાઉથી જાણીતી હોવા છતાં તેને લક્ષ્ય પસંદ કરવાની પ્રક્રિયાનો સ્વીકાર્ય ભાગ માનવામાં આવી હતી. સૌથી વિવાદાસ્પદ દાવાઓમાંના એક મુજબ એક અજ્ઞાત ગુપ્તચર અધિકારીએ જણાવ્યું કે એક હમાસ સભ્યને નિશાન બનાવવા માટે એવા હુમલાને મંજૂરી આપવામાં આવી હતી જેમાં ૫૦૦ જેટલા નાગરિકોના મૃત્યુની શક્યતા હતી. ઈઝરાયેલી સૈન્યએ આ દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે અને કહ્યું છે કે તેણે ૫૦૦ નાગરિકોના અપેક્ષિત મૃત્યુ સાથે કોઈ હુમલાનું આયોજન કે અમલીકરણ કર્યું નહોતું. ફિલ્મ પોતે




કોઈ ચોક્કસ હુમલો આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કાયદેસર હતો કે નહીં તે નક્કી કરી શકતી નથી. અજ્ઞાત સાક્ષીઓના નિવેદનોની ચકાસણી સૈન્યના ઓપરેશનલ રેકોર્ડ, ગુપ્તચર દસ્તાવેજો અને લક્ષ્ય-પસંદગી સંબંધિત ફાઈલો સહિતના અન્ય પુરાવાઓ સાથે થવી જરૂરી છે. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા મુજબ કોઈ હુમલામાં નાગરિકો માર્યા જાય એટલાથી તે હુમલો ગેરકાયદેસર સાબિત થતો નથી. પ્રમાણસરતાના નિયમ મુજબ, જો હુમલા પહેલાં અપેક્ષિત નાગરિક નુકસાન મળનારા ચોક્કસ અને સીધા સૈન્ય લાભની સરખામણીમાં અતિશય હોય, તો હુમલો ગેરકાયદેસર ગણાઈ શકે છે. એટલે કાનૂની તપાસમાં હુમલા પછી કેટલા લોકો માર્યા ગયા તેના કરતાં હુમલાની મંજૂરી આપતી વખતે કમાન્ડરોને શું ખબર હતી અને તેઓ શું અપેક્ષા રાખતા હતા તે મહત્ત્વ છે. યુદ્ધમાં નાગરિક જાનહાનિ પર નજર રાખતી એરવોર્સ સંસ્થાનાં કાર્યકારી નિયામક એમિલી ટ્રિપના જણાવ્યા મુજબ ''કોલેટરલ ડેમેજ''ના અંદાજો એ સમજવામાં મદદ કરી શકે છે કે હુમલા પહેલાં સૈન્યને નાગરિકોની હાજરી અંગે શું જાણકારી હતી. પરંતુ આવી માહિતી સૈન્ય સંસ્થાઓ ભાગ્યે જ જાહેર કરે છે.

# ઈરાની હુમલાઓથી મધ્ય પૂર્વમાં યુએસ બેઝને ભારે નુકસાન થયું : રિપોર્ટ

(એજન્સી) તા.૧૯

એબીસી ન્યૂઝ દ્વારા મેળવેલા ફોટા અને વીડિયો અનુસાર, પેન્ટાગોન છ મહિના કરતાં વધુ સમય પહેલાં વોશિંગ્ટન દ્વારા શરૂ કરાયેલા યુદ્ધના નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યું છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે છબીઓમાં કુવૈતમાં ત્રણ બેઝ અને સાઉદી બેઝ પર ક્ષતિગ્રસ્ત ઈમારતો અને એક વિમાન બતાવવામાં આવ્યું છે, જેમાંથી કેટલીક યુએસ સંપત્તિઓને ખાલી કરાવવામાં આવી હતી. એક ફોટોમાં માર્ચના અંતમાં સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એર બેઝ પર $૨૭૦ મિલિયનનું ઈ-૩ સેન્ટ્રી સર્વેલન્સ એરક્રાફ્ટ નુકસાન થયું હોવાનું જણાય છે, રિપોર્ટમાં નોંધાયું છે. 'આ બેઝને અવિશ્વસનીય રીતે નુકસાન થયું છે. અને જો આપણે તેમને ફરીથી બનાવવાનું પસંદ કરીએ, તો તે દાયકાઓ સુધી ચાલશે,' એક વરિષ્ઠ યુએસ સર્વિસ સભ્યએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. સેવા સભ્યએ પેન્ટાગોન પર પારદર્શિતાના અભાવનો આરોપ લગાવતા કહ્યું; 'દરરોજ ડ્રોન હુમલા અને બેલિસ્ટિક મિસાઈલ હુમલાઓ સક્રિય રીતે બેઝ પર ઉતરી રહ્યા છે.' સોમવારે જાહેર કરાયેલ પેન્ટાગોનના ઈન્સ્પેક્ટર જનરલના અહેવાલમાં 'સેંકડો ઈમારતો અને માળખાં'ને નુકસાન થયું હોવાનું દર્શાવવામાં આવ્યું છે. વોચડોગે યુદ્ધનો ખર્ચ $૩૩ બિલિયન હોવાનો અંદાજ લગાવ્યો હતો, જ્યારે બિનપક્ષીય કોંગ્રેસનલ બજેટ ઓફિસે તેને $૩૮ બિલિયન



રાખ્યો હતો. સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયા પછી ૧૮ યુએસ સર્વિસ સભ્યો માર્યા ગયા છે અને ૮૨૪ ઘાયલ થયા છે. સૌથી ભયંકર હુમલો બીજા દિવસે થયો હતો, જ્યારે કુવૈતના પોર્ટ શુઆઈબા ખાતે છ સૈનિકો માર્યા ગયા હતા. સંરક્ષણ સચિવ પીટ હેગસેથે કહ્યું છે કે ફોર્સ પ્રોટેક્શન એ ટોચની પ્રાથમિકતા છે. જો કે, તેમણે સ્વીકાર્યું કે કેટલાક ઈરાની શસ્ત્રો પસાર થાય છે.

# 'ગાઝામાં પેલેસ્ટીનીઓ માટે મૃત્યુ અને વિનાશનો સિલસિલો દરરોજ ચાલુ છે' : રેડ ક્રોસ

**૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પેલેસ્ટીનના ગાઝા પટ્ટીના મધ્ય ભાગમાં આવેલા નુસીરાત શરણાર્થી શિબિરમાં ઈઝરાયેલી દળો દ્વારા નાગરિક રહેણાંક વિસ્તારોને નિશાન બનાવીને કરાયેલા મોટાપાયે વિનાશનું દૃશ્ય (જે યુદ્ધવિરામનું ઉલ્લંઘન હતું)**

(એજન્સી) તા.૧૯

ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ (ICRC)ના પ્રવક્તા પેટ ગ્રિફિથ્સના જણાવ્યા અનુસાર, ગયા વર્ષના યુદ્ધવિરામ બાદ સંઘર્ષની તીવ્રતામાં ઘટાડો થયો હોવા છતાં, ગાઝામાં પેલેસ્ટીનીઓ માટે મૃત્યુ અને વિનાશનો સિલસિલો દરરોજ ચાલુ છે. 'ચાલો સ્પષ્ટ કરીએ : ગાઝામાં પેલેસ્ટીનીઓ માટે મૃત્યુ અને વિનાશ દરરોજ ચાલુ છે. તેમની વેદના વાસ્તવિક છે અને તે રોજિંદા જીવનનો હિસ્સો છે – ભલે ગાઝા સમાચારની મુખ્ય હેડલાઈન્સમાં ન હોય," ગ્રિફિથ્સે અનાદોલુ એજન્સીને કહ્યું. "અહીં પેલેસ્ટીનીઓનું જીવન એવી રીતે ખોરવાઈ ગયું છે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. બાળકો શિક્ષણથી વંચિત છે. લોકોને નિષ્ણાત તબીબી સારવાર કે દીર્ઘકાલીન બીમારીઓની સારવાર મળતી નથી. પરિવારોએ તેમના ઘર અને આજીવિકા ગુમાવ્યા છે – ઘણા લોકો હજુ પણ તેમના સ્વજનોની શોધમાં છે અને તેમને ખબર નથી કે તેઓ અટકાયતમાં છે કે મૃત્યુ પામ્યા છે," તેમણે કહ્યું. ગ્રિફિથ્સ, જેઓ હાલમાં એક અઠવાડિયાની મુલાકાતે ગાઝા શહેરમાં છે, તેમણે જણાવ્યું હતું કે સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક માનવીય જરૂરિયાતો – ખાસ કરીને ખોરાક, પાણી, આશ્રય અને આરોગ્ય સંભાળ માટે – હજુ પણ અકબંધ છે. "ICRCમાં, અમે બદલાતી જરૂરિયાતો અને સંઘર્ષની સ્થિતિ મુજબ અમારા માનવીય પ્રતિભાવમાં ફેરફાર કરીએ છીએ. પરંતુ તેમાં કોઈ શંકા નથી કેઃ તાત્કાલિક માનવીય જરૂરિયાતો હજુ પણ છે. ખોરાક, પાણી, આશ્રય, આરોગ્ય અને પરિવાર સાથે સંપર્કની બાબતમાં – હજુ ઘણું બધું કરવાની જરૂર છે,'' તેમણે કહ્યું. ગ્રિફિથ્સે જણાવ્યું હતું કે ગાઝામાં કામ કરતી ICRCની ટીમો માટે માનવીય પહોંચ (એક્સેસ) એ સૌથી મોટા પડકારોમાંનું એક છે. "જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે અમારે તેમના સુધી પહોંચવું જરૂરી છે – પછી ભલે તેઓ ગમે ત્યાં હોય, જેમાં અટકાયત કેદખાનાઓનો પણ સમાવેશ થાય છે. તે હંમેશા શક્ય હોતું નથી," તેમણે કહ્યું. તેમણે કહ્યું



કે સુરક્ષાના કારણોસર અથવા જેમના હાથમાં પહોંચની મંજૂરી આપવાની સત્તા છે તેઓ તેમ ન કરે તો પહોંચ મર્યાદિત થઈ શકે છે. "માનવીય પહોંચની મંજૂરી આપવી એ સશસ્ત્ર સંઘર્ષમાં સામેલ પક્ષો અને કબજો જમાવનારા દળોની જવાબદારી છે. આ બાબત માનવીય કાર્યકરો તરીકે અમારા નિયંત્રણની બહાર છે," તેમણે કહ્યું 'અને તેથી જ, જેમની પાસે આ બાબતે પ્રભાવ છે તેમની સાથે અમારી માનવીય પહોંચ સુધારવા માટે સતત વાતચીત ચાલુ રાખવામાં આવે છે.' ગ્રીફિથ્સે ઉમેર્યું કે આ સમસ્યા માત્ર લોકો સુધી પહોંચવા પૂરતી સીમિત નથી, પરંતુ ગાઝામાં આવશ્યક સામગ્રી પહોંચાડવાની ખાતરી કરવા સુધી પણ વિસ્તરેલી છે. તેમણે કહ્યું, "લોકોને હજુ પણ ગુણવત્તાયુક્ત અને પૌષ્ટિક ખોરાકની તાતી જરૂરિયાત છે. હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં હજુ પણ દવાઓ અને તબીબી સામગ્રીની અછત વર્તાઈ રહી છે."

# ઈઝરાયલી સેના સૈનિકોની ભારે અછતનો સામનો કરી રહી છે, રજાઓ અટકાવવાની તૈયારી : ઈઝરાયેલી મીડિયા

**૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના અમલીકરણ અને ઈઝરાયેલના સેડેરોટમાં પીળી લાઈનની અંદર ઈઝરાયેલી દળોને પાછી ખેંચી લેવામાં આવ્યા બાદ સરહદી પ્રદેશમાં ઈઝરાયેલી ટેન્ક અને લશ્કરી વાહનો કેટલાક લશ્કરી વાહનો, હેલિકોપ્ટર અને ડ્રોન સાથે પેટ્રોલિંગ કરતા જોવા મળે છે**

(એજન્સી) તા.૧૯

ત્રણ વર્ષના યુદ્ધ પછી ઈઝરાયેલી સેના સૈનિકો અને લશ્કરી સાધનોની "ગંભીર અછત"નો સામનો કરી રહી છે અને સૈનિકોની રજાઓ સ્થગિત કરવાની તૈયારી કરી રહી છે, ઈઝરાયેલી અખબાર મારિવે શુક્રવારે અહેવાલ આપ્યો. "ઈઝરાયેલી સેનામાં સૈનિકોની સંખ્યામાં તીવ્ર અછતના પરિણામે, તે તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરવા અને તેમને રજા નકારવા માટે તૈયાર છે," અખબારે જણાવ્યું. કર્મચારીઓની અછત હોવા છતાં, મારિવે ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા ડિવિઝનના ગુપ્તચર અધિકારી તરીકે સેવા આપતા લેફ્ટનન્ટ કર્નલ એ.ને બરતરફ કરવાની નોંધ લીધી, કારણ કે તેમણે "તેમના પદના આધારે કમાન્ડ જવાબદારી સંભાળી હતી." "ઈઝરાયેલી સેના પાસે પૂરતા ટેક્ક અને સશસ્ત્ર કર્મચારી વાહકો નથી," મારીવે કહ્યું, તેમણે ઉમેર્યું કે ત્રણ વર્ષના યુદ્ધે વાહનોને બગાડ્યા હતા અને સેંકડોને નુકસાન થયું હતું. "રાજકીય કારણોસર, નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચ ઈઝરાયલી સેના માટે ભંડોળ કાપી શકે છે અને ફરિયાદોમાં વ્યસ્ત રહી શકે છે, જ્યારે વિપક્ષ બેદરકાર બાળકોની જેમ આંતરિક સંઘર્ષોમાં વ્યસ્ત છે," અખબારે જણાવ્યું. મંગળવારે, ઈઝરાયેલની ચેનલ ૧૨ એ જણાવ્યું હતું કે સેનાએ તેના ખરીદી બજેટમાં અછતને કારણે યુએસ ઉત્પાદક બોઈંગ પાસેથી ૧૨ અપાચે એટેક હેલિકોપ્ટરની આયોજિત ખરીદી ગુમાવી દીધી છે. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ નિયમિત બેઠક દરમિયાન વિપક્ષી નેતા યાયર લેપિડને લશ્કરી ખરીદી બજેટ વધારવા માટે સહકાર આપવા માટે સમજાવવા નિષ્ફળ ગયાના એક દિવસ પછી આ અહેવાલ આવ્યો છે. ચેનલ ૧૨એ જણાવ્યું હતું કે સેના પહેલેથી જ ચેતવણી આપી રહી છે કે જ્યાં સુધી વિનંતી કરેલ ભંડોળ વધારો ટૂંક સમયમાં નહીં આવે, ત્યાં સુધી યુદ્ધ દરમિયાન નુકસાન પામેલા ટેક્ક અને સશસ્ત્ર કર્મચારી



વાહકોને સેવામાં પરત કરવાના પ્રયાસો બંધ થઈ જશે, જ્યારે કેટલીક દારૂગોળો ઉત્પાદન લાઈન પણ પ્રભાવિત થશે. છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન, ઈઝરાયેલી સૈન્યએ સમગ્ર ક્ષેત્રમાં યુદ્ધો અને સૈન્ય અભિયાનો હાથ ધર્યા છે; જેમાં ગાઝા પટ્ટી પરના યુદ્ધનો પણ સમાવેશ થાય છે, જે ઓક્ટોબર ૨૦૨૩માં શરૂ થયું હતું અને વિવિધ સ્વરૂપોમાં ચાલુ છે. ઈઝરાયેલે લેબનોન અને ઈરાન સાથે પણ યુદ્ધો કર્યા છે, અને તે જ સમયે કબજા હેઠળના વેસ્ટ બેંક તથા સીરિયામાં સૈન્ય અભિયાનો પણ ચાલુ રાખ્યા છે. પોતાના જાન-માલના નુકસાન અંગેની માહિતી પર ઈઝરાયેલી સત્તાવાળાઓ દ્વારા કડક સેન્સરશિપ હોવા છતાં, આ સંઘર્ષોને કારણે ઈઝરાયેલી સૈન્યને ભારે માનવીય અને આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# ભારતના પશ્ચિમ બંગાળમાં ગૌમાંસ પર ભાજપની કડક ઝુંબેશ નશીલા પદાર્થો કરતાં પણ ખતરનાક'



**વડાપ્રધાન મોદીની ભાજપા પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવી ત્યારથી બીફ (ગૌમાંસ)નો પુરવઠો મેળવવો મુશ્કેલ બની ગયો છે અને તે મેનૂમાંથી ગાયબ થઈ રહ્યું છે**

પૂર્વી ભારતના રાજ્ય પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં આવેલી બ્રિટિશ શાસનકાળની કિલ્લા જેવી દેખાતી ઈમારત જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતી એકમાત્ર ગાયોનું કતલખાના વિસ્તારની ગલી સાવ ખાલી પડેલી છે.

આ વિશાળ ઈમારતના લોખંડના દરવાજા અંદરથી બંધ છે. દરવાજા વચ્ચેની તિરાડમાંથી નજર નાખતા વિશાળ ખાલી કેમ્પસમાં શાળાના છોકરાઓને આમ-તેમ દોડતા અને રમતા જોઈ શકાય છે. બાજુમાં આવેલી એક નાની હોટેલના મેનેજર મહેમૂદ આલમ કહે છે, "મે મહિનામાં જ્યારે આ કસાઈખાનું બંધ થયું ત્યારથી છોકરાઓ દીવાલ કૂદીને અંદર ઘૂસી જાય છે.

મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ પક્ષના ૧૫ વર્ષના શાસનનો અંત આણી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટી એ રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં વિજેતા જાહેર થઇ હતી. જે બાદ માત્ર ચાર દિવસ પછી એટલે કે ૧૩ મેના રોજ, પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં પશુઓની કત્લ (બૌવાઈન સ્લોટર) અંગેની નોટિસ બહાર પાડી હતી.

આ નોટિસમાં જણાવવામાં આવ્યુ હતુ કે, West Bengal Animal Slaughter Control Act, ૧૯૫૦ના કડક પાલનના ઉલ્લેખ મુજબ, ગાય, બળદ, આખલા, વાછરડાં અને નિર્ધારિત ભેંસોને પ્રાણી કતલ માટે યોગ્ય હોવાનું જાહેર કરતા સર્ટિફિકેટ વગર કાપી કે કતલ કરી શકાશે નહીં.

જ્યારે પ્રાણી ૧૪ વર્ષથી વધુ ઉંમરનું હોય, કામ કરવા કે પ્રજનન માટે અયોગ્ય હોય અથવા ઉંમર, ઈજા, શારીરિક ખામી કે અસાધ્ય રોગને કારણે કાયમ માટે અક્ષમ થઈ ગયું હોય તો જ આવું પ્રમાણપત્ર આપવામાં આવી શકે છે. નોટિસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પ્રમાણિત પ્રાણીઓની કતલ માત્ર મ્યુનિસિપલ અથવા સ્થાનિક સ્તરે નક્કી કરાયેલા કતલખાનામાં જ થઈ શકશે અને ખુલ્લા જાહેર સ્થળો પર કતલ કરવા પર પ્રતિબંધ છે.

**બીફ સ્ટયૂ (શાક/સૂપ) ખલાસ થઈ જવાથી વેચાણમાં ઘટાડો**

ઈદની નજીકમાં જ મે મહિનામાં આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું અને તેની તાત્કાલિક અસર જોવા મળી હતી. સમગ્ર શહેર અને રાજ્યની રેસ્ટોરન્ટ્સ તેમજ બજારોમાં બીફ (ગૌમાંસ)ની ભારે અછત સર્જાઈ હોવાના અહેવાલો મળ્યા હતા. પરંતુ આ અસરો માત્ર ઈદ પૂરતી સીમિત ન રહેતા લાંબા સમય સુધી ચાલી છે. ત્રણ મહિના કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં, જે રાજ્યમાં આ માંસ ખૂબ જ હોંશથી ખાવામાં આવતું હતું ત્યાં આજે તેની અછત વર્તાઈ રહી છે.

એવું એટલા માટે છે કારણ કે, કોઈ ચોક્કસ પ્રાણીને કાપવા માટેની શરતોનું પ્રમાણપત્ર વેપારીઓ અને સપ્લાયર્સે બતાવવું પડે છે. જોકે તે એકમાત્ર એવી અડચણ નથી જે કોલકાતામાં બીફ (ગૌમાંસ)ના વેપારને રોકી રહી છે.

તમામ માંસ વેચનારાઓ માટે પણ તેમના વેપારને ચાલુ રાખવા માટે લાયસન્સની મંજૂરી મેળવવી જરૂરી છે. જૂન મહિનામાં ફિરહાદ હકીમે મેયર પદેથી રાજીનામું આપ્યા બાદ, શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનનું વિસર્જન થવાને કારણે આ લાયસન્સોનું રિન્યુઅલ અટકી પડ્યું છે. કોલકાતાની આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓ ડિસેમ્બરમાં યોજાવાની છે.

ઘણા વેપારીના લાયસન્સનું વાર્ષિક નવીનીકરણ થવાનું બાકી છે. જેના લાયસન્સનું વાર્ષિક નવીનીકરણ થવાનું બાકી છે, તે કોલકાતાનો વતની મુશ્તાક નામનો વેપારી કહે છે કે, "મારી પહેલાંની છ પેઢીઓ કે જેઓ બીફ (ગૌમાંસ) સપ્લાય કરીને પોતાની આજીવિકા મેળવતા હતા, તેમાંથી કોઈને પણ કોઈપણ સરકારના શાસનમાં આવી દશા ભોગવવી પડી નથી. ચૂંટણીના કારણે લાઈસન્સનું નવીનીકરણ અટકાવી દેવામાં આવ્યું હતું, પરંતુ તે ક્યારે રિન્યૂ થશે તે અંગે મને કંઈ જ ખબર નથી. છેલ્લા ત્રણ મહિનાથી હું એક રૂપિયો પણ કમાયો નથી."

જોકે, પુરવઠો ઓછો થઈ જતાં કિંમતોમાં વધારો થયો છે. પ્રતિબંધો લાગુ થયા તે પહેલાં એક પ્લેટ ભુના ૧૦૦ રૂપિયામાં મળતી હતી, જે હવે વધીને ૧૨૦ રૂપિયામાં વેચાય છે. બીજી તરફ, કોલકાતામાં ૧ કિલોગ્રામ ખરીદવા માટે ૩૫૦થી ૫૦૦ રૂપિયાની વચ્ચે ખર્ચ થાય છે, જે મે મહિના પહેલાં ૨૦૦-૨૫૦ રૂપિયાની રેન્જમાં હતો. આ જ વેપાર કરતો આલમ કહે છે કે, "વેચાણમાં પૂરા ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે. તેનું કારણ એ છે કે હવે અમારી પાસે વેચવા માટે એટલું બીફ (ગૌમાંસ) હોતું નથી અને ગ્રાહક તેની ગુણવત્તા પર પહેલા જેટલો ભરોસો પણ કરતા નથી. આ સિવાય, ભાજપ સરકારના ડરથી ઘણા ગ્રાહકો જાહેરમાં બીફ ખાતા દેખાવાથી ગભરાય છે. અને અમે પણ ઘરમાં બીફ ખાવાનું લગભગ સાવ બંધ જ કરી દીધું છે. પહેલા અમે અઠવાડિયામાં લગભગ પાંચથી છ વાર ખાતા હતા, જે હવે કદાચ અઠવાડિયામાં માંડ એકાદ વાર થઈ ગયું છે. હવે અમે ફક્ત શાકભાજી અને સસ્તી માછલીઓ જ ખાઈએ છીએ. ક્યારેક મરઘીનું માંસ લાવીએ છીએ. બકરાનું માંસ ખરીદવાનું અમને પરવડે તેમ નથી." મોટાભાગના હિન્દુ ગ્રાહક યુવાનોના એક જૂથને આલમ ખૂબ યાદ કરે છે. આ લોકો નિયમિતપણે તેની દુકાને બીફ સ્ટ્યૂ (બીફનું શાક/રસો) ખાવા આવતા હતા.

**બંગાળનો ગૌમાંસનો ઈતિહાસ**

પશ્ચિમ બંગાળ ઐતિહાસિક રીતે ભારતના અગ્રણી બીફ (ગૌમાંસ)નો વપરાશ કરતા રાજ્યોમાંનું એક રહ્યું છે. સરકારી માહિતી અનુસાર, રાજ્યના ૧૦.૪ ટકા ગ્રામીણ પરિવારો અને ૭.૯ ટકા શહેરી પરિવારોએ બીફ અથવા ભેંસના માંસ આરોગતા હોવાનું નોંધાવ્યું છે. ભારતીય સંદર્ભમાં, જ્યાં ઘણા હિંદુઓ દ્વારા ગાયને પવિત્ર માનવામાં આવે છે, ત્યાં આ દેશમાં બીફના વપરાશના સૌથી વધુ દરોમાંનો એક છે — જે પડોશી રાજ્ય આસામ અને દક્ષિણના કેરળની હરોળમાં છે. સરકારી આંકડાઓ મુજબ, પશ્ચિમ બંગાળમાં મુસ્લિમોમાંથી બે-તૃતીયાંશ (૬૬%) લોકો બીફ (ગોમાંસ)નું સેવન કરે છે. પશ્ચિમ બંગાળમાં ખ્રિસ્તીઓ, દલિત સમુદાયોના કેટલાક વર્ગો અને કેટલાક આદિવાસી સમુદાયો પણ તેમના નિયમિત ખોરાક તરીકે બીફ ખાય છે. પ્રાણીઓની કતલ કરતા પહેલાં કઈ-કઈ શરતો કે નિયમો પૂરા કરવા જરૂરી છે, તેને લગતો કાયદો ઘણો જૂનો છે પરંતુ રાજ્યમાં જ્યારે ભાજપની સરકાર બની ત્યાર પછી જ આ કાયદાનું પાલન ખૂબ જ કડકાઈથી કરાવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

સત્તાવાર રીતે ટેંગરા કસાઈખાનું બંધ નથી. પોતાની ઓળખ છુપાવનાર એક અધિકારી દરવાજો ખોલીને બહાર ડોકિયું કરીને જણાવ્યુ કે મુખ્ય અધિકારી આજે હાજર ન હોવાથી પછી આવવા જણાવ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમે આજકાલ અહીં ઓફિસમાં શું કરો છો, ત્યારે તેમણે કહ્યું, "અમે બસ આવીએ છીએ, થોડા કલાકો વિતાવીએ છીએ અને પાછા ઘરે જતા રહીએ છીએ. વેપાર-ધંધા ક્યારે સામાન્ય થશે, અથવા થશે કે નહી થાય, તે અંગે કોઈ સ્પષ્ટતા નથી." કોલકાતાના એક ઉદ્યોગપતિ અલ્ફાઝ લાયકની જેમ કેટલાક લોકોનું કહેવું છે કે, તેઓ આ મુશ્કેલી અગાઉથી જ જોઈ શક્યા હતા. એપ્રિલ મહિનામાં, જ્યારે રાજ્યમાં ચૂંટણીઓ યોજાઈ રહી હતી અને BJP સત્તા પર આવી, ત્યારે લાયકે મધ્ય પશ્ચિમ બંગાળના બર્ધમાન જિલ્લામાં તેમનો ડેરીનો વ્યવસાય બંધ કરી દીધો હતો. તેમણે તેમની દૂધ ન આપતી ગાયોને કસાઈઓ અને માંસના વેપારીઓને સસ્તા ભાવે વેચી દીધી હતી. લાયક કહે છે, "જો મેં કોઈ ગાય ૧૦૦ રૂપિયામાં ખરીદી હોય, તો મેં તેને ૩૦ રૂપિયામાં વેચી દીધી, જે સામાન્ય રીતે મળતી કિંમત કરતાં ઘણી ઓછી હતી. ભાજપ સરકારે સત્તામાં આવ્યા પછી પશુ વેપારીઓને જે હેરાનગતિ કરી છે, તેના માથાના દુખાવાનો સામનો કરવા કરતાં તો આ હજુય વધુ સારું છે." લાઈક એવું વિચારીને ચિંતિત છે કે, ટૂંક સમયમાં જ પશ્ચિમ બંગાળના લોકોના ભોજનમાંથી બીફ સંપૂર્ણપણે ગાયબ થઈ જશે અને તે માત્ર ઈતિહાસ બની જશે. ભૂતકાળમાં, ભાજપ સરકારે કેટલાક રાજ્યોમાં બીફ (ગોમાંસ)ના વપરાશ પર કડક પ્રતિબંધો અમલમાં મૂક્યા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, છત્તીસગઢ અને કર્ણાટકમાં પશુ કતલ (ગોવધ)ને મર્યાદિત કરતા કાયદાઓ છે.

રાજસ્થાન, ગુજરાત, હરિયાણા અને ઉત્તરાખંડમાં બીફ અથવા બીફ ઉત્પાદનોના વેચાણ પર પણ સ્પષ્ટ પ્રતિબંધ છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢ ગેરકાયદેસર પશુ કતલથી મેળવેલા બીફને પોતાની પાસે રાખવા પર પ્રતિબંધ મૂક્યો છે. મહારાષ્ટ્રમાં ગાય, બળદ અને પાડાની કતલ તથા તેમના માંસને પોતાની પાસે રાખવા પર પ્રતિબંધ છે, જ્યારે કર્ણાટકે મુખ્યત્વે કતલ માટે પશુઓની કતલ અને તેના વેચાણ કે પરિવહન પર પ્રતિબંધ મૂક્યો છે. પરંતુ આ કાનૂની પ્રતિબંધોની સાથે-સાથે ખુલ્લેઆમ કાયદો હાથમાં લેવાની હિંસા પણ જોવા મળી છે, જેમાં કહેવાતા ગાય રક્ષક જૂથો, મુસ્લિમો અને દલિતો પર પશુઓનો વેપાર કરવાનો કે ગોમાંસ (બીફ) રાખવાનો આરોપ મૂકીને હુમલો કરે છે અને તેમને માર મારીને હત્યા (લિન્ચિંગ) પણ કરી નાંખે છે. મોટાભાગના કિસ્સાઓમાં, કાયદો અમલી કરતી એજન્સીઓએ હુમલાખોરો કે જેણે હત્યા કરી છે તેમની સામે કાર્યવાહી કરવાને બદલે, હુમલામાં બચી ગયેલા લોકો અથવા લિન્ચિંગના પીડિતોના પરિવારો પર જ કેસ ચલાવ્યા છે. લૈક કહે છે, "હું એવો માણસ છું જે નાસ્તામાં ગોમાંસ (બીફ) ખાતો હતો, પરંતુ મેં ગોમાંસ લાવવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. હાલમાં બંગાળમાં ડ્રગ્સ લઈને ફરવું તેના કરતા ગોમાંસ લઈને ફરવું વધુ જોખમી બની ગયું છે." લૈક હવે બકરા ખરીદવા અને વેચવાના કામ તરફ વળ્યા છે, ખેતી કરે છે અને રાજ્યમાં પોતાની જમીન ભાડે આપીને પૈસા કમાય છે.

**વાનગીઓની યાદીમાંથી બીફ ગાયબ** મુસ્લિમ બહુમતી ધરાવતા પાર્ક સર્કસ વિસ્તારમાં, બીફ (ગૌમાંસ) વેચતા દુકાનદારોની એક આખી લાઈન તેમના નિયમિત ગ્રાહકો સિવાય અન્ય કોઈની સાથે પોતાના વ્યવસાય વિશે વાત કરવાનો ઈનકાર કરે છે. બીફ વેચતી આવી પાંચ દુકાનોના માલિકો અને મેનેજરોનું કહેવું છે કે, મે મહિનાથી તેમના ધંધામાં ૩૦થી ૪૦ ટકાનું નુકસાન થયું છે. એક દુકાનના મેનેજરે જણાવ્યું કે, "આ લાઈનની બધી જ દુકાનો શરૂઆતના બે મહિના માટે સંપૂર્ણપણે બંધ હતી. અમે તેને માંડ છેલ્લા દોઢ મહિનાથી જ ફરીથી ખોલી શક્યા છીએ." બીજા એક દુકાનદારે જણાવ્યું કે, "માલનો પુરવઠો અનિયમિત છે, કિંમતો વધી ગઈ છે, તેથી વેચાણ પણ ખાસ સારું રહ્યું નથી. અને સાચું કહું તો, માંસની ગુણવત્તામાં પણ બદલાવ આવ્યો છે. આ સમય બિલકુલ સારો નથી." ગૌવંશના કતલખાના પર કડક નિયમો અને પુરવઠાની ઘટતી ગુણવત્તા વચ્ચે, કોલકાતાની ઓછામાં ઓછી એક ૧૨ રેસ્ટોરન્ટ્સે છેલ્લા ત્રણ મહિનામાં તેમના મેનૂમાંથી બીફ (ગૌમાંસ)ની વાનગીઓ બંધ કરી દીધી હોવાનું સામે આવ્યું છે. પ્રખ્યાત ઝમ ઝમ રેસ્ટોરન્ટ ચેઈનના ડાયરેક્ટર શાદમાન ફૈઝે જણાવ્યું કે, તેઓ ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરી શકે તેમ નથી, તેથી તેમણે શહેરમાં આવેલી તેમની ત્રણેય બ્રાન્ચના મેનૂમાંથી બીફની વાનગીઓ હટાવી દેવી પડી હતી.

ફૈઝ કહે છે, "હા, અમે અમારા ગ્રાહકો ગુમાવ્યા છે અને અમારે લગભગ ૪૦ ટકા જેટલું નુકસાન વેઠવું પડી રહ્યું છે. અમારે કર્મચારીઓને છૂટા પણ કરવા પડ્યા છે, પણ જે છે તે આ જ છે. આશા છે કે લોકો અમારી અન્ય વાનગીઓને પણ એટલો જ પ્રેમ આપશે." પાર્ક સ્ટ્રીટના વ્યાપારી વિસ્તારમાં બિલકુલ નજીક આવેલું 'ઓલિપબ' જે આ શહેરની એક પ્રખ્યાત પબ છે, જેની શરૂઆત ૧૯૪૭માં થઈ હતી, તે દાયકાઓથી તેના બીફ સ્ટીક (ગોમાંસની વાનગી) માટે પ્રખ્યાત રહ્યું છે. જો કે, હવે તે ત્યાં મળતું નથી. ત્યાંના મેનેજમેન્ટના એક સભ્યએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે, "અમે તેને અમારા મેનૂમાંથી હટાવ્યું નથી; બસ હવે અમારી પાસે નિયમિત રીતે બીફનો પુરવઠો આવતો નથી, તેથી જ્યારે બીફ ઉપલબ્ધ હોય ત્યારે જ આ વાનગી મળે છે. કોલકાતામાં આ પહેલાં ક્યારેય આવી પરિસ્થિતિ ઊભી થઈ નથી." જ્યારે અલ જઝીરાએ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અને વહીવટી વડા સ્મિતા પાંડેને પૂછ્યું કે, ટાંગરા કતલખાનું ક્યારે ફરી શરૂ થશે અને બીફના વેપારીઓ માટે લાયસન્સના નવીનીકરણ ક્યારે જારી કરવામાં આવશે, ત્યારે તેમણે કહ્યું : "આ બાબત પશુ સંસાધન વિકાસ વિભાગ (ARDD) સાથે સંબંધિત છે." પરંતુ ARDD હેઠળ પશુપાલન અને પશુચિકિત્સા સેવાઓના નિયામક નિખિલ કુમાર શિતે જણાવ્યું હતું કે, પાંડેના નેતૃત્વ હેઠળની KMCના સત્તામંડળની, કતલખાના અને લાઈસન્સ માટેની જવાબદારી છે. તેમણે કહ્યું કે, "હું એ વાતથી વાકેફ નથી કે ટેંગરા કસાઈખાનું ઘણા સમયથી બંધ પડ્યું છે. સામાન્ય રીતે, ફિટનેસ સર્ટિફિકેટ (યોગ્યતાના પ્રમાણપત્રો) KMC (કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન) અને KMC સાથે કામ કરતા વેટરનરી ઓફિસર (પશુચિકિત્સક અધિકારી) દ્વારા ઈસ્યુ કરવામાં આવે છે. મને ખરેખર આનાથી વધુ કંઈ ખબર નથી." પશ્ચિમ બંગાળમાં બીફ (ગૌમાંસ)ના ભવિષ્ય અંગેની અનિશ્ચિતતા રાજ્યના અન્ય ભાગો પર પણ વર્તાઈ રહી છે. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના અને કોલકાતાની સરહદની બિલકુલ બહાર આવેલા બારુઈપુર શહેરમાં, મે મહિનાથી સ્થાનિક બજારમાં સવારના ૧૧ વાગ્યા સુધીમાં બીફ (ગૌમાંસ) ખલાસ થઈ જાય છે. કોલકાતાના એક સલૂનમાં હેરડ્રેસર તરીકે કામ કરતા અને બારુઈપુરના રહેવાસી સૈયદ સૈફુલ્લા કહે છે કે, "કેટલાક દિવસોમાં તો બિલકુલ બીફ (ગાય/ભેંસનું માંસ) મળતું જ નથી." તેમના જણાવ્યા મુજબ, મે મહિના સુધી માછલી અને મટનના ભાવ વધતા રહ્યા હોવા છતાં, બીફ (ગાય/ભેંસનું માસ) એકમાત્ર એવું માસ હતું કે જેના ભાવમાં બહુ વધઘટ થતી ન હતી. હવે તે બદલાઈ ગયું છે. બીફના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. તેઓ પોતાના પરિવાર વિશે કહે છે, "અમે આખી જિંદગી લગભગ રોજ બીફ ખાધું છે. હવે તે અઠવાડિયામાં માંડ એક કે બે વાર પર આવી ગયું છે. આ બાંધછોડ કર્યા પછી પણ, પરિવારનો ખોરાક પાછળનો સાપ્તાહિક ખર્ચ જે મે મહિના પહેલા ૫,૦૦૦ રૂપિયા હતો તે હવે ૭,૦૦૦ રૂપિયા થઈ ગયો છે. લગભગ ૨૦ ટકા વધી ગયો છે. પરંતુ અમારી કમાણી તે જ રીતે નથી વધી રહી." ઉત્તર-પશ્ચિમ જિલ્લા માલદામાં, અડધાથી વધુ વસ્તી મુસ્લિમ છે, ત્યાં પોતાનું નામ ન આપવાની શરતે એક રહેવાસી જણાવે છે કે, "હવે બીફ (ગાયનું માંસ) માત્ર ગુપ્ત નેટવર્ક દ્વારા જ વેચાઈ રહ્યું છે. જો તમે એવી કોઈ વ્યક્તિને જાણતા હોવ જેની પાસે ગાય હોય, તો તમે તેમને થોડું બીફ આપવા માટે કહી શકો છો. તેથી તેઓ મધ્યરાત્રિએ ગાયને કાપે છે અને આવીને તમારા ઘરના દરવાજે બીફ પહોંચાડી જાય છે." તેમના જણાવ્યા મુજબ, માલદામાં બીફનો વેપાર પકડાવાનો ડર સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. "પરંતુ ગરીબ મુસ્લિમો માટે આ માંસ છોડવું સરળ નથી. તેથી હવે, તેઓ તેને ખાવાનું ચાલુ રાખવા માટે પોતાની સુરક્ષા અને જીવનું જોખમ ખેડી રહ્યા છે." **(સૌ. : અલ જઝીરા.કોમ)**

---

મોડાસા ખાતે દિશા સમિતિની બેઠક મળી

## સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા સાંસદ શોભનાબેન બારૈયાની સૂચના

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં સાંસદ શોભનાબેન બારૈયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો—ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (DISHA) બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કલેક્ટર મિલિન્દ બાપના, જિલ્લા વિકાસ અધિકારી મહેક જૈન સહિત ઉપસ્થિત તમામ વિભાગના અધિકારીઓ સાથે સાંસદએ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી. ઉપરાંત અરવલ્લી જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા થઇ રહેલ યોજનાકીય કામગીરી અને તેમના અમલીકરણની માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં સાંસદ શોભનાબેન બારૈયાએ જણાવ્યું હતું કે, વિભાગો દ્વારા આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવે જેથી કરીને જીલ્લામાં વિકાસના કાર્યોને વેગ મળે અને વિવિધ યોજનાઓથી વધુમાં વધુ લોકો માહિતગાર થાય અને છેવાડાના માનવીને પણ આ યોજનાઓનો લાભ મળે તે દિશામાં આયોજન હાથ ધરવા સાંસદએ સૂચન કર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મયુર પટેલ, મોડાસા ધારાસભ્ય ભીખુસિંહ પરમાર, તાલુકા પંચાયતના પ્રમુખઓ સહિત ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડીનેશન અને મોનીટરીંગ કમિટીના સભ્યઓ, આગેવાનઓ તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાકિસ્તાન જેલમાં મૃત્યુ પામેલા ઉનાના માછીમારનો મૃતદેહ વતન પહોંચ્યો

ઉના, તા.૧૯

પાકિસ્તાનની જેલમાં બીમારીના કારણે મૃત્યુ પામેલા ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કોબ ગામના માછીમાર બીજલ કરશનભાઈ ભાલીયાનો મૃતદેહ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભારત લાવવામાં આવ્યો હતો. અમૃતસર બોર્ડર પર ફિશરીઝ વિભાગના અધિકારીઓએ મૃતદેહ સ્વીકાર્યા બાદ દિલ્હીથી વિમાન મારફતે અમદાવાદ અને ત્યાંથી એમ્બ્યુલન્સ મારફતે મોડી રાત્રે કોબ ગામે પહોંચાડવામાં આવ્યો હતો. મૃતદેહ ઘરે પહોંચતા જ પરિવારજનોમાં હૈયાફાટ રુદન સાથે સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, બીજલભાઈનું પાકિસ્તાનની કરાચી સ્થિત હોસ્પિટલમાં સારવાર દરમિયાન તા. ૨૫ ઓગસ્ટના રોજ અવસાન થયું હોવાની માહિતી પરિવારજનોને મળી હતી. જોકે, શરૂઆતમાં ભારતીય તંત્ર તરફથી તેમના મૃત્યુ અંગે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી ન હતી. બાદમાં મૃતદેહ ભારત સરકારને સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મોરબી ફિશરીઝ વિભાગના અધિકારી મહેશભાઈ દાફડા તથા આસિસ્ટન્ટ કે.એચ. ચારણ અમૃતસર બોર્ડર પર મૃતદેહ સ્વીકારવા પહોંચ્યા હતા. મૃતદેહ દિલ્હીથી અમદાવાદ એરપોર્ટ લાવવામાં આવ્યા બાદ એમ્બ્યુલન્સ મારફતે કોબ ગામે લાવવામાં આવ્યો હતો. મોડી રાત્રે આશરે ૧:૩૦ વાગ્યે મૃતદેહ ઘરે પહોંચતા પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો, સરપંચ સહિતના આગેવાનો અને સગાંસંબંધીઓ અંતિમ દર્શન માટે ઉપસ્થિત રહ્યા હતા.

## વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપમાં બરોડા રાયફલ ક્લબના બે રમતવીરો ઝળક્યા







(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

તાજેતરમાં અમદાવાદના ખાનપુર ખાતે મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન રાઈફલ ક્લબ ખાતે ૧૩મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા-૨૦૨૬ યોજાઈ હતી. આ સ્પર્ધામાં બરોડા રાઈફલ ક્લબના રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં બે રમતવીરોએ વિવિધ કેટેગરીમાં ચંદ્રક મેળવી વડોદરા તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

સ્પર્ધામાં બરોડા રાઈફલ ક્લબની રમતવીર રિચા ભટનાગરે ૧૦ મીટર એર પિસ્તોલ ચેમ્પિયનશિપની માસ્ટર વિમેન્સ ઈવેન્ટમાં રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. જ્યારે ધ્યાનવી કેયુષ પટેલે ૨૫ મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલ ચેમ્પિયનશિપની જુનિયર વિમેન્સ ઈવેન્ટમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ બરોડા રાઈફલ ક્લબ તરફથી બંને રમતવીરોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ડભોઈ ખાતે પોલીસની ગણેશ મંડળોના આયોજકો સાથે શાંતિ સમિતિની બેઠક

(સંવાદદાતા દ્વારા) ડભોઇ, તા.૧૯

ડભોઈ તાલુકા સેવાસદન સભા હોલ ખાતે આગામી ગણેશ વિસર્જન મહોત્સવ અંગે ધારાસભ્યની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી ગણેશ વિસર્જન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ગણેશ મંડળોના આયોજકો હિંદુ મુસ્લિમ આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન ડભોઈ પી આઇ કે ટી પટેલે આગામી ગણેશ વિસર્જન મહોત્સવ શાંતિ, સુરક્ષા અને સલામતી સાથે આયોજકોને અપીલ કરવામાં આવી હતી અને ડી જેના પ્રમાણ કરતા વધારે મોટા આવાજ હશે તો તેની સામે કાયદેસર પગલાં ભરવામાં આવશે. તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્રને જરૂરી સહયોગ આપવા જણાવાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય નગરપાલિકા પ્રમુખ પુષ્પાબેન રાવલ ઉપપ્રમુખ નૂરમોહમ્મદ મહુડા વાલા કારોબારી ચેરમેન હાજી અફઝલભાઈ કાબાવાલા નગરપાલિકા ચીફ ઓફિસર વીરાજ શાહ ડભોઇ પી.આઈ એ.ટી.પટેલ ડભોઈ નગરપાલિકાના પ્રોજેક્ટ મેનેજર મહેશભાઈ પરમાર તમામ ગણેશ મંડળોના આયોજકો-હિંદુ મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સફાઈ ઝુંબેશ અંતર્ગત

## સુરેન્દ્રનગરમાં મ્યુ.કમિશ્નર ખુદ સાવરણો લઈ નીકળી પડ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બને ત્યારબાદ સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય દિન પ્રતિદિન વધતું જઈ રહ્યું છે સેનિટેશન વિભાગ પાછળ કરોડો રૂપિયાના ખર્ચાઓ કરવામાં આવી રહ્યા છે છતાં પણ સુરેન્દ્રનગર શહેર સ્વચ્છ બની રહ્યું નથી જેને લઈને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના કમિશ્નર જે.કે.જાદવ અને મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કલાસ વન અધિકારીઓ ખુદ શહેરની સફાઈ માટે મેદાને ઉતર્યા છે ત્યારે સુરેન્દ્રનગર શહેરના ટાગોર બાગ નજીક ગંદકી અને ઊગી નીકળેલા ઝાડવાઓ અને કચરો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે અને સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.એક મહિના સુધી આ પ્રકારે રોજ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના કમિશનર અને ક્લાસ વન અધિકારીઓ શહેરની સ્વચ્છતા પાછળ ધ્યાન આપી અને નીકળવાના છે ત્યારે સુરેન્દ્રનગર શહેરના ટાગોરબાગ નજીક પડેલો કચરો હટાવવા માટે ખુદ કમિશનર જે.કે. જાદવ હાથમાં સાવરણો લઈ અને ખુદ વાળવા લાગ્યા હતા અને એક બકડીયામાં કચરો એકત્રિત કરી અને ટ્રેક્ટરમાં ભરવા લાગ્યા હતા ત્યારે તેમની પાછળ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓ સેનિટેશન વિભાગના ચેરમેન અને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગના અધિકારીઓ અને અલગ-અલગ વિભાગના અધિકારીઓ પણ સ્વચ્છતા માટે જોડાયા હતા.

## સચિનમાં ખાડીમાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરતના સચિન વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલની પાછળ કબ્રસ્તાનની બાજુમાં વહેતી ખાડીના પાણીમાંથી એક નવજાત મૃત બાળકી મળી આવી છે. પાલિકા કર્મચારીઓએ ટોળું જોઈ તપાસ કરતા મૃતદેહ મળ્યો હતો. પોલીસે લાશનો કબજો કરી સિવિલમાં પીએમ માટે ખસેડાયો હતો.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સચિન કોમ્યુનિટી હોલ નજીક અવરજવર રહેતી હોય છે. પાલિકાના કર્મચારીઓ ત્યાં પહોંચ્યા ત્યારે ખાડી નજીક લોકોનું ટોળું જોયું હતું. ત્યારબાદ નજીક જતા ખાડીના પાણીમાં નવજાત શિશુનો મૃતદેહ જોવા મળતા તેઓ ચોંકી ગયા હતા. તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલાયો છે. આ બાળકી કોની છે અને કોણે ફેંકી તે જાણવા તપાસ શરૂ કરાઈ છે. હાલમાં પોલીસ દ્વારા આસપાસના વિસ્તારના તમામ સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, નજીકની તમામ હોસ્પિટલોમાં જન્મેલી બાળકીઓ અંગેની વિગતો પણ એકત્ર કરવામાં આવી રહી છે. આ ઘટનાથી વિસ્તારમાં અરેરાટી અને રોષ વ્યાપ્યો છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# ભારતના પશ્ચિમ બંગાળમાં ગૌમાંસ પર ભાજપની કડક ઝુંબેશ નશીલા પદાર્થો કરતાં પણ ખતરનાક'



**વડાપ્રધાન મોદીની ભાજપા પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવી ત્યારથી બીફ (ગૌમાંસ)નો પુરવઠો મેળવવો મુશ્કેલ બની ગયો છે અને તે મેનૂમાંથી ગાયબ થઈ રહ્યું છે**

પૂર્વી ભારતના રાજ્ય પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં આવેલી બ્રિટિશ શાસનકાળની કિલ્લા જેવી દેખાતી ઈમારત જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતી એકમાત્ર ગાયોનું કતલખાના વિસ્તારની ગલી સાવ ખાલી પડેલી છે.

આ વિશાળ ઈમારતના લોખંડના દરવાજા અંદરથી બંધ છે. દરવાજા વચ્ચેની તિરાડમાંથી નજર નાખતા વિશાળ ખાલી કેમ્પસમાં શાળાના છોકરાઓને આમ-તેમ દોડતા અને રમતા જોઈ શકાય છે. બાજુમાં આવેલી એક નાની હોટેલના મેનેજર મહેમૂદ આલમ કહે છે, "મે મહિનામાં જ્યારે આ કસાઈખાનું બંધ થયું ત્યારથી છોકરાઓ દીવાલ કૂદીને અંદર ઘૂસી જાય છે.

મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ પક્ષના ૧૫ વર્ષના શાસનનો અંત આણી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટી એ રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં વિજેતા જાહેર થઈ હતી. જે બાદ માત્ર ચાર દિવસ પછી એટલે કે ૧૩ મેના રોજ, પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં પશુઓની કત્લ (બૌવાઈન સ્લોટર) અંગેની નોટિસ બહાર પાડી હતી.

આ નોટિસમાં જણાવવામાં આવ્યુ હતુ કે, West Bengal Animal Slaughter Control Act, ૧૯૫૦ના કડક પાલનના ઉલ્લેખ મુજબ, ગાય, બળદ, આખલા, વાછરડાં અને નિર્ધારિત ભેંસોને પ્રાણી કતલ માટે યોગ્ય હોવાનું જાહેર કરતા સર્ટિફિકેટ વગર કાપી કે કતલ કરી શકાશે નહીં.

જ્યારે પ્રાણી ૧૪ વર્ષથી વધુ ઉંમરનું હોય, કામ કરવા કે પ્રજનન માટે અયોગ્ય હોય અથવા ઉંમર, ઈજા, શારીરિક ખામી કે અસાધ્ય રોગને કારણે કાયમ માટે અક્ષમ થઈ ગયું હોય તો જ આવું પ્રમાણપત્ર આપવામાં આવી શકે છે. નોટિસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પ્રમાણિત પ્રાણીઓની કતલ માત્ર મ્યુનિસિપલ અથવા સ્થાનિક સ્તરે નક્કી કરાયેલા કતલખાનામાં જ થઈ શકશે અને ખુલ્લા જાહેર સ્થળો પર કતલ કરવા પર પ્રતિબંધ છે.

**બીફ સ્ટયૂ (શાક/સૂપ) ખલાસ થઈ જવાથી વેચાણમાં ઘટાડો**

ઈદની નજીકમાં જ મે મહિનામાં આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું અને તેની તાત્કાલિક અસર જોવા મળી હતી. સમગ્ર શહેર અને રાજ્યની રેસ્ટોરન્ટ્સ તેમજ બજારોમાં બીફ (ગૌમાંસ)ની ભારે અછત સર્જાઈ હોવાના અહેવાલો મળ્યા હતા. પરંતુ આ અસરો માત્ર ઈદ પૂરતી સીમિત ન રહેતા લાંબા સમય સુધી ચાલી છે. ત્રણ મહિના કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં, જે રાજ્યમાં આ માંસ ખૂબ જ હોંશથી ખાવામાં આવતું હતું ત્યાં આજે તેની અછત વર્તાઈ રહી છે.

એવું એટલા માટે છે કારણ કે, કોઈ ચોક્કસ પ્રાણીને કાપવા માટેની શરતોનું પ્રમાણપત્ર વેપારીઓ અને સપ્લાયર્સે બતાવવું પડે છે. જોકે તે એકમાત્ર એવી અડચણ નથી જે કોલકાતામાં બીફ (ગૌમાંસ)ના વેપારને રોકી રહી છે.

તમામ માંસ વેચનારાઓ માટે પણ તેમના વેપારને ચાલુ રાખવા માટે લાયસન્સની મંજૂરી મેળવવી જરૂરી છે. જૂન મહિનામાં ફિરહાદ હકીમે મેયર પદેથી રાજીનામું આપ્યા બાદ, શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનનું વિસર્જન થવાને કારણે આ લાયસન્સોનું રિન્યુઅલ અટકી પડ્યું છે. કોલકાતાની આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓ ડિસેમ્બરમાં યોજાવાની છે.

ઘણા વેપારીના લાયસન્સનું વાર્ષિક નવીનીકરણ થવાનું બાકી છે. જેના લાયસન્સનું વાર્ષિક નવીનીકરણ થવાનું બાકી છે, તે કોલકાતાનો વતની મુશ્તાક નામનો વેપારી કહે છે કે, "મારી પહેલાંની છ પેઢીઓ કે જેઓ બીફ (ગૌમાંસ) સપ્લાય કરીને પોતાની આજીવિકા મેળવતા હતા, તેમાંથી કોઈને પણ કોઈપણ સરકારના શાસનમાં આવી દશા ભોગવવી પડી નથી. ચૂંટણીના કારણે લાઈસન્સનું નવીનીકરણ અટકાવી દેવામાં આવ્યું હતું, પરંતુ તે ક્યારે રિન્યૂ થશે તે અંગે મને કંઈ જ ખબર નથી. છેલ્લા ત્રણ મહિનાથી હું એક રૂપિયો પણ કમાયો નથી."

જોકે, પુરવઠો ઓછો થઈ જતાં કિંમતોમાં વધારો થયો છે. પ્રતિબંધો લાગુ થયા તે પહેલાં એક પ્લેટ ભુના ૧૦૦ રૂપિયામાં મળતી હતી, જે હવે વધીને ૧૨૦ રૂપિયામાં વેચાય છે. બીજી તરફ, કોલકાતામાં ૧ કિલોગ્રામ ખરીદવા માટે ૩૫૦થી ૫૦૦ રૂપિયાની વચ્ચે ખર્ચ થાય છે, જે મે મહિના પહેલાં ૨૦૦-૨૫૦ રૂપિયાની રેન્જમાં હતો. આ જ વેપાર કરતો આલમ કહે છે કે, "વેચાણમાં પૂરા ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે. તેનું કારણ એ છે કે હવે અમારી પાસે વેચવા માટે એટલું બીફ (ગૌમાંસ) હોતું નથી અને ગ્રાહક તેની ગુણવત્તા પર પહેલા જેટલો ભરોસો પણ કરતા નથી. આ સિવાય, ભાજપ સરકારના ડરથી ઘણા ગ્રાહકો જાહેરમાં બીફ ખાતા દેખાવાથી ગભરાય છે. અને અમે પણ ઘરમાં બીફ ખાવાનું લગભગ સાવ બંધ જ કરી દીધું છે. પહેલા અમે અઠવાડિયામાં લગભગ પાંચથી છ વાર ખાતા હતા, જે હવે કદાચ અઠવાડિયામાં માંડ એકાદ વાર થઈ ગયું છે. હવે અમે ફક્ત શાકભાજી અને સસ્તી માછલીઓ જ ખાઈએ છીએ. ક્યારેક મરઘીનું માંસ લાવીએ છીએ. બકરાનું માંસ ખરીદવાનું અમને પરવડે તેમ નથી." મોટાભાગના હિન્દુ ગ્રાહક યુવાનોના એક જૂથને આલમ ખૂબ યાદ કરે છે. આ લોકો નિયમિતપણે તેની દુકાને બીફ સ્ટ્યૂ (બીફનું શાક/રસો) ખાવા આવતા હતા.

**બંગાળનો ગૌમાંસનો ઈતિહાસ**

પશ્ચિમ બંગાળ ઐતિહાસિક રીતે ભારતના અગ્રણી બીફ (ગૌમાંસ)નો વપરાશ કરતા રાજ્યોમાંનું એક રહ્યું છે. સરકારી માહિતી અનુસાર, રાજ્યના ૧૦.૪ ટકા ગ્રામીણ પરિવારો અને ૭.૯ ટકા શહેરી પરિવારોએ બીફ અથવા ભેંસના માંસ આરોગતા હોવાનું નોંધાવ્યું છે. ભારતીય સંદર્ભમાં, જ્યાં ઘણા હિંદુઓ દ્વારા ગાયને પવિત્ર માનવામાં આવે છે, ત્યાં આ દેશમાં બીફના વપરાશના સૌથી વધુ દરોમાંનો એક છે — જે પડોશી રાજ્ય આસામ અને દક્ષિણના કેરળની હરોળમાં છે. સરકારી આંકડાઓ મુજબ, પશ્ચિમ બંગાળમાં મુસ્લિમોમાંથી બે-તૃતીયાંશ (૬૬%) લોકો બીફ (ગોમાંસ)નું સેવન કરે છે. પશ્ચિમ બંગાળમાં ખ્રિસ્તીઓ, દલિત સમુદાયોના કેટલાક વર્ગો અને કેટલાક આદિવાસી સમુદાયો પણ તેમના નિયમિત ખોરાક તરીકે બીફ ખાય છે. પ્રાણીઓની કતલ કરતા પહેલાં કઈ-કઈ શરતો કે નિયમો પૂરા કરવા જરૂરી છે, તેને લગતો કાયદો ઘણો જૂનો છે પરંતુ રાજ્યમાં જ્યારે ભાજપની સરકાર બની ત્યાર પછી જ આ કાયદાનું પાલન ખૂબ જ કડકાઈથી કરાવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

સત્તાવાર રીતે ટેંગરા કસાઈખાનું બંધ નથી. પોતાની ઓળખ છુપાવનાર એક અધિકારી દરવાજો ખોલીને બહાર ડોકિયું કરીને જણાવ્યુ કે મુખ્ય અધિકારી આજે હાજર ન હોવાથી પછી આવવા જણાવ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમે આજકાલ અહીં ઓફિસમાં શું કરો છો, ત્યારે તેમણે કહ્યું, "અમે બસ આવીએ છીએ, થોડા કલાકો વિતાવીએ છીએ અને પાછા ઘરે જતા રહીએ છીએ. વેપાર-ધંધા ક્યારે સામાન્ય થશે, અથવા થશે કે નહી થાય, તે અંગે કોઈ સ્પષ્ટતા નથી." કોલકાતાના એક ઉદ્યોગપતિ અલ્ફાઝ લાયકની જેમ કેટલાક લોકોનું કહેવું છે કે, તેઓ આ મુશ્કેલી અગાઉથી જ જોઈ શક્યા હતા. એપ્રિલ મહિનામાં, જ્યારે રાજ્યમાં ચૂંટણીઓ યોજાઈ રહી હતી અને BJP સત્તા પર આવી, ત્યારે લાયકે મધ્ય પશ્ચિમ બંગાળના બર્ધમાન જિલ્લામાં તેમનો ડેરીનો વ્યવસાય બંધ કરી દીધો હતો. તેમણે તેમની દૂધ ન આપતી ગાયોને કસાઈઓ અને માંસના વેપારીઓને સસ્તા ભાવે વેચી દીધી હતી. લાયક કહે છે, "જો મેં કોઈ ગાય ૧૦૦ રૂપિયામાં ખરીદી હોય, તો મેં તેને ૩૦ રૂપિયામાં વેચી દીધી, જે સામાન્ય રીતે મળતી કિંમત કરતાં ઘણી ઓછી હતી. ભાજપ સરકારે સત્તામાં આવ્યા પછી પશુ વેપારીઓને જે હેરાનગતિ કરી છે, તેના માથાના દુખાવાનો સામનો કરવા કરતાં તો આ હજુય વધુ સારું છે."

લાઈક એવું વિચારીને ચિંતિત છે કે, ટૂંક સમયમાં જ પશ્ચિમ બંગાળના લોકોના ભોજનમાંથી બીફ સંપૂર્ણપણે ગાયબ થઈ જશે અને તે માત્ર ઈતિહાસ બની જશે. ભૂતકાળમાં, ભાજપ સરકારે કેટલાક રાજ્યોમાં બીફ (ગોમાંસ)ના વપરાશ પર કડક પ્રતિબંધો અમલમાં મૂક્યા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, છત્તીસગઢ અને કર્ણાટકમાં પશુ કતલ (ગોવધ)ને મર્યાદિત કરતા કાયદાઓ છે.

રાજસ્થાન, ગુજરાત, હરિયાણા અને ઉત્તરાખંડમાં બીફ અથવા બીફ ઉત્પાદનોના વેચાણ પર પણ સ્પષ્ટ પ્રતિબંધ છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢ ગેરકાયદેસર પશુ કતલથી મેળવેલા બીફને પોતાની પાસે રાખવા પર પ્રતિબંધ મૂક્યો છે. મહારાષ્ટ્રમાં ગાય, બળદ અને પાડાની કતલ તથા તેમના માંસને પોતાની પાસે રાખવા પર પ્રતિબંધ છે, જ્યારે કર્ણાટકે મુખ્યત્વે કતલ માટે પશુઓની કતલ અને તેના વેચાણ કે પરિવહન પર પ્રતિબંધ મૂક્યો છે. પરંતુ આ કાનૂની પ્રતિબંધોની સાથે-સાથે ખુલ્લેઆમ કાયદો હાથમાં લેવાની હિંસા પણ જોવા મળી છે, જેમાં કહેવાતા ગાય રક્ષક જૂથો, મુસ્લિમો અને દલિતો પર પશુઓનો વેપાર કરવાનો કે ગોમાંસ (બીફ) રાખવાનો આરોપ મૂકીને હુમલો કરે છે અને તેમને માર મારીને હત્યા (લિન્ચિંગ) પણ કરી નાંખે છે. મોટાભાગના કિસ્સાઓમાં, કાયદો અમલી કરતી એજન્સીઓએ હુમલાખોરો કે જેણે હત્યા કરી છે તેમની સામે કાર્યવાહી કરવાને બદલે, હુમલામાં બચી ગયેલા લોકો અથવા લિન્ચિંગના પીડિતોના પરિવારો પર જ કેસ ચલાવ્યા છે. લૈક કહે છે, "હું એવો માણસ છું જે નાસ્તામાં ગોમાંસ (બીફ) ખાતો હતો, પરંતુ મેં ગોમાંસ લાવવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. હાલમાં બંગાળમાં ડ્રગ્સ લઈને ફરવું તેના કરતા ગોમાંસ લઈને ફરવું વધુ જોખમી બની ગયું છે." લૈક હવે બકરા ખરીદવા અને વેચવાના કામ તરફ વળ્યા છે, ખેતી કરે છે અને રાજ્યમાં પોતાની જમીન ભાડે આપીને પૈસા કમાય છે.

**વાનગીઓની યાદીમાંથી બીફ ગાયબ** મુસ્લિમ બહુમતી ધરાવતા પાર્ક સર્કસ વિસ્તારમાં, બીફ (ગૌમાંસ) વેચતા દુકાનદારોની એક આખી લાઈન તેમના નિયમિત ગ્રાહકો સિવાય અન્ય કોઈની સાથે પોતાના વ્યવસાય વિશે વાત કરવાનો ઈનકાર કરે છે. બીફ વેચતી આવી પાંચ દુકાનોના માલિકો અને મેનેજરોનું કહેવું છે કે, મે મહિનાથી તેમના ધંધામાં ૩૦થી ૪૦ ટકાનું નુકસાન થયું છે. એક દુકાનના મેનેજરે જણાવ્યું કે, "આ લાઈનની બધી જ દુકાનો શરૂઆતના બે મહિના માટે સંપૂર્ણપણે બંધ હતી. અમે તેને માંડ છેલ્લા દોઢ મહિનાથી જ ફરીથી ખોલી શક્યા છીએ." બીજા એક દુકાનદારે જણાવ્યું કે, "માલનો પુરવઠો અનિયમિત છે, કિંમતો વધી ગઈ છે, તેથી વેચાણ પણ ખાસ સારું રહ્યું નથી. અને સાચું કહું તો, માંસની ગુણવત્તામાં પણ બદલાવ આવ્યો છે. આ સમય બિલકુલ સારો નથી." ગૌવંશના કતલખાના પર કડક નિયમો અને પુરવઠાની ઘટતી ગુણવત્તા વચ્ચે, કોલકાતાની ઓછામાં ઓછી એક ૧૨ રેસ્ટોરન્ટ્સે છેલ્લા ત્રણ મહિનામાં તેમના મેનૂમાંથી બીફ (ગૌમાંસ)ની વાનગીઓ બંધ કરી દીધી હોવાનું સામે આવ્યું છે. પ્રખ્યાત ઝમ ઝમ રેસ્ટોરન્ટ ચેઈનના ડાયરેક્ટર શાદમાન ફૈઝે જણાવ્યું કે, તેઓ ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરી શકે તેમ નથી, તેથી તેમણે શહેરમાં આવેલી તેમની ત્રણેય બ્રાન્ચના મેનૂમાંથી બીફની વાનગીઓ હટાવી દેવી પડી હતી.

ફૈઝ કહે છે, "હા, અમે અમારા ગ્રાહકો ગુમાવ્યા છે અને અમારે લગભગ ૪૦ ટકા જેટલું નુકસાન વેઠવું પડી રહ્યું છે. અમારે કર્મચારીઓને છૂટા પણ કરવા પડ્યા છે, પણ જે છે તે આ જ છે. આશા છે કે લોકો અમારી અન્ય વાનગીઓને પણ એટલો જ પ્રેમ આપશે." પાર્ક સ્ટ્રીટના વ્યાપારી વિસ્તારમાં બિલકુલ નજીક આવેલું 'ઓલિપબ' જે આ શહેરની એક પ્રખ્યાત પબ છે, જેની શરૂઆત ૧૯૪૭માં થઈ હતી, તે દાયકાઓથી તેના બીફ સ્ટીક (ગોમાંસની વાનગી) માટે પ્રખ્યાત રહ્યું છે. જો કે, હવે તે ત્યાં મળતું નથી. ત્યાંના મેનેજમેન્ટના એક સભ્યએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે, "અમે તેને અમારા મેનૂમાંથી હટાવ્યું નથી; બસ હવે અમારી પાસે નિયમિત રીતે બીફનો પુરવઠો આવતો નથી, તેથી જ્યારે બીફ ઉપલબ્ધ હોય ત્યારે જ આ વાનગી મળે છે. કોલકાતામાં આ પહેલાં ક્યારેય આવી પરિસ્થિતિ ઊભી થઈ નથી." જ્યારે અલ જઝીરાએ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અને વહીવટી વડા સ્મિતા પાંડેને પૂછ્યું કે, ટાંગરા કતલખાનું ક્યારે ફરી શરૂ થશે અને બીફના વેપારીઓ માટે લાયસન્સના નવીનીકરણ ક્યારે જારી કરવામાં આવશે, ત્યારે તેમણે કહ્યું : "આ બાબત પશુ સંસાધન વિકાસ વિભાગ (ARDD) સાથે સંબંધિત છે." પરંતુ ARDD હેઠળ પશુપાલન અને પશુચિકિત્સા સેવાઓના નિયામક નિખિલ કુમાર શિતે જણાવ્યું હતું કે, પાંડેના નેતૃત્વ હેઠળની KMCના સત્તામંડળની, કતલખાના અને લાઈસન્સ માટેની જવાબદારી છે. તેમણે કહ્યું કે, "હું એ વાતથી વાકેફ નથી કે ટેંગરા કસાઈખાનું ઘણા સમયથી બંધ પડ્યું છે. સામાન્ય રીતે, ફિટનેસ સર્ટિફિકેટ (યોગ્યતાના પ્રમાણપત્રો) KMC (કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન) અને KMC સાથે કામ કરતા વેટરનરી ઓફિસર (પશુચિકિત્સક અધિકારી) દ્વારા ઈસ્યુ કરવામાં આવે છે. મને ખરેખર આનાથી વધુ કંઈ ખબર નથી." પશ્ચિમ બંગાળમાં બીફ (ગૌમાંસ)ના ભવિષ્ય અંગેની અનિશ્ચિતતા રાજ્યના અન્ય ભાગો પર પણ વર્તાઈ રહી છે. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના અને કોલકાતાની સરહદની બિલકુલ બહાર આવેલા બારુઈપુર શહેરમાં, મે મહિનાથી સ્થાનિક બજારમાં સવારના ૧૧ વાગ્યા સુધીમાં બીફ (ગૌમાંસ) ખલાસ થઈ જાય છે. કોલકાતાના એક સલૂનમાં હેરડ્રેસર તરીકે કામ કરતા અને બારુઈપુરના રહેવાસી સૈયદ સૈફુલ્લા કહે છે કે, "કેટલાક દિવસોમાં તો બિલકુલ બીફ (ગાય/ભેંસનું માંસ) મળતું જ નથી." તેમના જણાવ્યા મુજબ, મે મહિના સુધી માછલી અને મટનના ભાવ વધતા રહ્યા હોવા છતાં, બીફ (ગાય/ભેંસનું માસ) એકમાત્ર એવું માસ હતું કે જેના ભાવમાં બહુ વધઘટ થતી ન હતી. હવે તે બદલાઈ ગયું છે. બીફના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. તેઓ પોતાના પરિવાર વિશે કહે છે, "અમે આખી જિંદગી લગભગ રોજ બીફ ખાધું છે. હવે તે અઠવાડિયામાં માંડ એક કે બે વાર પર આવી ગયું છે. આ બાંધછોડ કર્યા પછી પણ, પરિવારનો ખોરાક પાછળનો સાપ્તાહિક ખર્ચ જે મે મહિના પહેલા ૫,૦૦૦ રૂપિયા હતો તે હવે ૭,૦૦૦ રૂપિયા થઈ ગયો છે. લગભગ ૨૦ ટકા વધી ગયો છે. પરંતુ અમારી કમાણી તે જ રીતે નથી વધી રહી." ઉત્તર-પશ્ચિમ જિલ્લા માલદામાં, અડધાથી વધુ વસ્તી મુસ્લિમ છે, ત્યાં પોતાનું નામ ન આપવાની શરતે એક રહેવાસી જણાવે છે કે, "હવે બીફ (ગાયનું માંસ) માત્ર ગુપ્ત નેટવર્ક દ્વારા જ વેચાઈ રહ્યું છે. જો તમે એવી કોઈ વ્યક્તિને જાણતા હોવ જેની પાસે ગાય હોય, તો તમે તેમને થોડું બીફ આપવા માટે કહી શકો છો. તેથી તેઓ મધ્યરાત્રિએ ગાયને કાપે છે અને આવીને તમારા ઘરના દરવાજે બીફ પહોંચાડી જાય છે." તેમના જણાવ્યા મુજબ, માલદામાં બીફનો વેપાર પકડાવાનો ડર સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. "પરંતુ ગરીબ મુસ્લિમો માટે આ માંસ છોડવું સરળ નથી. તેથી હવે, તેઓ તેને ખાવાનું ચાલુ રાખવા માટે પોતાની સુરક્ષા અને જીવનું જોખમ ખેડી રહ્યા છે." **(સૌ. : અલ જઝીરા.કોમ)**

# મતની ચોરી, પક્ષની ચોરી... લોકશાહીની હત્યા : વિપક્ષે ભાજપ પર પ્રહાર કર્યા; તૃણમૂલ કોંગ્રેસના ચૂંટણી ચિહ્ન પર રોક મામલે મમતા બેનરજીને સમર્થન આપ્યું

**ભાજપનો વળતો પ્રહાર : 'કોંગ્રેસમાંથી અલગ થયા બાદ જ TMC અને NCP અસ્તિત્વમાં આવ્યા હતા'**

(એજન્સી) તા.૧૯

કોંગ્રેસે શુક્રવારે નંદીગ્રામ પેટાચૂંટણીના પોતાના ઉમેદવાર મિલન પ્રધાનની ૧૯ વર્ષ જૂના કેસમાં ધરપકડ કરવા બદલ ભાજપ પર આકરા પ્રહારો કર્યા અને આ પગલાને "રાજકીય બદલો અને લોકશાહીની હત્યા" ગણાવી. આ ઘટનાક્રમ પર તીખી પ્રતિક્રિયા આપતા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું: "નંદીગ્રામ પેટાચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનની ધરપકડ એ કોઈ સંયોગ નથી - તે રાજકીય બદલો અને લોકશાહીની હત્યા છે. ભાજપને નિષ્પક્ષ ચૂંટણીમાં કોઈ વિશ્વાસ નથી - તેથી જ તે ક્યારેક મતની ચોરી કરીને, ક્યારેક સરકારો પચાવી પાડીને તો ક્યારેક પક્ષોને તોડીને સત્તા જાળવી રાખવા માંગે છે." "કોંગ્રેસ ન તો ડરશે કે ન તો ઝૂકશે. અમે લડીશું અને અમે જીતીશું," તેમ કોંગ્રેસના સાંસદે 'X' (અગાઉનું ટ્વિટર) પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. સમાચાર આગળ ચાલુ છે. ઓછી જાહેરાતો જોવા માટે સબ્સ્ક્રાઇબ કરો. AICCના મહાસચિવ (સંગઠન) કે.સી. વેણુગોપાલે કહ્યું કે કોંગ્રેસના ઉમેદવારની ધરપકડ કરવા માટે ૧૯ વર્ષ જૂના કેસનો ઉપયોગ એ સંકેત આપે છે કે ભાજપ લોકશાહીને "હાઈજેક" કરવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. વેણુગોપાલે કહ્યું, "ભાજપના શાસન હેઠળ પશ્ચિમ બંગાળમાં લોકશાહી વેન્ટિલેટર પર છે. 'વિપક્ષ-મુક્ત ભારત' સુનિશ્ચિત કરવા માટેનો આ ભાજપનો તાજેતરનો પ્રયાસ છે, જે આપણી મહાન બંધારણીય લોકશાહીને સફળતાપૂર્વક 'બનાના રિપબ્લિક' (અસ્થિર અને ભ્રષ્ટ દેશ)માં ફેરવી રહ્યો છે." તેમણે ઉમેર્યું, "અમે એ પક્ષ છીએ જેણે દમનકારી બ્રિટિશ શાસન સામે લડત આપી અને તેમને હાંકી કાઢ્યા; તેમના સસ્તા નકલખોરોની ડરાવવાની આવી ક્ષુલ્લક યુક્તિઓ અમને ડરાવી શકશે નહીં." આ અગાઉ, ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસના બંને જૂથોને ૬ ઓક્ટોબરની પેટાચૂંટણીમાં પક્ષના નામ 'ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' (AITC) અને તેના 'જોડા ઘાસ ફૂલ' (ઘાસ સાથે બે ફૂલ) ચૂંટણી ચિહ્નનો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો, ત્યારબાદ 'INDIA' ગઠબંધનના નેતાઓએ પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને સમર્થન જાહેર કર્યું હતું. "પહેલા શિવસેના, પછી NCP અને હવે તૃણમૂલ કોંગ્રેસ. દરેક વખતે એક જ પ્રકારની પેટર્ન જોવા મળે છે — ભાજપ અને ચૂંટણી પંચ (ECI) મળીને કોઈ પક્ષને તોડી નાખે છે અને પછી તેનું ચૂંટણી ચિહ્ન છીનવી લેવામાં આવે છે," તેમ રાહુલ ગાંધીએ 'X' પરની એક પોસ્ટમાં કહ્યું. "જ્યારે આખો પક્ષ જ ચોરી શકાય છે, ત્યારે લાખો ભારતીયોના મત પણ ચોરી શકાય તેમાં કોઈ નવાઈ નથી. મતોની ચોરી, સરકારની ચોરી અને હવે પક્ષની ચોરી — આ બધું આપણા લોકશાહીના પતનના પ્રતીકો બની ગયા છે. ચૂંટણી પંચની બંધારણીય જવાબદારી જનતાના જનાદેશનું રક્ષણ કરવાની છે — પરંતુ તેના બદલે, તે એવા જ તત્વોને મદદ કરી રહ્યું છે જે જનતાના ચુકાદાને ઉલટાવી નાખે છે," તેમ તેમણે કહ્યું. વેણુગોપાલે કહ્યું કે આ ચુકાદો "મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર તરફથી (વડાપ્રધાન) મોદીજીને મળેલી મોડી રાતની જન્મદિવસની ભેટ" છે. "જે લોકોએ મમતા બેનરજીના નેતૃત્વમાં ભાજપ સામે લડત આપી હતી, તેમને હવે તેમની સામે બળવો કરવા અને ચૂંટણી પંચની મદદથી પક્ષપલટાનું ગેરબંધારણીય પાપ આચરવા માટે 'રેડ કાર્પેટ' પાથરીને તક આપવામાં આવી રહી છે. ચૂંટણી પંચે ફરી એકવાર સાબિત કર્યું છે કે તે ભાજપના હાથની કઠપૂતળી સિવાય બીજું કંઈ નથી — લોકશાહીને ટુકડે-ટુકડે ખતમ કરવાનું એક સાધન છે," તેમ તેમણે કહ્યું. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે 'X' પર પોસ્ટ કર્યું: "મોદીજી તરફથી દેશને જન્મદિવસની ભેટ. શું તેઓ આ રીતે ચૂંટણી જીતશે ?" સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું, "જો ચૂંટણી પંચ લોકશાહી મૂલ્યોને મજબૂત કરવાના નિર્ણયો લેશે, તો તેનું સન્માન વધશે. મારે બીજું કંઈ કહેવું નથી... હું ફક્ત એટલું પૂછવા માંગુ છું કે શું ચૂંટણી પંચને અમારા દ્વારા સબમિટ કરવામાં આવેલા સોગંદનામા મળ્યા હતા ?" ભાજપે રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કરતા આરોપ લગાવ્યો કે તેમને કદાચ એ વાતની જાણ નથી કે TMC અને NCP જેવા પક્ષો કોંગ્રેસમાંથી અલગ થઈને જ અસ્તિત્વમાં આવ્યા હતા. ભારતીય રાજકારણમાં કોંગ્રેસને 'ભસ્માસુર' — એવો પૌરાણિક રાક્ષસ જે પોતાની નજીક આવનારનો જ વિનાશ કરી નાખતો — ગણાવતા ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું: "રાહુલ ગાંધી એટલું પણ વાંચી શકતા નથી કે સમજી શકે કે NCPનું પૂરું નામ 'નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી' છે અને તૃણમૂલ કોંગ્રેસના નામમાં પણ 'કોંગ્રેસ' શબ્દનો સમાવેશ થાય છે." તેમણે કહ્યું, "શરદ પવારે ૧૯૯૯માં વિદેશી મૂળની વ્યક્તિના નેતૃત્વના મુદ્દે કોંગ્રેસથી અલગ થવાનો નિર્ણય લીધો હતો, જ્યારે મમતા બેનરજી કોંગ્રેસની આંતરિક સ્થિતિથી નારાજ થઈને ૧૯૯૭માં પક્ષ છોડી ગયા હતા અને બાદમાં તેમણે પશ્ચિમ બંગાળમાંથી કોંગ્રેસને જ સત્તા પરથી હટાવી દીધી હતી." ત્રિવેદીએ ઉમેર્યું કે ગાંધીનું નિવેદન તેમની "રાજકીય અજ્ઞાનતાનું એક વિચિત્ર ઉદાહરણ" હતું અને પોતાની જ પાર્ટીના ઈતિહાસની મજાક ઉડાવવાની વાત છે, જ્યારે ભાજપ અને જનસંઘે "હંમેશાં લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવા માટે સંઘર્ષ કર્યો છે".

# તેલંગાણા હાઈકોર્ટે સ્પીકરનો આદેશ રદ કર્યો; ખૈરતાબાદના ધારાસભ્ય દાનમ નાગેન્દ્રને વિધાનસભાના સભ્યપદ માટે ગેરલાયક ઠેરવ્યા

**દાનમ નાગેન્દ્ર અગાઉના વર્ષે BRSની ટિકિટ પર ચૂંટાયેલા ખૈરતાબાદના ધારાસભ્ય હોવા છતાં, ૨૦૨૪માં સિકંદરાબાદ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા**

(એજન્સી) તા.૧૯

તેલંગાણા હાઈકોર્ટે શુક્રવારે (૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬) તેલંગાણા વિધાનસભાના સ્પીકર ગડ્ડમ પ્રસાદ કુમારના તે આદેશને રદ કર્યો હતો જેમાં ખૈરતાબાદના ધારાસભ્ય દાનમ નાગેન્દ્રને ગેરલાયક ઠેરવવાની માંગ કરતી અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. ચીફ જસ્ટિસ અપરેશ કુમાર સિંહની અધ્યક્ષતાવાળી બેન્ચે જાહેર કર્યું કે, 'દાનમ નાગેન્દ્ર ૨૩ એપ્રિલ, ૨૦૨૪થી તેલંગાણા વિધાનસભાના સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે, કારણ કે તેઓ અગાઉના વર્ષે BRS ઉમેદવાર તરીકે ધારાસભ્ય તરીકે ચૂંટાયા હોવા છતાં ૨૦૨૪માં કોંગ્રેસની ટિકિટ પર સિકંદરાબાદ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા.' ચીફ જસ્ટિસ અને જસ્ટિસ જી.એમ. મોહિઉદ્દીનની બેન્ચે આ ચુકાદો સંભળાવ્યો હતો. અગાઉ ૨૧ ઓગસ્ટના રોજ બે રિટ અરજીઓ પર આદેશ અનામત રાખવામાં આવ્યો હતો; જેમાંની એક હુઝુરાબાદના BRS ધારાસભ્ય પાડી કૌશિક રેડ્ડી દ્વારા અને બીજી નિર્મલના ભાજપ ધારાસભ્ય અલેટ્ટી મહેશ્વર રેડ્ડી દ્વારા દાખલ કરવામાં આવી હતી. તેઓ ઈચ્છતા હતા કે ૧૧ માર્ચે જારી કરાયેલ સ્પીકરનો આદેશ રદ કરવામાં આવે. તેમણે દલીલ કરી હતી કે બંધારણની દસમી અનુસૂચિના ફકરા ૨ (૧) (a) મુજબ નાગેન્દ્રને ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવવા જોઈએ, કારણ કે તેઓ BRSની ટિકિટ પર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. બે અરજદારોએ દલીલ કરી હતી કે, 'ડિસેમ્બર ૨૦૨૩માં જે BRS પક્ષમાંથી તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા તે પક્ષમાંથી રાજીનામું આપ્યા વિના, તેઓ મે ૨૦૨૪માં સિકંદરાબાદથી સાંસદ (MP) તરીકે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા.' શ્રી નાગેન્દ્ર ઉપરાંત, માર્ચ-ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન અન્ય નવ BRS ધારાસભ્યોએ પણ કોંગ્રેસ પક્ષમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. તેમાં કડિયમ શ્રીહરિ (સ્ટેશન ઘનપુર), પોચારમ શ્રીનિવાસ રેડ્ડી (બંસવાડા), તેલ્લામ વેંકટ રાવ (ભદ્રાચલમ), એમ. સંજય કુમાર (જગિત્યાલ), અરેકાપુડી ગાંધી (સેરીલિંગમપલ્લી), ટી. પ્રકાશ ગૌડ (રાજેન્દ્રનગર), બી. કૃષ્ણ મોહન રેડ્ડી (ગડવાલ), કાલે યાદૈયાહ (ચેવેલ્લા) અને ગુડેમ મહિપાલ રેડ્ડી (પટનચેરૂ)નો સમાવેશ થતો



હતો. એપ્રિલ ૨૦૨૪માં, BRS પક્ષે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેમાં દલીલ કરવામાં આવી હતી કે સ્પીકરની કચેરી શ્રી નાગેન્દ્ર અને કોંગ્રેસમાં જોડાયેલા અન્ય બે BRS ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ કરતી તેમની અરજીઓ પર કોઈ કાર્યવાહી કરી રહી નથી. ૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ, હાઈકોર્ટના સિંગલ જજે સ્પીકરની કચેરીને BRS ધારાસભ્યોની ગેરલાયકાત અંગેની અરજીઓ પર સુનાવણી માટે સમયપત્રક નક્કી કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશને પડકારીને સ્પીકરની કચેરીએ અપીલ કરી હતી. તે જ વર્ષે ૨૭ નવેમ્બરના રોજ, હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આ બાબતે સિંગલ જજના આદેશને રદ કર્યો હતો. ડિવિઝન બેન્ચના આદેશ સામે વાંધો ઉઠાવતા, BRS પક્ષ સુપ્રીમ કોર્ટમાં ગયો હતો. ૩૧ જુલાઈ ૨૦૨૫ના રોજ, સર્વોચ્ચ અદાલતે ડિવિઝન બેન્ચના આદેશને રદ કર્યો અને સ્પીકરની કચેરીને ત્રણ મહિનાની અંદર ગેરલાયકાત અંગેની અરજીઓ પર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો. સ્પીકરની કચેરીએ આખરે ૧૦ ધારાસભ્યો સંબંધિત ગેરલાયકાતની તમામ અરજીઓ ફગાવી દીધી હતી. સ્પીકરની કચેરીના આ આદેશોને પડકારીને, BRS પક્ષે ૧૦માંથી નવ ધારાસભ્યો વિરુદ્ધ હાઈકોર્ટમાં રિટ અરજીઓ દાખલ કરી હતી. કેટલાક કારણોસર, પક્ષે પટનચેરૂના ધારાસભ્ય મહિપાલ રેડ્ડી વિરુદ્ધ અરજી દાખલ કરી ન હતી. ભાજપના ધારાસભ્ય મહેશ્વર રેડ્ડીએ શ્રી નાગેન્દ્ર વિરુદ્ધ અલગથી બીજી અરજી દાખલ કરી હતી. ૨૧ ઓગસ્ટના રોજ, ચીફ જસ્ટિસ અપરેશ કુમાર સિંહ અને જસ્ટિસ જી.એમ.ની બનેલી બેન્ચે... મોહિઉદ્દીને શ્રી નાગેન્દ્રના કેસમાં આદેશ અનામત રાખ્યો અને બાકીના આઠ ધારાસભ્યો સામેની અરજીઓ પર દલીલો સાંભળવાનું ચાલુ રાખ્યું.

# રૂા.૨,૦૦૦થી વધુના UPI વ્યવહારો પર ચાર્જ : MDR અંગે મુંબઈના વેપારીઓમાં રોષ અને રોકડ વ્યવહાર તરફ વળવાની આશંકા; ગ્રાહકો પર બોજ પડવાની શક્યતા

(એજન્સી) મુંબઈ, તા.૧૯

રૂા.૨,૦૦૦થી વધુના પાત્ર UPI વ્યવહારો પર ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાના પ્રસ્તાવને કારણે મુંબઈના વેપારીઓ અને નાના ઉદ્યોગસાહસિકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. દાદર માર્કેટના અનેક વિક્રેતાઓનું કહેવું છે કે તેમણે ડિજિટલ ચૂકવણી મર્યાદિત કરવી પડી શકે છે અથવા ફરીથી રોકડ વ્યવહારો તરફ વળવું પડી શકે છે. નવી MDR વ્યવસ્થા ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬થી અમલમાં આવવાની છે. ૦.૪ ટકાનો ચાર્જ રૂા.૨,૦૦૦થી વધુના પાત્ર 'પર્સન-ટુ-મર્ચન્ટ' (P2M) UPI વ્યવહારો પર લાગુ થશે, જ્યારે ગ્રાહકો કોઈપણ વ્યવહાર ફી વિના UPI દ્વારા ચૂકવણી કરવાનું ચાલુ રાખી શકશે. દાદર માર્કેટમાં 'ફ્રી પ્રેસ જર્નલ' સાથે વાત કરતા અનેક દુકાનદારો અને ગ્રાહકોએ આ ચાર્જ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. એક મહિલા ગ્રાહકે કહ્યું, "અમે પહેલેથી જ GST અને આવકવેરો ભરીએ છીએ અને હવે સરકારે નવો ચાર્જ દાખલ કર્યો છે. દુકાનદારો હવે વસ્તુઓના ભાવ વધારશે. સામાન્ય જનતા ક્યાં જશે ? સરકારે આ સમજવું જોઈએ." એક દુકાનદારે કહ્યું કે સૌથી મોટી ચિંતા એ છે કે વેપારીના ભાગે આવતો આ વધારાનો ખર્ચ તેમના પહેલાથી જ વધી રહેલા સંચાલન ખર્ચ (ઓપરેટિંગ ખર્ચ) પર કેવી અસર કરશે. એક વેપારીએ કહ્યું, "ભાડાં વધી રહ્યા છે, સ્ટાફનો ખર્ચ વધી રહ્યો છે અને અમારા તમામ ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ ઊંચા છે. સામાન્ય દુકાનદાર આ પૈસા ક્યાંથી લાવશે ?" FPJ શોટ્સે તેમણે ઉમેર્યું, "આપણે ક્યાંક તો કોઈક ફેરફાર કરવો જ પડશે. સરકાર મધ્યમ વર્ગના લોકો કે દુકાનદારો માટે કોઈ ખાસ સુવિધા પૂરી પાડતી નથી. આપણે માત્ર ટેક્સ ભરીએ છીએ અને બદલામાં આપણને કંઈ મળતું નથી." કપડાંના અન્ય એક વેપારીએ જણાવ્યું હતું કે તેમના સમુદાયના વેપારીઓ નવા ચાર્જને પહોંચી વળવાના ઉપાયો વિશે ચર્ચા કરી રહ્યા છે. તેમણે કહ્યું, 'અમારા કપડાંના વેપારી સમુદાયના લોકોનું કહેવું છે કે જો તેઓ રૂા.૨,૦૦૦થી વધુની રકમ પર આ ચાર્જ વસૂલતા હોય, તો આપણે રૂા.૨,૦૦૦ સુધીનું GPay સ્વીકારી શકીએ અને તેનાથી વધુની રકમ માટે ગ્રાહક પાસેથી રોકડ લઈ શકીએ." વેપારીએ કહ્યું કે અન્ય એક વિકલ્પ એ છે કે વધારાનો ખર્ચ અંતિમ કિંમતમાં જ ઉમેરી દેવો. તેમણે પૂછ્યું, "આપણે કોઈક ઉકેલ શોધવો જ પડશે. શું આપણે આ બધો ખર્ચ આપણા પોતાના ખિસ્સામાંથી ભરીશું ?" જોકે, અન્ય એક વિક્રેતાએ ધ્યાન દોર્યું હતું કે રોકડ વ્યવહાર પર પાછા ફરવું સરળ નહીં હોય કારણ કે ગ્રાહકો UPI પર ખૂબ નિર્ભર બની ગયા છે. વિક્રેતાએ કહ્યું, "હવે કોઈ રોકડ આપતું નથી. બધા UPIનો ઉપયોગ કરે છે. જો તમે કોઈની પાસે રૂા.૧૦ પણ માંગો, તો તેઓ રોકડ આપતા નથી. પછી ભલે તે રૂા.૧૦ હોય, રૂા.૨૦ હોય કે રૂા.૨૫, તેઓ UPI દ્વારા જ ચૂકવણી કરે છે." અન્ય એક દુકાનદારે કહ્યું કે તેમના વ્યવસાય પર ખાસ અસર પડી શકે છે કારણ કે તેમની દુકાનમાં વેચાતી ઘણી વસ્તુઓની કિંમત રૂા.૨,૦૦૦થી વધુ છે. તેમણે કહ્યું, "જો કોઈ ગ્રાહક રૂા.૨,૦૦૦થી વધુની કિંમતની વસ્તુ ખરીદવા આવે, તો આપણે દર વખતે તેમના ખિસ્સામાંથી રોકડ રકમ લઈ શકતા નથી. તેથી આપણે UPIના ઉપયોગને મર્યાદિત કરવો પડી શકે છે. આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી." કેટલાક વેપારીઓને એવી પણ આશંકા છે કે વેપારીએ ભોગવવો પડતો આ ખર્ચ આખરે ગ્રાહકોએ ચૂકવવી પડતી કિંમતોને અસર કરી શકે છે. એક વિક્રેતાએ કહ્યું, "જો સરકાર આપણી પાસેથી આ રકમ કાપી લેશે, તો આપણે કિંમત વધારીને ગ્રાહક પાસેથી તે વસૂલવી પડશે. આ એકદમ સ્પષ્ટ વાત છે." અન્ય એક વેપારીએ કહ્યું કે આ ફેરફાર કેટલાક વેપારીઓને ઊંચી કિંમતની ખરીદી માટે રોકડ વ્યવહાર તરફ દોરી શકે છે. તેમણે કહ્યું, "આજે એટીએમ હંમેશા ઉપલબ્ધ હોતા નથી અને લોકો રોકડ સાથે રાખતા નથી. પરંતુ જો ચાર્જ (શુલ્ક) લાદવામાં આવે, તો નાના વેપારી કે હોટેલ માલિક કદાચ એમ કહી શકે કે, 'રૂા.૨,૦૦૦થી વધુની કોઈપણ રકમ માટે રોકડ જ સ્વીકારવામાં આવશે.' તેઓ કદાચ દ્વારા આવા વ્યવહારો કરવાનું બંધ કરી દે." તેમણે આ પગલાની ટીકા કરતા કહ્યું, "જ્યારે લોકોને ઓનલાઈન ચૂકવણી કરવા અને કેશલેસ (રોકડ-રહિત) બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા હતા, ત્યારે દરેક વ્યક્તિએ UPI અપનાવ્યું હતું. હવે, જો તે વ્યવહારો પર ચાર્જ લાદવામાં આવે, તો સ્વાભાવિક રીતે જ લોકો ચિંતિત થશે." એક વિક્રેતાએ કહ્યું કે મોંઘવારી અને વધતા ખર્ચનો સામનો કરી રહેલા વ્યવસાયો માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. તેમણે કહ્યું, "પહેલાથી જ મોંઘવારી છે અને ધંધો બરાબર ચાલી રહ્યો નથી. બજારમાં બધું જ અસ્થિર છે.

**૧૫ ઓક્ટોબરથી રૂા.૨,૦૦૦થી વધુના પાત્ર મર્ચન્ટ UPI વ્યવહારો પર સૂચિત ૦.૪ ટકા MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) અંગે મુંબઈના વેપારીઓએ ચિંતા વ્યક્ત કરી છે, દાદરના વિક્રેતાઓએ 'ફ્રી પ્રેસ જર્નલ'ને જણાવ્યું હતું કે તેઓ UPI વ્યવહારો મર્યાદિત કરી શકે છે, મોટી રકમના વ્યવહારો માટે રોકડની માંગ કરી શકે છે અથવા ખર્ચને સરભર કરવા માટે વસ્તુઓના ભાવ વધારી શકે છે, ગ્રાહકોએ UPI વ્યવહાર માટે કોઈ ફી ચૂકવવી પડશે નહીં, જ્યારે વેપારીઓ માટેનો ચાર્જ મહત્તમ રૂા.૩૦૦ સુધી મર્યાદિત રહેશે**

**હદીસ બોધ**

જે પોતાનું સ્વમાન જાળવી રાખે છે તે બુદ્ધિશાળી છે અને જે જાળવતો નથી તે મૂર્ખ છે. (હદીસ બોધ)

**બોધ વચન**

ઈચ્છા જો ઘોડો બને તો દરેક વ્યક્તિ ઘોડેસવાર બની જાય.
- શેક્સપિયર

**આજની આરસી**

૨૦ સપ્ટેમ્બર રવિવાર ૨૦૨૬
૭ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા સુદ નોમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૦૮
ખત્મે ઝવાલ ૧૨-૩૩
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૯

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# આપ (AAP)નો દલિત વિરોધાભાસ દીવાલ પર આંબેડકર અને ગંભીર સવાલોનો સામનો કરતા મંત્રી

(એજન્સી) ચંદીગઢ, તા.૧૯
તમામ રાજ્યોમાં પંજાબની વસ્તીમાં દલિતોનું પ્રમાણ સૌથી વધુ છે, અને તાજેતરની કેટલીક ઘટનાઓએ તેમના સંબંધિત રાજકારણને ગરમાવ્યું છે, જેનાથી વિપક્ષને સત્તાધારી આમ આદમી પાર્ટી (AAP) પર પ્રહારો કરવાની તક મળી છે. જે પાર્ટી પોતાની ઓફિસોમાં દલિત આઈકોન અને પ્રખ્યાત કાયદાશાસ્ત્રી ભીમરાવ આંબેડકરના ચિત્રો પ્રદર્શિત કરે છે, તે હવે એક દલિત વ્યક્તિના મૃત્યુને કારણે કઠેડામાં છે અને આ મામલો ડ્રગ્સની સમસ્યા અને ગ્રામીણ સંકટ સાથે જોડાયેલો છે, જે રાજ્યની ચૂંટણીના છ મહિના પહેલાં જ મુખ્ય મુદ્દાઓ તરીકે ઉભરી આવ્યા છે. ગુલ્ઝાર સિંહ તૂર બંજારા ગામના રહેવાસી હતા, જે દિરબા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે; આ વિસ્તારમાંથી નાણામંત્રી હરપાલ સિંહ ચીમા ધારાસભ્ય છે. આ વિસ્તાર મુખ્યમંત્રી ભગવંત માનના ગૃહ જિલ્લા સંગરૂરમાં આવે છે. ગુલ્ઝાર સિંહના મૃત્યુએ રાજ્યના ડ્રગ્સ વિરોધી જોરદાર અભિયાન 'યુદ્ધ નહીં, વિરૂદ્ધ' પર સવાલો ઉભા કર્યા છે. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ, જ્યારે હરપાલ ચીમા (જે પોતે દલિત છે) તૂર બંજારામાં હાજર હતા, ત્યારે ગુલ્ઝાર સિંહે જાહેરમાં તેમનો સામનો કર્યો અને પૂછ્યું કે ગામમાં ખુલ્લેઆમ ડ્રગ્સ કેમ વેચાઈ રહ્યા છે. ગામમાં ડ્રગ્સની હેરાફેરી વિશે માહિતી આપવા બદલ ગુલ્ઝાર સિંહને સમર્થન આપવાને બદલે, મંત્રી, સ્ટાફ અને સ્થાનિક લોકોએ કથિત રીતે તેમને બાજુ પર ખસેડી દીધા હતા. તે જ સાંજે, ગુલ્ઝાર સિંહને કથિત રીતે બોલાવવામાં આવ્યા અને મંત્રીને સવાલ કરવા બદલ બિનશરતી જાહેર માફી માંગવા માટે ભારે દબાણ અને ધમકીઓનો સામનો કરવો પડ્યો. માનસિક તણાવમાં આવીને, ગુલ્ઝાર સિંહે ૮ સપ્ટેમ્બરના રોજ ઝેરી પદાર્થનું સેવન કર્યું અને તેમનું મૃત્યુ થયું. મૃત્યુ પહેલાં, તેમણે એક વિડિયો નિવેદન (મૃત્યુકાલીન નિવેદન) રેકોર્ડ કર્યું હતું જેમાં તેમણે સામનો કરેલી ધમકીઓ અંગે મંત્રી ચીમા અને સ્થાનિક પંચાયતના સભ્યોના નામ આપ્યા હતા. મંત્રીએ આમાં પોતાની કોઈ ભૂમિકા હોવાનો ઈનકાર કર્યો છે, અને કેટલાક સ્થાનિક નેતાઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ મૃત્યુને કારણે રાજ્યભરમાં ભારે રાજકીય રોષ ફેલાયો અને જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી. તેમણે કહ્યું હતું કે તેમનો પુત્ર ડ્રગ્સનો વ્યસની હતો. તેમણે માત્ર મંત્રીને જાહેરમાં એવું જ નહોતું કહ્યું કે ડ્રગ્સની ઉપલબ્ધતાને કારણે તેમનું ગામ તણાવમાં છે, પરંતુ એ પણ જણાવ્યું હતું કે વ્યસનને કારણે ત્રણ યુવાનોના મોત થયા છે. વિરોધ પક્ષોએ ડ્રગ્સ-વિરોધી અભિયાનને માત્ર પ્રચાર ગણાવ્યું હતું અને હવે તેઓ દલિત સમુદાયને આપેલા વચનો તથા તેમના અધિકારોના રક્ષણ અંગે 'આપ' (AAP) પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ લગાવી રહ્યા છે. પોલીસે સરપંચ, તેમના પતિ અને અન્ય ત્રણ લોકો સામે આત્મહત્યા માટે ઉશ્કેરણી અને SC/ST એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે, પરંતુ તે FIRમાં હરપાલ ચીમાનું નામ નથી; જોકે મૃતકે વાયરલ થયેલા વીડિયોમાં આપેલા અંતિમ નિવેદનમાં સ્પષ્ટપણે તેમના મૃત્યુ પાછળ ચીમાને જવાબદાર ઠેરવ્યા હતા. આ રાજકીય વિવાદ માત્ર એક FIR પૂરતો સીમિત નથી. કોંગ્રેસ, ભાજપ અને શિરોમણી અકાલી દળ - ત્રણેય પક્ષોએ આ FIRને મામલો દબાવવાનો પ્રયાસ (કવર-અપ) ગણાવ્યો છે. જ્યારે 'આપ' તેને "ગીધ રાજનીતિ" (vulture politics) ગણાવે છે. અગાઉ, રાજ્યના વેરહાઉસિંગ અધિકારીની આત્મહત્યા માટે ઉશ્કેરણીના આરોપો બાદ 'આપ'ના અન્ય મંત્રી લાલજીત સિંહ ભુલ્લરે ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું. વિરોધ પક્ષો હવે હરપાલ ચીમા સામે પણ તે જ પ્રકારની કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. દલિતો વસ્તીના ૩૨ ટકા હિસ્સો ધરાવતા હોવાથી, વિવિધ પક્ષો ગુલઝારના પરિવારને સાંત્વના આપવા માટે દોડી આવ્યા હતા.

# પુસ્તક મેળામાં દલિત જીવન અને વિચારધારાની સાહિત્યિક ઝલક

(એજન્સી) લખનૌ, તા.૧૯
જ્યાં વાર્તાઓ ભાષાઓ, પેઢીઓ અને સામાજિક પૃષ્ઠભૂમિની સીમાઓ ઓળંગીને આગળ વધે છે, ત્યાં જાતિ અને સમાનતા પરનું સાહિત્ય યુવા વાચકોનું ધ્યાન ખેંચી રહ્યું છે. ભેદભાવનું વર્ણન કરતી આત્મકથાઓથી લઈને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોના ઈતિહાસને આલેખતી કૃતિઓ સુધી, ગોમતી પુસ્તક મહોત્સવમાં દલિત સાહિત્ય એક મહત્વપૂર્ણ વિભાગ તરીકે ઉભરી આવ્યું છે. અહીં ઓમપ્રકાશ વાલ્મીકિનું 'જૂઠન', બામાનું 'કરૂક્કુ' અને શરણકુમાર લિંબાલેનું 'ધ આઉટકાસ્ટ' (The Outcaste) જેવા પુસ્તકો વાચકો મેળવી રહ્યા છે; સાથે જ ડૉ. બી.આર. આંબેડકરના 'હુ વેર ધ શુદ્રાસ ?' (Who Were the Shudras?) અને 'ધ અનટચેબલ્સ' (The Untouchables) તેમજ દલિત પેન્થર્સ ચળવળ પરના સાહિત્યનો પણ તેમાં સમાવેશ થાય છે. આ સંગ્રહમાં સમાજ સુધારક જ્યોતિરાવ ફૂલેના લખાણો - જેમાં 'ગુલામગીરી' અને 'શેતકર્યાચા અસૂદ'નો સમાવેશ થાય છે - તેમજ જાતિ, ઓળખ, ગરિમા, સામાજિક ન્યાય અને પ્રતિકાર જેવા વિષયોનું વિશ્લેષણ કરતા લેખકો અને વિચારકોની કૃતિઓ પણ ઉપલબ્ધ છે. ઘણા વિદ્યાર્થીઓ માટે, આ પુસ્તકો ખરીદવા એ તેમના પોતાના અનુભવોથી ભિન્ન અનુભવોને સમજવાની એક તક છે. અમિતેશ પાલ નામના વિદ્યાર્થીએ કહ્યું, "મારે 'જૂઠન' વાંચવું હતું કારણ કે તે જાતિગત ભેદભાવનો પ્રત્યક્ષ અનુભવ રજૂ કરે છે અને દર્શાવે છે કે સમાનતા માત્ર એક વિચાર બનીને કેમ ન રહી શકે." અન્ય એક વિદ્યાર્થી, જાનવી સિંહે જણાવ્યું કે તેણે જાતિ પ્રથાના ઐતિહાસિક વિકાસ અને લોકોના જીવન પર તેની અસરને સમજવા માટે 'હુ વેર ધ શુદ્રાસ ?' પુસ્તક ખરીદ્યું. તેણે ઉમેર્યું કે સમાજ વિશે વધુ સારી સમજ કેળવવા માટે વિદ્યાર્થીઓએ આવા પુસ્તકો વાંચવા જોઈએ. મહોત્સવમાં ઉપસ્થિત પ્રકાશક કમલા કુમારે કહ્યું, "જાતિ અને સામાજિક ન્યાય પરના પુસ્તકોમાં, 'એનિહિલેશન ઓફ કાસ્ટ' (Annihilation of Caste - જાતિ પ્રથાનો વિનાશ) યુવા વાચકોમાં વિશેષ આકર્ષણ જમાવી રહ્યું છે અને દરરોજ તેની લગભગ સાત નકલો વેચાઈ રહી છે. વિદ્યાર્થીઓ આવા પુસ્તકો તરફ વધુ વળી રહ્યા છે કારણ કે તેઓ એવા લોકોના લખાણો દ્વારા જાતિ, સમાનતા અને સમાજ સુધારણાને સમજવા માંગે છે જેમણે પ્રવર્તમાન સામાજિક માળખાને પડકાર્યા હતા."



# SC/ST પંચે દલિત પાવર એન્જિનિયરો સાથે ભેદભાવના આરોપોની તપાસની માંગ કરી

(એજન્સી) લખનૌ, તા.૧૮
ઉત્તર પ્રદેશ SC/ST પંચના અધ્યક્ષ બૈજનાથ રાવતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર લખીને વીજ વિતરણ કંપનીઓમાં (discoms) દલિત એન્જિનિયરો સાથે ભેદભાવ કરવામાં આવ્યો હોવાના આરોપોની તપાસ કરવાની માંગ કરી છે. બુધવારે લખેલા પત્રમાં, રાવતે 'યુપી પાવર ઓફિસર્સ એસોસિએશન'ના પ્રમુખ આર.પી. કેન અને અન્ય હોદ્દેદારો દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે એસોસિએશને આક્ષેપ કર્યો છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં દલિત એન્જિનિયરોએ ભેદભાવનો સામનો કરવો પડ્યો છે અને અમુક કિસ્સાઓમાં સેવાના નિયમો પસંદગીયુક્ત રીતે લાગુ કરવામાં આવ્યા છે. જોકે રાવતનો પત્ર આ આરોપોની સત્યતાને સ્વતંત્ર રીતે સાબિત કરતો નથી, તેમ છતાં તે મુખ્યમંત્રીને એસોસિએશનની રજૂઆતમાં જણાવેલ તથ્યોની તપાસ કરવા અને ઉચ્ચ સ્તરીય, નિષ્પક્ષ તપાસના આદેશો આપવા વિનંતી કરે છે. એસોસિએશન દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, તેઓ રાજ્યની વિવિધ વીજ કંપનીઓમાં કાર્યરત એક ડઝનથી



વધુ દલિત એન્જિનિયરોને લગતી વિગતો સાથે પંચ સમક્ષ રજૂઆત કરવા ગયા હતા. સંગઠને દાવો કર્યો હતો કે તેમના કિસ્સાઓમાં અલગ-અલગ ધોરણો અપનાવવામાં આવ્યા હતા અને જણાવ્યું હતું કે તેણે પોતાના આરોપોના સમર્થનમાં દસ્તાવેજો રજૂ કર્યા છે. એસોસિએશનના પ્રમુખ આર.પી. કેન, કાર્યકારી પ્રમુખ અવધેશ કુમાર વર્મા, ઉપપ્રમુખ પી.એમ. પ્રભાકર અને હોદ્દેદારો હરીશચંદ્ર વર્મા તથા મુકેશ બાબુએ જણાવ્યું હતું કે તેઓ તપાસ દ્વારા તથ્યો બહાર આવશે તેવી અપેક્ષા રાખે છે. એસોસિએશને કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય સંઘર્ષ ઊભો કરવાનો નહીં, પરંતુ બંધારણીય અને કાનૂની જોગવાઈઓ હેઠળ એન્જિનિયરોના અધિકારોનું રક્ષણ મેળવવાનો છે.


**જાહેર નોટીસ**

ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ નં. ૧૦ (વેજલપુર)ના તાલુકા વેજલપુરના મોજે ગામ વેજલપુરની સીમના સર્વે નંબર- ૬૨૬+૬૨૭, ૬૨૬+૬૨૭/૨, ૬૨૬+૬૨૭/૪ થી ૬૨૬+૬૨૭/૧૪ તથા ૬૨૬+૬૨૭/૧૬ અને ૬૨૬+૬૨૭/૧૭ ની જમીન ઉપર **"ગુલીસ્તા કો.ઓ.હા.સો.લિ."** (રજી.નં.ઘ-૧૮૪૯ તા. ૩૧/૧૨/૧૯૬૬) દ્વારા પાડવામાં આવેલા પ્લોટો પૈકી સબ પ્લોટ નં. ૧૨ (બંગલા નં. ૨/બી) તે ૨૫૦.૮૪ ચો.મી. ની જમીન તથા તે ઉપરનાં ૧૪૮.૯ ચો.મી. (મ્યુ.ટેક્ષ બીલ મુજબ) ના રહેણાંકના હેતુના બાંધકામવાળી મિલકત તથા સોસાયટીના સભ્યપદના હક્કો સહીતની મિલકત **શરીફાબેન ગફફારભાઈ આરબીચાણી** નાઓની આગવી કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા બોજા મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને અઘાટ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. આથી સદર મિલકતમાં જો કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સો, દાવો, અલાખો, ખોરાકી-પોશાકીનો કે ચાર્જ યા લીયનનો યા ઈઝમેન્ટનો કે બીજા કોઈપણ જાતના હક્ક, હિસ્સા પોસાતા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં અમોને નીચેના સરનામે દસ્તાવેજી પુરાવાઓ સહિત જાણ કરવી. જો તે મુજબ વર્તવામાં કસુર કરેથી કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, દાવો, અલાખો પોસાતો નથી અને જો પોસાતો હોય તો તે જતો યાને (વેઈવ) કરેલ છે તેમ ગણી મુદત્ત વિત્યે અમો સદર મિલકતનો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમદાવાદ
તા. ૨૦-૯-૨૦૨૬

**ઈમરાનખાન જે. પઠાણ** (એડવોકેટ)
એ-૪૦૬, ચોથો માળ, બ્લોક-એ, રાજ્યશ રાઈઝ, વિશાલા હોટલ પાસે, રાજ્યશ સીટી, સાઉથ વાસણા, શાહવાડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૯૭૯૦૩૯૫૬૫


# જાપાનમાં ભારતનો જલવો, એશિયન ગેમ્સ ૨૦૨૬નો ભવ્ય પ્રારંભ




મનુ ભાકર અને પવન સેહરાવતના હાથમાં તિરંગો

તા.૧૯
એશિયાના સૌથી મોટા રમત મહોત્સવ એટલે કે ૨૦મી એશિયન ગેમ્સનો શનિવારે જાપાનના આઈચી-નાગોયામાં રંગારંગ અને હાઈટેક ઓપનિંગ સેરેમની સાથે સત્તાવાર પ્રારંભ થઈ ગયો છે. મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે જાપાનના સમ્રાટ નારૂહિતોએ આ રમતોત્સવની સત્તાવાર શરૂઆત જાહેર કરી હતી. આ ભવ્ય પરેડ ઓફ નેશન્સ દરમિયાન ભારતીય દળની આગેવાની ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા નિશાનેબાજ મનુ ભાકર અને સ્ટાર કબડ્ડી પ્લેયર પવન સેહરાવતે હાથમાં તિરંગો લઈને કરી હતી. ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાના પ્રમુખ શેખ જોઆન બિન હમદ અલ થાની અને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના પ્રમુખ કિર્સ્ટી કોવેન્ટ્રી તેમજ જાપાની શાહી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં સમ્રાટ નારુહિતોએ એશિયન ગેમ્સ ૨૦૨૬ને ખુલ્લી મૂકી હતી. ૨ કલાક ચાલેલા આ સમારોહની શરૂઆત જાપાનના રાષ્ટ્રગીત અને ધ્વજવંદન સાથે થઈ હતી, જ્યાં જાપાની સેલ્ફ-ડિફેન્સ ફોર્સિસના ૯ જવાનો રાષ્ટ્રધ્વજ મંચ પર લાવ્યા હતા. આ સમારોહમાં ગેમ્સના સત્તાવાર મેસ્કોટ 'હોનોહોન'ની વિશેષ પ્રસ્તુતિ થઈ હતી. જાપાનીઝ ભાષામાં ''જ્વાળા'' માટે વપરાતા પ્રાચીન શબ્દ પરથી આ નામ લેવાયું છે, જે રમતવીરોના જુસ્સા, ઉર્જા અને સપના સાકાર કરવાની અંદરની આગનું પ્રતીક છે. પેલોમા મિઝુહો સ્ટેડિયમમાં ભારતીય ત્રિરંગો લહેરાવતી વખતે પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ૨ બ્રોન્ઝ મેડલ જીતનારી મનુ ભાકર ભાવુક નજરે પડી હતી. મનુ ભાકરે જણાવ્યું કે, આટલા મોટા વૈશ્વિક મંચ પર દેશના ધ્વજવાહક બનવું એ મારા માટે અત્યંત ગર્વ અને ભાવનાત્મક ક્ષણ છે. શૂટિંગના શરૂઆતી દિવસોથી લઈને આજ સુધી મળેલા સમર્થન માટે હું સૌની આભારી છું. મનુ આ ગેમ્સમાં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ, ૨૫ મીટર પિસ્તોલ અને ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટ્સમાં ભાગ લેશે. બીજી તરફ, કબડ્ડી ટીમનો સુકાની પવન સેહરાવત પણ પુરૂષ ધ્વજવાહક તરીકે જોડાયો હતો. અગાઉ શોટ પુટર તજિન્દરપાલ સિંહ તૂરને આ જવાબદારી સોંપાઈ હતી, પરંતુ ટેકનિકલ કારણોસર તેમને સમયસર સેરેમોનિયલ કિટ ન મળતાં છેલ્લી ઘડીએ પવન સેહરાવતને પસંદ કરાયો હતો. પવન ૨૦૨૨ હાંગઝોઉ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ટીમનો હિસ્સો હતો. ભારતે આ વખતે ૫૦૧ સભ્યોની વિશાળ ટુકડી મોકલી છે જે ૩૬ રમતોમાં પડકાર ફેંકશે. ભારતીય ટીમનો લક્ષ્યાંક ૨૦૨૩ના હાંગઝોઉ એશિયન ગેમ્સના પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનને પાર કરવાનો રહેશે, જ્યાં ભારતે ૨૮ ગોલ્ડ સહિત કુલ ૧૦૬ મેડલ જીતીને મેડલ ટેલીમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. ભારત આ વખતે એથ્લેટિક્સ, શૂટિંગ, કુસ્તી, બોક્સિંગ, બેડમિન્ટન ઉપરાંત એસ્પોર્ટ્સ અને ટેકબોલ જેવી નવી રમતોમાં પણ સ્પર્ધા કરી રહ્યું છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઓપનિંગ સેરેમની પહેલાં જ યજમાન જાપાનને ૮ વિકેટે હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. ક્વિમ્સી ડિસોઝા મહિલા સિંગલ્સની સેમિફાઈનલ હારી ગઈ હોવાથી હવે તે બ્રોન્ઝ મેડલ માટે મેદાનમાં ઉતરશે. ૧૯૯૦થી અત્યાર સુધી રમાયેલી ૯ એશિયન ગેમ્સમાંથી ભારતે ૮ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. માત્ર ૨૦૧૮માં બ્રોન્ઝ મળ્યો હતો, પરંતુ ૨૦૨૨માં ઈરાનને ૩૩-૨૯થી હરાવીને ભારતે ટાઈટલ પરત મેળવ્યું હતું. આ એશિયન ગેમ્સમાં પરંપરાગત રમતો સાથે ટેકબોલ (ટેબલ ટેનિસ અને ફૂટબોલનું મિશ્રણ) અને વર્ચ્યુઅલ તાઈકવાન્ડો ડેબ્યૂ કરી રહ્યા છે, જ્યારે એસ્પોર્ટ્સનો ફરી સમાવેશ કરાયો છે. પરેડમાં અફઘાનિસ્તાનની ટુકડી સૌથી પ્રથમ પ્રવેશી હતી, જ્યારે ચીને ૮૦૦થી વધુ ખેલાડીઓનું સૌથી મોટું દળ ઉતારીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ટોક્યોમાં યોજાનારી સ્વિમિંગ સ્પર્ધામાં ૧૦૦ મીટર ફ્રીસ્ટાઈલ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર ચીનનો પાન ઝાનલે અને ૧૩ વર્ષીય સનસનાટી યુ ઝીડી ભાગ લેશે. કેટલાક દિવસોના સંચાલન વિવાદો અને સ્ટેડિયમમાં ખાલી સીટો હોવા છતાં, હવે બધું ધ્યાન મેદાન પરના મુકાબલાઓ તરફ વળી ગયું છે. રવિવારથી ગોલ્ડ મેડલની સત્તાવાર રેસ શરૂ થશે.

# BCCIમાં પરિવર્તનનો પવન : અજિત અગરકર ચીફ સિલેક્ટર પદ છોડશે !

તા.૧૯
BCCIની ૯૫મી AGMમાં અનેક મહત્વના નિર્ણયો લેવાયા છે. ચીફ સિલેક્ટર અજીત આગરકરનો ૪ ઓક્ટોબરે કાર્યકાળ પૂરો થતા તેઓ પદ છોડશે. આ અંગે અંતિમ નિર્ણય લેવાની સત્તા અધિકારીઓને અપાઈ છે. જૂનિયર સિલેક્શન કમિટીના ૫ પદો ૧૫ દિવસમાં ભરાશે. અમ્પાયરોના દૈનિક ભથ્થામાં વધારો કરાયો છે, જે હવે રૂ.૩૫,૦૦૦થી રૂ.૬૦,૦૦૦ સુધી રહેશે. નવી એજ વેરિફિકેશન અને સેક્સ્યુઅલ હેરેસમેન્ટ પોલિસી પણ અપનાવાઈ છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની ૯૫ મી એન્યુઅલ જનરલ મીટિંગ (AGM)માં અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠક દરમિયાન સૌથી મોટી ચર્ચા ચીફ સેલેક્ટર અજીત આગરકરના ભવિષ્યને લઈને રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અજીત આગરકર હવે આ પદ પર આગળ ચાલુ રહેવાની ઈચ્છા ધરાવતા નથી. તેમનો વર્તમાન કાર્યકાળ ૪ ઓક્ટોબરે પૂરો થઈ રહ્યો છે.

**અજીત આગરકરનો કાર્યકાળ અને AGMના અધિકારો**

- અહેવાલ મુજબ, અજીત આગરકર સાથે જોડાયેલા એક સૂત્રએ પુષ્ટિ કરી છે કે તેમણે અગાઉથી જ BCCIને આ બાબતે જાણ કરી દીધી છે.
- શુક્રવારે મળેલી AGM દરમિયાન BCCIએ અધિકારીઓને સિલેક્શન કમિટીઓ સાથે જોડાયેલા મામલાઓ પર અંતિમ નિર્ણય લેવાની સત્તા આપી દીધી છે.
- આ બેઠકમાં ભારતના પૂર્વ કપ્તાન સૌરવ ગાંગુલી અને પૂર્વ ફાસ્ટ બોલર વેંકટેશ પ્રસાદ સહિત અનેક રાજ્ય સદસ્ય બોર્ડના પ્રતિનિધિઓ સામેલ થયા હતા.

**જૂનિયર સિલેક્શન કમિટી અને ફિલ્ડિંગ કોચ અંગે અપડેટ**

- સીનિયર સિલેક્શન કમિટીના પ્રમુખના ભવિષ્ય ઉપરાંત, BCCI જૂનિયર સિલેક્શન કમિટીના તમામ ૫ પદોને ભરવા પર પણ ગંભીરતાથી વિચાર કરી રહી છે.
- બોર્ડના સેક્રેટરી દેવજીત સાઈકિયાએ જણાવ્યું કે જૂનિયર સિલેક્શન કમિટી માટે મોટી સંખ્યામાં અરજીઓ મળી છે અને આગામી ૧૫ દિવસની અંદર આ પ્રક્રિયા પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.
- ભારતીય ફિલ્ડિંગ કોચ શુભદીપ ઘોષની નિમણૂક શોર્ટ-ટર્મ માટે કરવામાં આવી છે, અને તેમના પ્રદર્શનની સમીક્ષા કર્યા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

**અમ્પાયરોના પેમેન્ટ સ્ટ્રક્ચરમાં ફેરફાર અને અન્ય નિર્ણયો**

- જનરલ બોડીએ અમ્પાયરો અને મેચ રેફરીઓ માટે વધુ સારા પેમેન્ટ સ્ટ્રક્ચર તથા ગ્રેડ્સના પુનર્ગઠનને મંજૂરી આપી દીધી છે.
- બદલાયેલા નવા ગ્રેડ (A, B, C અને D) મુજબ હવે ડોમેસ્ટિક અને અન્ય મેચો માટે દૈનિક ભથ્થું ક્રમશઃ રૂ.૬૦,૦૦૦, રૂ.૫૦,૦૦૦, રૂ.૪૦,૦૦૦ અને રૂ.૩૫,૦૦૦ સુધી કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત, કેટલીક યુનિટ્સમાં ઉંમર સંબંધી છેતરપિંડીના કિસ્સાઓ સામે આવ્યા બાદ BCCIએ પોતાની નવી એજ વેરિફિકેશન પોલિસી અપનાવી છે તથા સેક્સ્યુઅલ હૈરેસમેન્ટ પોલિસી અંતર્ગત એક નવી ઈન્ટરનલ કમિટી પણ બનાવવામાં આવી છે.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**સેલ્સમેન/ગર્લ**
પાલડી, ડ્રેશના શો રૂમ માટે, સ્ટાફ જોઈએ છે
M. 9978639456

**જોઈએ છે લેડીઝ**
મોટી ઉંમરના બહેનની સારસંભાળ રાખી શકે, ૨૪ કલાક રહે અને કામ કરી શકે તેવા
મો. 9727230625

**લેડીઝ કાપડની દુકાન માટે**
અનુભવી સેલ્સમેન જોઈએ છે, ઢાલગરવાડ, અમદાવાદ
8511441156

**જોઈએ છે**
દાણીલીમડા/શાહઆલમ/ શાહપુરમાં મકાન
M. 9426376765
દલાલી 1%

**જોઈએ છે**
બંગલા માટે પ્લોટ, જુહાપુરાથી સરખેજ મેઈન રોડ ટચ સોસાયટીમાં
M. 7878603003

**ફોર વ્હીર માટે ડ્રાઈવરની જરૂર છે**
જુહાપુરાથી શાહપુર, અનુભવી તથા વ્યવસ્થિત
મો. 8469407237

**વેચવાનું છે**

**For Rent**
AL HAMD-4, T.P.85, 2 BHK, Rent 23000/-
Mob. 8141402925

**Office for Rent/ Sell** Sun west bank ashram road
Broker 9825415296

**2600 sq.ft. office for sell**
Parimal garden
Broker 9825415296

**વેચવાનું છે**
ફ્લેટ 2 BHK, જુહાપુરા
8799220779

**જમીન વેચવાની છે**
રોડ ટચ ખેતીની 20 એકર, 15 લાખ એકર, મોજે આમોદ, તાલુકા આમોદ, ભરૂચ જિલ્લામાં
9427599292

**ફ્લેટ વેચવાનો છે**
1 BHK રિલીફ રોડ
9173670508

**વેચવાની છે**
ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ @ સ્પેક્ટ્રમ, રિલીફ રોડ
9825616616

**મકાન વેચવાનું છે**
ત્રણ માળ પાકું આર.સી.સી, ફુલ ફેસિલીટીવાળું, મંકોડીપાડાની પોળ, લાલ સ્કૂલ સામે, શાહપુર
9723496244
9558157247

**ફ્લેટ વેચવાનો છે**
પાલડી, 2 BHK, મોકાનો, ફુલ હવાઉજાસ, એલોટેડ પાર્કિંગ
મો. 9499741838

**પ્લોટ વેચવાનો છે**
માતર 2000 વાર, વ્યાજબી ભાવે, N/A, મલ્ટીપલ દસ્તાવેજ કરેલ છે
8735845061

**Flat For Sale Available**
Himalaya Falaknuma Juhapura, 2 BHK
Broker 7777999667

**Flat For Rent Available**
Classic Highland, Near Al-Burooj, 4 BHK
Broker 7777999667

જુહાપુરા, માર્વેલ બેકરી પાસે, ટાઈટલ ક્લિયર મકાન વેચવાનું છે
7777999667

**પ્લોટ વેચવાનો છે**
ગ્રીન પાર્ક સોસાયટી (મરઘા ફાર્મ) ગોકુલધામ પાસે, શાંતિપુરા
9879551416

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ભાડે આપવાનું છે**
ડુપ્લેક્ષ, સંપૂર્ણ સગવડવાળો નીચે રૂમ-કિચન-વોશ એરિયા ઉપર ૨ રૂમ બાથરૂમ સાથે હૈદરી બાગ- હાર્ટી માર્ટ પાસે, સરખેજ
9824166580

**રોકાણ માટે સારી તક**
ખેડા-માતર-પરીએજ-નડિયાદ-આણંદ-તારાપુર-મહેમદાવાદ-કઠલાલ, રોડ ટચ - કેનાલ ટચ, ખેતીલાઙક જમીન-ફાર્મ હાઉસ માટે અમલખ પ્રોપર્ટીઝ
9824462992

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ, હેવી ડિપોઝિટ
8141837313
ગુલુચાચા

**ફ્લેટ ભાડે આપવાનો છે**
સરકારી/કંપનીના કર્મચારીઓ માટે 2 BHK, અલ-અર્શ-૨, પ્રાઈમ લોકેશન, વિશાલા સર્કલ, અમદાવાદ
9023006199

**ફ્લેટ ભાડે આપવાનો છે**
સોનલ સિનેમા રોડ, જુહાપુરા પાસે, પ્રાઈમ લોકેશન, સંપૂર્ણ સુવિધા સાથે, (ફર્નિચર) TP 85, હસનૈન સોસાયટી, કાદરી પાર્ટી પ્લોટની બાજુમાં સરખેજ, અમદાવાદ
9104866776

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Farooqui 9099421218
Anis Farooqui 9099521218

**વેચાણ આપવાના છે**
(1) 1 BHK 45 લાખમાં/3 BHK 1.50 કરોડ, શાહઆલમમાં
(2) 3000 વાર નેટ માતર ટ્રાજ કેનાલ પર બધી મિલકત NA, NOC ટાઈટલ ક્લિયર
મો.9426769223

જુહાપુરામાં પ્રતિષ્ઠિત સોસાયટીમાં ટાઈટલ ક્લિયર 150થી 600 વારના પ્લોટ ઉપલબ્ધ
9825013048

પ્રોપર્ટી લેવા, વેચવા તેમજ ભાડે આપવા માટે મળો
A one Properties Consultant
હૈદરભાઈ 9227777881

**વેચાણ**
Seventh Heaven
હાઈરાઈઝ નવી સ્કીમમાં, 3 BHK ફ્લેટ, મકરબા સરખેજમાં આપવાનો છે.
M.9376141138

**વેચાણ**
65 વારનું ફ્લેટ, ગોલ્ડન પર્લ, સફવાન પાર્ક, જુહાપુરા
9909191833

**વ્યવસાયીલક્ષી/ અન્ય**

**નામ બદલેલ છે**
મારૂં નામ **મોહમદ અદનાન આરીફભાઈ કુરેશી** હતું તે બદલી **અદનાન આરીફ કુરેશી** રાખેલ છે.
૧૭૯૯, રસુલાબાદ સોસાયટી, નુર-એ-મોહંમદી મસ્જિદ પાસે, શાહઆલમ, અમદાવાદ

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી**
ઓફિસનું સરનામું
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,
મો.૯૯૯૮૮૮૦૩૩૦

### હદીસ બોધ

જે પોતાનું સ્વમાન જાળવી રાખે છે તે બુદ્ધિશાળી છે અને જે જાળવતો નથી તે મૂર્ખ છે. (હદીસ બોધ)

### બોધ વચન

ઈચ્છા જો ઘોડો બને તો દરેક વ્યક્તિ ઘોડેસવાર બની જાય. - શેક્સપિયર

### આજની આરસી

૨૦ સપ્ટેમ્બર રવિવાર ૨૦૨૬
૭ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા સુદ નોમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૦૮
ખત્મે ઝવાલ ૧૨-૩૩
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૯

### અગત્યની સુચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

સંપૂર્ણ શિડ્યુલ જાહેર

# ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ૮ મેચ રમાશે, રોહિત-વિરાટની વાપસી

## ટીમ ઈન્ડિયા સામે કેરેબિયન ટીમ ૩ વનડે અને ૫ ટી૨૦ મેચની રોમાંચક શ્રેણી રમશે : પ્રથમ વન ડે ૨૭મી સપ્ટેમ્બરે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯
વિશ્વ ક્રિકેટમાં ઉત્સાહ અને રોમાંચનો માહોલ સર્જવા માટે વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ ટીમ આ મહિને ભારતના મહત્વપૂર્ણ પ્રવાસે આવી રહી છે. આ પ્રવાસ દરમિયાન પ્રવાસી કેરેબિયન ટીમ અને ભારત વચ્ચે કુલ ૮ આંતરરાષ્ટ્રીય મેચો રમાશે, જેમાં ૩ વનડે (ODI) અને ૫ ટી૨૦ (T20I) મેચોનો સમાવેશ થાય છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા આ બંને શ્રેણી માટે ભારતીય ટીમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ શ્રેણીનું સૌથી મોટું આકર્ષણ દિગ્ગજ બેટ્સમેન રોહિત શર્મા અને વિરાટ કોહલીની વનડે ટીમમાં વાપસી છે. બંને સ્ટાર ખેલાડીઓ મેદાન પર ફરી એકવાર પોતાના અનુભવ અને કૌશલ્યનું પ્રદર્શન કરતા જોવા મળશે.

આ પ્રવાસનો પ્રારંભ ૨૭ સપ્ટેમ્બરે પ્રથમ વનડે મુકાબલાથી થશે અને આ સમગ્ર પ્રવાસની અંતિમ ટી૨૦ મેચ ૧૭ ઓક્ટોબરે સંપન્ન થશે. જો કે, વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડ દ્વારા હજુ સુધી ભારત સામેની બંને શ્રેણી માટે પોતાના ખેલાડીઓની સત્તાવાર યાદી બહાર પાડવામાં આવી નથી.

**વનડે શ્રેણીનું સંપૂર્ણ સમયપત્રક (મેચનો સમય : બપોરે ૨:૦૦ વાગ્યાથી)**

**પ્રથમ વનડે :** ૨૭ સપ્ટેમ્બર - ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ, તિરુવનંતપુરમ

**બીજી વનડે :** ૩૦ સપ્ટેમ્બર - બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ, ગુવાહાટી

**ત્રીજી વનડે :** ૩ ઓક્ટોબર - મુલ્લાનપુર સ્ટેડિયમ, નવું ચંદીગઢ

**ટી૨૦ શ્રેણીનું સંપૂર્ણ સમયપત્રક (મેચનો સમય : સાંજે ૭:૦૦ વાગ્યાથી)**

**પ્રથમ ટી૨૦ :** ૬ ઓક્ટોબર - એકાના સ્ટેડિયમ, લખનૌ

**બીજી ટી૨૦ :** ૯ ઓક્ટોબર - જેએસસીએ (JSCA) સ્ટેડિયમ, રાંચી

**ત્રીજી ટી૨૦ :** ૧૧ ઓક્ટોબર - હોલકર સ્ટેડિયમ, ઈન્દોર

**ચોથી ટી૨૦ :** ૧૪ ઓક્ટોબર - રાજીવ ગાંધી સ્ટેડિયમ, હૈદરાબાદ

**પાંચમી ટી૨૦ :** ૧૭ ઓક્ટોબર - એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ, બેંગ્લુરૂ વનડે ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું સુકાન યુવા બેટ્સમેન શુભમન ગિલ સંભાળશે, જ્યારે ટી૨૦ ફોર્મેટમાં અનુભવી ખેલાડી શ્રેયસ ઐયરને નેતૃત્વ સોંપવામાં આવ્યું છે.

**વનડે શ્રેણી માટે ભારતની ૧૫ સભ્યોની ટીમ :** શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ (વિકેટકીપર), ઋતુરાજ ગાયકવાડ, ધ્રુવ જુરેલ (રિઝર્વ વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ કૃષ્ણ, ગુરનુર બ્રાર, મોહમ્મદ સિરાજ, આકિબ નબી દાર, યશસ્વી જયસ્વાલ અને નમન ધીર.

**ટી૨૦ શ્રેણી માટે ભારતની ૧૫ સભ્યોની ટીમ :** શ્રેયસ ઐયર (કેપ્ટન), તિલક વર્મા (ઉપ-કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), શિવમ દુબે, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ અને મયંક યાદવ.

# જાપાનમાં ભારતનો જલવો, એશિયન ગેમ્સ ૨૦૨૬નો ભવ્ય પ્રારંભ



મનુ ભાકર અને પવન સેહરાવતના હાથમાં તિરંગો

તા.૧૯
એશિયાના સૌથી મોટા રમત મહોત્સવ એટલે કે ૨૦મી એશિયન ગેમ્સનો શનિવારે જાપાનના આઈચી-નાગોયામાં રંગારંગ અને હાઈટેક ઓપનિંગ સેરેમની સાથે સત્તાવાર પ્રારંભ થઈ ગયો છે. મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે જાપાનના સમ્રાટ નારુહિતોએ આ રમતોત્સવની સત્તાવાર શરૂઆત જાહેર કરી હતી. આ ભવ્ય પરેડ ઓફ નેશન્સ દરમિયાન ભારતીય દળની આગેવાની ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા નિશાનેબાજ મનુ ભાકર અને સ્ટાર કબડ્ડી પ્લેયર પવન સેહરાવતે હાથમાં તિરંગો લઈને કરી હતી. ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાના પ્રમુખ શેખ જોઆન બિન હમદ અલ થાની અને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના પ્રમુખ કિર્સ્ટી કોવેન્ટ્રી તેમજ જાપાની શાહી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં સમ્રાટ નારુહિતોએ એશિયન ગેમ્સ ૨૦૨૬ને ખુલ્લી મૂકી હતી. ૨ કલાક ચાલેલા આ સમારોહની શરૂઆત જાપાનના રાષ્ટ્રગીત અને ધ્વજવંદન સાથે થઈ હતી, જ્યાં જાપાની સેલ્ફ-ડિફેન્સ ફોર્સિસના ૯ જવાનો રાષ્ટ્રધ્વજ મંચ પર લાવ્યા હતા. આ સમારોહમાં ગેમ્સના સત્તાવાર મેસ્કોટ 'હોનોહોન'ની વિશેષ પ્રસ્તુતિ થઈ હતી. જાપાનીઝ ભાષામાં "જ્વાળા" માટે વપરાતા પ્રાચીન શબ્દ પરથી આ નામ લેવાયું છે, જે રમતવીરોના જુસ્સા, ઉર્જા અને સપના સાકાર કરવાની અંદરની આગનું પ્રતીક છે. પેલોમા મિઝુહો સ્ટેડિયમમાં ભારતીય ત્રિરંગો લહેરાવતી વખતે પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ૨ બ્રોન્ઝ મેડલ જીતનારી મનુ ભાકર ભાવુક નજરે પડી હતી. મનુ ભાકરે જણાવ્યું કે, આટલા મોટા વૈશ્વિક મંચ પર દેશના ધ્વજવાહક બનવું એ મારા માટે અત્યંત ગર્વ અને ભાવનાત્મક ક્ષણ છે. શૂટિંગના શરૂઆતી દિવસોથી લઈને આજ સુધી મળેલા સમર્થન માટે હું સૌની આભારી છું. મનુ આ ગેમ્સમાં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ, ૨૫ મીટર પિસ્તોલ અને ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટ્સમાં ભાગ લેશે. બીજી તરફ, કબડ્ડી ટીમનો સુકાની પવન સેહરાવત પણ પુરૂષ ધ્વજવાહક તરીકે જોડાયો હતો. અગાઉ શોટ પુટર તજિન્દરપાલ સિંહ તૂરને આ જવાબદારી સોંપાઈ હતી, પરંતુ ટેક્નિકલ કારણોસર તેમને સમયસર સેરેમોનિયલ કિટ ન મળતાં છેલ્લી ઘડીએ પવન સેહરાવતને પસંદ કરાયો હતો. પવન ૨૦૨૨ હાંગઝોઉ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ટીમનો હિસ્સો હતો. ભારતે આ વખતે ૫૦૧ સભ્યોની વિશાળ ટુકડી મોકલી છે જે ૩૬ રમતોમાં પડકાર ફેંકશે. ભારતીય ટીમનો લક્ષ્યાંક ૨૦૨૩ના હાંગઝોઉ એશિયન ગેમ્સના પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનને પાર કરવાનો રહેશે, જ્યાં ભારતે ૨૮ ગોલ્ડ સહિત કુલ ૧૦૬ મેડલ જીતીને મેડલ ટેલીમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. ભારત આ વખતે એથ્લેટિક્સ, શૂટિંગ, કુસ્તી, બોક્સિંગ, બેડમિન્ટન ઉપરાંત એસ્પોર્ટ્સ અને ટેકબોલ જેવી નવી રમતોમાં પણ સ્પર્ધા કરી રહ્યું છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઓપનિંગ સેરેમની પહેલાં જ યજમાન જાપાનને ૮ વિકેટે હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. ક્વિમ્સી ડિસોઝા મહિલા સિંગલ્સની સેમિફાઈનલ હારી ગઈ હોવાથી હવે તે બ્રોન્ઝ મેડલ માટે મેદાનમાં ઉતરશે.

BCCIના સચિવ દેવજીત સૈકિયાએ માહિતી આપી

# પુરુષ અને મહિલા બંને એશિયા કપ ટ્રોફી ચોક્કસપણે એક દિવસ ભારત આવશે

## આ માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી

નવી દિલ્હી, તા.૧૯ : એશિયા કપની ટ્રોફી અંગે ફરી એકવાર મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. BCCIના સચિવ દેવજીત સૈકિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે પુરુષ અને મહિલા એશિયા કપની ટ્રોફી આખરે ભારત પહોંચશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે હાલમાં આ માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા આપી શકાય તેમ નથી. સૈકિયાના જણાવ્યા અનુસાર, બંને ટ્રોફી આખરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આવેલા BCCIના મુખ્યાલયમાં લાવવામાં આવશે. હાલમાં તે દુબઈમાં ACCના મુખ્યાલયમાં છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે એશિયા કપ જીત્યા બાદ ભારતીય પુરુષ ટીમે ACC પ્રમુખ મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અને પાકિસ્તાનના ગૃહમંત્રી છે. મીડિયા સાથે વાત કરતા સૈકિયાએ કહ્યું કે, અમને આશા છે કે એશિયા કપની બંને ટ્રોફી એક દિવસ પાછી આવશે. હું તમને કોઈ ચોક્કસ સમયમર્યાદા આપી શકતો નથી, પરંતુ હું તમને ખાતરી આપી શકું છું કે બંને ટ્રોફી ચોક્કસપણે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આવેલા BCCI મુખ્યાલય સુધી પહોંચશે. તાજેતરમાં મહિલા T20 એશિયા કપ જીત્યા પછી ભારતીય મહિલા ટીમે પણ સત્તાવાર ટ્રોફી અર્પણ સમારોહમાં ભાગ લીધો નહોતો. જે કાર્યક્રમમાં નકવી હાજર હતા. પરિણામે પુરુષ કે મહિલા એશિયા કપની ટ્રોફી ભારતીય ટીમોને સીધી સોંપવામાં આવી નહોતી અને તે દુબઈમાં ACC મુખ્યાલયમાં જ રહી હતી. મહિલા T20 એશિયા કપની ફાઈનલ બાદ ભારતીય ટીમે એક નાનો, અલગ મેડલ સમારોહ યોજ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન BCCIના સચિવ દેવજીત સૈકિયા અને ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ ભારતીય ખેલાડી નંદિની શર્માને ફિલ્ડિંગ મેડલ અર્પણ કર્યો હતો.

# BCCIમાં પરિવર્તનનો પવન : અજિત અગરકર ચીફ સિલેક્ટર પદ છોડશે !

તા.૧૯
BCCIની ૯૫મી AGMમાં અનેક મહત્વના નિર્ણયો લેવાયા છે. ચીફ સિલેક્ટર અજીત આગરકરનો ૪ ઓક્ટોબરે કાર્યકાળ પૂરો થતા તેઓ પદ છોડશે. આ અંગે અંતિમ નિર્ણય લેવાની સત્તા અધિકારીઓને અપાઈ છે. જૂનિયર સિલેક્શન કમિટીના ૫ પદો ૧૫ દિવસમાં ભરાશે. અમ્પાયરોના દૈનિક ભથ્થામાં વધારો કરાયો છે, જે હવે રૂા.૩૫,૦૦૦થી રૂા.૬૦,૦૦૦ સુધી રહેશે. નવી એજ વેરિફિકેશન અને સેક્સ્યુઅલ હેરેસમેન્ટ પોલિસી પણ અપનાવાઈ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની ૯૫ મી એન્યુઅલ જનરલ મીટિંગ (AGM)માં અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠક દરમિયાન સૌથી મોટી ચર્ચા ચીફ સેલેક્ટર અજીત આગરકરના ભવિષ્યને લઈને રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અજીત આગરકર હવે આ પદ પર આગળ ચાલુ રહેવાની ઈચ્છા ધરાવતા નથી. તેમનો વર્તમાન કાર્યકાળ ૪ ઓક્ટોબરે પૂરો થઈ રહ્યો છે.

**અજીત આગરકરનો કાર્યકાળ અને AGMના અધિકારો**

- અહેવાલ મુજબ, અજીત આગરકર સાથે જોડાયેલા એક સૂત્રએ પુષ્ટિ કરી છે કે તેમણે અગાઉથી જ BCCIને આ બાબતે જાણ કરી દીધી છે.
- શુક્રવારે મળેલી AGM દરમિયાન BCCIએ અધિકારીઓને સિલેક્શન કમિટીઓ સાથે જોડાયેલા મામલાઓ પર અંતિમ નિર્ણય લેવાની સત્તા આપી દીધી છે.
- આ બેઠકમાં ભારતના પૂર્વ કપ્તાન સૌરવ ગાંગુલી અને પૂર્વ ફાસ્ટ બોલર વેંકટેશ પ્રસાદ સહિત અનેક રાજ્ય સદસ્ય બોર્ડના પ્રતિનિધિઓ સામેલ થયા હતા.

**જૂનિયર સિલેક્શન કમિટી અને ફિલ્ડિંગ કોચ અંગે અપડેટ**

- સીનિયર સિલેક્શન કમિટીના પ્રમુખના ભવિષ્ય ઉપરાંત, BCCI જૂનિયર સિલેક્શન કમિટીના તમામ ૫ પદોને ભરવા પર પણ ગંભીરતાથી વિચાર કરી રહી છે.
- બોર્ડના સેક્રેટરી દેવજીત સાઈકિયાએ જણાવ્યું કે જૂનિયર સિલેક્શન કમિટી માટે મોટી સંખ્યામાં અરજીઓ મળી છે અને આગામી ૧૫ દિવસની અંદર આ પ્રક્રિયા પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.
- ભારતીય ફિલ્ડિંગ કોચ શુભદીપ ઘોષની નિમણૂક શોર્ટ-ટર્મ માટે કરવામાં આવી છે, અને તેમના પ્રદર્શનની સમીક્ષા કર્યા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

**અમ્પાયરોના પેમેન્ટ સ્ટ્રક્ચરમાં ફેરફાર અને અન્ય નિર્ણયો**

- જનરલ બોડીએ અમ્પાયરો અને મેચ રેફરીઓ માટે વધુ સારા પેમેન્ટ સ્ટ્રક્ચર તથા ગ્રેડ્સના પુનર્ગઠનને મંજૂરી આપી દીધી છે.
- બદલાયેલા નવા ગ્રેડ (A, B, C અને D) મુજબ હવે ડોમેસ્ટિક અને અન્ય મેચો માટે દૈનિક ભથ્થું ક્રમશઃ રૂા.૬૦,૦૦૦, રૂા.૫૦,૦૦૦, રૂા.૪૦,૦૦૦ અને રૂા.૩૫,૦૦૦ સુધી કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત, કેટલીક યુનિટ્સમાં ઉંમર સંબંધી છેતરપિંડીના કિસ્સાઓ સામે આવ્યા બાદ BCCIએ પોતાની નવી એજ વેરિફિકેશન પોલિસી અપનાવી છે

# આપ (AAP)નો દલિત વિરોધાભાસ દીવાલ પર આંબેડકર અને ગંભીર સવાલોનો સામનો કરતા મંત્રી

(એજન્સી) ચંદીગઢ, તા.૧૯
તમામ રાજ્યોમાં પંજાબની વસ્તીમાં દલિતોનું પ્રમાણ સૌથી વધુ છે, અને તાજેતરની કેટલીક ઘટનાઓએ તેમના સંબંધિત રાજકારણને ગરમાવ્યું છે, જેનાથી વિપક્ષને સત્તાધારી આમ આદમી પાર્ટી (AAP) પર પ્રહારો કરવાની તક મળી છે. જે પાર્ટી પોતાની ઓફિસોમાં દલિત આઈકોન અને પ્રખ્યાત કાયદાશાસ્ત્રી ભીમરાવ આંબેડકરના ચિત્રો પ્રદર્શિત કરે છે, તે હવે એક દલિત વ્યક્તિના મૃત્યુને કારણે કઠેડામાં છે અને આ મામલો ડ્રગ્સની સમસ્યા અને ગ્રામીણ સંકટ સાથે જોડાયેલો છે, જે રાજ્યની ચૂંટણીના છ મહિના પહેલાં જ મુખ્ય મુદ્દાઓ તરીકે ઉભરી આવ્યા છે. ગુલ્ઝાર સિંહ તૂર બંજારા ગામના રહેવાસી હતા, જે દિરબા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે; આ વિસ્તારમાંથી નાણામંત્રી હરપાલ સિંહ ચીમા ધારાસભ્ય છે. આ વિસ્તાર મુખ્યમંત્રી ભગવંત માનના ગૃહ જિલ્લા સંગરૂરમાં આવે છે. ગુલ્ઝાર સિંહના મૃત્યુએ રાજ્યના ડ્રગ્સ વિરોધી જોરદાર અભિયાન 'યુદ્ધ નહીં, વિરૂદ્ધ' પર સવાલો ઉભા કર્યા છે. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ, જ્યારે હરપાલ ચીમા (જે પોતે દલિત છે) તૂર બંજારામાં હાજર હતા, ત્યારે ગુલ્ઝાર સિંહે જાહેરમાં તેમનો સામનો કર્યો અને પૂછ્યું કે ગામમાં ખુલ્લેઆમ ડ્રગ્સ કેમ વેચાઈ રહ્યા છે. ગામમાં ડ્રગ્સની હેરાફેરી વિશે માહિતી આપવા બદલ ગુલ્ઝાર સિંહને સમર્થન આપવાને બદલે, મંત્રી, સ્ટાફ અને સ્થાનિક લોકોએ કથિત રીતે તેમને બાજુ પર ખસેડી દીધા હતા. તે જ સાંજે, ગુલ્ઝાર સિંહને કથિત રીતે બોલાવવામાં આવ્યા અને મંત્રીને સવાલ કરવા બદલ બિનશરતી જાહેર માફી માંગવા માટે ભારે દબાણ અને ધમકીઓનો સામનો કરવો પડ્યો. માનસિક તણાવમાં આવીને, ગુલ્ઝાર સિંહે ૮ સપ્ટેમ્બરના રોજ ઝેરી પદાર્થનું સેવન કર્યું અને તેમનું મૃત્યુ થયું. મૃત્યુ પહેલાં, તેમણે એક વિડિયો નિવેદન (મૃત્યુકાલીન નિવેદન) રેકોર્ડ કર્યું હતું જેમાં તેમણે સામનો કરેલી ધમકીઓ અંગે મંત્રી ચીમા અને સ્થાનિક પંચાયતના સભ્યોના નામ આપ્યા હતા. મંત્રીએ આમાં પોતાની કોઈ ભૂમિકા હોવાનો ઈનકાર કર્યો છે, અને કેટલાક સ્થાનિક નેતાઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ મૃત્યુને કારણે રાજ્યભરમાં ભારે રાજકીય રોષ ફેલાયો અને જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી. તેમણે કહ્યું હતું કે તેમનો પુત્ર ડ્રગ્સનો વ્યસની હતો. તેમણે માત્ર મંત્રીને જાહેરમાં એવું જ નહોતું કહ્યું કે ડ્રગ્સની ઉપલબ્ધતાને કારણે તેમનું ગામ તણાવમાં છે, પરંતુ એ પણ જણાવ્યું હતું કે વ્યસનને કારણે ત્રણ યુવાનોના મોત થયા છે. વિરોધ પક્ષોએ ડ્રગ્સ-વિરોધી અભિયાનને માત્ર પ્રચાર ગણાવ્યું હતું અને હવે તેઓ દલિત સમુદાયને આપેલા વચનો તથા તેમના અધિકારોના રક્ષણ અંગે 'આપ' (AAP) પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ લગાવી રહ્યા છે. પોલીસે સરપંચ, તેમના પતિ અને અન્ય ત્રણ લોકો સામે આત્મહત્યા માટે ઉશ્કેરણી અને SC/ST એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે, પરંતુ તે FIRમાં હરપાલ ચીમાનું નામ નથી; જોકે મૃતકે વાયરલ થયેલા વીડિયોમાં આપેલા અંતિમ નિવેદનમાં સ્પષ્ટપણે તેમના મૃત્યુ પાછળ ચીમાને જવાબદાર ઠેરવ્યા હતા.

# પુસ્તક મેળામાં દલિત જીવન અને વિચારધારાની સાહિત્યિક ઝલક

(એજન્સી) લખનૌ, તા.૧૯
જ્યાં વાર્તાઓ ભાષાઓ, પેઢીઓ અને સામાજિક પૃષ્ઠભૂમિની સીમાઓ ઓળંગીને આગળ વધે છે, ત્યાં જાતિ અને સમાનતા પરનું સાહિત્ય યુવા વાચકોનું ધ્યાન ખેંચી રહ્યું છે. ભેદભાવનું વર્ણન કરતી આત્મકથાઓથી લઈને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોના ઈતિહાસને આલેખતી કૃતિઓ સુધી, ગોમતી પુસ્તક મહોત્સવમાં દલિત સાહિત્ય એક મહત્વપૂર્ણ વિભાગ તરીકે ઉભરી આવ્યું છે. અહીં ઓમપ્રકાશ વાલ્મીકિનું 'જૂઠન', બામાનું 'કરૂક્કુ' અને શરણકુમાર લિંબાલેનું 'ધ આઉટકાસ્ટ' (The Outcaste) જેવા પુસ્તકો વાચકો મેળવી રહ્યા છે; સાથે જ ડૉ. બી.આર. આંબેડકરના 'હુ વેર ધ શુદ્રાસ ?' (Who Were the Shudras?) અને 'ધ અનટચેબલ્સ' (The Untouchables) તેમજ દલિત પેન્થર્સ ચળવળ પરના સાહિત્યનો પણ તેમાં સમાવેશ થાય છે. આ સંગ્રહમાં



સમાજ સુધારક જ્યોતિરાવ ફૂલેના લખાણો - જેમાં 'ગુલામગીરી' અને 'શેતકર્યાચા અસૂદ'નો સમાવેશ થાય છે - તેમજ જાતિ, ઓળખ, ગરિમા, સામાજિક ન્યાય અને પ્રતિકાર જેવા વિષયોનું વિશ્લેષણ કરતા લેખકો અને વિચારકોની કૃતિઓ પણ ઉપલબ્ધ છે. ઘણા વિદ્યાર્થીઓ માટે, આ પુસ્તકો ખરીદવા એ તેમના પોતાના અનુભવોથી ભિન્ન અનુભવોને સમજવાની એક તક છે. અમિતેશ પાલ નામના વિદ્યાર્થીએ કહ્યું, "મારે 'જૂઠન' વાંચવું હતું કારણ કે તે જાતિગત ભેદભાવનો પ્રત્યક્ષ અનુભવ રજૂ કરે છે અને દર્શાવે છે કે સમાનતા માત્ર એક વિચાર બનીને કેમ ન રહી શકે." અન્ય એક વિદ્યાર્થી, જાનવી સિંહે જણાવ્યું કે તેણે જાતિ પ્રથાના ઐતિહાસિક વિકાસ અને લોકોના જીવન પર તેની અસરને સમજવા માટે 'હુ વેર ધ શુદ્રાસ ?' પુસ્તક ખરીદ્યું. તેણે ઉમેર્યું કે સમાજ વિશે વધુ સારી સમજ કેળવવા માટે વિદ્યાર્થીઓએ આવા પુસ્તકો વાંચવા જોઈએ. મહોત્સવમાં ઉપસ્થિત પ્રકાશક કમલા કુમારે કહ્યું, "જાતિ અને સામાજિક ન્યાય પરના પુસ્તકોમાં, 'એનિહિલેશન ઓફ કાસ્ટ' (Annihilation of Caste - જાતિ પ્રથાનો વિનાશ) યુવા વાચકોમાં વિશેષ આકર્ષણ જમાવી રહ્યું છે અને દરરોજ તેની લગભગ સાત નકલો વેચાઈ રહી છે. વિદ્યાર્થીઓ આવા પુસ્તકો તરફ વધુ વળી રહ્યા છે કારણ કે તેઓ એવા લોકોના લખાણો દ્વારા જાતિ, સમાનતા અને સમાજ સુધારણાને સમજવા માંગે છે જેમણે પ્રવર્તમાન સામાજિક માળખાને પડકાર્યા હતા."

# SC/ST પંચે દલિત પાવર એન્જિનિયરો સાથે ભેદભાવના આરોપોની તપાસની માંગ કરી

(એજન્સી) લખનૌ, તા.૧૮
ઉત્તર પ્રદેશ SC/ST પંચના અધ્યક્ષ બૈજનાથ રાવતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર લખીને વીજ વિતરણ કંપનીઓમાં (discoms) દલિત એન્જિનિયરો સાથે ભેદભાવ કરવામાં આવ્યો હોવાના આરોપોની તપાસ કરવાની માંગ કરી છે. બુધવારે લખેલા પત્રમાં, રાવતે 'યુપી પાવર ઓફિસર્સ એસોસિએશન'ના પ્રમુખ આર.પી. કેન અને અન્ય હોદ્દેદારો દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે એસોસિએશને આક્ષેપ કર્યો છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં દલિત એન્જિનિયરોએ ભેદભાવનો સામનો કરવો પડ્યો છે અને અમુક કિસ્સાઓમાં સેવાના નિયમો પસંદગીયુક્ત રીતે લાગુ કરવામાં આવ્યા છે. જોકે રાવતનો પત્ર આ આરોપોની સત્યતાને સ્વતંત્ર રીતે સાબિત કરતો નથી, તેમ છતાં તે મુખ્યમંત્રીને એસોસિએશનની રજૂઆતમાં જણાવેલ તથ્યોની તપાસ કરવા અને ઉચ્ચ સ્તરીય, નિષ્પક્ષ તપાસના આદેશો આપવા વિનંતી કરે છે. એસોસિએશન દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, તેઓ રાજ્યની વિવિધ વીજ કંપનીઓમાં કાર્યરત એક ડઝનથી વધુ દલિત એન્જિનિયરોને લગતી વિગતો સાથે પંચ સમક્ષ રજૂઆત કરવા ગયા હતા. સંગઠને દાવો કર્યો હતો કે તેમના



કિસ્સાઓમાં અલગ-અલગ ધોરણો અપનાવવામાં આવ્યા હતા અને જણાવ્યું હતું કે તેણે પોતાના આરોપોના સમર્થનમાં દસ્તાવેજો રજૂ કર્યા છે. એસોસિએશનના પ્રમુખ આર.પી. કેન, કાર્યકારી પ્રમુખ અવધેશ કુમાર વર્મા, ઉપપ્રમુખ પી.એમ. પ્રભાકર અને હોદ્દેદારો હરીશચંદ્ર વર્મા તથા મુકેશ બાબુએ જણાવ્યું હતું કે તેઓ તપાસ દ્વારા તથ્યો બહાર આવશે તેવી અપેક્ષા રાખે છે. એસોસિએશને કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય સંઘર્ષ ઊભો કરવાનો નહીં, પરંતુ બંધારણીય અને કાનૂની જોગવાઈઓ હેઠળ એન્જિનિયરોના અધિકારોનું રક્ષણ મેળવવાનો છે.

### જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ નં. ૧૦ (વેજલપુર)ના તાલુકા વેજલપુરના મોજે ગામ વેજલપુરની સીમના સર્વે નંબર- ૬૨૬+૬૨૭, ૬૨૬+૬૨૭/૨, ૬૨૬+૬૨૭/૪ થી ૬૨૬+૬૨૭/૧૪ તથા ૬૨૬+૬૨૭/૧૬ અને ૬૨૬+૬૨૭/૧૭ ની જમીન ઉપર **"ગુલીસ્તા કો.ઓ.હા.સો.લિ."** (રજી.નં.ઘ-૧૮૪૯ તા. ૩૧/૧૨/૧૯૬૬) દ્વારા પાડવામાં આવેલા પ્લોટો પૈકી સબ પ્લોટ નં. ૧૨ (બંગલા નં. ૨/બી) તે ૨૫૦.૮૪ ચો.મી. ની જમીન તથા તે ઉપરનાં ૧૪૮.૯ ચો.મી. (મ્યુ.ટેક્ષ બીલ મુજબ) ના રહેણાંકના હેતુના બાંધકામવાળી મિલકત તથા સોસાયટીના સભ્યપદના હક્કો સહીતની મિલકત **શરીફાબેન ગફફારભાઈ આરબીયાણી** નાઓની આગવી કુલ સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવટાની તથા બોજા મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને અઘાટ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. આથી સદર મિલકતમાં જો કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સો, દાવો, અલાખો, ખોરાકી-પોશાકીનો કે ચાર્જ યા લીયનનો યા ઈઝમેન્ટનો કે બીજા કોઈપણ જાતના હક્ક, હિસ્સા પોસાતા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં અમોને નીચેના સરનામે દસ્તાવેજી પુરાવાઓ સહિત જાણ કરવી. જો તે મુજબ વર્તવામાં કસુર કરેથી કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, દાવો, અલાખો પોસાતો નથી અને જો પોસાતો હોય તો તે જતો યાને (વેઈવ) કરેલ છે તેમ ગણી મુદત્ત વિત્યે અમો સદર મિલકતનો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમદાવાદ
તા. ૨૦-૯-૨૦૨૬

**ઈમરાનખાન જે. પઠાણ** (એડવોકેટ)
એ-૪૦૬, ચોથો માળ, બ્લોક-એ, રાજ્યશ રાઈઝ, વિશાલા હોટલ પાસે, રાજ્યશ સીટી, સાઉથ વાસણા, શાહવાડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૯૭૯૦૩૯૫૬૫


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

### જોઈએ છે

**સેલ્સમેન/ગર્લ**
પાલડી, ડ્રેસના શો રૂમ માટે, સ્ટાફ જોઈએ છે
M. 9978639456

**જોઈએ છે લેડીઝ**
મોટી ઉંમરના બહેનની સારસંભાળ રાખી શકે, ૨૪ કલાક રહે અને કામ કરી શકે તેવા
મો. 9727230625

**લેડીઝ કાપડની દુકાન માટે**
અનુભવી સેલ્સમેન જોઈએ છે, ઢાલગરવાડ, અમદાવાદ
8511441156

**જોઈએ છે**
દાણીલીમડા/શાહઆલમ/શાહપુરમાં મકાન
M. 9426376765
દલાલી 1%

**ફોર વ્હીર માટે ડ્રાઈવરની જરૂર છે**
જુહાપુરાથી શાહપુર, અનુભવી તથા વ્યવસ્થિત
મો. 8469407237

**જોઈએ છે**
બંગલા માટે પ્લોટ, જુહાપુરાથી સરખેજ મેઈન રોડ ટચ સોસાયટીમાં
M. 7878603003

### વેચવાનું છે

**For Rent**
AL HAMD-4, T.P.85, 2 BHK, Rent 23000/-
Mob. 8141402925

**Office for Rent/Sell** Sun west bank ashram road
Broker 9825415296

**2600 sq.ft. office for sell**
Parimal garden
Broker 9825415296

**વેચવાનું છે**
ફ્લેટ 2 BHK, જુહાપુરા
8799220779

**જમીન વેચવાની છે**
રોડ ટચ ખેતીની 20 એકર, 15 લાખ એકર, મોજે આમોદ, તાલુકા આમોદ, ભરૂચ જિલ્લામાં
9427599292

**ફ્લેટ વેચવાનો છે**
1 BHK રિલીફ રોડ
9173670508

**વેચવાની છે**
ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ @ સ્પેક્ટ્રમ, રિલીફ રોડ
9825616616

**મકાન વેચવાનું છે**
ત્રણ માળ પાકું આર.સી.સી, ફુલ ફેસિલીટીવાળું, મંકોડીપાડાની પોળ, લાલ સ્કૂલ સામે, શાહપુર
9723496244
9558157247

**ફ્લેટ વેચવાનો છે**
પાલડી, 2 BHK, મોકાનો, ફુલ હવાઉજાસ, એલોટેડ પાર્કિંગ
મો. 9499741838

**પ્લોટ વેચવાનો છે**
માતર 2000 વાર, વ્યાજબી ભાવે, N/A, મલ્ટીપલ દસ્તાવેજ કરેલ છે
8735845061

**Flat For Sale Available**
Himalaya Falaknuma Juhapura, 2 BHK
Broker 7777999667

**Flat For Rent Available**
Classic Highland, Near Al-Burooj, 4 BHK
Broker 7777999667

જુહાપુરા, માર્વેલ બેકરી પાસે, ટાઈટલ ક્લિયર મકાન વેચવાનું છે
7777999667

**પ્લોટ વેચવાનો છે**
ગ્રીન પાર્ક સોસાયટી (મરઘા ફાર્મ) ગોકુલધામ પાસે, શાંતિપુરા
9879551416

### મકાન અને જમીન ભાડે-વેચાણ

**ભાડે આપવાનું છે**
ડુપ્લેક્ષ, સંપૂર્ણ સગવડવાળો નીચે રૂમ-કિચન-વોશ એરિયા ઉપર ૨ રૂમ બાથરૂમ સાથે હૈદરી બાગ- હાર્ટી માર્ટ પાસે, સરખેજ
9824166580

**રોકાણ માટે સારી તક**
ખેડા-માતર-પરીએજ-નડિયાદ-આણંદ-તારાપુર-મહેમદાવાદ-કઠલાલ, રોડ ટચ - કેનાલ ટચ, ખેતીલાયક જમીન-ફાર્મ હાઉસ માટે અમલખ પ્રોપર્ટીઝ
9824462992

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ, હેવી ડિપોઝિટ
8141837313
ગુલુચાચા

**ફ્લેટ ભાડે આપવાનો છે**
સરકારી/કંપનીના કર્મચારીઓ માટે 2 BHK, અલ-અર્શ-૨, પ્રાઈમ લોકેશન, વિશાલા સર્કલ, અમદાવાદ
9023006199

**ફ્લેટ ભાડે આપવાનો છે**
સોનલ સિનેમા રોડ, જુહાપુરા પાસે, પ્રાઈમ લોકેશન, સંપૂર્ણ સુવિધા સાથે, (ફર્નિચર) TP 85, હસનૈન સોસાયટી, કાદરી પાર્ટી પ્લોટની બાજુમાં સરખેજ, અમદાવાદ
9104866776

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Farooqui 9099421218
Anis Farooqui 9099521218

**વેચાણ આપવાના છે**
(1) 1 BHK 45 લાખમાં/3 BHK 1.50 કરોડ, શાહઆલમમાં
(2) 3000 વાર નેટ માતર ટ્રાજ કેનાલ પર બધી મિલકત NA, NOC ટાઈટલ ક્લિયર
મો.9426769223

જુહાપુરામાં પ્રતિષ્ઠિત સોસાયટીમાં ટાઈટલ ક્લિયર 150થી 600 વારના પ્લોટ ઉપલબ્ધ
9825013048

પ્રોપર્ટી લેવા, વેચવા તેમજ ભાડે આપવા માટે મળો
A one Properties Consultant
હૈદરભાઈ 9227777881

**વેચાણ**
Seventh Heaven હાઈરાઈઝ નવી સ્કીમમાં, 3 BHK ફ્લેટ, મકરબા સરખેજમાં આપવાનો છે.
M.9376141138

**વેચાણ**
65 વારનું ફ્લેટ, ગોલ્ડન પર્લ, સફવાન પાર્ક, જુહાપુરા
9909191833

### વ્યવસાયીલક્ષી/અન્ય

**નામ બદલેલ છે**
મારૂં નામ **મોહમદ અદનાન આરીફભાઈ કુરેશી** હતું તે બદલી **અદનાન આરીફ કુરેશી** રાખેલ છે.
૧૭૯૯, રસુલાબાદ સોસાયટી, નુર-એ-મોહંમદી મસ્જિદ પાસે, શાહઆલમ, અમદાવાદ

### લગ્ન વિષયક

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. -વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો
**ગુજરાત ટુડે બ્યુરો સીટી**
ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ
**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯
**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,
મો.૯૯૯૮૮૮૦૩૩૦

# APCR દ્વારા કાવડ યાત્રા દરમિયાન નફરતની ૧૮ ઘટનાઓ નોંધવામાં આવી : તેમાં મોટાભાગે મુસ્લિમોને નિશાન બનાવવામાં આવ્યા છે

## આ રિપોર્ટમાં ભોજન અને વેપારના બહિષ્કાર અથવા ભેદભાવપૂર્ણ પગલાંની ઓછામાં ઓછી ચાર ઘટનાઓ તથા અશ્લીલ વર્તનને લગતી ઓછામાં ઓછી પાંચ નોંધાયેલી અથવા વાયરલ થયેલી ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે

(એજન્સી) તા.૧૯

એસોસિએશન ફોર પ્રોટેક્શન ઑફ સિવિલ રાઈટ્સ (એપીસીઆર)ના એક અહેવાલ અનુસાર, ૨૦૨૬ની ૧૩ દિવસ ચાલેલી કાવડ યાત્રા દરમિયાન કથિત હિંસા, દબાણ, ભેદભાવપૂર્ણ પગલાં અને અશ્લીલ વર્તન સાથે જોડાયેલી ઓછામાં ઓછી ૧૮ ઘટનાઓ નોંધાઈ હતી.

'કાવડ યાત્રા ૨૦૨૬ : હિંસા, કાયદો હાથમાં લેવાની પ્રવૃત્તિ, બહિષ્કાર અને જાહેર સ્તરે જવાબદારીનો અભાવ' શીર્ષક ધરાવતા એપીસીઆરના અહેવાલ મુજબ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, દિલ્હી અને બિહારમાં નોંધાયેલી ઘટનાઓમાં શારીરિક અથવા દબાણપૂર્વકની હિંસાના નવ કેસ, ખોરાક અને વેપારને નિશાન બનાવતા બહિષ્કાર અથવા ભેદભાવપૂર્ણ પગલાંની ઓછામાં ઓછી ચાર ઘટનાઓ અને અશ્લીલ વર્તન સાથે જોડાયેલી ઓછામાં ઓછી પાંચ નોંધાયેલી અથવા વાયરલ ઘટનાઓનો સમાવેશ થાય છે.

અહેવાલમાં જણાવાયું છે કે નોંધાયેલી અનેક ઘટનાઓમાં મુસ્લિમ વ્યક્તિઓ અને મુસ્લિમોની માલિકીના વેપારો સામેલ હતા. તેમાં કથિત મારપીટ, દબાણ, માંસાહારી ખોરાકના વેચાણ પર નિયંત્રણો અને ખાણીપીણીની દુકાનો સામે લેવાયેલા પગલાંનો સમાવેશ થાય છે.

કાવડ યાત્રાનો મુખ્ય સમયગાળો ૩૦ જુલાઈથી ૧૧ ઓગસ્ટ સુધીનો હતો. જોકે, આ મુખ્ય યાત્રા સમયગાળા પહેલાં અને પછી પણ તેની સાથે સંકળાયેલી કેટલીક ઘટનાઓ નોંધાઈ હતી. અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મુખ્ય ચિંતા "ધાર્મિક શ્રદ્ધા પોતે નથી", પરંતુ જાહેર વ્યવસ્થાના અમલમાં રહેલી "અસમાનતા" છે. અહેવાલ મુજબ સામાન્ય રસ્તા વાપરનારા લોકો, મુસ્લિમ વેપારીઓ અને યાત્રાની ટીકા કરનારાઓને દબાણનો સામનો કરવો પડ્યો, જ્યારે ધાર્મિક ઓળખના નામે કાર્ય કરનારા જૂથોને છૂટછાટ મળી અથવા તેમની સામે જવાબદારી નક્કી કરવામાં વિલંબ થયો.

અહેવાલે વધુમાં દલીલ કરી છે કે આવી પરિસ્થિતિમાં "ટ્રાફિક નિયંત્રણ સામાજિક નિયંત્રણમાં ફેરવાઈ શકે છે" અને ખોરાક પરના પ્રતિબંધો "આર્થિક બહિષ્કાર"નું સ્વરૂપ ધારણ કરી શકે છે.

અહેવાલ મુજબ રસ્તા સંબંધિત વિવાદો હિંસાના સૌથી સામાન્ય કારણોમાં હતા. તેમાં એવી ઘટનાઓનો ઉલ્લેખ છે જેમાં કાવડ સાથે સામાન્ય અથડામણ કે સંપર્ક જેવી નાની ઘટનાઓ મારપીટ, તોડફોડ, ટ્રાફિકમાં વિક્ષેપ અને એક કિસ્સામાં જીવલેણ હુમલામાં પરિણમી હતી.

હાપુરમાં ૨૪ વર્ષીય ટ્રક ડ્રાઈવર અઝીમ અલીને બ્રિજઘાટ ટોલ પ્લાઝા પાસે કાવડિયાઓએ પોતાના વાહનમાંથી બહાર ખેંચી લાકડાના દંડાથી માર માર્યો હતો. અહેવાલ મુજબ આ ઘટના પાર્ક કરાયેલા એક ઓટોરિક્ષા સાથે ટ્રકની અથડામણ બાદ બની હતી. પોલીસ અધિકારીની હાજરીમાં આ હુમલો થયો હોવાનો અહેવાલમાં ઉલ્લેખ છે. અઝીમ અલી બાદમાં કોમામાં ગયા અને થોડા દિવસ પછી તેમનું મૃત્યુ થયું.

ગાઝિયાબાદમાં ઈમરાન નામના એક મુસ્લિમ યુવકને કાવડને અડકીને તેને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવી કાવડિયાઓના એક જૂથે કથિત રીતે માર માર્યો અને લગભગ ૨૦ મિનિટ સુધી રોકી રાખ્યો. અહેવાલ મુજબ પોલીસે કથિત હુમલાખોરો સામે કાર્યવાહી કરવાને બદલે કાવડનું ફરીથી ધાર્મિક વિધિથી શુદ્ધિકરણ કરાવીને ભીડને શાંત કરી હતી.

રામપુર જિલ્લામાં બીજી એક ઘટનામાં, એક મુસ્લિમ મોટરસાઈકલચાલક કાવડ યાત્રા માટે અનામત રાખવામાં આવેલા રસ્તા પર આવી જતાં તેને કાવડિયાઓના પગે પડવા અને માફી માગવા માટે કથિત રીતે મજબૂર કરવામાં આવ્યો હતો. જોકે, પોલીસે પાછળથી એ દાવાને નકારી કાઢ્યો હતો કે આ વિવાદ કાવડને નુકસાન પહોંચાડવાથી શરૂ થયો હતો. સ્થાનિક પોલીસ ચોકીના પ્રભારીના જણાવ્યા મુજબ કોઈ કાવડને નુકસાન થયું જ નહોતું.

ઉત્તર પ્રદેશમાં કેટલાક કાવડિયાઓના વર્તનની ટીકા કરવા બદલ ઓલ ઈન્ડિયા ઈમામ એસોસિએશનના પ્રમુખ મૌલાના સાજિદ રશીદી સામે એફઆઈઆર નોંધાઈ હતી. તેમણે સવાલ કર્યો હતો કે પોલીસ કર્મચારીઓ પર હુમલો કરનારા અને સ્કૂલ વાનને નુકસાન પહોંચાડનારા લોકોને શું ભગવાન શિવના ભક્ત કહી શકાય ? બાદમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમની ટિપ્પણી તમામ કાવડ યાત્રાળુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી નહોતી.

અહેવાલમાં ૨૦૨૬ની કાવડ યાત્રા દરમિયાન આર્થિક અને ખોરાક સંબંધિત પ્રતિબંધોને પણ વારંવાર જોવા મળેલી બાબત ગણાવવામાં આવી છે. તેમાં મુસ્લિમોની માલિકીના વેપારોને અસર કરતા પગલાં તથા કાવડના માર્ગો પર માંસાહારી ખોરાકના વેચાણ પર પ્રતિબંધોનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશના બહેરીમાં મુખ્ય કાવડ માર્ગ નજીક



આવેલી ચિકન બિરયાનીની દુકાન તોડી પાડવામાં આવી હતી. દુકાનના માલિક મોહમ્મદ સલમાનને બજરંગ દળના કાર્યકરો દ્વારા માંસાહારી ખોરાક વેચવાની ફરિયાદ બાદ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. પોલીસે આ કસ્ટડીને કથિત જાહેર વ્યવસ્થા ભંગની ઘટના બાદ લેવામાં આવેલું "નિવારક પગલું" ગણાવ્યું હતું.

મુઝફ્ફરનગરમાં હોટેલો અને ઢાબાઓને માંસાહારી ખોરાક બનાવવાની કે પીરસવાની મનાઈ કરવામાં આવી હતી. ખાણીપીણીની દુકાનોને ડુંગળી અને લસણનો ઉપયોગ ન કરવા તથા તેઓ કયા પ્રકારનો ખોરાક પીરસે છે તેની માહિતી જાહેર કરવા પણ કહેવામાં આવ્યું હતું. સમગ્ર કાવડ યાત્રા માર્ગ પર રાજ્ય અને સ્થાનિક સત્તાવાળાઓએ કેટલાક વિસ્તારોમાં માંસ, માછલી અને ઈંડાની દુકાનો બંધ કરવાનો આદેશ આપ્યો હતો. ઉત્તર પ્રદેશે ૨૫ જુલાઈથી કાવડ માર્ગો પર માંસ, માછલી અને ઈંડાની દુકાનો બંધ કરવાનો આદેશ આપ્યો હતો. હાપુર અને દિલ્હીના સત્તાવાળાઓએ પણ યાત્રાના માર્ગો તથા યાત્રાળુઓના પડાવ નજીક સમાન પ્રકારના આદેશ આપ્યા હતા.

મુઝફ્ફરનગર અને શામલીમાં પણ કાવડ માર્ગો પર માંસની દુકાનો અને રેસ્ટોરાં અસ્થાયી રીતે બંધ કરાયા હતા. આ પ્રતિબંધોની અસર બરેલીમાં યોજાનારી મુસ્લિમ ધાર્મિક સભા પર પણ પડી હતી. અહેવાલ મુજબ ઐતિહાસિક ઉર્સ-એ-આલા હઝરત કાર્યક્રમ કાવડ યાત્રા સાથે તારીખ હોવાથી ફરીથી ગોઠવવામાં આવ્યો હતો અને કાર્યક્રમમાં માત્ર શાકાહારી ભોજન પીરસવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

અહેવાલમાં સુપ્રીમ કોર્ટના ૨૨ જુલાઈના હસ્તક્ષેપનો પણ ઉલ્લેખ છે. ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સરકારોએ કાવડ માર્ગ પર આવેલી ખાણીપીણીની દુકાનોને માલિકો અને કર્મચારીઓનાં નામ તથા અન્ય વિગતો જાહેરમાં દર્શાવવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આવા સંસ્થાનોને આ માહિતી દર્શાવવા માટે ફરજ પાડવાની મનાઈ કરી હતી.

અહેવાલમાં ૨૦૨૬ની કાવડ યાત્રા દરમિયાન અશ્લીલ વર્તનની અનેક કથિત ઘટનાઓની પણ નોંધ કરવામાં આવી છે. તેમાં યુવાનો અને પુરુષો દ્વારા અશ્લીલ હાવભાવ તથા ઉશ્કેરણીજનક નૃત્ય કરતા દર્શાવતા વીડિયોનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ આવા વર્તન સામે સામાન્ય રીતે પોલીસ કાર્યવાહી થવી જોઈએ.

અહેવાલમાં કાવડ યાત્રા દરમિયાન અશ્લીલ વર્તન સાથે જોડાયેલા ઓછામાં ઓછા પાંચ વીડિયો અને અહેવાલોની ઓળખ કરવામાં આવી છે.

અહેવાલ અનુસાર ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર મોટા પ્રમાણમાં પ્રસારિત થયેલા આવા પ્રદર્શનો એક વિશાળ મેળા જેવા વાતાવરણનો ભાગ હતા. તેમાં ઊંચા અવાજે ડીજે, આખી રાત ચાલતી યાત્રાઓ અને પોલીસની મર્યાદિત દખલગીરીનો સમાવેશ થાય છે. અહેવાલનું કહેવું છે કે આ વાતાવરણ મહિલાઓના શરીરને પ્રદર્શનની વસ્તુ તરીકે જોવાની અને યુવાનો દ્વારા જાહેરમાં અશ્લીલતા દર્શાવવાની વૃત્તિને સામાન્ય બનાવે છે. અહેવાલે દલીલ કરી છે કે આ એક એવી સામાજિક માનસિકતાને મજબૂત કરે છે, જેમાં મહિલાઓના શરીરને તમાશા તરીકે રજૂ કરવામાં આવે છે અને ધાર્મિક ભક્તિના આવરણ હેઠળ પુરુષોની આક્રમકતાને માન્યતા મળે છે. અહેવાલ મુજબ સામૂહિક મેળાવડાના આવા સંદર્ભો મહિલાઓ વિરૂદ્ધ વધુ ગંભીર ગુનાઓ માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરી શકે છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ પરિસ્થિતિ મુસ્લિમ મહિલાઓ અથવા અન્ય લઘુમતી સમુદાયોની મહિલાઓ માટે મોટો ખતરો ઊભો કરે છે, કારણ કે સમગ્ર યાત્રા દરમિયાન કોઈ ને કોઈ સ્વરૂપે લઘુમતીઓને સીધું નિશાન બનાવવામાં આવે છે. જ્યારે આવા જાતીય અને અશ્લીલ વર્તનમાં વધારો થાય છે, ત્યારે લઘુમતી મહિલાઓ પર સીધા હુમલાનું જોખમ વધી જાય છે.

# બાંગ્લાદેશી હોવાની શંકાના આધારે વ્યક્તિના એક મહિના લાંબા અટકાયત સામે કલકત્તા હાઈકોર્ટે સવાલો ઉઠાવ્યા, પશ્ચિમ બંગાળ પોલીસ પાસે જવાબ માંગ્યો

## અદાલતે પોલીસને અરજદાર સામે કઈ પરિસ્થિતિઓમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી અને તેને ૮ ઓગસ્ટથી કેમ અટકાયતમાં રાખવામાં આવ્યો છે તેની સ્પષ્ટતા કરવા નિર્દેશ આપ્યો

(એજન્સી) તા.૧૯

કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળની રાણીગંજ પોલીસને એક અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે, જેમાં બાંગ્લાદેશી નાગરિક હોવાની શંકા ધરાવતી એક વ્યક્તિને એક મહિનાથી વધુ સમયથી અટકાયતમાં રાખવાનો આધાર સ્પષ્ટ કરવા જણાવાયું છે. જસ્ટિસ સોગતા ભટ્ટાચાર્યએ આ વ્યક્તિને ફોરેનર્સ રીજિયોનલ રજિસ્ટ્રેશન ઓફિસ (FRRO)ને સોંપવાને બદલે એક મહિનાથી વધુ સમય સુધી પોલીસ અટકાયતમાં રાખીને પૂછપરછ કરવા સામે સખત વાંધો ઉઠાવ્યો હતો.

આદેશ આપ્યા બાદ જસ્ટિસ ભટ્ટાચાર્યએ રાજ્યના કાઉન્સિલને સંબોધતા ટિપ્પણી કરી હતી કે, 'તમે જોશો કે ૭૦ અને ૮૦ના દાયકામાં હજારો લોકો સરહદ પાર કરીને આવ્યા હતા. હવે તમે શું કરશો ? દરેક સામે કાર્યવાહી શરૂ કરશો ? અને આ રીતે માનવ અધિકારોનું ઉલ્લંઘન કરીને તેને ઓગસ્ટથી અટકાયતમાં રાખવામાં આવ્યો છે. આજે સપ્ટેમ્બરનો મધ્ય ભાગ આવી ગયો છે.' અદાલતે પોલીસને એ સંજોગોની સ્પષ્ટતા કરવા આદેશ આપ્યો છે જેમાં અરજદાર સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને તેને ૮ ઓગસ્ટથી સતત પોલીસ અટકાયતમાં કેમ રાખવામાં આવ્યો છે. હાઈકોર્ટે અરજદારની અટકાયત કરવાની પદ્ધતિ અંગે ચિંતા વ્યક્ત કરવાની સાથે દાયકાઓ પહેલાં ભારત-બાંગ્લાદેશ સરહદ પાર કરી ચૂકેલા લોકો સામે આવી કાર્યવાહી શરૂ કરવાના તર્ક સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. કોર્ટે આ અંગેનો અહેવાલ ૧૦ દિવસની અંદર રજૂ કરવાનો આદેશ આપ્યો છે. આ બાબત એવા સમયે સામે આવી છે જ્યારે યોગ્ય પ્રક્રિયા, નાગરિકતાની ચકાસણી કે ઔપચારિક દેશનિકાલના આદેશો



વિના 'બાંગ્લાદેશી ઘૂસણખોર' તરીકે લેબલ કરીને બંગાળી ભાષી મુસ્લિમોને દેશનિકાલ કરવાના આક્ષેપો વધી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પશ્ચિમ બંગાળના વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો હતો કે, વિતેલા એક મહિનામાં રાજ્યમાંથી ૪,૮૦૦ જેટલા કથિત બિનઅધિકૃત બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવામાં આવ્યા છે અને હાલમાં ડિટેન્શન સેન્ટરોમાં રાખવામાં આવેલા અન્ય ૮૩૬ લોકોને પણ ટૂંક સમયમાં જ દેશનિકાલ કરાશે. બીજી તરફ તાજેતરમાં જ ૬૬ વર્ષીય મુસ્લિમ મજૂર જલીલ અખ્તરને પણ બાંગ્લાદેશી હોવાના પોલીસ દાવા વચ્ચે જેલમાં વિતાવેલા લગભગ ૩ મહિના બાદ મુક્ત કરવામાં આવ્યા હતા.

# મુસ્લિમ યુવાનોને વ્યવસાય શરૂ કરવા માટે તાલીમ આપવી જોઈએ સમાજવાદી પક્ષના ધારાસભ્ય રઈસ શેખની મુખ્યમંત્રીને વિનંતી

## સમાજવાદી પક્ષના ધારાસભ્યે મહારાષ્ટ્ર સરકારને લઘુમતી સમુદાયના યુવાનો અને મહિલાઓ માટે રાજ્યના તમામ છ મહેસૂલી વિભાગોમાં 'ઉદ્યોગસાહસિકતા અને બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર્સ' (વ્યવસાય વિકાસ કેન્દ્રો) સ્થાપવા વિનંતી કરી છે

(એજન્સી) મુંબઈ, તા.૧૯

સમાજવાદી પક્ષના નેતા અને ભિવંડી પૂર્વના ધારાસભ્ય રઈસ શેખે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને લઘુમતી બાબતોના મંત્રી સુનેત્રા અજીત પવારને વિનંતી કરી છે કે, તેઓએ લઘુમતી યુવાનો, ખાસ કરીને મુસ્લિમોને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે તાલીમ અને માર્ગદર્શન આપવા હેતુ રાજ્યના તમામ છ મહેસૂલી વિભાગોમાં 'ઉદ્યોગસાહસિકતા અને બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર્સ'ની સ્થાપના કરવી જોઈએ.

મંત્રીને આપવામાં આવેલા પત્રમાં શેખે જણાવ્યું હતું કે, ગરીબી અને પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિઓને કારણે મોટી સંખ્યામાં મુસ્લિમ વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ અધવચ્ચે છોડી દે છે. તેમણે દલીલ કરી હતી કે રાજ્ય સરકારે તેમને કૌશલ્ય વિકાસની તકો અને ઉદ્યોગસાહસિકતાની તાલીમ પૂરી પાડવી જોઈએ જેથી તેઓ અન્ય વંચિત સમુદાયો માટે ઉપલબ્ધ કાર્યક્રમોની જેમ જ આજીવિકા મેળવી શકે અને નાના પાયે ઉદ્યોગો સ્થાપી શકે.

ધારાસભ્યે આશા વ્યક્ત કરી હતી કે સરકાર આ માંગની ગંભીર નોંધ લેશે અને વહેલી તકે યોગ્ય પગલાં લેશે. પોતાના પત્રમાં શેખે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રની વસ્તીમાં લઘુમતીઓનો હિસ્સો લગભગ ૨૦ ટકા છે, જ્યારે મુસ્લિમો ૧૧.૫૪ ટકા હિસ્સો ધરાવે છે. આર્થિક મુશ્કેલીઓને



કારણે ઘણા મુસ્લિમ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ કે ૧૨ પછી અભ્યાસ છોડી દે છે અને શાળા છોડવાનો દર (ડ્રોપઆઉટ રેટ) લગભગ ૩૦ ટકા સુધી પહોંચી ગયો છે. તેમના મતે માત્ર ૧૦ ટકા જેટલા મુસ્લિમ વિદ્યાર્થીઓ જ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે. શેખે કહ્યું કે, કૌશલ્ય-આધારિત તાલીમ પૂરી પાડવી અને આવા વિદ્યાર્થીઓ તથા યુવાનોને તેમના પોતાના ઉદ્યોગો શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરવા એ જરૂરિયાત બની ગઈ છે. 'ભારતી', 'મહાજ્યોતિ' અને 'સારથી' જેવી સંસ્થાઓ વિવિધ સામાજિક જૂથોના યુવાનો માટે સફળતાપૂર્વક કાર્યરત છે અને તેમણે કૌશલ્ય વિકાસ તેમજ રોજગારીની તકો પૂરી પાડવામાં મદદ કરી છે.

તેમણે કહ્યું કે, તેની તુલનામાં લઘુમતી સમુદાયો માટે સ્થાપિત 'માઈનોરિટી રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ' (MARTI) અપૂરતા ભંડોળને કારણે મોટાભાગે બિનઅસરકારક રહી છે અને વિદ્યાર્થીઓને જરૂરી સ્તરે તાલીમ પૂરી પાડવામાં અસમર્થ રહી છે. શેખે લઘુમતી યુવાનો અને મહિલાઓ માટે કૌશલ્ય વિકાસ, વ્યવસાયિક તાલીમ અને નવી આર્થિક તકો પૂરી પાડવા માટે 'લઘુમતી ઉદ્યોગસાહસિકતા અને બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર્સ'ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે માગણી કરી કે રાજ્યમાં લઘુમતી યુવાનોની વસ્તીને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્રના તમામ છ મહેસૂલ વિભાગોમાં આવા કેન્દ્રો તાત્કાલિક સ્થાપિત કરવામાં આવે.

ધારાસભ્યએ સૂચન કર્યું કે, મૌલાના આઝાદ લઘુમતી નાણાકીય વિકાસ નિગમ આ પહેલમાં મુખ્ય ભાગીદાર તરીકે સેવા આપી શકે છે. દરખાસ્ત અનુસાર નિગમ યુવા ઉદ્યોગસાહસિકોને લોન યોજનાઓ મેળવવા, નાણાકીય સહાય મેળવવા, પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં અને વ્યવસાય દરખાસ્તોનું મૂલ્યાંકન કરવામાં મદદ કરી શકે છે. શેખે કહ્યું કે, જો પ્રસ્તાવિત કેન્દ્રો સ્થાપિત થાય છે, તો દરેક મહેસૂલ વિભાગમાં ૧,૦૦૦થી વધુ લઘુમતી યુવાનો અને મહિલાઓ દર વર્ષે સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો શરૂ કરવા સક્ષમ બની શકે છે. આ કેન્દ્રો સમગ્ર મહારાષ્ટ્રમાં લઘુમતી સમુદાયોમાં કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગસાહસિકતાને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

# જો ખુદ 'જજ સાથે જ અન્યાય થાય તો તે ક્યાં જાય ?' : અલગ - અલગ કેસોમાં ૨૩ દોષિતોને ફાંસીની સજા આપનાર જજ દિવાકરે ન્યાય વ્યવસ્થા પર ઉઠાવ્યા સવાલ

(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૧૯

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરની ઝડપી સુનાવણી અદાલત (Fast Track Court)ના ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરે ૧૦ વર્ષ જૂના એનડીપીએસ (NDPS) કેસમાં ચુકાદો આપતી વખતે ન્યાય વ્યવસ્થાને લગતા કેટલાક મહત્વપૂર્ણ સવાલો ઉઠાવ્યા છે. અદાલતે પુરાવાના અભાવે આરોપી અશોક ભારતને નિર્દોષ જાહેર કર્યો હતો. ચુકાદામાં ન્યાયાધીશે સવાલ કર્યો કે જો ન્યાયાધીશ સાથે જ અન્યાય થાય તો તે ક્યાં જાય ? ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરે પોતાના ચુકાદામાં લખ્યું કે ન્યાયાધીશનું મુખ્ય કામ ન્યાય આપવાનું છે. પરંતુ જો ન્યાયાધીશને જ અન્યાયનો સામનો કરવો પડે તો તેના માટે ન્યાય મેળવવાનો રસ્તો શું છે ? તેમણે જિલ્લા જજના વહીવટી નિયંત્રણ (Administrative Control) હેઠળ કામ કરતા ન્યાયાધીશની સત્તા અને જવાબદારી અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે એ પણ સવાલ કર્યો કે જો જિલ્લા જજ તરફથી એવો આદેશ આપવામાં આવે જે કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ હોય, તો શું અધિનસ્ત અદાલતના ન્યાયાધીશ માટે પણ તેનું પાલન કરવું ફરજિયાત છે ? અદાલતે દસ વર્ષ જૂના એનડીપીએસ કાયદા હેઠળના કેસમાં અશોક ભારતને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યો. ચુકાદા દરમિયાન ન્યાયાધીશે લાંબા સમય સુધી ચાલતી ન્યાયિક પ્રક્રિયાનો ઉલ્લેખ કરતાં ફિલ્મ 'દામિની'ના પ્રસિદ્ધ 'તારીખ પર તારીખ' સંવાદનું ઉદાહરણ પણ આપ્યું. ન્યાયાધીશે નોંધ્યું કે એક નિર્દોષ વ્યક્તિને ન્યાય મેળવવામાં લાંબો સમય લાગ્યો. આ કેસના ચુકાદા સાથે તેમણે પોતાની અદાલતમાંથી ૧૮ ઓગસ્ટે પરત મંગાવવામાં આવેલી ૯૭ કેસની ફાઈલોનો પણ ઉલ્લેખ કર્યો.

ચુકાદામાં જણાવાયું છે કે તત્કાલીન જિલ્લા જજે ૧૮ ઓગસ્ટે એક જ પ્રકારના કુલ નવ વહીવટી આદેશો પસાર કર્યા હતા. આ આદેશોના આધારે મુઝફ્ફરનગરની વધારાની



જિલ્લા અને સત્ર અદાલત તથા ઝડપી અદાલત નંબર-૩માં ચાલી રહેલા ૯૭ કેસની ફાઈલો જિલ્લા અને સત્ર જજની અદાલતમાં પરત મંગાવવામાં આવી હતી. આ ફાઈલો કાયદા મુજબ આગળની કાર્યવાહી માટે પરત મંગાવવામાં આવી હોવાનું આદેશમાં જણાવાયું હતું. જોકે, ન્યાયાધીશ દિવાકરે આ કાર્યવાહી પાછળનું કારણ સ્પષ્ટ રીતે જણાવાયું ન હોવાનું પોતાના ચુકાદામાં નોંધ્યું છે. ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરે પોતાના ચુકાદામાં ખાસ નોંધ્યું કે આ ૯૭ કેસની ફાઈલો તત્કાલીન જિલ્લા જજે પોતાની નિવૃત્તિના માત્ર ૧૩ દિવસ પહેલાં પરત મંગાવી હતી. ચુકાદામાં ફાઈલો પરત મંગાવવાનું કોઈ ચોક્કસ કારણ દર્શાવવામાં આવ્યું ન હોવાનું પણ જણાવાયું છે. આ સમગ્ર કાર્યવાહી અંગે ન્યાયાધીશે જિલ્લા જજની વહીવટી સત્તા અને કાયદાની મર્યાદા વચ્ચેના સંબંધ અંગે સવાલો ઉઠાવ્યા છે. ન્યાયાધીશ રવિ કુમાર દિવાકર છેલ્લા કેટલાક મહિનામાં અનેક ગંભીર હત્યા કેસોમાં ચુકાદા આપવા માટે પણ ચર્ચામાં રહ્યા છે. અહેવાલ મુજબ, ૬ એપ્રિલથી ૭ સપ્ટેમ્બર વચ્ચેના ૧૫૫ દિવસમાં તેમણે ૧૦ કેસોમાં કુલ ૨૩ દોષિતોને મૃત્યુદંડની સજા સંભળાવી છે. મુઝફ્ફરનગરમાં અદાલતની સ્થાપનાના આશરે ૭૦ વર્ષના ઈતિહાસમાં આ સંખ્યા નોંધપાત્ર માનવામાં આવી રહી છે. આ સમયગાળા દરમિયાન વિવિધ હત્યા કેસોમાં આરોપીઓને દોષિત ઠેરવીને સજા સંભળાવવામાં આવી હતી. ૬ એપ્રિલે વકીલ સમીર સૈફીની હત્યા કેસમાં ત્રણ દોષિતોને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. ત્યારબાદ ૨૮ એપ્રિલે શેખર હત્યા કેસમાં ચાર દોષિતોને ફાંસીની સજા સંભળાવવામાં આવી. ૩૦ મેના રોજ રાજેશ દેવી અને તેના છ વર્ષના પુત્ર હિમાંશુની હત્યાના કેસમાં એક દોષિતને મૃત્યુદંડ આપવામાં આવ્યો. ૨૦ જૂને રાજેન્દ્ર સૈની હત્યા કેસમાં બે દોષિતોને ફાંસીની સજા થઈ. ૨ જુલાઈએ હોમગાર્ડ રતિરામ હત્યા કેસમાં એક દોષિતને મૃત્યુદંડ મળ્યો, જ્યારે ૬ જુલાઈએ રાજબીર સિંહ હત્યા કેસમાં બે દોષિતોને આ સજા આપવામાં આવી. ૧૭ જુલાઈએ રાજ સિંહ હત્યા કેસમાં ચાર દોષિતોને મૃત્યુદંડ આપવામાં આવ્યો. ૧૨ ઓગસ્ટે સલિમ હત્યા કેસમાં અને ૧૩ ઓગસ્ટે પવન હત્યા કેસમાં દોષિતોને કડક સજા સંભળાવવામાં આવી હતી. ૭ સપ્ટેમ્બરે બાગપતની શહેજાદી હત્યા કેસમાં તેના પતિને પણ મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. આ કેસમાં પરિણીત મહિલાને માર માર્યા બાદ તેના પર કેરોસીન છાંટીને આગ લગાવવાનો આરોપ હતો અને સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ન્યાયાધીશ દિવાકરે પોતાના ચુકાદામાં ફોજદારી પ્રક્રિયાની કલમ ૪૪૯નો પણ ઉલ્લેખ કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, જિલ્લા અથવા સત્ર જજને અધિનસ્ત અદાલતોમાંથી કેસની ફાઈલો પરત મંગાવીને પોતે સુનાવણી કરવાનો અથવા અન્ય અદાલતમાં મોકલવાનો વહીવટી અધિકાર હોય છે. પરંતુ કલમ ૪૪૯(૨) હેઠળ જો કોઈ કેસમાં સુનાવણી શરૂ થઈ ગઈ હોય અને સાક્ષીઓની તપાસ અથવા ઉલટતપાસ થઈ ચૂકી હોય, તો તે કેસ 'પાર્ટ હર્ડ' (Part-heard)ની સ્થિતિમાં આવી શકે છે. આવી સ્થિતિમાં અસાધારણ કાયદાકીય કારણ વિના કેસને વચ્ચે જ પરત મંગાવવાના અધિકાર અંગે ન્યાયાધીશે સવાલ ઉઠાવ્યો છે. ચુકાદામાં ઉઠાવવામાં આવેલા આ સવાલો ન્યાયિક પ્રક્રિયા, વહીવટી સત્તા અને અધિનસ્ત અદાલતોની સ્વતંત્રતા વચ્ચેના સંબંધને લઈને ચર્ચાનો વિષય બન્યા છે.

# લઘુમતીઓને સમાન રાજકીય પ્રતિનિધિત્વ મળવું જોઈએ : પુણે સેમિનારમાં આહ્‌વાન

(એજન્સી) પુણે, તા.૧૯

"મતવિભાગોનું સીમાંકન: એક ચર્ચા" શીર્ષક હેઠળ એક સેમિનારમાં રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો અને નાગરિક સમાજના સભ્યોને મતવિસ્તારના સીમાંકનના પરિણામો અને લોકશાહી પ્રતિનિધિત્વ પર તેની અસર પર ચર્ચા કરવા માટે ભેગા થયા હતા. આ કાર્યક્રમનું આયોજન મહારાષ્ટ્રના પૂર્વ પોલીસ મહાનિરીક્ષક (IGP) અને નિવૃત્ત IPS અધિકારી અબ્દુર રહેમાન અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. મતવિસ્તારના સીમાંકન, તેના સંભવિત રાજકીય પરિણામો અને રાજકીય પ્રતિનિધિત્વના મુદ્દા પર અને ખાસ કરીને મુસ્લિમ સમુદાયની ચર્ચાઓ કેન્દ્રિત હતી.

આ સેમિનારનો ઉદ્દેશ મુસ્લિમોમાં રાજકીય જાગૃતિને પ્રોત્સાહન આપવાનો અને નાગરિકોને ચૂંટણી પ્રક્રિયા, મતવિસ્તારની સીમાઓ અને લોકશાહી ભાગીદારીની વધુ સારી સમજ પ્રદાન કરવાનો હતો. અબ્દુર રહેમાને ચૂંટણી અને સીમાંકનની વિભાવના, મતવિસ્તારની સીમાઓ ફરીથી દોરવામાં સામેલ પ્રક્રિયા અને નાગરિકો અને લોકશાહી સંસ્થાઓ પર ભવિષ્યના સીમાંકન કવાયતોની સંભવિત અસર સમજાવી. તેમણે કહ્યું કે, હાલના રાજકીય વાતાવરણમાં, લોકો માટે તેમના બંધારણીય અધિકારો અને રાજકીય પ્રતિનિધિત્વ વિશે માહિતગાર રહેવું ખૂબ જ જરૂરી છે.

ખાસ કરીને, મુસ્લિમ સમુદાયે ચૂંટણી પ્રક્રિયાઓ અને મતવિસ્તારના સીમાંકનના પરિણામોને સમજવાની જરૂર છે. રાજકીય જાગૃતિ અસરકારક લોકશાહી ભાગીદારીનો આધાર છે. આવા જાગૃતિ કાર્યક્રમો ફક્ત પુણે સુધી મર્યાદિત રહેશે નહીં અને ભવિષ્યમાં મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં વ્યાપક પ્રેક્ષકોમાં રાજકીય ચેતના ફેલાવવા માટે આયોજિત કરવામાં આવશે.



રહેમાને અવલોકન કર્યું કે, રાજકીય પક્ષો ઘણીવાર મુસ્લિમ ઉમેદવારોની પસંદગી કરતી વખતે ચૂંટણી ગણતરીઓ ધ્યાનમાં લે છે. તેમણે કહ્યું કે, કેટલાક રાજકીય પક્ષોમાં ઘણીવાર એવી ધારણા હોય છે કે મુસ્લિમ ઉમેદવારોને નામાંકિત કરવાથી બિન-મુસ્લિમ મતદારોના વર્ગો અલગ થઈ શકે છે. પરિણામે, મુસ્લિમોને ઘણીવાર તેમની વસ્તીના પ્રમાણમાં ઉમેદવારી અથવા રાજકીય પ્રતિનિધિત્વ મળતું નથી.

તેમણે લોકશાહી પ્રતિનિધિત્વ અને સમાવિષ્ટ શાસનના દૃષ્ટિકોણથી આ પરિસ્થિતિને ચિંતાનો વિષય ગણાવી હતી. સેમિનારમાં ભાગ લેનારાઓએ મતવિસ્તારના સીમાંકન અને રાજકીય પ્રતિનિધિત્વ પર પોતાના મંતવ્યો શેર કર્યા, ચર્ચાને સમયસર અને સુસંગત ગણાવી હતી. વક્તાઓએ કહ્યું કે, મુસ્લિમ સમુદાયના સભ્યોએ ચૂંટણી દરમિયાન મતદાન કરવા સુધી તેમની રાજકીય ભાગીદારી મર્યાદિત ન રાખવી જોઈએ. તેના બદલે, તેમણે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, રાજ્ય વિધાનસભાઓ, સંસદ અને નીતિ-નિર્માણ પ્રક્રિયાઓમાં સક્રિયપણે ભાગ લેવો જોઈએ.

આ સભામાં રાજકીય પક્ષોને મુસ્લિમ સમુદાયના લાયક, શિક્ષિત અને સામાજિક રીતે પ્રતિબદ્ધ વ્યક્તિઓને તકો પૂરી પાડવા પણ વિનંતી કરવામાં આવી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે, ધર્મનિરપેક્ષ મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતાનો દાવો કરતા રાજકીય પક્ષોએ લઘુમતી રાજકીય પ્રતિનિધિત્વના મુદ્દાને ગંભીરતાથી લેવો જોઈએ. તેમણે દલીલ કરી હતી કે ચૂંટણી દરમિયાન લઘુમતી મત મેળવવાથી જ્યારે ઉમેદવારની પસંદગી અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં નિષ્ફળતા એ લોકશાહી રાજકારણમાં વિરોધાભાસ છે.

લઘુમતી સમુદાયોને લોકશાહી અધિકાર તરીકે વાજબી અને સમાન રાજકીય પ્રતિનિધિત્વ મળે તે સુનિશ્ચિત કરવાના આહ્‌વાન સાથે સેમિનારનું સમાપન થયું હતું. લઘુમતીઓને અન્યાય થવો ન જોઈએ. મુસ્લિમ સમુદાયને કોઈ ઉપકાર અથવા દાન તરીકે નહીં, પરંતુ બંધારણના સિદ્ધાંતો દ્વારા બાંયધરી આપવામાં આવેલા સમાન લોકશાહી અધિકાર તરીકે પ્રતિનિધિત્વ મળવું જોઈએ.

# તંત્રના પાપના કારણે અમારા ઘરના દીવા ઓલવાયા
# વડોદરા હરણી બોટકાંડના પીડિત પરિવારોનું દર્દ છલકાયું

### હરણી લેકઝોન બોટ હોનારતને ૩૩ મહિના પૂર્ણ : ૧૨ માસૂમ બાળકો અને ૨ શિક્ષિકાના મોત થયાં હતાં

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯

વડોદરાના હરણી તળાવમાં સર્જાયેલા કરૂણ બોટ કાંડને ૩૩ મહિના પૂર્ણ થતાં પીડિત પરિવારોને ન્યાય મળે તે માટે કોંગ્રેસના કાઉન્સિલર આશિષ જોશીએ મંદિરે આરાધના કરી હતી. આ દરમિયાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બાળકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. પીડિત પરિવારોએ ન્યાયની માંગ સાથે લડત ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો હતો.એક પીડિત પરિવારે જણાવ્યું હતું કે, "બાળક ગુમાવ્યાને ૩૩ મહિના થઈ ગયા છે. તંત્રના પાપના કારણે અમારા ઘરનો દીવો ઓલવી નાખવામાં આવ્યો છે. અત્યારસુધી તંત્ર દ્વારા બાળકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી નથી. માત્ર આશ્વાસનો જ મળી રહ્યા છે, પરંતુ જ્યાં સુધી બાળકોને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે લડત અધૂરી મૂકીશું નહીં." પરિવાર દ્વારા ભ્રષ્ટાચારના કારણે બાળકો ગુમાવ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો.

વોર્ડ નંબર ૧૫ના કોંગ્રેસના કાઉન્સિલર આશિષ જોશીએ જણાવ્યું હતું કે, "દુઃખી માતાઓ ન્યાય માટે ઝંખી રહી છે. નાગરિકો ન્યાયની લડતમાં અમારી સાથે જોડાય. આજે બાળકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે." તેમણે ઉમેર્યું કે, સભામાં માગણી કરવામાં આવશે કે નાગરિકો દરરોજ એક દીપ પ્રગટાવે અને પીડિત પરિવારોને ન્યાય મળે તે માટે અવાજ ઉઠાવે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ હરણી તળાવમાં સર્જાયેલી બોટ દુર્ઘટનામાં પ્રવાસે ગયેલા ૧૨ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોએ જીવ ગુમાવ્યો હતો. દુર્ઘટનાના ૩૩ મહિના બાદ પણ પીડિત પરિવારો ન્યાયની માંગ સાથે સંઘર્ષ કરી રહ્યા છે.

### 'દયા ડાકણને ખાય' ઉક્તિ સાર્થક થઈ
# વડોદરા : ઘરમાં આશરો મેળવનાર મિત્ર અને તેની પત્નીએ જ રૂા.૬.૯૦ લાખની છેતરપિંડી કરી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯

વડોદરામાં ઘરમાં આશરો મેળવનાર મિત્ર અને તેની પત્નીએ જ સોનાના બિસ્કિટ, દાગીના અને રોકડ મળી ૬.૯૦ લાખની છેતરપિંડી આચરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના બીલ કેનાલ રોડ પર આવેલ 'ધ પ્લેનેટ-૧'માં માતા અને પાંચ વર્ષના પુત્ર સાથે રહેતા પૂનમબેન શાહ કંપનીમાં એચ.આર.એડમિન તરીકે નોકરી કરે છે. અટલાદરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારે પતિ સ્વપ્નિલ સાથે અણબનાવ થતા હું તા.૧૮-૫-૨૦૨૩થી હું બીલ કેનાલ રોડ પર આવેલા એપાર્ટમેન્ટમાં પુત્ર સાથે અલગ રહેવા આવી હતી.

૧૫ વર્ષ જૂના પરિચિત અતુલકુમાર પાટીલ અને તેની પત્ની સપના પાટીલ પરિવારિક તકરારના કારણે મારી સાથે રહેવા આવ્યા હતા. હું નોકરી પર જાઉં ત્યારે મારા નાના પુત્રની સંભાળ રહેશે તેમ વિચારી મેં તેઓને તા.૧૯/૫/૨૦૨૩થી મારા ઘરે આશરો આપ્યો હતો. તે દરમિયાન અતુલે સોલાર પેનલનો ભાગીદારીમાં ધંધો શરૂ કરવા માટે મારી પાસેથી ૨૪ કેરેટ સોનાના ૪૦ ગ્રામ વજનના ૪ બિસ્કિટ (કિંમત રૂા.૨,૩૯,૬૪૮) લીધા હતા.

ત્યારબાદ હું મારા વતન ઉમરેઠ ગઈ ત્યારે ઘરમાં પડેલા સોનાના દાગીના (જેમાં સોનાનો હાર, વીંટીઓ, ડાયમન્ડ પેન્ડન્ટ અને મંગળસૂત્ર મળી કુલ કિંમત રૂા.૪,૨૦,૮૪૫) સાચવવા માટે આ દંપતીને સોંપી ગઈ હતી. પરંતુ વતનથી પરત આવ્યા બાદ અતુલે દાગીના પાછા આપવાના બહાના કાઢ્યા હતા. બાદમાં મને જાણવા મળ્યું કે તેણે મારો સોનાનો હાર મુથૂટ ફાઈનાન્સમાં ગીરવે મૂકી દીધો હતો. આ ઉપરાંત ઓનલાઈન ટ્રાન્સફર કરેલા રૂા.૩૦,૦૦૦ મળી કુલ રૂા.૬,૯૦,૪૯૩ની મત્તા આ બંને પતિ-પત્નીએ મારી પાસેથી હડપ કરી લીધી હતી. અવારનવાર રકમ અને દાગીના પરત માંગવા છતાં તા.૨૮/૮/૨૦૨૩ના રોજ તેઓ ઔરંગાબાદ જવાનું કહીને ભાગી ગયા હતા.

# વડોદરાની મ.સ. યુનિ.માં ૧૨૭ ગોલ્ડ મેડલ વિદ્યાર્થિનીઓ, ૭૫ વિદ્યાર્થીઓના ફાળે

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ૭૫મા પદવીદાન સમારોહના આયોજન માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને તેની વચ્ચે સત્તાધીશો દ્વારા ગોલ્ડ મેડલ મેળવનારા સ્ટૂડન્ટસના નામ અને ગોલ્ડ મેડલની સંખ્યા જાહેર કરવામાં આવી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગોલ્ડ મેડલ મેળવવામાં છોકરીઓએ છોકરાઓને પાછળ પાડ્યા છે. યુનિવર્સિટી દ્વારા આ વખતે પદવીદાન સમારોહમાં વિવિધ ફેકલ્ટીઓમાં કુલ મળીને ૧૬૧ સ્ટૂડન્ટસને ૨૦૨ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.આ પૈકીના ૧૨૭ ગોલ્ડ છોકરીઓ અને ૭૫ ગોલ્ડ મેડલ છોકરાઓના ફાળે ગયા છે.

ગોલ્ડ મેડલ મેળવનારા સ્ટૂડન્ટસને ઈ-મેઈલ અને એસએમએસ પાઠવીને પદવીદાન સમારોહમાં હાજર રહેવા માટે જાણ કરાઈ છે. સત્તાધીશોએ બદલેલા નિર્ણય પ્રમાણે ગોલ્ડ મેડલમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કર્યો છે. આમ છતા ગત વર્ષ કરતા ગોલ્ડ મેડલની સંખ્યા ઓછી થઈ છે. કારણ કે, સોના-ચાંદીના ભાવ વધારાના કારણે હવે ગોલ્ડ મેડલ બનાવવાનું મોંઘુ પડી રહ્યું હોવાથી સત્તાધીશોએ ૨૫ વર્ષ કે તેથી જૂના ગોલ્ડ મેડલની બાદબાકી કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ૩૫૪ મેડલ અપાયા હતા. જે ઘટીને હવે ૨૦૨ રહ્યા છે.

# આણંદમાં વિઝાના નામે રૂા.૧.૦૬ કરોડથી વધુની ઠગાઈમાં નંદકુમાર ઉકાણીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૯

આણંદ શહેરના નાવલીવાલા બિલ્ડીંગના પ્રથમ માળે 'ક્રિષ્ના ઓવરસિસ કન્સલ્ટન્સી' ચલાવી વિદેશમાં નોકરી અને વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂપિયા ૧.૦૬ કરોડથી વધુની ઠગાઈ આચરનાર હાર્દિક શાહ અને તેની પત્ની અંકિતા શાહ (બંટી-બબલી)ની આણંદ શહેર પોલીસ ગણતરીના દિવસો ધરપકડ કરી હતી. ત્યારબાદ હવે આ કૌભાંડમાં સંડોવાયેલા વધુ એક આરોપી નંદકુમાર ઉકાણીની પોલીસે ધરપકડ કરી છે. કોર્ટે આરોપીના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પેટલાદમાં રહેતાં કુંદનબેન પટેલે નવેમ્બર ૨૦૨૫માં સોશિયલ મીડિયા પર વિદેશમાં નોકરી અને વર્ક પરમિટ માટેની જાહેરાત જોઈ હતી. આ જાહેરાતના આધારે તેમણે કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. આરોપીઓએ કુંદનબેનને યુરોપના સર્બિયા અને યુકેના વિઝિટર વિઝા અપાવવાની લાલચ આપીને તબક્કાવાર લાખો રૂપિયા પડાવી લીધા હતા અને બદલામાં બોગસ જોઈનિંગ લેટર આપ્યા હતા. લાંબો સમય વીતવા છતાં વિઝા નહીં મળતા અને પૈસા પરત ન મળતા આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં કુંદનબેન ઉપરાંત અન્ય ૧૯ જેટલા વ્યક્તિઓ સાથે પણ છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું હતું. સર્બિયા, અર્મેનિયા, ચેક રિપબ્લિક, લાત્વિયા અને દુબઈ જેવા દેશોમાં નોકરી અપાવવાના બહાને બોગસ ઈ-વિઝા આપવામાં આવ્યાં હતાં.આ દંપતી અને પાર્ટનર નંદકુમાર ઉકાણીએ મળીને કુલ ૨૮ લોકો સાથે આશરે ૧,૦૬,૨૬,૯૬૦ રૂપિયાની માતબર રકમની ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

છે. આણંદ શહેર પોલીસે અંકિતા શાહને આણંદથી અને મોબાઈલ લોકેશન ટ્રેસ કરીને હાર્દિક શાહને ભાવનગરના ઉમરાળાથી ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ પોલીસે ત્રીજા આરોપી નંદકુમાર ઉકાણીની પણ ધરપકડ કરી લીધી છે. પોલીસે તેને કોર્ટમાં રજૂ કરીને વધુ પૂછપરછ માટે બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

### સાવરકુંડલાના હાડિડા ગામના ચકચારી બનાવમાં
# પીએમ રિપોર્ટમાં ખુલાસો : પુત્રીની હત્યા કર્યા બાદ પિતાએ આત્મહત્યા જ કરી હતી

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૯

સાવરકુંડલાના હાડિડા ગામે પાંચ વર્ષની પુત્રીને મોઢે ડૂચો દઈ હત્યાં બાદ પિતા એ સુસાઇડ કરી લેવાની ચકચારી ઘટનામાં મૃતક પીએમ રિપોર્ટમાં તેણે આત્મહત્યા જ કરી હોવાનું સામે આવ્યું હતું. જો કે મૃતકની પત્નીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના પતિ મહુવા ગયા હતા તે બાબતે પોલીસ માં એવી વિગત આવી હતી કે મૃતક ક્યાય મહુવા ના ગયો હતો તે ગામમાંજ તેનું લોકેશન હતું જો કે આ અંગે સત્તાવાર મોબાઈલ કોલ ડીટેલ આવ્યા બાદ વધુ વિગતો ખુલી શકે છે.પ્રાપ્ત વિગતો અનુસાર સાવરકુંડલાના હાડીડા ગામે ૧૦ તારીખ ૧૭ના રોજ હાડીડા ગામના કિશોરભાઈ નાથાભાઈ ધાનક ઉવ ૪૦ દ્વારા તેની પાંચ વર્ષની પુત્રી હિમાંશીની હત્યા નિપજાવી તેની લાશ ફ્રીજમાં રાખી બાદમાં કિશોરભાઈ એ પણ ગળાફાંસો ખાય આત્મહત્યા કરી લીધેલ હોવાની ઘટના બનેલી હતી.પોલીસે જણાવ્યું હતું કે મૃતક કિશોરભાઈના પીએમ રિપોર્ટમાં તેમણે આત્મહત્યા જ કરી હોવાનું ખુલ્યું છે. પોલીસે વધુ વિગતો આપતા જણાવેલ કે કિશોરભાઈની પત્ની મંજુબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે મંજુબેન તેમના ફઈની પાંચમમાં બારપટોળી ગામે ગયેલા હતા ત્યાંથી બીજા દિવસે પરત આવતા એમના ઘરે તાળું મારેલ એને ઘર બંધ હોય જેથી તેમના પત્નીએ પતિ કિશોરભાઈને ફોન કરીએ પૂછતા તેઓ મહુવા હોવાનું જણાવ્યું હતું. પરંતુ તેઓનું લોકેશન હાડીડા ગામે જ આવ્યું હતું તેમના પતિ મહુવા ગયા ન હતા તેમજ ફરિયાદમાં મહુવાના મહમદભાઈ મહેતરને ત્યાં કામ કરતા હોવાનું જણાવેલ પરંતુ તે નામનો કોઈ વ્યક્તિ જ ના હોવાનું પોલીસ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે જોકે પોલીસે હજુ મૃતક કિશોરભાઈના મોબાઈલની કોલ ડીટેલ મંગાવેલ છે તે આવ્યા બાદ વધુ વિગતો ખુલી શકે છે તપાસ કરતા પોલીસ અધિકારી બીએલ ચૌધરીએ જણાવ્યું હતું કે મૃતક કિશોરભાઈને ગામના ૫૦% જેટલા લોકો ઓળખતા પણ ના હતા અને કિશોરભાઈ હાડીડા ગામમાં રહે છે તેની પણ પોણા ગામના લોકોને ખબર ન હતી હવે મૃતકના મોબાઈલ કોલ ડીટેલ બાદ વધુ વિગતો સામે આવી શકે છે. આ ઉપરાંત ત્રણ સુસાઇડ નોટ અંગે લખાણ કીશોરભાઈનું છે કે કેમ તે અંગે તપાસ કરતા લખાણ તેમનું જ હોવાનું તપાસમાં આવ્યું હતું.

# અપક્ષ ઉમેદવારને સમર્થન મામલે મહિલા કાઉન્સિલરને પ્રદેશ કોંગ્રેસ દ્વારા નોટિસ

### વડોદરામાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારો ઓછા મતના તફાવતથી હારી ગયા હતા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૯

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર-૧ના કોંગ્રેસના કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા સામે સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમિયાન પક્ષવિરોધી પ્રવૃત્તિ કર્યાના આક્ષેપોને પગલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ફરી ખુલાસો માંગવામાં આવતા કોંગ્રેસનું આંતરિક રાજકારણ ગરમાયું છે.

આક્ષેપ મુજબ, વર્ષ ૨૦૨૬ની મ્યુનિસિપલ ચૂંટણી દરમિયાન વોર્ડ નંબર-૧માં કોંગ્રેસની ચાર સભ્યોની પેનલ સામે અપક્ષ ઉમેદવાર હરીશ પટેલને પુષ્પાબેન વાઘેલાએ જાહેરમાં સમર્થન આપ્યું હતું.

પ્રદેશ કોંગ્રેસ સમક્ષ થયેલી રજૂઆતમાં એવો આક્ષેપ કરાયો છે કે અપક્ષ ઉમેદવારને મળેલા સમર્થનના કારણે કોંગ્રેસની પેનલના મતોમાં ઘટાડો થયો હતો અને કોંગ્રેસના ત્રણ ઉમેદવારો ઓછા મતના તફાવતથી ચૂંટણી હારી ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, પુષ્પાબેન વાઘેલા સામે અગાઉ પણ પક્ષવિરોધી વર્તણૂકના આક્ષેપોને પગલે કાર્યવાહી થઈ હોવાનું જણાવાય છે. તે સમયે તેમણે લેખિતમાં માફી માગી હતી અને ભવિષ્યમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ નહીં કરવાની ખાતરી આપ્યા બાદ સસ્પેન્શન રદ કરવામાં આવ્યું હતું. હવે ફરી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારને સહાય કર્યાની રજૂઆત થતાં પ્રદેશ કોંગ્રેસ દ્વારા ખુલાસો માંગવામાં આવ્યો છે.

# સિંગણપોરમાં સ્ટેટ મોનિટરિંગ સેલના દારૂના અડ્ડા પર દરોડા : ૬.૫૯ લાખનો વિદેશી દારૂ ઝડપયો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૯

સિંગણપોર વિસ્તારમાં દસ છાપરી આગળ ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂનું વેચાણ થતું હોવાની માહિતીના આધારે સ્ટેટ મોનીટરિંગ સેલની ટીમે દરોડો પાડી બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન દારૂની બોટલો તેમજ બિયરના ટીન મળી કુલ ૨,૧૪૩ નંગ જપ્ત કરવામાં આવ્યા હતા. દારૂની કિંમત રૂા.૬,૫૯,૭૮૩ સહિત બે મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂા.૬,૭૬,૨૭૩નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સ્ટેટ મોનીટરિંગ સેલની ટીમે સિંગણપોર ગામમાં દરગાહના મહોલ્લા તેમજ દસ છાપરી આગળ આવેલી ખુલ્લી જગ્યામાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રાહુલ વામનરાવ લકડુ (ઉં.વ.૨૨) અને શુભમ અજયભાઈ કશ્યપ (ઉં.વ.૧૯) વિદેશી દારૂનું વેચાણ કરતા મળી આવ્યા હતા. પોલીસે બંનેને ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન આરોપીઓ પાસેથી વેચાણ માટે રાખેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ઉપરાંત વોન્ટેડ આરોપીના કબજા-ભોગવટાવાળી ઓરડીમાંથી પણ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ ૨,૧૪૩ બોટલ અને બિયરના ટીન કબજે કર્યા હતા. સાથે બે મોબાઈલ ફોન કિંમત રૂા.૧૦ હજાર તથા રોકડ રૂા.૬,૪૯૦ મળી કુલ રૂા.૬,૭૬,૨૭૩નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં મુખ્ય આરોપી તરીકે દિવ્યાબેન ઉર્ફે દિપુ જીતુભાઈ પાટીલ અને જીતુભાઈ પ્રભાકરભાઈ પાટીલને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# ડીસા-ભીલડી હાઈવે પર બે ટ્રકો વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બેનાં મોત

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૯

ડીસા-ભીલડી હાઈવે રોડ નંબર-૨૭ પર સાંડીયા ગામ નજીક બે ટ્રકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક ટ્રકમાં સવાર બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય ટ્રકમાં સવાર એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

પ્રાપ્ત વિગતો અનુસાર, ટ્રક નંબર GJ-12-BY-1706માં સવાર અભય કુમાર સંજયરાય યાદવ,રહે. કુવારીબીટ,બિહાર તથા સન્ની કુમાર મનોજરાય,રહે. ગામ ડીહી, જિલ્લો સારણ, બિહારના અકસ્માતમાં મોત થયા હતા. જ્યારે અન્ય ટ્રક નંબર GJ-12-CT-4004માં સવાર એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. અકસ્મતમાં મૃત્યુ પામેલા બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ભીલડી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યા હતા. દરમિયાન, અકસ્માત કયા સંજોગોમાં અને કેવી રીતે સર્જાયો તે અંગે ભીલડી પોલીસે તપાસ હાથ ધરી છે.

### નવસારીમાં ગણેશ વિસર્જન દરમ્યાન
# ડીજે પર અશ્લીલ અને અભદ્ર ગીતો વગાડવા સામે કલેક્ટર સમક્ષ રજૂઆત



(સંવાદદાતા દ્વારા)
નવસારી, તા.૧૯

નવસારી શહેરમાં ગણેશોત્સવ દરમિયાન વિસર્જન યાત્રાઓમાં વાગતા અવાંછિત અને અશ્લીલ ગીતો સામે સ્થાનિક નાગરિક દ્વારા વહીવટી તંત્ર સમક્ષ અવાજ ઉઠાવવામાં આવ્યો છે. એરૂ રોડ સ્થિત અયોધ્યા નગરના રહીશ રૂપેન્દ્રકુમાર મહાદેવભાઈ દેસાઈએ નવસારી જિલ્લા કલેક્ટરને લેખિત અરજી સુપરત કરી ગણેશ વિસર્જન દરમિયાન ડીજે પર અભદ્ર અને સમાજમાં અયોગ્ય સંદેશ ફેલાવતા ગીતો પર કડક પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

અરજીમાં જણાવ્યા અનુસાર, ગણેશોત્સવ એ એક અત્યંત પવિત્ર, ધાર્મિક અને પારિવારિક ઉત્સવ છે. વિસર્જન દરમિયાન વિવિધ મંડળો દ્વારા શોભાયાત્રાઓમાં મોટા પાયે ડી.જે. અને સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, કેટલાક સ્થળોએ ડીજે સંચાલકો દ્વારા મહિલાઓ, વડીલો અને બાળકોની હાજરીમાં સાંભળી ન શકાય તેવા દ્વિઅર્થી અને અભદ્ર ગીતો વગાડવામાં આવે છે. આવા ગીતોના કારણે જાહેર માર્ગો પર અયોગ્ય વાતાવરણ સર્જાય છે અને ઉત્સવની ધાર્મિક ગરિમા હણાય છે.સ્થાનિક જાગૃત નાગરિકે કલેક્ટરને અપીલ કરી છે કે, વિસર્જન પૂર્વે ડીજે અને સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે. અશ્લીલ અને અયોગ્ય ગીતો વગાડવા પર તાત્કાલિક અસરથી રોક લગાવવામાં આવે. ગણેશ મંડળો અને ડીજે સંચાલકોને અગાઉથી કડક સૂચનાઓ પાઠવી, નિયમભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.ગણેશ વિસર્જનનો પવિત્ર તહેવાર શાંતિપૂર્ણ, સંસ્કારી અને કાયદો-વ્યવસ્થાના દાયરામાં ઉજવાય તે માટે વહીવટી તંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી લોકમાંગ ઉઠી છે.

# સારોલી શ્યામ સંગીની માર્કેટ અગ્નિકાંડમાં ડિંડોલીના વિનોદ સાળવેની સંડોવણી

### અગાઉ માર્કેટિંગ કામ કરતો વિનોદ સાળવે પોલીસ પકડે તે પૂર્વે મહારાષ્ટ્ર તરફ ભાગી છૂટ્યો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૯

કડોદરા રોડ પર સારોલી ખાતે આવેલી શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં લાગેલી ભીષણ આગના પ્રકરણમાં હવે ડિંડોલીના વિનોદ સાળવેનું નામ સામે આવતા પોલીસ તપાસમાં નવો વળાંક આવ્યો છે. આગ અકસ્માતે નહીં પરંતુ ઈરાદાપૂર્વક લગાવવામાં આવી હોવાની આશંકા વચ્ચે પોલીસ દ્વારા વિનોદ સાળવેની ભૂમિકા અંગે વિવિધ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર પોલીસ તપાસમાં એવી પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે માર્કેટમાં કામ કરતા વિનોદ સાળવેને કોઈ વેપારીએ નોકરીમાંથી છૂટો કર્યો હતો કે પછી કોઈ વેપારી દ્વારા તેને આગ લગાડવાની સોપારી આપવામાં આવી હતી. જોકે આ બંને બાબતો અંગે પોલીસ હજુ કોઈ સત્તાવાર નિષ્કર્ષ પર પહોંચી નથી અને સમગ્ર મામલે પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. માર્કેટમાં લાગેલી આગ દરમિયાન સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાઓની તપાસ કરવામાં આવી રહી છે. આગ લગાડવાના કાવતરામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે. દરમિયાન વિનોદ સાળવે આગની ઘટના બાદ મહારાષ્ટ્ર તરફ ભાગી ગયો હોવાની દિશામાં પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસની ટીમો તેના સંભવિત ઠેકાણાઓ અંગે માહિતી મેળવી રહી છે. આરોપી અંગે ચોક્કસ પુરાવા મળ્યા બાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હાલ શ્યામ સંગીની માર્કેટ આગકાંડમાં આગ પાછળનું ચોક્કસ કારણ, વિનોદ સાળવેની ભૂમિકા અને તેને કોઈએ આગ લગાવવા માટે પ્રેરિત કે મદદ કરી હતી કે કેમ તે અંગે પોલીસની તપાસ ચાલુ છે.

### રાંદેર તારવાડીમાં ઝેપ્ટોના ગોડાઉનમાં તપાસ હાથ ધરાઈ
# એક્સપાયરી થયેલી છાશની બોટલો તેમજ બ્રેડના પેકેટો મળી આવ્યા

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૯

રાંદેર તારવાડી વિસ્તારમાં આવેલા ઝેપ્ટોના ગોડાઉન અંગે ખાદ્યપદાર્થોને લઈને ફરિયાદ મળતા સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ તથા સેનિટેશન ટીમ દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારે એક્સપાયરી થયેલી છાશની બોટલો તેમજ બ્રેડના પેકેટો મળી આવ્યા હતા. મનપાએ ઝેપ્ટો લિમિટેડને રૂા.૨૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સુરત મહાનગર પાલિકાની આરોગ્યા વિભાગને ફરિયાદ મળતા રાંદેર તારવાડી ખાતે આવેલા ઝેપ્ટોના ગોડાઉન પર પહોંચી હતી. ટીમ દ્વારા ગોડાઉનમાં રાખવામાં આવેલા વિવિધ ખાદ્યપદાર્થોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ગોડાઉનમાંથી એક્સપાયરી થયેલી છાશની બોટલો તેમજ બ્રેડના પેકેટો મળી આવ્યા હતા ખાદ્યપદાર્થોની તપાસ દરમિયાન એક્સપાયરી થયેલી વસ્તુઓ મળી આવતા મહાનગરપાલિકાની ટીમે તેને ગંભીરતાથી લીધી હતી. લોકોના વપરાશમાં આવી શકે તેવી આ ખાદ્ય વસ્તુઓ વધુ આગળ સપ્લાય ન થાય તે માટે મળી આવેલા એક્સપાયરી જથ્થાનો સ્થળ પર જ તાત્કાલિક નિકાલ કરવામાં આવ્યો હતો. જે બાદ જવાબદારી નક્કી કરીને ઝેપ્ટો લિમિટેડને રૂા.૨૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે અને નિયમોના પાલન માટે નોટિસ પણ ઈસ્યુ કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખાદ્યપદાર્થોનું વેચાણ અથવા વિતરણ કરતા એકમોએ ગ્રાહકો સુધી ગુણવત્તાયુક્ત અને ઉપયોગલાયક ખાદ્ય સામગ્રી જ પહોંચે તેની તકેદારી રાખવી જરૂરી છે.

# કોડીનાર બસ સ્ટેન્ડ પાસે યુવાન પર હુમલો અને ફાયરિંગના આક્ષેપ : ચાર ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
કોડીનાર, તા.૧૯

કોડીનાર શહેરમાં બસ સ્ટેન્ડ સામેના વિસ્તારમાં મધરાત્રીના સમયે એક યુવાનને રોકી માર મારવા તેમજ તેના ઉપર ફાયરિંગ કર્યાના આક્ષેપ સાથેની ઘટના સામે આવતા ચકચાર મચી છે. બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવાને ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવતા કોડીનાર પોલીસે ગણતરીના કલાકોમાં ચારેય આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.ગત રાત્રિના આશરે દોઢ વાગ્યાના અરસામાં કોડીનારના સાગર નરસિંહભાઈ શિયાળ મોટરસાયકલ લઈને બસ સ્ટેશન પાસેથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન બસ સ્ટેન્ડ નજીક ઉભેલા કુલદીપભાઈ વાઢેર, બીપીનભાઈ વાઢેર, તુષાર ઉર્ફે ચંદુ ચુડાસમા તથા રિપલ ગોહિલ (રહે. પીપળી)એ સાગરભાઈને રોકી જૂની અદાવતના મામલે માર માર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.ફરિયાદ મુજબ, હુમલા દરમિયાન કુલદીપભાઈ વાઢેર પાસે રહેલા હથિયારથી સાગરભાઈ ઉપર ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનો પણ આક્ષેપ કરાયો છે. તેમજ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદમાં વિગતો આપવામાં આવી છે. બનાવમાં ઈજાગ્રસ્ત સાગરભાઈ નરસિંહભાઈ શિયાળને સારવાર માટે કોડીનારની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં કોડીનાર પોલીસ મથકના પી.આઈ. એન.વી. હરિયાણી સહિતનો પોલીસ સ્ટાફ તાત્કાલિક સરકારી હોસ્પિટલ પહોંચ્યો હતો અને ઈજાગ્રસ્તની ફરિયાદ નોંધી હતી. ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ઘટનાસ્થળે પહોંચી ચારેય શખ્સોને ઝડપી લીધા હતા. ફાયરિંગના આક્ષેપને પગલે પોલીસે ઘટનાસ્થળ



(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)

તથા આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાની કાર્યવાહી પણ શરૂ કરી છે.

### વર્ષ ૨૦૧૮થી અત્યારસુધીના ૬૬૭ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે
# રાજપીપળાની બિરસા મુંડા ટ્રાયબલ યુનિ.નો પ્રથમ પદવીદાન સમારોહ આજે યોજાશે
### રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ૫૦ તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ અપાશે

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૧૯

નર્મદા જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ આજે ૨૦ સપ્ટેમ્બરે યોજાશે. વર્ષ ૨૦૧૮થી કાર્યરત આ યુનિવર્સિટીનો પહેલો પદવીદાન સમારોહ નર્મદા જિલ્લા અને સમગ્ર આદિવાસી સમાજ માટે ગૌરવપૂર્ણ ક્ષણ બની રહેશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ખાસ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે. જેમાં વિવિધ વિદ્યાશાખામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૫૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને પદવી આપવામાં આવશે. આ સાથે જ ૨૦૧૮થી અત્યારસુધીમાં સ્નાતક થયેલા કુલ ૬૬૭ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે.

આદિવાસી વિસ્તારના યુવાનોને ઉચ્ચ શિક્ષણ અને કૌશલ્ય વિકાસની નવી તકો આપવા માટે આ યુનિવર્સિટી મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. પ્રથમ પદવીદાન સમારોહ યુવાનોની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવાનો અને તેમના ઉજ્જવળ ભવિષ્યને નવી દિશા આપવાનો પ્રસંગ બનશે.

આ સમારોહમાં આદિજાતિ વિકાસ મંત્રી પી. સી. બરંડા અને




પ્રોટોકોલ મંત્રી પ્રફુલ પાનશેરિયા પણ હાજર રહેશે. આ કાર્યક્રમ નર્મદા જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે નવો ઈતિહાસ રચશે. જિલ્લા વહીવટી તંત્ર અને યુનિવર્સિટી તંત્ર દ્વારા કાર્યક્રમની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.


ગુજરાત ટુડે

**કોડીનાર (જિલ્લો ગીરસોમનાથ) શહેરમાં**
**ગુજરાત ટુડે દૈનિકની એજન્સી આપવાની છે**

જે કાયમી સમયસર તેમજ અન્ય ચાર રજાઓમાં (ઉત્તરાયણ, ધુળેટી, જન્માષ્ટમી અને દિવાળીના ત્રીજા દિવસે) કાર્યરત રહી અખબાર પહોંચાડી શકે તેવા ઉત્સાહી એજન્ટ મિત્રો તાત્કાલિક સંપર્ક કરે.

**રવાનગી વિભાગ**

ગુજરાત ટુડે, દૈનિક ૩૩/૧, શાહઆલમ અમદાવાદ-૩૮૦૦૨૮
સંપર્ક : 98790 18215, 99243 52815
E-mail : gujarattodaydaily@gmail.com

### ૧૨ વર્ષ જૂનો સંબંધ છૂપાવી લગ્ન કર્યા

# મહિલા તબીબ પર પતિએ ગર્ભપાત કરાવવા દબાણ કરી મોં પર ઓશીકું દબાવ્યું

## ડિસેમ્બર ૨૦૨૫માં દીકરીનો જન્મ થયો ત્યારે સસરાએ બાળકના નામે ૫ લાખ રૂપિયા ફિક્સ ડિપોઝિટ મૂકવા દબાણ કર્યું હતું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના કલોલ ખાતે આવેલી મેડિકલ કોલેજમાં સિનિયર રેસિડેન્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવતી ૩૦ વર્ષીય પરિણીતા પર તેના પતિ અને સાસરી પક્ષ દ્વારા શારીરિક-માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પરિણીતા ગર્ભવતી બનતાં પતિએ બાળક ન જોઈતું હોવાનું કહી મોઢા પર ઓશિકું દબાવી ગર્ભપાત કરાવવા દબાણ કર્યું હતું. આ ઉપરાંત સાસરિયાઓએ વધુ સોનું અને બાળકના નામે ૫ લાખ રૂપિયા મૂકવા બાબતે ત્રાસ આપી, પિતરાઈ દિયરે ઘરમાં તોડફોડ કરી પિતાને ઈજા પહોંચાડતાં મણિનગર પોલીસે પતિ, સાસુ, સસરા અને પિતરાઈ દિયર સામે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

મણિનગર વિસ્તારમાં પિતાના ઘરે રહેતી ૩૦ વર્ષીય મહિલા તબીબના લગ્ન મે ૨૦૨૪માં સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે રહેતા યુવક સાથે થયા હતા. લગ્નમાં પિતાએ ૧૩ તોલા સોનાના દાગીના આપ્યા હતા. લગ્નના બીજા-ત્રીજા દિવસે પતિને દારૂ પીવાની આદત હોવાનું સામે આવ્યું હતું. અભ્યાસ દરમિયાન મહિલા તબીબ પી.જી. હોસ્ટેલમાં રહેતી, ત્યારે પણ પતિ દારૂ પીને આવીને ઝઘડો કરતો હતો. આ દરમિયાન મહિલા તબીબ ગર્ભવતી થતાં પતિએ ખુશ થવાના બદલે બાળક ન જોઈતું હોવાનું કહી ગર્ભપાત કરાવવા દબાણ કર્યું હતું.

પરિણીતાએ ના પાડતાં પતિએ પલંગ પર પડેલું ઓશિકું મોં પર દબાવી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હાજર માતા-પિતાએ વચ્ચે પડી તેને બચાવી લીધી હતી. બાદમાં નરોડા ખાતે ભાડે મકાન રાખ્યું, ત્યારે પણ સાસુ-સસરા તારા બાપે શું આપ્યું છે, આપણા સ્ટેટ્સ પ્રમાણે ૨૦-૨૫ તોલા સોનું લાવવું જોઈએ કહી મેણાં-ટોણાં મારતા હતા.

પરિણીતાએ પતિના ફોનમાં તપાસ કરતાં અન્ય યુવતી સાથેના મેસેજ, ફોટા તેમજ હોટેલ બુકિંગની વિગતો મળી આવી હતી. આ અંગે પૂછપરછ કરતાં પતિએ ઉશ્કેરાઈને ઝઘડો કર્યો હતો. બાદમાં પરિણીતાના પિતાએ સંબંધિત યુવતીનો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે, પતિને તે યુવતી સાથે છેલ્લા ૧૨ વર્ષથી સંબંધ છે અને તેણે માત્ર માતા-પિતાના દબાણથી આ લગ્ન કર્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૬માં સાસરિયાઓ સમાધાન કરવા આવ્યા, ત્યારે યુવતી સાથેના સંબંધ અને દારૂની ટેવ બાબતે વાત કરતાં તેઓએ પુત્રનું ઉપરાણું લીધું હતું. જેમાં પિતરાઈ દિયરે ગુસ્સામાં આવી ઘરમાં તોડફોડ કરી ટીવી તોડી નાખ્યું હતું અને પરિણીતાના પિતાને ધક્કો મારતાં ઘૂંટણમાં લિગામેન્ટની ગંભીર ઈજા થઈ હતી. જેથી કંટાળી પરિણીતાએ મણિનગર પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી છે.

ડિસેમ્બર ૨૦૨૫માં દીકરીનો જન્મ થયો ત્યારે સસરાએ બાળકના નામે ૫ લાખ રૂપિયા ફિક્સ ડિપોઝિટ મૂકવા દબાણ કર્યું હતું. હાલ દીકરી ૭ માસની થઈ ગઈ હોવા છતાં પિતાએ કોઈ સારસંભાળ રાખી નથી. પરિણીતા છેલ્લા બે વર્ષથી લગ્નનું પ્રમાણપત્ર કઢાવવા કહેતી હોવા છતાં પતિ 'આ લગ્નને લગ્ન જ ન કહી શકાય' તેમ કહી સર્ટિફિકેટ કઢાવતો નથી, જેથી બાળકીના આધારકાર્ડ સહિતના જરૂરી દસ્તાવેજો કરવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. આ પગલાં પાછળ લગ્નનું અસ્તિત્વ નકારી જવાબદારીમાંથી છટકી જવાનો ઈરાદે પતિ આવું કરતો હોવાનું સામે આવ્યું હતું.

# કાલુપુર બ્રિજ પર AMTSએ ૪થી ૫ વાહનોને મારી ટક્કર, બેફામ બસ હાંકનાર ડ્રાઈવરની અટકાયત

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના કાલુપુર બ્રિજ ઉપર શનિવારે (૧૯ સપ્ટેમ્બર) રાત્રે AMTSની ઈલેક્ટ્રીક બસે ચારથી પાંચ વાહનોને ટક્કર મારી હોવાની ઘટના સર્જાઈ છે. આ ઘટનામાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાસ્થળે AMTS અને પોલીસ સ્ટાફ હાજર થઈ ગયો હતો. બનાવને લઈને AMTS દ્વારા તાત્કાલિક અસરથી ડ્રાઈવરને બરતરફ કરવામાં આવ્યો છે. જયારે એજન્સીને પેનલ્ટી કરવામાં આવશે તેમ અધિકારીએ જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેરમાં આજે રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના ઘટી છે. શહેરના કાલુપુર બ્રિજ પર ૧૩૭ (શટલ) નંબરની AMTS બસચાલકે એક્ટિવા સહિત ૪-૫ વાહનોને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવા બસ નીચે આવી જતાં કૂચડો થઈ ગયો હતો. અકસ્માતમાં બસના આગળના કાચને પણ નુકસાન થયું હતું. બનાવની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને મદદ પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી. AMTSની બસ રામદેવ મસાલાથી ૭:૩૫ વાગે ઉપડી બાપુનગર તરફ જઈ રહી હતી. ત્યારે રાત્રે ૯:૧૫ વાગ્યે કાલુપુર બ્રિજ ઉપર બસે આગળ જઈ રહેલા ૨થી ૩ વાહન સાથે અકસ્માત કર્યો હતો. તેના પછી બસ રિવર્સ લેતા પાછળથી આવતા બે થી ત્રણ ટુ-વ્હીલરને અડફેટે લીધા હતા. આમ, કુલ પાંચથી છ વાહનોને EV બસે ટક્કર મારી છે. મળતી માહિતી મુજબ, એક મહિલાના હાથમાં અને એક પુરૂષના પગમાં ઈજા થઈ હતી. ઘટનાસ્થળેથી સ્થાનિકોએ ૧૦૮ને ફોન કરતા તાત્કાલિક એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ જવાયું હતું. અકસ્માત બાદ ઘટનાસ્થળે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગફલતફરી રીતે બસ હંકાવી AMTS બસચાલકે અકસ્માત સર્જતા સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને લોકોએ બસના ડ્રાઈવરને અંદર જ ઘેરી લીધો હતો. લોકો દ્વારા બસ ડ્રાઈવરનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો. ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો. પછી ડ્રાઈવર માનસિંગભાઈ તેમજ બસને શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા છે. આ બનાવ અંગે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### બનાસકાંઠા પર અકાળની તલવાર

# રાજ્યના જળાશયોમાં પાણીની બમ્પર આવક, ૪૫ ડેમ હાઈ એલર્ટ

## સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ડેમમાંથી જરૂરિયાત મુજબ પાણી છોડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે

(સંવાદદાતા દ્વારા)

બનાસકાંઠા, તા.૧૯

સમગ્ર ગુજરાતમાં વરસી રહેલા સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના જળાશયોમાં પાણીની વિપુલ આવક નોંધાઈ રહી છે.

રાજ્યના કુલ ૨૦૬ મોટા અને મધ્યમ કક્ષાના જળાશયોમાં હાલની સ્થિતિએ સરેરાશ ૭૦.૪૯ ટકા જેટલો મહત્વપૂર્ણ જળસંગ્રહ થઈ ચૂક્યો છે. પાણીની સતત આવકને પગલે જળસંપત્તિ વિભાગ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને સુરક્ષાના ભાગરૂપે રાજ્યના ૪૫ જળાશયોને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.



જળાશયોમાં સપાટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ૪૫ હાઈ એલર્ટ જળાશયો ઉપરાંત ૧૩ ડેમોને એલર્ટ અને ૧૦ જળાશયોને વોર્નિંગ સ્ટેજ પર રાખવામાં આવ્યા છે.

નીચાણવાળા અને તટવર્તી વિસ્તારોમાં રહેતા લોકોને નદી કે કેનાલ કિનારે ન જવાની અને સાવચેત રહેવાની સત્તાવાર એડવાઈઝરી જારી કરવામાં આવી છે. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ડેમમાંથી જરૂરિયાત મુજબ પાણી છોડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યમાં સરેરાશ જળસંગ્રહ ૭૦%ને પાર થઈ ગયો હોવા છતાં અમુક ચોક્કસ વિસ્તારોમાં હજુ પણ પાણીની તંગી જોવા મળી રહી છે. રાજ્યના ૭૩ જેટલા જળાશયોમાં હજુ પણ ૨૫ ટકા કરતાં ઓછો જળસંગ્રહ ઉપલબ્ધ છે.

ખાસ કરીને બનાસકાંઠાનો સીપુ ડેમ માત્ર ૪.૪૨ ટકા જ ભરાયેલો છે, જ્યારે ઊંડ-૧ ડેમમાં ૯.૭૯ ટકા અને દાંતીવાડા ડેમમાં ૨૪.૮૫ ટકા જ પાણીનો સંગ્રહ થયો છે. આ વિસ્તારોમાં સિંચાઈ અને પીવાના પાણી માટે આગામી દિવસોમાં વરસાદની વધુ આવકની જરૂરિયાત વર્તાઈ રહી છે.

### શિક્ષણ વિભાગની તપાસ બાદ કડક કાર્યવાહી

# અમદાવાદની મણિનગર એજ્યુનોવા સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી

## સ્કૂલમાં ફાયર સેફ્ટી સંબંધિત વ્યવસ્થાઓ અને લેબમાં પણ નિયમોનું પાલન ન થતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલી એજ્યુનોવા હાયર સેકન્ડરી સ્કૂલ સામે શિક્ષણ વિભાગે કડક કાર્યવાહી કરી છે. લાંબા સમયથી ચાલી રહેલી વિવિધ ગેરરીતિઓ સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સ્કૂલની માન્યતા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્કૂલમાં છેલ્લા ૧૫ વર્ષથી રમતનું મેદાન ઉપલબ્ધ ન હોવાની બાબત સામે આવી છે. આ ઉપરાંત સ્કૂલમાં ફાયર સેફ્ટી સંબંધિત વ્યવસ્થાઓ અને લેબમાં પણ નિયમોનું પાલન ન થતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવેલી તપાસના અહેવાલના આધારે સમગ્ર મામલો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ બોર્ડની કારોબારી સમિતિના નિર્ણયના આધારે સ્કૂલની માન્યતા રદ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

મણિનગરની એજ્યુનોવા હાયર સેકન્ડરી સ્કૂલનું સંચાલન શ્રી મેડિકલ રિસર્ચ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતું હતું. સ્કૂલમાં વિવિધ નિયમોના પાલન અંગેની તપાસ બાદ શિક્ષણ વિભાગે આ કાર્યવાહી કરી છે.

માન્યતા રદ થતાં સ્કૂલમાં અભ્યાસ કરતા ૧૮૦ વિદ્યાર્થીઓના શિક્ષણને લઈને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અન્ય માન્યતા પ્રાપ્ત શાળાઓમાં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ સમગ્ર મામલામાં સૌથી મોટો સવાલ એ છે કે જો સ્કૂલમાં વર્ષોથી રમતનું મેદાન, ફાયર સેફ્ટી અને લેબ સંબંધિત અનિયમિતતાઓ હતી, તો આ બાબતો સામે કાર્યવાહી કરવામાં ૧૫ વર્ષ કેમ લાગ્યા ? હવે માન્યતા રદ થયા બાદ જવાબદારી અને અગાઉની તપાસ વ્યવસ્થા અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

### વરસાદી ખાબોચિયાનું પાણી ઉડવાની સામાન્ય બાબતમાં વેપારી પર હુમલો

# બાઈકચાલકોએ ફોર્ચ્યુનરનો પીછો કરી વેપારી પર કર્યો હુમલો

## લોહીલુહાણ હાલતમાં તેમને હોસ્પિટલ ખસેડાયા, નિકોલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના દહેગામ ખાતે આવેલી પોતાની ફેક્ટરીથી ફોર્ચ્યુનર કાર લઈને નિકોલ પરત ફરી રહેલા ૫૭ વર્ષીય વેપારીની કારમાંથી વરસાદી પાણીના છાંટા ઉડવા જેવી સામાન્ય બાબતે ૪ અજાણ્યા બાઈકસવારોએ તેમનો પીછો કરી હુમલો કર્યો હતો. કઠવાડા-હુકા રોડ પર નીલકંઠ ફ્લેટ પાસે વેપારી કારમાંથી નીચે ઊતરતાં જ બાઈકચાલકો દ્વારા માથાના ભાગે જીવલેણ હુમલો કરી વેપારીને ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. હુમલાની ઘટના બાદ લોહીલુહાણ હાલતમાં વેપારીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. સમગ્ર મામલે નિકોલ પોલીસે ૪ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના નિકોલ ભક્તિ સર્કલ પાસે આવેલા ભક્તિ બંગ્લોઝમાં રહેતા અને દહેગામના ગમિજ ગામે થર્મોકોલનું કારખાનું ચલાવતા ૫૭ વર્ષીય સુરેશભાઈ ભીમજીભાઈ પટેલ શુક્રવારે (૧૮ સપ્ટેમ્બર) રાત્રે સાડા આઠ વાગ્યાના સુમારે પોતાની ફોર્ચ્યુનર કાર લઈને ઘરે પરત આવી રહ્યા હતા. આ દરમિયાન કઠવાડા-હુકા રોડ પર ચુડેલ માતાના મંદિર પાસે રસ્તામાં ભરાયેલા પાણીમાંથી પસાર થતાં આગળ બાઈક પર જઈ રહેલા ત્રણ શખ્સો પર પાણીના છાંટા ઊડ્યા હતા.

જો કે, આ મામલે સુરેશભાઈએ કાર સાઈડમાં ઊભી રાખી માફી માગીને ઘટનાસ્થળેથી પસાર થઈ ગયા હતા. પરંતુ તેવામાં સામેથી આવેલા અન્ય એક બાઈકચાલક સાથે મળી આ ચારેય શખ્સોએ વેપારીની કારનો પીછો કર્યો હતો.

આ દરમિયાન, નીલકંઠ ફ્લેટ પાસે રસ્તામાં બેસેલી ગાય સાથે કાર અથડાતાં સુરેશભાઈ નીચે ઊતર્યા હતા. ત્યારે પીછો કરી રહેલા શખ્સોએ પાછળથી આવીને વેપારીને માથામાં કોઈ અજાણી વસ્તુ ફટકારી દેતાં તેઓ કાદવમાં પડી ગયા હતા. ત્યારબાદ ચારેય શખ્સોએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જો કે, એટલામાં આસપાસના લોકો એકઠા થઈ જતાં અને સુરેશભાઈએ ફોન કરી પોતાના ડ્રાઈવર વિષ્ણુભાઈ રબારીને બોલાવતાં હુમલાખોરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

બીજી તરફ, ઈજાગ્રસ્ત સુરેશભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટના અંગે વેપારીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રીએ સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લઈ કેદીઓ સાથે સંવાદ કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસેવા, સાધના અને સુશાસનનાં ૨૫ વર્ષના યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લઈને કેદીઓ સાથે સહજ સંવાદ કર્યો હતો.



મુખ્યમંત્રીએ કેદીઓ સાથે હળવાશથી વાતચીત કરી વાતાવરણને હળવું બનાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જેલમાં બનાવવામાં આવતી વસ્તુઓ સામાન્ય નાગરિકો સુધી પહોંચે છે અને અહીંના ભજિયા પણ પ્રખ્યાત છે.

મુખ્યમંત્રીએ કેદીઓ પાસેથી 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' ભજનનું શ્રવણ કર્યું હતું તેમજ ભજનમાં દર્શાવેલા મૂલ્યોનું અનુસરણ કરી સાચા અર્થમાં વૈષ્ણવજન બનવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એક નાની એવી ભૂલના કારણે મોટું નુકસાન થઈ શકે છે. એટલું જ નહીં, તેનું પરિણામ આખા પરિવારને ભોગવવું પડે છે. આ માટે તેમણે સૌને સંયમના માર્ગે ચાલવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન સમગ્ર દેશને પોતાનો પરિવાર માને છે, ત્યારે કેદીઓને પણ જરૂરી સુવિધાઓ મળી રહે તેનું ધ્યાન રાજ્ય સરકાર દ્વારા રાખવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીએ કેદીઓને પણ 'સેવા સંકલ્પ અભિયાન'માં પોતાનું યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા.

આ અવસરે મુખ્યમંત્રીએ કેદીઓને ફળોનું વિતરણ કર્યું હતું. તેમણે કેદીઓના કૌશલ્ય વિકાસ માટે કાર્યરત કોમ્પ્યુટર સેન્ટર, સુથારીકામ, વણાટકામ અને બુક બાઈન્ડિંગ સેન્ટરની મુલાકાત લઈ વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મેળવી હતી. આઝાદીની લડત દરમિયાન સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી, અબ્બાસ તૈયબજી, રવિશંકર મહારાજ અને રસિકલાલ પરીખ જેવા મહાનુભાવોએ સાબરમતી મધ્યસ્થ જેલના જે ઓરડાઓમાં નિવાસ કર્યો હતો, તેની મુલાકાત પણ લીધી હતી.

મુખ્યમંત્રીની આ મુલાકાત સમયે રાજ્યની તમામ જેલોના વડા ડીજીપી કે.એલ.એન. રાવ, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ વિક્રાંત પાંડે, સાબરમતી જેલના સુપરિન્ટેન્ડેન્ટ ગૌરવ અગ્રવાલ સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદની ક્રાઈમ ડાયરી

**છેતરપિંડી :-**

**આનંદનગર :** જતીન સ/ઓ મનસુખલાલ દત્તા (ઉ.વ.૪૮) (રહે. શરણમ-૫ એચ.પી.પેટ્રોલપંપ પાછળ પ્રેરણાતીર્થ દેરાસરની બાજુમાં જોધપુર ગામ આનંદનગર)એ તા.૧૮/૦૯/૨૦૨૬ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે જતીન દતા તથા તેમના સબંધીને ચાઈના (ચીન) ખાતે કેંટોન ફેરમા ભાગ લેવા સારૂં જવાનું હોય તા.૨૧/૦૧/૨૦૨૬થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી દર્શન અશ્વિનભાઈ ભટ્ટ (ઠે. બી, ૩૨૧, સન સાઉથ સ્ટ્રીટ સાઉથ બોપલ)નાઓએ એડવાંસ ટુર પેકેજ પેટે રૂપિયા ૨,૭૬,૦૩૬/- મેળવી લઈ ચાઈના ખાતે જવાની પ્રોસેસ નહીં કરી ટુર પેકેજ પેટે લીધેલ નાણાં પરત નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો.

**સેટેલાઈટ :** વેજલપુર વિસ્તારમાં રહેતી યુવતીએ તા.૧૮/૦૯/૨૦૨૬ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે યુવતીના મિત્ર હીતેન્દ્ર હમ્સા કાકુલપતિ (રહે. સન ડિવાઈન-૪ સોલા ભાગવત પાસે સોલા)એ યુવતી પાસેથી થોડા સમયમાં રૂપિયા પરત આપવાની વાત કરી ધંધાના કામે હાથ ઉછીના રૂપિયાની મદદ માંગતા યુવતીએ માહે ઓગસ્ટ/૨૦૨૩ની સાલમાં હીતેન્દ્ર હમ્સા કાકુલપતિનાઓને રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- મદદ કરી હતી. સમય વિત્યે યુવતીએ હીતેન્દ્ર હમ્સા કાકુલપતિ પાસેથી આપેલ રૂપિયાની માગણી કરતા તેઓએ સંપર્ક તોડી મકાન બંધ કરી વિદેશ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.

**ઘરફોડ ચોરી :-**

**નવરંગપુરા :** વિનયકુમાર રાજરતન પાંડે (રહે. સવિતાનગર આસોપાલવ સોસાયટી પાસે વટવા)એ તા.૧૮/૦૯/૨૦૨૬ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૬ કલાક ૦૫/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્ટેડીયમ પાંચ રસ્તા પાસે ઈશ્વર કોમ્પ્લેક્ષના પહેલા માળ ખાતે દુકાનના દરવાજાનું શટ્ટર ઉચું કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કેશ કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૩,૫૦૦/- ચોરી કરી લઈ ગઈ છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયા :-**

**અમરાઈવાડી :** વિજ્યાલક્ષ્મી બહેન વા/ઓ ધવલભાઈ શાહ (ઉ.વ.૩૭) (રહે. માતૃશક્તિ કોલોની ઈન્ડીયા કોલોની બાપુનગર) તા.૧૬/૦૯/૨૦૨૬ રાતના ૦૯/૩૦ વાગ્યાના સુમારે અમરાઈવાડી એપરેલ પાર્ક મેટ્રો સ્ટેશન નીચેથી ટુ વ્હીલર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિજ્યાલક્ષ્મી બહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરિયાદ વિજ્યાલક્ષ્મી બહેન શાહએ તા.૧૮/૦૯/૨૦૨૬ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.

# ટેલિગ્રામ ગ્રૂપમાં નફાનું નકલી ઈન્વોઈસ બનાવી એકાઉન્ટન્ટ પાસેથી ૫૯,૯૩૬ રૂપિયા પડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગોમતીપુરની રાજપુર પોસ્ટ ઓફિસ પાસે આવેલી અબુકસાઈની ધાબા ચાલીમાં રહેતા અને પાલડીની ખાનગી પેઢીમાં એકાઉન્ટ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા ૨૪ વર્ષીય સાહિલ કમલેશ રાણાએ ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સાહિલના જણાવ્યાનુસાર, ૧૨મી સપ્ટેમ્બરના રોજ તે ટેલિગ્રામ પર એક ગ્રૂપ જોઈ રહ્યો હતો, જેમાં રોકાણ સામે નફાના સ્ક્રીનશોટ્સ મૂકેલા હતા. આથી તેણે એડમિન 'જીધા ભાઈ'નો સંપર્ક કર્યો હતો. સામેવાળાએ ૧૦ હજાર રૂપિયાના રોકાણ સામે ૪૫ હજાર રૂપિયા નફો મળવાની વાત કરી હતી. બાદમાં ૧૫ સપ્ટેમ્બરે સાહિલે ૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. થોડા સમય બાદ ઠગે સાહિલના નામે નકલી ઈન્વોઈસ મોકલી તેમાં ૫૩ હજાર રૂપિયા નફો અને ૧૪ હજાર રૂપિયા કમિશન દર્શાવ્યું હતું. આ નફો મેળવવા માટે ઠગે કમિશન, વિથડ્રોઅલ ચાર્જ, સેન્ડિંગ ચાર્જ, પ્રોસેસિંગ ચાર્જ અને એક્સ્ટ્રા ચાર્જના નામે અલગ-અલગ યુ પીઆઈ આઈડી આપી કટકે કટકે કુલ ૫૯,૯૩૬ રૂપિયા પડાવી લીધા હતા. બીજા દિવસે નાણાં પરત ન આવતા સાહિલે મેસેજ કરતાં આરોપીએ તેને બ્લોક કરી દીધો હતો. આ અંગે ગોમતીપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ
**અલ્તાફ હુસેન એહમદ હુસેન શેખ**
થી બદલીને
**અલ્તાફહુસૈન એહમદહુસૈન શેખ**
રાખેલ છે.
સરનામું : બી-૫૫, સમ્મે બુર્હાન કો.ઓપ સોસાયટી, પ્રકાશ કોલેજ સામે, જુહાપુરા, સરખેજ અમદાવાદ-૩૮૦૦૫૫

**નામ બદલેલ છે**

મેં મારૂ નામ પટેલ સેહઝાદ મુસ્તાકઅલી હતું તે બદલીને પટેલ શેહજાદ મુસ્તાકભાઇ કરેલ છે.
રહે.૦૫, નુર નગર, દાણીલીમડા, અમદાવાદ-૩૮૦૦૨૮

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને આ ચેતવણી આપી જણાવવાનું કે અમારા અસીલ નામે સૈયદ પરવીનબાનુ રોશનઅલી (રહે.૨૪૨, ફઝલે રેહમાની સોસ. વિભાગ -૪, ગ્યાસપુર અમદાવાદ) નાઓની સુચના અને ફરમાઈશથી જાહેર કરીએ છીએ કે, અમારા અસીલના પુત્ર નામે સૈયદ એજાજઅલી રોશનઅલી અને તેમના પત્ની સૈયદ અક્શા એજાજઅલી અમારા કહ્યામા નથી અને અમારાથી અલગ જીવન વિતાવે છે, જેથી જાહેર જનતાને જણાવવાનું કે અમારા અસીલે તેઓની તમામ સ્થાવર અને જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે. જેથી અમારા અસીલના પુત્ર નામે સૈયદ એજાજઅલી રોશનઅલી અને તેમના પત્ની સૈયદ અક્શા એજાજઅલી સાથે અમારા અસીલનો કોઈપણ જાતનો આર્થિક, સામાજિક કે અન્ય કોઈ સંબંધ રહેલો નથી.

તેઓ અને તેમના પત્ની દ્વારા કરવામાં આવતી નાણાંકીય લેવડ-દેવડ, ઉધાર, દેવું, કે કોઈપણ સિવિલ/ફોજદારી કેસો કે અરજીઓ માટે અમારા અસીલ કે તેમના પરિવારજનો જવાબદાર રહેશે નહી. આથી, કોઈ પણ વ્યક્તિએ તેમની સાથે કોઈ વ્યવહાર કરવો હોય તો તે પોતાની અંગત જવાબદારી પર કરવો.

માર સૂચનાથીઃ પરવીન બાનું
સ્થળઃ અમદાવાદ, તારીખ : ૧૬/૦૯/૨૦૨૬

Shivam V. Pal (Advocate),
Add-108/25, City And Session Court Laldarwaja, Ahmedabad.

### ગુજરાતની ૭ સહિત દેશની ૪૮ કોલેજોની મંજૂરી રદ

# જૂનાગઢની નોબલ આયુર્વેદિક કોલેજની માન્યતા રદ, શૈક્ષણિક વર્તુળમાં ભારે ચકચાર

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા. ૧૯

બોગસ શિક્ષકો અને લાંચ કૌભાંડને પગલે નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડીશીયનનાં મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટીંગ બોર્ડ દ્વારા જૂનાગઢની જાણીતી શૈક્ષણીક સંસ્થા નોબલ આયુર્વેદીક કોલેજની માન્યતા રદ કરી નાખવામાં આવતાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. ગુજરાતની ૭ સહિત દેશની ૪૮ કોલેજોની મંજુરી રદ કરવાનાં આ પગલાને એનસીઆઈએસએમનું મોટુ પગલુ ગણવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢની નોબલ આયુર્વેદીક કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટની શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૧૦૦ બીએએમએસ બેઠકોની મંજુરી રદ કરવામાં આવી છે. આ કોલેજમાં ૧૩ બોગસ શિક્ષકોને કાયદેસર ઠેરવવા અને અનુકુળ ચકાસણી રીપોર્ટ આપવા માટે રૂા. ૧૦ લાખની લાંચ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એનસીઆઈએમએસની હીયરીંગ કમીટીનાં સભ્ય ડો. રૂપાલી મહાડીકને તપાસ સોંપાતા કોલેજનાં ડો. અભય નાલવડે અને ટ્રસ્ટી પ્રતિક મોરીએ તેમને રૂા. ૧૦ લાખની લાંચની ઓફર કરી હતી. આ અંગે પુરાવા એકઠા કરી એનસીઆઈએમએસનાં પ્રમુખ ડો. મુકુલ પટેલની સૂચનાથી દિલ્હી સીબીઆઈમાં ફરિયાદ નોંધાવાઈ હતી. સીબીઆઈ દ્વારા ભારતીય ન્યાયસંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનાહીત ષડયંત્રાની ફરિયાદ દાખલ કરીને આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી. અને આ તપાસ બાદ નોબલ આયુર્વેદીક કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ જૂનાગઢ પાર્થવાટીકા, ભેંસાણ રોડ, બામણગામ નજીક આવેલી આ કોલેજની ૧૦૦ બીએસએમ બેઠકની માન્યતા રદ કરી નાખવામાં આવતાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. આ ઉપરાંત કોલેજની માન્યતા રદ થતાં હાલ આ કોલેજમાં પ્રવેશ મેળવીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં ભવિષ્યનું શું ? તેવો સવાલ પણ ઉઠવા પામ્યો છે.

# મમતા બેનરજીએ TMCનું નામ અને 'ફૂલ અને ઘાસ' પ્રતીક ફ્રીઝ કરવાના ચૂંટણી પંચના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા

**૬ ઓક્ટોબરે યોજાનારી પેટાચૂંટણી માટે ચૂંટણી પંચે બંને જૂથોને પક્ષની મૂળ ઓળખનો ઉપયોગ કરવા પર રોક લગાવીને નવા નામ અને પ્રતીકો ફાળવ્યા બાદ આ નિર્ણયને પડકારવામાં આવ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનરજીએ ભારતીય ચૂંટણી પંચ દ્વારા પક્ષનું નામ અને ચૂંટણી પ્રતીક ફ્રીઝ કરવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ મામલે તાકીદે યાદી બનાવીને સુનાવણી હાથ ધરવા માટે ૨૧ સપ્ટેમ્બરે ભારતના મુખ્ય ન્યાયાધીશ ની ખંડપીઠ સમક્ષ રજૂઆત કરવામાં આવે તેવી શક્યતા છે. ચૂંટણી પંચે શુક્રવારે મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના જૂથને "મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ" નામ અને "ફૂટબોલ ખેલાડી"નું પ્રતીક ફાળવ્યું છે. જ્યારે અરુપ રોયના નેતૃત્વ હેઠળના હરીફ જૂથને "ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ" નામ અને "પરબીડિયું" નું પ્રતીક ફાળવવામાં આવ્યું છે. આ નવી ફાળવણી પશ્ચિમ બંગાળની બે વિધાનસભા બેઠકો-નંદીગ્રામ અને રેજીનગર-માટે ૬ ઓક્ટોબરે યોજાનારી પેટાચૂંટણી માટે કરવામાં આવી છે. આ અગાઉ ગુરુવારે એક વચગાળાના આદેશમાં ચૂંટણી પંચે વિવાદ ઉકેલાય નહીં ત્યાં સુધી બંને જૂથોને ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના મૂળ નામ અને તેના 'ફૂલ અને ઘાસ'ના પ્રતીકનો ઉપયોગ કરવા પર રોક લગાવી દીધી હતી. ચૂંટણી પંચે ગુરુવારના પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ઉપલબ્ધ તમામ માહિતીની સમીક્ષા કર્યા બાદ કમિશનનો અભિપ્રાય છે કે પક્ષમાં બે હરીફ જૂથો ઊભા થયા છે- એક મમતા બેનરજીના નેતૃત્વમાં અને બીજું અરુપ રોયના નેતૃત્વમાં. બંને જૂથો પક્ષ પર પોતાનો દાવો કરી રહ્યા હોવાથી ઈલેક્શન સિમ્બોલ્સ (રિઝર્વેશન એન્ડ એલોટમેન્ટ) ઓર્ડર ૧૯૬૮ના પેરા ૧૫ હેઠળ આ મામલે ગહન નિર્ણય લેવો જરૂરી છે. ચૂંટણી પંચના આ નિર્ણયને મમતા બેનરજીએ શુક્રવારે દેશના લોકશાહી ઈતિહાસનો "કાળો દિવસ" ગણાવ્યો હતો અને પક્ષના મૂળ નામ તથા પ્રતીક માટે લડત ચાલુ



રાખવાની જાહેરાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે ૧૯૯૮માં કોંગ્રેસમાંથી અલગ થઈને જે સંસ્થા તેમણે સ્થાપી હતી તેને લગભગ ત્રણ દાયકાના રાજકીય સંઘર્ષથી ઊભી કરવામાં આવી છે અને તેઓ રાજકીય દબાણ સામે ઝૂકશે નહીં પરંતુ લોકશાહી અને કાનૂની રીતે આ લડાઈ લડશે. આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ TMCમાં બળવો થયો હતો, જે બાદ પક્ષની ઓળખ અંગે વિવાદ સર્જાયો છે. નંદીગ્રામ, રેજીનગર અને આસામમાં નાગાંવ બેઠક પર આગામી પેટાચૂંટણીઓ આવી રહી હોવાથી કમિશને વચગાળાની વ્યવસ્થા કરી છે. બીજી તરફ, નંદીગ્રામ પેટાચૂંટણીમાં પોતાના ઉમેદવારે નામ પાછું ખેંચી લેતાં મમતાના જૂથે 'ઈન્ડિયા' ગઠબંધનને મજબૂત કરવા કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. હવે આ કાનૂની પડકાર સાથે સમગ્ર વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે.

# દિલ્હી SIRમાં ૩૩ લાખ મતદારોને નોટિસ પરંતુ ચૂંટણી પંચે કારણ જાહેર કર્યું નથી

(એજન્સી) તા.૧૯

દિલ્હી SIRમાં ૩૩.૧૩ લાખ મતદારોને 'નો મેપિંગ' અથવા 'લોજિકલ વિસંગતતાઓ' હેઠળ મૂકવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટમાં નોટિસ અને માપદંડોને જાહેર કરવાની માંગ. દિલ્હીમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની પારદર્શિતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજી અનુસાર, દિલ્હીની ડ્રાફ્ટ મતદાર યાદીમાં સમાવિષ્ટ આશરે ૩૩.૧૩ લાખ મતદારોને 'નો મેપિંગ' અથવા 'લોજિકલ વિસંગતતાઓ'ના આધારે નોટિસ જારી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જોકે, એવો આરોપ છે કે ચૂંટણી પંચે હજુ સુધી કયા મતદારોને નોટિસ મળી છે અને તેમને જારી કરવાનું ચોક્કસ કારણ જાહેર કર્યું નથી. આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. પારદર્શિતા કાર્યકર્તાઓ અંજલી ભારદ્વાજ અને અમૃતા જોહરીએ ચૂંટણી પંચ અને દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી પર SIR પ્રક્રિયા અંગે પૂરતી જાહેર માહિતી પૂરી ન પાડવાનો આરોપ લગાવતી અરજી દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટ ૨૧ સપ્ટેમ્બરે અરજી પર સુનાવણી કરવાનું છે. અરજીમાં આપેલા ડેટા અનુસાર, ડ્રાફ્ટ મતદાર યાદીમાં સમાવિષ્ટ ૩૩,૧૩,૦૦૦થી વધુ મતદારોને બે શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. અરજદારો જણાવે છે કે આ બે શ્રેણીઓમાં વર્ગીકૃત કરાયેલ મતદારોની સંપૂર્ણ યાદી જાહેર કરવામાં આવી નથી. આ શ્રેણીઓમાં વ્યક્તિને વર્ગીકૃત કરવા માટેનો ચોક્કસ આધાર પણ સ્પષ્ટ નથી. SIRમાં 'મેપિંગ' એ ૨૦૦૨ની મતદાર યાદી સાથે હાલની મતદાર વિગતોને જોડવાનો ઉલ્લેખ કરે છે. આમાં જૂની યાદીમાં મતદારનો ભાગ નંબર અને સીરીયલ નંબર જોવાનો સમાવેશ થાય છે. જો ૨૦૦૨ની મતદાર યાદીમાં હાલના મતદારનું નામ ન મળે, તો તેમના માતાપિતાના ૨૦૦૨ના મતદાર રેકોર્ડના આધારે એક લિંક સ્થાપિત કરવામાં આવે છે. ઓખલાના કોંગ્રેસના બૂથ લેવલ એજન્ટ-૧ ફૌઝુલ અઝીમના જણાવ્યા અનુસાર, કયા મતદારોનું મેપિંગ કરવામાં આવ્યું નથી અને કોને નોટિસ મોકલવામાં આવી છે તેની માહિતી મુખ્યત્વે બૂથ લેવલ અધિકારીઓ અને ચૂંટણી અધિકારીઓ પાસે હોય છે. અરજદારોએ 'તાર્કિક વિસંગતતાઓ' શબ્દ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે ચૂંટણી પંચના ૧૪ મેના સંદેશાવ્યવહાર અને મૂળ SIR આદેશમાં મતદારને 'તાર્કિક વિસંગતતા' તરીકે વર્ગીકૃત કરવા માટે ઉપયોગમાં લેવાતા ચોક્કસ માપદંડો અથવા પદ્ધતિનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. અરજદારી મુજબ, આવી વિસંગતતાઓમાં નામ, માતાપિતાની વિગતો અથવા ઉંમરમાં તફાવત શામેલ હોઈ શકે છે. અરજદારો એ પણ પ્રશ્ન કરે છે કે શું પશ્ચિમ બંગાળમાં ઉપયોગમાં લેવાતા SIR માપદંડો દિલ્હીમાં લાગુ કરવામાં આવી રહ્યા છે. અંજલી ભારદ્વાજ અને અમૃતા જોહરીએ માંગ કરી છે કે ચૂંટણી પંચ નોટિસ મેળવનારા તમામ મતદારોની એકીકૃત અને શોધી શકાય તેવી યાદી જાહેર કરે.

**આ યાદીમાં સ્પષ્ટપણે જણાવવું જોઈએ :** ● મતદારનું નામ, ● સરનામું, ● નોટિસની સંબંધિત શ્રેણી, ● નોટિસ જારી કરવાનું ચોક્કસ કારણ.

અરજદારોનો આરોપ છે કે ચૂંટણી પંચ અને દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીએ નોટિસ મેળવનારા મતદારોની યાદી જાહેર કરી નથી કે નોટિસ જારી કરવા પાછળનો ચોક્કસ આધાર સ્પષ્ટ કર્યો નથી. ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૪૭.૫૬ લાખ નામો બાકાત રાખવામાં આવ્યા છે. ૩૧ ઓગસ્ટના રોજ પ્રકાશિત દિલ્હી માટે ડ્રાફ્ટ મતદાર યાદીમાં ગણતરી ફોર્મ સબમિટ કરનારા મતદારોનો સમાવેશ થાય છે. અરજીમાં આપેલા ડેટા અનુસાર, આ ડ્રાફ્ટ યાદીમાં આશરે ૯૭.૫૩ લાખ મતદારો છે. વધુમાં, ASDD શ્રેણીઓ હેઠળ ડ્રાફ્ટ યાદીમાંથી આશરે ૪૭.૫૬ લાખ મતદારોને બાકાત રાખવામાં આવ્યા છે. ASDD એટલે ગેરહાજર, શિફ્ટેડ, ડેડ અને ડુપ્લિકેટ. આમ, દિલ્હીની SIR પ્રક્રિયામાં એક તરફ ડ્રાફ્ટ યાદીમાંથી લાખો નામો બાકાત રાખવાનો મુદ્દો છે, અને બીજી તરફ, ડ્રાફ્ટ યાદીમાં




સમાવિષ્ટ લાખો મતદારોને જારી કરાયેલી નોટિસ અંગે પારદર્શિતાનો પ્રશ્ન છે. અંજલી ભારદ્વાજે ૯ સપ્ટેમ્બરના રોજ X પર પોસ્ટ કરીને દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીને પ્રશ્ન કર્યો હતો કે નોટિસ જારી કરવામાં આવી હોવા છતાં ડ્રાફ્ટ મતદાર યાદીમાં સમાવિષ્ટ ૩.૩ મિલિયનથી વધુ લોકોની વિગતો શા માટે જાહેર કરવામાં આવી નથી. તેમણે જણાવ્યું હતું કે આશરે ૧.૯૩૩ મિલિયન મતદારોને "અસંગતતાઓ" અથવા "તાર્કિક વિસંગતતાઓ" ધરાવતા તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા અને આશરે ૧.૩૭૯ મિલિયનને "અનમેપ્ડ" તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. ભારદ્વાજે એમ પણ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ, "તાર્કિક વિસંગતતાઓ" અને "નો મેપિંગ" શ્રેણીઓ હેઠળ આવતા મતદારોની યાદી દિલ્હીના CEOની વેબસાઈટ પર પ્રકાશિત કરવી જોઈએ અને સંબંધિત કચેરીઓમાં પ્રદર્શિત કરવી જોઈએ. આ પછી, ભારદ્વાજ અને જોહરીએ ૧૩ સપ્ટેમ્બરે દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીને વિગતવાર રજૂઆત મોકલી. સુપ્રીમ કોર્ટ ૨૧ સપ્ટેમ્બરે આ મામલાની સુનાવણી કરશે. મધ્ય દિલ્હીમાં જેજે બેલા એસ્ટેટના રહેવાસીઓ પણ SIR અંગે ચિંતિત છે. અહેવાલો અનુસાર, ચાંદની ચોક વિધાનસભા મતવિસ્તારના જૂના ભાગ ૩૩માંથી ૭૨૮ મતદારોને ASDD શ્રેણીના આધારે ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. બૂથ લેવલ ઓફિસર અને બૂથ લેવલ એજન્ટની બેઠકના મિનિટ્સમાં ૬૩૨ મતદારોને "શિફ્ટ" તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા. જો કે, ત્યારબાદ ગ્રાઉન્ડ વેરિફિકેશનમાં જાણવા મળ્યું કે આવા ૫૦૦થી વધુ રહેવાસીઓ હજુ પણ જેજે બેલા એસ્ટેટમાં રહેતા હતા અને તેમણે ગણતરી ફોર્મ પણ ભર્યા હતા.લોકોએ મતદાર યાદીમાં પોતાના નામ ફરીથી દાખલ કરાવવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. આ વિસ્તારના રહેવાસી કમલ માસ્ટરના જણાવ્યા અનુસાર, ડ્રાફ્ટ યાદી પ્રકાશિત થયા પછી, જેજે બેલા એસ્ટેટના રહેવાસીઓએ બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BLO)ને ૪૬૨ ફોર્મ ૬ અરજીઓ સુપરત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અન્ય મતદારોએ પણ ફોર્મ ૬ ભરવાની જરૂર છે. તેમણે સમજાવ્યું કે ઝૂંપડપટ્ટીના શિક્ષિત બાળકોએ રહેવાસીઓને ફોર્મ ભરવામાં મદદ કરી હતી. કમલ માસ્ટરના જણાવ્યા મુજબ, ચૂંટણી પંચે તેમને ખાતરી આપી છે કે તેમના નામ મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે. હવે જોવાનું બાકી છે કે અંતિમ મતદાર યાદીમાં કેટલા નામ પાછા ઉમેરવામાં આવે છે. દિલ્હી SIR અંગે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં મુખ્ય પ્રશ્ન પારદર્શિતા અને મતદારોને નોટિસ બજાવવાના સ્પષ્ટ આધારનો છે. અરજદારો ઈચ્છે છે કે કમિશન જાહેર કરે કે કયા મતદારોને નોટિસ આપવામાં આવી છે, તેમને 'નો મેપિંગ' અથવા 'લોજિકલ ડિસક્રિપન્સી'માં શા માટે મૂકવામાં આવ્યા છે, આ શ્રેણીઓ નક્કી કરવા માટેની સ્પષ્ટ પદ્ધતિ શું છે અને સંબંધિત મતદારોને તેમની સ્થિતિ સ્પષ્ટ કરવાની તક કઈ પ્રક્રિયા હેઠળ આપવામાં આવશે. આ સમગ્ર વિવાદના ભાવિ માર્ગ માટે ૨૧ સપ્ટેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટની સુનાવણી મહત્વપૂર્ણ રહેશે.

# ટીમ મમતાના રેજીનગરના ઉમેદવારનો મોટો યુ-ટર્ન : હવે કહ્યું કે તેઓ પેટાચૂંટણી લડશે

**નામાંકન પાછું ખેંચ્યાના ગણતરીના કલાકોમાં જ રબિઉલ આલમ ચૌધરીએ પોતાનો નિર્ણય બદલ્યો; નવા પ્રતીક 'ફૂટબોલ ખેલાડી' સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે**

(એજન્સી) કોલકાતા, તા.૧૯

ટીમ મમતાના રેજીનગર વિધાનસભા પેટાચૂંટણીના ઉમેદવાર રબિઉલ આલમ ચૌધરીએ પોતાનું નામાંકન પાછું ખેંચ્યાના સાંજ સુધીમાં મોટો યુ-ટર્ન લીધો છે. ફોર્મ પાછું ખેંચ્યાના માત્ર ત્રણ જ કલાકની અંદર તેમણે પોતાનો નિર્ણય બદલીને જાહેરાત કરી છે કે તેઓ ચૂંટણી મેદાનમાં જ રહેશે અને રેજીનગર બેઠક પરથી પેટાચૂંટણી લડશે. આ પહેલાં મમતા બેનરજી સાથેની વાતચીત બાદ રબિઉલ આલમે ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. તેમણે ટીએમસીના નામ અને પ્રતીકને લઈને ચાલી રહેલી કાનૂની લડાઈ તથા પોતાના જૂથના કાર્યકરો સામે થઈ રહેલી ધાકધમકીને મુખ્ય કારણ ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "નવું પ્રતીક હોવાથી મતદારો માટે તેને ઓળખીને મત આપવો મુશ્કેલ બનશે. આથી મેં ફોર્મ પાછું ખેંચવાનો નિર્ણય લીધો હતો અને મમતા બેનરજીએ પણ મને યોગ્ય લાગે તે કરવાની સલાહ આપી હતી." જોકે, બાદમાં નિર્ણય બદલીને તેમણે શનિવારથી જ વિસ્તારમાં જોરશોરથી પ્રચાર શરૂ કરવાની જાહેરાત કરી છે અને મમતા બેનર્જી પણ તેમના માટે પ્રચાર કરવા આવી શકે છે. મમતા જૂથના સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૌધરી હવે ચૂંટણી પંચ દ્વારા ફાળવવામાં આવેલા કામચલાઉ પ્રતીક 'ફૂટબોલ ખેલાડી' પર આ પેટાચૂંટણી લડશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં નંદીગ્રામ બેઠક પરથી ટીમ મમતાના ઉમેદવાર સંચિતા પ્રધાન ડેએ મુખ્યા પ્રધાન સુવેન્દુ અધિકારી સાથેની મુલાકાત બાદ અચાનક પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી, જેનાથી રાજકીય ગરમાવો આવી ગયો હતો. નંદીગ્રામમાં સંચિતા ડેના હટ્યા બાદ મમતા બેનર્જીએ કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને ટેકો





આપવાની જાહેરાત કરી હતી. પરંતુ ટૂંક સમયમાં જ પશ્ચિમ બંગાળ પોલીસે મિલન પ્રધાનની ૧૯ વર્ષ જૂના એક મર્ડર કેસમાં ધરપકડ કરી લેતાં મોટો રાજકીય વિવાદ ઊભો થયો હતો. રાહુલ ગાંધી અને મમતા બેનરજીએ આ ધરપકડની સમય ટાઈમિંગ પર સવાલ ઉઠાવી ભાજપ પર લોકશાહીની હત્યાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે ભાજપે વળતો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે આ કાર્યવાહી ગંભીર ગુનાહિત કેસ હેઠળ કરવામાં આવી છે. બીજી તરફ, આંતરિક વિવાદને પગલે ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસનું મૂળ નામ અને 'જોડાફૂલ' (ઘાસ પર બે ફૂલ) પ્રતીક જપ્ત કરી લીધું છે. પંચે મમતા બેનરજી જૂથને 'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'ફૂટબોલ ખેલાડી' પ્રતીક આપ્યું છે, જ્યારે અરૂપ રોય જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'પરબીડિયું' (Envelope) પ્રતીક ફાળવ્યું છે.

# નરેન્દ્ર મોદીનો જન્મદિવસ : ભાજપનો કાર્યક્રમ સરકારની જવાબદારી કેવી રીતે બની ગયો ?

**૧૭ સપ્ટેમ્બર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ભાજપની 'આશીર્વાદનો દીપક' અપીલ અનેક રાજ્યોમાં સરકારી કાર્યક્રમોનો ભાગ બની. સરકારી શાળાઓ, શિક્ષકો, વહીવટી અધિકારીઓ અને સરકારી ઈમારતો સામેલ હોવાના કિસ્સાઓ હતા. પક્ષના પ્રચાર અને વહીવટી તંત્ર વચ્ચે આ પરિવર્તન કેવી રીતે થયું તે અહીં છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસે દેશભરમાં આયોજિત 'આશીર્વાદનો દીપક' કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટીની અપીલ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો પરંતુ થોડા દિવસોમાં આ અપીલ ઘણા રાજ્યોમાં સરકારી વિભાગો, જિલ્લા વહીવટીતંત્રો, સરકારી શાળાઓ, પંચાયતો અને અન્ય જાહેર સંસ્થાઓના કાર્યક્રમોનો ભાગ બની ગઈ.

આનો અર્થ એ થયો કે પક્ષનું આહ્વાન સરકારી આદેશમાં પરિવર્તિત થયું. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે પક્ષ સ્તરે કરવામાં આવેલી રાજકીય અપીલ ક્યારે અને કેવી રીતે વહીવટી કાર્યક્રમમાં પરિવર્તિત થઈ ?

**૧૪ સપ્ટેમ્બરે ભાજપ પ્રમુખની અપીલ, ૧૫ સપ્ટેમ્બરે નડ્ડાની પ્રચાર રૂપરેખા**

૧૪ સપ્ટેમ્બરે ભાજપ પ્રમુખ નીતિન નવીને સોશિયલ મીડિયા પર 'આશીર્વાદનો દીવો' પ્રગટાવવાની અપીલ કરી. પ્રધાનમંત્રી મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની સફરને 'જાહેર સેવા દ્વારા રાષ્ટ્રની સેવા' સાથે જોડતા તેમણે લોકોને ૧૭ સપ્ટેમ્બરે સાંજે ૬થી ૭ વાગ્યાની વચ્ચે તેમના ઘરોમાં દીવો પ્રગટાવવા અને વડાપ્રધાનના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવા વિનંતી કરી. નવીનની આ અપીલ ભાજપના મહિનાભરના 'સેવા સંકલ્પ અભિયાન'નો એક ભાગ હતી. ૧૫ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય આરોગ્ય પ્રધાન અને ભાજપ નેતા જેપી નડ્ડાએ આ અભિયાનની વિગતવાર રૂપરેખા આપતા કહ્યું હતું કે, ૧૭ સપ્ટેમ્બરના રોજ 'સેવા દિવસ' ઉજવવામાં આવશે. તેમના મતે આ સમયગાળા દરમિયાન ભાજપના કાર્યકરો સ્વચ્છતા અભિયાન, રક્તદાન શિબિર, આરોગ્ય શિબિર અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ કરશે. તે જ દિવસે સાંજે 'મોદીજીના કરોડો પ્રશંસકો' 'આશીર્વાદના દીવા' પ્રગટાવશે. નડ્ડાએ આ દીવાઓને પ્રધાનમંત્રીના લાંબા આયુષ્ય, સ્વાસ્થ્ય અને રાષ્ટ્રની લાંબી સેવાની શુભેચ્છાઓ સાથે જોડ્યા. પ્રારંભિક જાહેરાત સ્પષ્ટપણે ભાજપનું સંગઠનાત્મક અભિયાન હતું. જો કે, ઘણા રાજ્યોમાં સરકારી તંત્ર પણ આ કાર્યક્રમની તૈયારી કરતી જોવા મળી.

**દિલ્હી : ૭૫ સરકારી શાળાઓમાં દીવા પ્રગટાવવા અને વીડિયો રેકોર્ડ કરવાની સૂચના**

દિલ્હીમાં આનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ સરકારી શાળાઓનો સમાવેશ થાય છે. 'ધ વાયર'ના અહેવાલ મુજબ રાજધાનીની ઓછામાં ઓછી ૭૫ સરકારી શાળાઓ, જેને સીએમ શ્રી સ્કૂલ્સ તરીકે નિયુક્ત કરવામાં આવી છે, તેમને ૧૭ સપ્ટેમ્બરના રોજ તેમના પરિસરમાં દીવા પ્રગટાવવાની સૂચના આપવામાં આવી હતી. શાળાઓને આ કાર્યક્રમ અને સંબંધિત પ્રવૃત્તિઓના વીડિયો રેકોર્ડ કરવા અને તેને ગૂગલ ડ્રાઈવ પર અપલોડ કરવા કહેવામાં આવ્યું હતું. વધુમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી ચાલનારા 'સેવા સંકલ્પ ઉત્સવ'ના ભાગરૂપે શાળાઓમાં ભાષણો, ચિત્રકામ અને રીલ-મેકિંગ જેવી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયગાળો શાળાની મધ્ય-અવધિ પરીક્ષાઓ સાથે હતો. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા (મધ્યમાં) ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજ (ડાબે) અને અન્ય લોકો નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન દીવા (માટીના દીવા) પકડી રહ્યા છે. ૧૭ સપ્ટેમ્બરના રોજ દિલ્હીમાં કર્તવ્ય પથ પર આશરે ૧.૨૫ લાખ માટીના દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. દિલ્હી સરકારે 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સ્વતંત્ર પત્રકાર પ્રણવ પ્રધીએ સોશિયલ મીડિયા પર આ કાર્યક્રમનો એક વીડિયો શેર કર્યો, જેમાં દાવો કરવામાં આવ્યો કે તેમણે ત્યાં સરકારી શાળાના બાળકોને જોયા, જેમની મધ્ય-અવધિ પરીક્ષાઓ ચાલી રહી હતી. આ વીડિયોમાં બાળકો અને શિક્ષકો બંને દ્વારા આ ઘટનાનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. શિક્ષકોને ટાંકીને પ્રાધીએ એવો પણ દાવો કર્યો હતો કે, NDMCએ શાળાઓને વિદ્યાર્થીઓ મોકલવા માટે સૂચના આપી હતી.

**બિહાર શિક્ષણ વિભાગનો આદેશ : 'આશીર્વાદનો દીપક' માત્ર સરકારી શાળાઓમાં જ નહીં, પરંતુ ખાનગી શાળાઓ અને છાત્રાલયોમાં પણ**

ભાજપે ૧૪ સપ્ટેમ્બરના રોજ 'આશીર્વાદનો દીપક' પ્રગટાવવાની અપીલ કરી હતી અને તે જ દિવસે બિહાર શિક્ષણ વિભાગે રાજ્યની શાળાઓ અને છાત્રાલયોમાં સમાન નામનો કાર્યક્રમ યોજવાનો નિર્દેશ જારી કર્યો હતો. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ લખેલા પત્રમાં બિહાર સરકારના શિક્ષણ વિભાગના વિશેષ સચિવ ધર્મેન્દ્ર કુમારે બિહાર શિક્ષણ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને જિલ્લા કાર્યક્રમ અધિકારીઓને આ નિર્દેશ મોકલ્યો હતો. આદેશનો વિષય હતો, '૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે બધી શાળાઓ અને છાત્રાલયોમાં 'આશીર્વાદનો દીપક' પ્રગટાવવા અંગે.' આદેશમાં જણાવાયું હતું કે, રાજ્યભરની તમામ સરકારી અને ખાનગી શાળાઓ અને છાત્રાલયોમાં તમામ શિક્ષકોની સક્રિય ભાગીદારી સાથે ૧૭ સપ્ટેમ્બરની સાંજે 'આશીર્વાદનો દીપક' પ્રગટાવવો જોઈએ. તેમાં વધુમાં જણાવાયું હતું કે, 'દરેક દીવો ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટેના સામૂહિક સંકલ્પનું પ્રતીક હશે.' શિક્ષકોને દીવા પ્રગટાવવા અને શિક્ષણ વિભાગ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવવાનું કહેવામાં આવ્યું હતું. આ આદેશ મહત્ત્વપૂર્ણ છે કારણ કે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ૧૪ સપ્ટેમ્બરની અપીલમાં ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬થી ૭ વાગ્યા દરમિયાન 'આશીર્વાદ દીવો' પ્રગટાવવાનું પણ કહેવામાં આવ્યું હતું. આનો અર્થ એ છે કે, પાર્ટીના પ્રચારમાં અગાઉ સમાન તારીખ, સમાન નામ અને સમાન પ્રકારની પ્રવૃત્તિ દેખાય છે. તે જ દિવસે બિહાર શિક્ષણ વિભાગ તરફથી એક સત્તાવાર આદેશ રાજ્યની સરકારી અને ખાનગી શાળાઓ અને છાત્રાલયો સુધી પહોંચ્યો. આદેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ સીધું ઉલ્લેખિત નથી, પરંતુ 'આશીર્વાદનો દીપક'એ જ શબ્દ છે જેનો ઉપયોગ ભાજપ દ્વારા વડાપ્રધાનના જન્મદિવસ માટે અપીલમાં કરવામાં આવ્યો હતો. આ દસ્તાવેજ દર્શાવે છે કે, ૧૭ સપ્ટેમ્બર વડાપ્રધાનના જન્મદિવસે શરૂ કરાયેલ રાજકીય-સંગઠનાત્મક અભિયાન બિહારમાં શિક્ષણ વિભાગના વહીવટી નિર્દેશનો ભાગ બન્યું. નોંધપાત્ર રીતે આ આદેશ ફક્ત સરકારી શાળાઓ પૂરતો મર્યાદિત ન હતો પરંતુ તેમાં ખાનગી શાળાઓ અને છાત્રાલયોનો પણ સમાવેશ થતો હતો.

**હરિયાણા : લાભાર્થી પરિવારો માટે બે દીવા, બૂથથી સરકારી મકાન સુધી**

હરિયાણામાં 'સેવા સંકલ્પ અભિયાન'ને સરકારી વહીવટી તંત્ર સાથે સંકલિત કરવાના ઘણા ઉદાહરણો છે. પલવલ વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર જિલ્લામાં ૧,૯૮,૮૩૨ લાભાર્થી પરિવારોને ૩,૯૭,૬૬૪ દીવા ફાળવવામાં આવ્યા હતા, જેનો અર્થ થાય છે કે, દરેક પરિવાર માટે બે દીવા. આ ડેપો ધારકો દ્વારા વિતરણ કરવાના હતા. પલવલ જિલ્લા વહીવટીતંત્રે મતદાન મથકો, ધાર્મિક સ્થળો અને સરકારી ઈમારતો પર દીવા પ્રગટાવવાની યોજના જાહેર કરી. 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમની સાથે જિલ્લામાં રક્તદાન શિબિર પણ યોજાઈ હતી. હરિયાણાના સોનીપતમાં મુખ્ય સચિવ અનુરાગ રસ્તોગીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ડેપ્યુટી કમિશનરો સાથે 'સેવા સંકલ્પ અભિયાન'ની તૈયારીઓની સમીક્ષા કરી. આનો અર્થ એ થયો કે, આ અભિયાન ફક્ત ભાજપ સંગઠનની પ્રવૃત્તિઓ સુધી મર્યાદિત નહોતું; જિલ્લા વહીવટીતંત્ર સ્તરે પણ તેની સમીક્ષા અને સંકલન કરવામાં આવ્યું હતું.

**ઉત્તરપ્રદેશ : ૭૫ જિલ્લાઓમાં ૫.૯૦ કરોડ દીવાઓનો દાવો**

ઉત્તરપ્રદેશમાં મોટા પાયે 'આશીર્વાદ કા દિયા' પણ યોજવામાં આવ્યો હતો. એક મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે રાજ્યના તમામ ૭૫ જિલ્લાઓમાં કુલ ૫૯ મિલિયન દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. આ જ અહેવાલમાં લખનૌમાં ૨,૧૨૩,૯૦૦, સીતાપુરમાં ૨,૧૪૩,૧૪૦, વારાણસીમાં ૩,૨૮,૨૦૪ અને ગૌતમ બુદ્ધ નગરમાં ૨,૩૨,૫૨૯ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. લખનૌમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન' (સેવા સંકલ્પ અભિયાન)ના ભાગરૂપે આયોજિત કાર્યક્રમ દરમિયાન ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે માટીનો દીવો રાખ્યો. ગૌતમ બુદ્ધ નગરમાં કૃષિ વિજ્ઞાન



કેન્દ્ર, નોઈડા ઓથોરિટીનું સેક્ટર ૯૬ કાર્યાલય, જેવર બ્લોક કાર્યાલય, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વૃદ્ધાશ્રમ અને કસ્તુરબા ગાંધી શાળાઓ સહિત અનેક સરકારી સ્થળોને 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ સાથે જોડવામાં આવ્યા છે. આ ઉપરાંત ગૌતમ બુદ્ધ નગરના મૂળભૂત શિક્ષણ અધિકારીએ તમામ આચાર્યોને વોટ્સએપ સંદેશ દ્વારા સૂચના આપી હતી કે, રજાઓ હોવા છતાં તેઓએ શિક્ષકો સાથે સાંજે ૭:૦૦ વાગ્યે શાળા પરિસરમાં હાજર રહેવું જોઈએ અને દીવા પ્રગટાવવા જોઈએ. વિદ્યાર્થીઓને ઘરે દીવા પ્રગટાવવા અને વોટ્સએપ ગ્રુપ પર તેમના ફોટા શેર કરવા માટે પણ કહેવામાં આવવું જોઈએ.

**મધ્યપ્રદેશ : ઉજ્જૈનમાં ૨૫લાખથી વધુ દીવા પ્રગટાવવામાં આવ્યા**

વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી માટે શિપ્રા નદીના કિનારે અને મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં મહાકાલ લોકક્ષેત્રમાં ૨.૫ મિલિયનથી વધુ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. વહીવટીતંત્રે આ કાર્યક્રમને સાત સેક્ટર અને ૨૫૦ પેટા-ક્ષેત્રોમાં વહેંચી દીધો હતો. ઉપલબ્ધ વહીવટી વિગતો અનુસાર આશરે ૧૧,૦૦૦ બ્લોક બનાવવામાં આવ્યા હતા, જેમાં દરેકમાં ૨૨૫ દીવા હતા. દરેક બ્લોક માટે બે સ્વયંસેવકો જવાબદાર હતા. દીવાઓ સાથે તેલ, કપાસ, કપૂર, દિવાસળી અને અન્ય સામગ્રી પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૭ સપ્ટેમ્બરની સાંજે ભાજપ પ્રમુખ નીતિન નવીન અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ ઉજ્જૈનના રામઘાટ પહોંચ્યા અને કાર્યક્રમમાં ભાગ લીધો.

**ગુજરાત : ૮૮લાખથી વધુ દીવા પ્રગટાવવાનું આયોજન**

વડાપ્રધાનના ગૃહ રાજ્ય ગુજરાતમાં પણ મોટા પાયે કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યમાં ૧૮,૫૦૦થી વધુ સ્થળોએ ૮૮ લાખથી વધુ માટીના દીવાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટઆશીર્વાદનો દિવાડો' કાર્યક્રમ હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં વિશ્વ ઉમિયાધામ દ્વારા ૭૬,૦૦૦ માટીના દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. સુરતમાં ભાજપ શહેર પ્રમુખની પહેલ પર મંદિરો, શાળાઓ અને સમુદાય બૂથ સહિત ૧૦,૮૦૦થી વધુ સ્થળોએ ૧૦ લાખથી વધુ માટીના દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના અમદાવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે કાંકરિયા તળાવ પર આરતી કરતા હતા.

**છત્તીસગઢમાં સરકારી પરિસરથી અમૃત સરોવર સુધી**

છત્તીસગઢમાં 'સેવા સંકલ્પ અભિયાન'ને પણ સરકારી કાર્યક્રમો સાથે સંકલિત કરવામાં આવ્યું હતું. બાલોદ જિલ્લામાં અમૃત સરોવરોમાં દીવા પ્રગટાવવાની યોજના બનાવવામાં આવી હતી. ગુરૂર ડેવલપમેન્ટ બ્લોકમાં પંચાયત સ્તરના કેટલાક અમૃત સરોવરોમાં ૫૦૦-૫૦૦ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા અને કનેરી અમૃત સરોવરમાં ૧૧,૦૦૦ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. કોર્બામાં જિલ્લા વહીવટીતંત્રે ૫,૫૦,૦૦૦ દીવા પ્રગટાવવાનું લક્ષ્ય રાખ્યું હતું. ૧૭ સપ્ટેમ્બરના રોજ મુખ્ય કાર્યક્રમ દરમિયાન ઘંટાઘર ચોક ખાતે ૫૧,૦૦૦થી વધુ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા અને રાજ્યના ઉદ્યોગ પ્રધાન લખન લાલ દેવાંગન હાજર રહ્યા હતા.

**પશ્ચિમ બંગાળમાં ૮.૫ લાખ દીવા પ્રગટાવવાની તૈયારીઓ**

પશ્ચિમ બંગાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને 'અન્નપૂર્ણા દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ મોટા પાયે દીવા પ્રગટાવવાની તૈયારીઓ પણ કરવામાં આવી હતી. કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશને ૧૭ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાનના જન્મદિવસ માટે ૮.૫ લાખ દીવા ખરીદવાની યોજના બનાવી હતી. કોર્પોરેશનના ૧૭ વિધાનસભા મતવિસ્તારોમાં દરેક ધારાસભ્યને ૫૦,૦૦૦ દીવા વિતરણ કરવાની યોજના હતી.

**એક જ અપીલના વિવિધ વહીવટી સ્વરૂપો**

ઉપરોક્ત બધા ઉદાહરણોને એકસાથે લઈને 'અન્નપૂર્ણા દિવસ' 'આશીર્વાદ દીવો' ઝુંબેશ ફક્ત ઘરોમાં પ્રધાનમંત્રીને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માટે અપીલ કરવા પૂરતી મર્યાદિત નહોતી. ભાજપે 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે તેને દેશભરમાં પ્રોત્સાહન આપ્યું, પરંતુ ત્યારબાદ ઘણા રાજ્યોમાં સરકારી તંત્ર તેમાં સામેલ થયું. આમ ઘણી જગ્યાએ પક્ષ-સ્તરની અપીલ અને વહીવટી કાર્યક્રમ વચ્ચેની રેખા ઝાંખી પડી ગઈ હોય તેવું લાગે છે. જો કે, રાજ્યોમાં તેની વહીવટી પ્રકૃતિ અને સરકારી સંડોવણી એકસરખી નહોતી.

**મારો જન્મદિવસ ન ઉજવો : મોદી**

આ સમગ્ર ઝુંબેશનું ડિજિટલ પાસું પણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ અંગેની જૂની સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં ૨૦૧૩નો એક સંદેશ સામે આવ્યો, જેમાં તેમણે લખ્યું કે તેમણે ક્યારેય તેમનો જન્મદિવસ ઉજવ્યો નહીં, તે દિવસે ફોન કોલ્સ અને જાહેર સભાઓ ટાળવાનો પ્રયાસ કર્યો અને કાર્યક્રમો ટાળ્યા. આ પોસ્ટ તેઓ વડાપ્રધાન બન્યા તે પહેલાંની હતી. તેનાથી વિપરીત પછીના વર્ષોમાં ભાજપ અને નમો એપ દ્વારા વડાપ્રધાનના જન્મદિવસ માટે ડિજિટલ ભાગીદારીની નવી પદ્ધતિઓ ઉભરી આવી. ૨૦૨૫માં નમો એપ પર 'AI શુભકામના રીલ' લોન્ચ કરવામાં આવી હતી, જેનાથી લોકો પ્રધાનમંત્રી માટે વ્યક્તિગત AI-જનરેટેડ જન્મદિવસ સંદેશાઓ બનાવી શકતા હતા. ૨૦૨૬માં નમો એપ પર 'સેવા સંકલ્પ અભિયાન' અભિયાનમાં ભાગ લેવા માટે 'AI શુભકામના' રીલ પણ લોન્ચ કરવામાં આવી હતી. આમ જન્મદિવસની ઉજવણી ફક્ત ભૌતિક કાર્યક્રમો સુધી મર્યાદિત ન હતી; ઝુંબેશના ભાગરૂપે ડિજિટલ વ્યક્તિગત શુભેચ્છાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

**દીવા અને તેલનો પ્રશ્ન**

આ કાર્યક્રમનું બીજું પાસું તેલના વપરાશ સાથે સંબંધિત છે. મે ૨૦૨૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને ખાદ્ય તેલનો ઉપયોગ ૧૦% ઘટાડવાની અપીલ કરી હતી. તેમણે ખાદ્ય તેલની આયાત પર ખર્ચાતા વિદેશી હૂંડિયામણનો ઉલ્લેખ કર્યો અને તેલનો વપરાશ ઘટાડવાને 'રાષ્ટ્રીય સેવા' સાથે જોડ્યું. સપ્ટેમ્બરમાં વડાપ્રધાનના જન્મદિવસ પર લાખો દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. ઉજ્જૈન કાર્યક્રમ માટે જેમાં ૨.૫ મિલિયનથી વધુ દીવા હતા, વહીવટીતંત્રે તેલ અને કપાસ સાથે દીવાઓની વ્યવસ્થા કરી હતી. પરંતુ એક મહત્ત્વપૂર્ણ તફાવત છે : એવા કોઈ સ્પષ્ટ પુરાવા નથી કે ઉજ્જૈનમાં વપરાતું બધું તેલ એ જ ખાદ્ય તેલ હતું જેનો વપરાશ ઘટાડવા માટે વડા પ્રધાને અપીલ કરી હતી. તેથી તેને ફક્ત 'ખાદ્ય તેલનો બગાડ' કહેવું વાસ્તવિક રીતે અકાળ હશે. વધુ સચોટ પ્રશ્ન એ છે કે, આટલા મોટા કાર્યક્રમમાં ઉપયોગમાં લેવાયેલા તેલ, દીવા અને અન્ય સંસાધનોની કુલ માત્રા અને કિંમત કેટલી હતી અને તે કયા સ્ત્રોતમાંથી ચૂકવવામાં આવ્યું હતું ? પ્રશ્ન ફક્ત દીવા પ્રગટાવવાનો નથી, પરંતુ રાજ્ય અને પક્ષની ભૂમિકાનો છે. ભાજપે 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ શરૂ કર્યો, તેને વડાપ્રધાનના ૨૫ વર્ષના જાહેર જીવન અને તેમના 'સેવા' સંદેશ સાથે જોડ્યો. લોકોને ઘરે દીવા પ્રગટાવવાની અપીલ પોતે જ એક રાજકીય ઝુંબેશ હતી. પરંતુ જ્યારે આ જ ઝુંબેશ સરકારી શાળાઓ, શિક્ષકો, વહીવટી અધિકારીઓ, સરકારી ઈમારતો, લાભાર્થી પરિવારો અને સરકારી સંસાધનો સુધી પહોંચે છે, ત્યારે પ્રશ્ન તેના સ્વભાવ વિશે બને છે. શું આ સરકાર દ્વારા જનભાગીદારી કાર્યક્રમ હતો, ભાજપ દ્વારા સંગઠનાત્મક અભિયાન હતું, કે બંનેનું મિશ્રણ હતું ? જવાબ વિવિધ રાજ્યોમાં અલગ અલગ દેખાય છે. **(સૌ.: ધ વાયરહિન્દી.કોમ)**

### ગુજરાતની ૭ સહિત દેશની ૪૮ કોલેજોની મંજૂરી રદ

# જૂનાગઢની નોબલ આયુર્વેદિક કોલેજની માન્યતા રદ, શૈક્ષણિક વર્તુળમાં ભારે ચકચાર

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા. ૧૯

બોગસ શિક્ષકો અને લાંચ કૌભાંડને પગલે નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડીશીયનનાં મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટીંગ બોર્ડ દ્વારા જૂનાગઢની જાણીતી શૈક્ષણીક સંસ્થા નોબલ આયુર્વેદીક કોલેજની માન્યતા રદ કરી નાખવામાં આવતાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. ગુજરાતની ૭ સહિત દેશની ૪૮ કોલેજોની મંજુરી રદ કરવાનાં આ પગલાને એનસીઆઈએસએમનું મોટુ પગલુ ગણવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢની નોબલ આયુર્વેદીક કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટની શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૧૦૦ બીએએમએસ બેઠકોની મંજુરી રદ કરવામાં આવી છે. આ કોલેજમાં ૧૩ બોગસ શિક્ષકોને કાયદેસર ઠેરવવા અને અનુકુળ ચકાસણી રીપોર્ટ આપવા માટે રૂા. ૧૦ લાખની લાંચ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એનસીઆઈએમએસની હીયરીંગ કમીટીનાં સભ્ય ડો. રૂપાલી મહાડીકને તપાસ સોંપાતા કોલેજનાં ડો. અભય નાલવડે અને ટ્રસ્ટી પ્રતિક મોરીએ તેમને રૂા. ૧૦ લાખની લાંચની ઓફર કરી હતી. આ અંગે પુરાવા એકઠા કરી એનસીઆઈએમએસનાં પ્રમુખ ડો. મુકુલ પટેલની સૂચનાથી દિલ્હી સીબીઆઈમાં ફરિયાદ નોંધાવાઈ હતી. સીબીઆઈ દ્વારા ભારતીય ન્યાયસંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનાહીત ષડયંત્રની ફરિયાદ દાખલ કરીને આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી. અને આ તપાસ બાદ નોબલ આયુર્વેદીક કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ જૂનાગઢ પાર્થવાટીકા, ભેંસાણ રોડ, બામણગામ નજીક આવેલી આ કોલેજની ૧૦૦ બીએસએમ બેઠકની માન્યતા રદ કરી નાખવામાં આવતાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. આ ઉપરાંત કોલેજની માન્યતા રદ થતાં હાલ આ કોલેજમાં પ્રવેશ મેળવીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં ભવિષ્યનું શું? તેવો સવાલ પણ ઉઠવા પામ્યો છે.

# અંકલેશ્વર રૂરલમાં વારંવાર વીજ ધાંધિયા : ૩૬૫ દિવસમાં ૩૬૫થી વધુ વખત વીજળી જતી હોવાની ફરિયાદો

### મેન્ટેનન્સ સ્ટાફના અભાવથી વીજ પુરવઠાની સમસ્યા વકરતી હોવાનો આક્ષેપ; દર વધ્યા પરંતુ સુવિધા અપગ્રેડ કેમ નહીં ?

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર તાલુકાના રૂરલ વિસ્તારમાં આવેલા અનેક ગામોમાં વારંવાર વીજળી જવાની સમસ્યા સામે હવે ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગ્રામજનોની ફરિયાદ મુજબ સ્થિતિ એવી છે કે ૩૬૫ દિવસમાં ૩૬૫થી વધુ વખત વીજ પુરવઠો ખોરવાતો હોવાની ફરિયાદો સામે આવી રહી છે. એટલે કે અનેક વિસ્તારોમાં સરેરાશ દરરોજ વીજ પુરવઠો ખોરવાતો હોવાની લોકબુમ છે.

વારંવાર વીજળી ગુલ થવાના કારણે ઘરવપરાશ ઉપરાંત ખેડૂતો, નાના વેપારીઓ, દુકાનદારો અને વિદ્યાર્થીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે વીજળી બંધ રહેતા અભ્યાસ, ખેતી સંબંધિત કામગીરી અને રોજિંદા જીવન પર અસર થતી હોવાની ફરિયાદો છે.

ગ્રામજનો દ્વારા કરવામાં આવતી આ ફરિયાદો સામે સૌથી મોટો સવાલ એ છે કે જો કોઈ વિસ્તારમાં વર્ષના ૩૬૫ દિવસ કરતાં પણ વધુ વખત વીજ પુરવઠો ખોરવાય તો તેને માત્ર સામાન્ય ટેક્નિકલ ફોલ્ટ ગણવો કે વીજ વિતરણ વ્યવસ્થાના કાયમી અપગ્રેડેશનની જરૂરિયાત તરીકે જોવો ?

આ આંકડો ગ્રામજનો દ્વારા વ્યક્ત થતી ફરિયાદો/લોકબુમ તરીકે રજૂ થઈ રહ્યો છે; સત્તાવાર ફરિયાદ રજિસ્ટર અથવા DGVCLના ડેટા દ્વારા તેની પુષ્ટિ થવી જરૂરી છે. DGVCLએ રૂરલ વિસ્તારમાં વર્ષ દરમિયાન મળેલી વીજ ફરિયાદો, ફોલ્ટની સંખ્યા અને વીજ પુરવઠો બંધ રહેવાના કુલ કલાકો જાહેર કરવા જોઈએ તેવી પણ માંગ ઉઠી રહી છે.

ગ્રામજનોમાં એવી પણ ફરિયાદ છે કે DGVCLના મેન્ટેનન્સ વિભાગમાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ ન હોવાના કારણે ફોલ્ટ શોધવા અને તેને ઝડપથી દૂર કરવામાં વિલંબ થાય છે. નાની ટેક્નિકલ ખામી લાંબા સમય સુધી વીજ પુરવઠો બંધ રહેવાનું કારણ બની શકે છે.વીજ ગ્રાહકોનો સવાલ છે કે વીજ યુનિટના દરમાં સમયાંતરે વધારો થતો રહ્યો છે, ત્યારે તેની સામે ગામડાઓમાં વીજ વિતરણની લાઈનો, ટ્રાન્સફોર્મર, પોલ, મેન્ટેનન્સ વ્યવસ્થા અને ફોલ્ટ રિસ્પોન્સ સિસ્ટમને પણ આધુનિક બનાવવી જરૂરી છે.

વીજળી બંધ થયા બાદ ફરિયાદ કરવા માટે ફોન કરવામાં આવે ત્યારે ઘણી વખત લાઈન બિઝી મળતી હોવાની પણ ગ્રામજનોની ફરિયાદ છે. વીજ પુરવઠો બંધ અને ફરિયાદ વ્યવસ્થા પણ મુશ્કેલ બને ત્યારે ગ્રાહકોમાં વધુ નારાજગી ફેલાય છે.

વારંવાર વીજળી જવાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ સર્જાઈ શકે છે. ખાસ કરીને પરીક્ષાના સમયગાળામાં રાત્રિના સમયે વીજળી ખોરવાય તો અભ્યાસની તૈયારીને અસર થવાની શક્યતા રહે છે.

બીજી તરફ ખેતી માટેના પાણીના પંપ, નાના વ્યવસાયો, દૂધ ઉત્પાદન અને અન્ય ગ્રામ્ય પ્રવૃત્તિઓ પણ વીજ પુરવઠા પર નિર્ભર છે.

અંકલેશ્વર રૂરલ DGVCLની કચેરી અંકલેશ્વર શહેર વિસ્તારમાં હોવાના મુદ્દે પણ ગ્રામજનોમાં ચર્ચા છે. લોકોનું કહેવું છે કે રૂરલ વિસ્તારમાં વીજ સમસ્યાઓનું મોનિટરિંગ વધુ અસરકારક બને તે માટે સ્થાનિક સ્તરે ઝડપી ફરિયાદ નિવારણ અને મેન્ટેનન્સ વ્યવસ્થા જરૂરી છે.ગ્રામજનોની માંગ છે કે અંકલેશ્વર તાલુકાના રૂરલ વિસ્તાર માટે વિશેષ વીજ પુરવઠા એક્શન પ્લાન બનાવવામાં આવે. વારંવાર ફોલ્ટ થતા વિસ્તારોની ઓળખ કરી જૂની વીજ લાઈનો, ટ્રાન્સફોર્મર, પોલ અને અન્ય વિતરણ માળખાનું ટેકનિકલ ઓડિટ કરવામાં આવે.

સાથે જ પૂરતો મેન્ટેનન્સ સ્ટાફ, ઝડપી ફરિયાદ નિવારણ વ્યવસ્થા અને ફોલ્ટ દૂર કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.હવે સવાલ એ છે કે અંકલેશ્વર રૂરલના ગામોમાં "૩૬૫ દિવસમાં ૩૬૫થી વધુ વખત વીજળી જતી હોવાની" લોકોની ફરિયાદો વચ્ચે DGVCL આ બાબતે સત્તાવાર આંકડા જાહેર કરશે ? અને સરકાર કાયમી વીજ પુરવઠા માટે ક્યારે નક્કર એક્શન પ્લાન અમલમાં મૂકશે ?

# ઠાસરા-ડાકોર-સેવાલિયા માર્ગો ગાબડામાં ફેરવાયા : વાહનચાલકો ત્રાહિમામ્

### અધિકારીઓના ગોળગોળ જવાબોથી જનતાનો રોષ ચરમસીમાએ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

ખેડા જિલ્લાના ઠાસરા, ડાકોર અને સેવાલિયા વિસ્તારમાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગોની હાલત અત્યંત બિસ્માર બની જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. માર્ગો પર પડેલાં હજારો નાના-મોટા ગાબડાંને કારણે રોજિંદી અવરજવર જોખમી બની ગઈ છે. આ અંગે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓનો ગોળગોળ જવાબો આપતાં હોવાના પ્રજાના આક્ષેપો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ડાકોરમાં આશરે રૂા.૭૦ કરોડના તોતિંગ ખર્ચે બનાવવામાં આવેલા ફલાયઓવર બ્રિજમાં ટૂંકા જ સમયમાં વારંવાર રિપેરિંગ કામ કરવું પડે છે, જે કામની હલકી ગુણવત્તા તરફ આંગળી ચિંતે છે. આ ઉપરાંત, ઠાસરા પંથકના વણોતી ગામનો બ્રિજ પણ હાલમાં અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયો હોવાનો જનતા દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. આટલા વર્ષો વિતી ગયા છતાં બ્રિજની યોગ્ય જાળવણી કે સમારકામ પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. સ્થાનિક નાગરિકોનો આરોપ છે કે વિસ્તારના નેતાઓ પંથકના રસ્તાઓના પ્રશ્નો પ્રત્યે તદ્દન દુર્લક્ષ સેવી રહ્યા છે અને જિલ્લા વહીવટી તંત્ર પણ વિકાસકામોની દેખરેખ તથા ગુણવત્તા જાળવવામાં સાવ નિષ્ફળ નીવડ્યું છે. એક તરફ ખરાબ રસ્તાઓ અને ગાબડાંથી પ્રજા હેરાન થઈ રહી છે, તો બીજી તરફ અધિકારીઓની બેદરકારીને કારણે સરકારી નાણાંનો દુરુપયોગ થતો હોવાની ચર્ચા સમગ્ર પંથકમાં જોર પકડી રહી છે.

# વડોદરામાં પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી ૫ લાખ રૂપિયા પડાવનાર યુવાન ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

અટલાદરા વિસ્તારની પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી શારીરિક શોષણ કરી પાંચ લાખ પડાવી લેનારની અટલાદરા પોલીસે ધરપકડ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અટલાદરા વિસ્તારમાં રહેતી પરિણીતાએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, પ્રથમ પતિ સાથે ડિવોર્સ થયા પછી મેં બીજા લગ્ન કર્યા છે. મિત્રો સાથે હું ઉજજૈન ગઈ ત્યારે ગૌરાંગ જોશી (રહે. રાજકોટ)એ મારી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. મારા પતિને મોટો બિઝનેસ ચાલુ કરાવી આપવાનું કહી આરોપીએ પાંચ લાખ પડાવી લીધા હતા. તેણે મારી પાસેથી દાગીના પણ પડાવી લઈ ખાનગી ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂકી દઈ રૂપિયા પણ લઈ લીધા હતા. અટલાદરા પોલીસ.મથકના પી.આઈ. પાર્થ પસ્તાગીયાએ ટેકનિકલ સોર્સથી મળેલી માહિતીના આધારે આરોપી ગૌરાંગ નિલેશભાઈ જોષી (રહે.માં સોમનાથ સોસાયટી, રામજી મંદિર પાછળ, તા.ગોંડલ, જિ.રાજકોટ)ને સુરત એરપોર્ટ પરથી ઝડપી પાડ્યો છે.

### વડોદરા કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠક યોજાઈ

# શાળાની નવી બિલ્ડિંગ અને ગરબા સ્પર્ધાની દરખાસ્ત નામંજૂર કરાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠકમાં આજે વિવિધ વિકાસલક્ષી કામોની દરખાસ્તો નિર્ણય માટે રજૂ કરવામાં આવી હતી. જેમાં ઉત્તર ઝોનના સમા વિસ્તારમાં રંગ અવધૂત શાળા માટે રૂા.૧.૪૪ કરોડના ખર્ચે નવું મકાન બનાવવા માટે ભાવપત્ર મંજૂર કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જો કે, સમા વિસ્તારમાં રાજ્ય સરકારના સર્વ શિક્ષા અભિયાન હેઠળ શાળાનું મકાન બની રહ્યું હોવાથી સ્થાયી સમિતિએ પાલિકાની આ દરખાસ્ત નામંજૂર કરી હતી.

આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન કરવા અંગેની દરખાસ્ત પણ સ્થાયી સમિતિએ નામંજૂર કરી હતી. આ દરખાસ્ત વર્ષ ૨૦૨૩થી પડતર હોવાનું સામે આવ્યું હતું. જૂની દરખાસ્ત હોવાથી તેને ધ્યાનમાં લઈને હાલના તબક્કે નામંજૂર કરવાનો નિર્ણય લેવાયો હતો. આગામી નવરાત્રી દરમિયાન ગરબા સ્પર્ધા યોજવી કે નહીં અને યોજાય તો કઈ રીતે તેનું આયોજન કરવું તે અંગે હવે વિચારણા કરવામાં આવશે.

સ્થાયી સમિતિની બેઠકમાં કેટલાક કામોને મંજૂરી પણ આપવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂા.૭૬.૫૦ લાખના ખર્ચે ૧૦ ટ્રેક્ટર-ટ્રોલી ખરીદવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. શહેરના વિવિધ કાંસોની સફાઈ માટે પોકલેન મશીન ભાડેથી લેવા અંગેની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી હતી.આ ઉપરાંત ખંડેરાવ માર્કેટ ખાતે પે એન્ડ પાર્કનો ઈજારો આપવા સહિતની અન્ય દરખાસ્તોને પણ સ્થાયી સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

# ઉધનામાં રિક્ષામાં બેસેલી વૃદ્ધાની નજર ચૂકવી ગળામાંથી સોનાની ચેઈનની ચોરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરત શહેરના ઉધના વિસ્તારમાં રિક્ષામાં નજરચૂકવી સોનાની ચેઈન ચોરીનો બનાવ સામે આવ્યો છે. ૭૫ વર્ષીય વૃદ્ધની ૩૦.૮૦૦ ગ્રામ વજનની રૂા.૧.૧૦ લાખની ચેઈન ચાર અજાણ્યા શખ્સોએ ચોરી કરી નાસી જતા ઉધના પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર લિંબાયત નીલગીરી શ્રીનાથજી સોસાયટી વિભાગ-૦૨માસ રહેતા ૭૫ વર્ષિય ચાંદમલ માંગીલાલ શાહ અને પત્ની વસંતાબેન સાથે તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે ઉધના તેરાપંથ ભવનથી રીક્ષામાં બેસી લિંબાયત ઘરે જવા નીકળ્યા હતા. રિક્ષાની પાછળની સીટમાં બે અજાણ્યા પુરૂષો બેઠા હતા, એકે રિક્ષામાં બેસતા ફાવતું નથી કહી ચાંદમલના ખભા પર વારે ઘડીએ હાથ નાખી ગળામાં પહેરેલી સોનાની ચેઈન નજર ચૂકવી ચોરી કરી હતી. ત્યારબાદ રિક્ષાચાલકે ઉધના રોડ નં.૧૨ જૈન દેરાસર પાસે જાહેર રોડ પર ચાંદમલને ઉતારી દઈ રીક્ષા લઈ નાસી ગયો હતો. રિક્ષાની પાછળ બેસેલ બે અને ચાલક તથા ચાલકની બાજુમાં બેસેલ એમ ચારેયએ મદદગારી કરી ચોરી કરી હતી. આ બનાવ બાદ ચાંદમલ ઘરે ચાલ્યા ગયા હતા. પરિવારને જાણ કરતા ચોરી થયેલ ચેઈનનું બીલ શોધતા મળી આવતા ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ચોકબજારના ચર્ચમાં તસ્કરો ત્રાટક્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરત શહેરના ચોકબજાર ડીસીબી પોલીસની ઓફિસની બાજુમાં આવેલ સીએનઆઈ ક્રાઈસ્ટ ચર્ચમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા ચોરે ચર્ચની ઓફિસનું તાળું તોડી તિજોરીમાંથી રોકડા અને સ્પીકર મળી કુલ રૂા.૪૬,૦૦૦ની ચોરી કરી નાસી ગયા હતા. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ચોકબજાર ડીસીબી પોલીસની ઓફિસની બાજુમાં આવેલ સીએનઆઈ ક્રાઈસ્ટ ચર્ચમાં રહેતા ૪૭ વર્ષીય રમેશભાઈ રમણભાઈ કટારા ચર્ચમા પાદરી તરીકે સેવા આપે છે. તા.૧૪/૯/૨૬ રાત્રે ૨:૧૦થી ૪:૦૦ દરમિયાન અજાણ્યા ચોરે ચર્ચની પાછળની બારી ખોલી પ્રવેશ કરી મેઈન ઓફિસનું તાળું તોડ્યું હતું. ઓફિસમાં રહેલ તિજોરીમાંથી રોકડા રૂા.૩૬,૦૦૦ તથા સ્પીકર કિં.રૂા.૧૦,૦૦૦ મળી કુલ રૂા.૪૬,૦૦૦ની ચોરી કરી હતી. જેમાં સીસીટીવી ફૂટેજમાં એક પેન્ટ શર્ટ પહેરેલ અને મોઢા પર કપડું બાંધેલો અજાણ્યો દેખાયો છે. આ બનાવ અંગે રમેશભાઈએ લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સુરતમાં ફલેટ વેચાણના બહાને વેપારી સાથે રૂા.૯.૫ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરત શહેરના પાલનપુર પાટીયા ખાતે આવેલી ઓફિસમાં ફ્લેટ વેચાણ આપવાના બહાને વેપારી પાસેથી બે ઠગબાજોએ રૂા.૯.૫૦ લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ પોલીસ મથકમા નોંધાઈ છે.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર, પાલનપુર પાટીયાના વૈભવનગર સોસાયટીમાં રહેતા ૩૬ વર્ષીય કેતન કિશોરભાઈ પટેલ વેપાર ધંધા સાથે સંકળાયેલા છે. આરોપી મૂળ બોટાદના તાજપરના અને હાલ કોસાડ-અમરોલી અભિષેક રેસીડેન્સીમાં રહેતા પીયુષભાઈ કિસ્મતભાઈ રજોડીયા તથા મનોજભાઈ કિસ્મતભાઈ રજોડીયા નામના બે ભાઈઓ સાથે એક મહિના પહેલા મુલાકાત થઈ હતી. બંને ભાઈઓએ કેતનભાઈનો વિશ્વાસ કેળવ્યો હતો. બંને ભાઈઓએ સંયુક્ત માલિકીના અભિષેક રેસીડેન્સીના એફ બિલ્ડિંગમાં ચોથા માળે ફ્લેટ નં.૪૦૩નો વેચાણ અર્થે આપવાનો છે. જેથી કેતનભાઈએ ફ્લેટ લેવા માટે મજૂરી દાખવી હતી. ત્યારબાદ ગત ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પરિમલ કે પાટલીવાળાની ઓફિસમાં કેતનભાઈને બોલાવી વેચાણ કરાર કરી આપવાના બહાને તેમની પાસેથી રૂા.૯.૫૦ લાખ રોકડા મેળવી લીધા હતા. ત્યારબાદ વેચાણ કરાર કર્યા બાદ મિલકતનો દસ્તાવેજ બનાવી આપવા માટે આનાકાની કરી નાણાં પરત ન આપી છેતરપિંડી આચરી હતી. આ બનાવ અંગે કેતનભાઈએ રાંદેર પોલીસમા ફરિયાદ નોંધાવી હતી.

# સુરતમાં બે અલગ અલગ બનાવમાં પરિણીતાના આપઘાત

### પલસાણામાં ચાર મહિનાની ગર્ભવતી મહિલાનો જ્યારે પાંડેસરામાં પતિ મોડા આવવાની શંકામાં પત્નીએ આપઘાત કર્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

સુરતમાં આપઘાતના બે અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. પલસાણામાં ગર્ભવતી પરિણીતા સપના નિકમે સાસરિયાંના શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને જીવન ટૂંકાવ્યું હોવાના આક્ષેપ પરિવારે કર્યા છે. જ્યારે બીજી તરફ પાંડેસરામાં પતિ મોડો ઘરે આવતો હોવાની શંકાને કારણે થયેલા ઝઘડા બાદ પત્નીએ ફાંસો ખાધો હતો. બંને ઘટનાઓમાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર પલસાણાના કણાવ ગામમાં રહેતી ૨૩ વર્ષીય સપના નીલેશ નિકમે ૧૮ સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સપનાના લગ્ન ચાર વર્ષ અગાઉ નીલેશ સાથે થયા હતા અને તેમને બેથી ત્રણ વર્ષની એક પુત્રી પણ છે. એટલું જ નહીં, સપના ૪ મહિનાની ગર્ભવતી પણ હતી. આ કરુણ ઘટના બાદ પિયર પક્ષમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પરિણીતાના માતા-પિતાએ પતિ, સાસુ અને સસરા પર અસહ્ય ત્રાસ આપવાનો ગંભીર આરોપ મૂક્યો છે. આક્ષેપ છે કે પતિ અવારનવાર દારૂ પીને આવતો અને મારઝૂડ કરી શંકા કરતો હતો. પલસાણા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સુરત સિવિલ હોસ્પિટલ મોકલી સાસરિયાં સામે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવમાં સુરતના પાંડેસરામાં રહેતી ૩૧ વર્ષીય કિરણ જયસ્વાલે ઘરમાં પંખા સાથે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી છે. મૂળ ઉત્તર પ્રદેશનો આ પરિવાર સુરતમાં રહી મજૂરીકામ કરે છે. કિરણના પતિ રિંકુ જયસ્વાલ રોજ કામ પરથી મોડો આવતો હોવાથી કિરણને તેના પર શંકાઓ થતી હતી. આ બાબતને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ સૌ જમીને સૂઈ ગયા હતા. રાત્રિ દરમિયાન કિરણે આ અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવની જાણ થતાં પાંડેસરા પોલીસે સ્થળ પર પહોંચીને અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# થરાદ હાઈવે પર જોરાપુરા સીમમાં આવેલ ભોજનાલય ખાતે જાહેરનામાનો ભંગ

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૯

બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાની અમલવારી અંતર્ગત ડીસા રૂરલી પોલીસ સ્ટેશન દ્વારા હોટલ અને ગેસ્ટ હાઉસનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકીંગ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનાર એક હોટલ સંચાલક સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા મુજબ જિલ્લામાં પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતી હોટલ, લોજ અને ગેસ્ટ હાઉસના માલિકો કે મેનેજરોએ પોતાના તથા કર્મચારીઓના નામ-સરનામા અને અન્ય જરૂરી વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં લેખિતમાં આપવાની રહે છે.

આ જાહેરનામાની અમલવારી અંતર્ગત ડીસા રૂરલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં ચેકીંગમાં હતો. તે દરમિયાન ડીસા-થરાદ હાઈવે પર જોરાપુરા સીમમાં આવેલ 'ઓમ હનુમાન ભોજનાલય' ખાતે તપાસ કરતા તેના સંચાલક ભવરારામ પેમારામે હોટલ સંચાલક અંગેની જરૂરી લેખિત માહિતી ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સબમિટ ન કરી હોવાનું જણાઈ આવ્યું હતું.

# ઠાસરાના ધારાસભ્ય અને પરિવાર વિરૂદ્ધ અસભ્ય વીડિયો વાયરલ કરનાર સામે ગુનો

નડિયાદ તા.૧૯

ઠાસરાના ધારાસભ્ય અને તેમના પરિવારને ઉદ્દેશીને બિભત્સ ગાળો બોલતો વીડિયો સોશિયલ મીડિયાના ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરનાર ઠાસરા ના મીઠાપૂરા ગામના ઈસમ વિરૂદ્ધ પોલીસ મથકમાં આઈ ટી એક્ટ મુજબ ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ ઉર્ફે બકાભાઈ રામસિંહ પરમાર અને તેમના પરિવાર વિરૂદ્ધ સોશિયલ મીડિયાના ઈન્સ્ટાગ્રામ પર અભદ્ર ગાળો બોલતો વીડિયો વાયરલ કરવાનો મામલો સામે આવ્યો છે.

ઠાસરા તાલુકાના મીઠાપુરા ગામે રહેતા બિન્દેશ લક્ષ્મણ ચાવડાએ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડી 'chavda.bindesh' પરથી ગત તારીખ ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે એક વીડિયો વાયરલ કર્યો હતો. આ વીડિયોમાં તેણે ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ ઉર્ફે બકાભાઈ રામસિંહ પરમાર તથા તેમના પરિવારના સભ્યોને ઉદ્દેશીને બિભત્સ ગાળો બોલવામાં આવી હતી આ વીડિયો બિંદેશ ચાવડાએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર વાયરલ કરી ધારાસભ્ય તથા તેમના પરિવારનું ઈરાદાપૂર્વક અપમાન કરી સમાજમાં બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન આ વિડીયો ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારનું સોશિયલ મીડિયા હેન્ડલિંગ કરતા ઠાસરા ના ભદ્રાસા ગામના જનકભાઈ દોલતભાઈ ગોહેલ એ જોયો હતો જેથી તેમણે આ અંગે ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેના પગલે ડાકોર પોલીસે બિંદેશ ચાવડા વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

# જૂનાગઢ : ટ્રક ચાલકે અડફેટે લેતા મોટરસાયકલ ચાલકનું મોત

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ તાલુકા પાદરીયા ગામે બસ સ્ટેન્ડ નજીક ટ્રક અડફેટે મોટર સાયકલ ચાલકનું મોત નિપજયાનો બનાવ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, જૂનાગઢ તાલુકા પોલીસ મથકે સાગર ચંદુભાઈ સોલંકીએ આઈસર ટ્રક નં.જીજે-૧૫-વાયવાય-૭૧૮૪ના ચાલક વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, મૃતક અજય ચંદુભાઈ સોલંકી (ઉ.વ.૨૨) રહે.પાદરીયા પોતાની મોટર સાયકલ નં.જીજે-૧૧-એનએન-૨૨૫૩વાળી લઈને જતા હોય દરમ્યાન આરોપી ટ્રક ચાલકે બેફીકરાઈથી ટ્રક ચલાવી મોટર સાયકલને હડફેટે લેતા માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**જાહેર નોટિસ**

**માધવી ડી. મિસ્ત્રી, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર ભરૂચ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જન્મ/મરણ નોંધણી અરજી કેસ નં.અ.નં.૧૪૨/૨૦૨૬

અરજદાર : **આરીફ યુસુફ મુકરદમ**
રહે. દેસાઈ ફળિયું, ઘોડી, તા. જિ. ભરૂચ

વિરૂદ્ધ

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘોડી, તા. જિ. ભરૂચ**

આથી આ નોટિસ દ્વારા જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોક્ત અરજદાર **શ્રી આરીફ યુસુફ મુકરદમે તેમનો જન્મ તા.૨૧/૦૮/૧૯૬૮ના રોજ મુ.ઘોડી. તા.જિ. ભરૂચ** મુકામે થયેલ હોવા અંગે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજિસ્ટરમાં અરજદારશ્રી આરીફ યુસુફ મુકરદમના જન્મની નોંધણી કરે તેવો હુકમ મેળવવા માટે અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં સદરહુ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ નોંધણી સામે કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારનો વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો સદરહુ કામે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૧૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હુકમથી
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ
સિક્કો અને મામલતદાર, ભરૂચ (ગ્રામ્ય) વતી

**જાહેર નોટિસ**

**માધવી ડી. મિસ્ત્રી, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર ભરૂચ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જન્મ/મરણ નોંધણી અરજી કેસ નં.અ.નં.૧૩૬/૨૦૨૬

અરજદાર : **સલમાબાનુ આબાદઅહમદ પટેલ**
રહે. મઢિયા સ્ટ્રીટ, કારમાડ, તા. જિ. ભરૂચ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘોડી, તા. જિ. ભરૂચ

આથી આ નોટિસ દ્વારા જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોક્ત અરજદાર **શ્રી સલમાબાનુ આબાદઅહમદ પટેલે તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ મુ.ઘોડી. તા.જિ. ભરૂચ** મુકામે થયેલ હોવા અંગે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજિસ્ટરમાં અરજદારશ્રી સલમાબાનુ આબાદઅહમદ પટેલના જન્મની નોંધણી કરે તેવો હુકમ મેળવવા માટે અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં સદરહુ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ નોંધણી સામે કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારનો વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો સદરહુ કામે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૧૯/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હુકમથી
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ
સિક્કો અને મામલતદાર, ભરૂચ (ગ્રામ્ય) વતી

**જાહેર નોટિસ**

**માધવી ડી. મિસ્ત્રી, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર ભરૂચ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જન્મ/મરણ નોંધણી અરજી કેસ નં.અ.નં.૧૩૭/૨૦૨૬

અરજદાર : **પટેલ અલ્તાફ ઈકબાલ ઈબ્રાહીમ**
રહે. ચકલા ફળિયુ, ઘોડી, તા.જિ. ભરૂચ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘોડી, તા. જિ. ભરૂચ

આથી આ નોટિસ દ્વારા જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોક્ત અરજદાર **શ્રી પટેલ અલ્તાફ ઈકબાલ ઈબ્રાહીમે તેમનો જન્મ તા.૨૫/૦૬/૧૯૮૨ના રોજ મુ.ઘોડી. તા.જિ. ભરૂચ** મુકામે થયેલ હોવા અંગે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજિસ્ટરમાં અરજદારશ્રી પટેલ અલ્તાફ ઈકબાલ ઈબ્રાહીમના જન્મની નોંધણી કરે તેવો હુકમ મેળવવા માટે અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં સદરહુ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ નોંધણી સામે કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારનો વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો સદરહુ કામે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૧૯/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હુકમથી
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ
સિક્કો અને મામલતદાર, ભરૂચ (ગ્રામ્ય) વતી

# IIM-જમ્મુ PM મોદીના જન્મદિવસના કાર્યક્રમમાં ગેરહાજર રહેવા બદલ વિદ્યાર્થીઓને 'દંડિત' કરી રહ્યું છે : કોંગ્રેસ સાંસદ

(એજન્સી) તા.૧૯


કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સૈયદ નાસીર હુસૈને આક્ષેપ કર્યો છે કે IIM-જમ્મુ એવા વિદ્યાર્થીઓને દંડિત કરી રહ્યું છે જેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી માટે યોજાયેલા દીપ પ્રાગટ્ય કાર્યક્રમમાં હાજરી આપી ન હતી. હુસૈનના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓને IIM-જમ્મુની સ્ટુડન્ટ કાઉન્સિલ દ્વારા આપવામાં આવેલી નોટિસના જવાબમાં તેમની ગેરહાજરી અંગે લેખિત ખુલાસો આપવા અથવા ૫૦૦ રૂપિયાનો દંડ ભરવા માટે કહેવામાં આવ્યું હતું. કર્ણાટકથી રાજ્યસભાના સાંસદ અને જમ્મુ-કાશ્મીર માટે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના નિરીક્ષક હુસૈને 'IIM જમ્મુની સ્ટુડન્ટ કાઉન્સિલ" દ્વારા જારી કરાયેલી હોવાનું જણાતી એક "નોટિસ" શેર કરી હતી, જેમાં જવાબ સબમિટ કરવાની અંતિમ મુદત શુક્રવાર રાત સુધીની હતી. "વિદ્યાર્થીઓ માટે PM મોદીના જન્મદિવસની ઉજવણીમાં હાજરી આપવી શા માટે ફરજિયાત હોવી જોઈએ ?' હુસૈને 'X' (અગાઉનું ટ્વિટર) પર લખ્યું. "શું આ IIMમાં કોઈ શૈક્ષણિક જવાબદારી છે કે પછી PM મોદીના પ્રચારને કેમ્પસમાં ફરજિયાત પ્રવૃત્તિ તરીકે લાવવામાં આવ્યો છે ? શૈક્ષણિક સંસ્થાઓએ સ્વતંત્ર વિચારસરણીને પ્રોત્સાહન આપવું જોઈએ, નહીં કે વિદ્યાર્થીઓને રાજકીય નેતાઓની ઉજવણીમાં હાજરી આપવા માટે મજબૂર કરવા જોઈએ કે દંડની ધમકી આપવી જોઈએ. ભાજપના પ્રચારના સ્ટંટને આપણી અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓથી દૂર રાખવા જોઈએ," તેમણે ઉમેર્યું. હુસૈન દ્વારા શેર કરાયેલા આવા જ એક ઈમેલના સ્ક્રીનશોટમાં જણાવાયું હતું કે આ કાર્યક્રમ તમામ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત રાખવામાં આવ્યો હતો. "... ગેરહાજરી માટે મુક્તિ માત્ર તબીબી કારણોસર જ વિચારવામાં આવશે, અને તે માટે 'સંજીવની' (Sanjeevni) તરફથી સત્તાવાર નોંધ હોવી આવશ્યક છે, જેમાં સંબંધિત સમયગાળા માટે ખાસ કરીને બેડ રેસ્ટ (આરામ)ની ભલામણ કરવામાં આવી હોય. 'સંજીવની' તરફથી જરૂરી દસ્તાવેજો વિનાના તબીબી કારણોને મુક્તિ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં," તે નોંધમાં જણાવાયું હતું. "સંજીવની" અથવા "eSanjeevni"એ કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત મફત રાષ્ટ્રીય ટેલિમેડિસિન સેવા છે, જ્યાં દર્દીઓ આઉટપેશન્ટ વિભાગ (OPD)માં લોગ-ઈન કરી શકે છે અને નિષ્ણાતોની સલાહ લઈ શકે છે. IIM જમ્મુમાં સ્ટુડન્ટ અફેર્સના ચેરપર્સન બ્રિગેડિયર નીરજ સોનીએ જણાવ્યું હતું કે કોઈ પણ વિદ્યાર્થીને દંડિત કરવામાં આવ્યો નથી. "સ્વતંત્રતા દિવસ કે ગાંધી જયંતિ જેવા પ્રસંગોએ અમે જે સામાન્ય પગલાં લઈએ છીએ, તેવું જ આ વખતે પણ કરવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની સર્વાંગી સહભાગિતા સુનિશ્ચિત કરવાનો છે. અમે દંડ બાબતે જરાય કડક વલણ અપનાવતા નથી. આ વખતે પણ કોઈ વિદ્યાર્થીને દંડ કરવામાં આવ્યો ન હતો," તેમ સોનીએ 'ધ ટેલિગ્રાફ ઓનલાઈન'ને જણાવ્યું હતું. ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૭ વાગ્યે દીપ પ્રાગટ્યનો કાર્યક્રમ એ ભાજપ દ્વારા આયોજિત અનેક કાર્યક્રમોમાંનો એક હતો. આ કાર્યક્રમો 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ એક મહિના સુધી ચાલનારા ઉત્સવનો ભાગ છે, જે મોદીના ૭૬મા જન્મદિવસ અને તેમના મુખ્યમંત્રી બન્યા ત્યારથી જાહેર જીવનમાં પૂર્ણ થયેલા ૨૫ વર્ષના ઉપલક્ષમાં યોજાયા છે. રાજસ્થાન જેવા ભાજપ-શાસિત ઘણા રાજ્યોમાં, સરકારનો આ 'આદેશ' ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને પણ લાગુ કરવામાં આવ્યો હતો. સરકારી શાળાઓના અનેક શિક્ષકો અને આંગણવાડી કાર્યકરોએ ફરિયાદ કરી હતી કે તેમને મોડી સાંજ સુધી તેમના કાર્યસ્થળ પર રોકાઈ રહેવા અને દીપ પ્રાગટ્ય સમારોહના ફોટોગ્રાફ્સ મોકલવા માટે કહેવામાં આવ્યું હતું.

# ટ્રમ્પે H-1B વિઝાની ૧,૦૦,૦૦૦ ડૉલરની ફીની મુદતમાં એક વર્ષનો વધારો કર્યો - ભારતીયો પર તેની શું અસર પડી શકે ?

## રાષ્ટ્રપતિ ટ્રમ્પે કુશળ વિદેશી કામદારો માટેના H-1B નોન-ઈમિગ્રન્ટ વિઝા પર ૧,૦૦,૦૦૦ ડોલરની ભારે ફી લાદતાં કારોબારી આદેશની મુદત લંબાવી છે

(એજન્સી) તા.૧૯

અમેરિકામાં H-1B વિઝા પર વિદેશી કામદારોને લાવવા માંગતા નોકરીદાતાઓ પર લાદવામાં આવેલી $૧,૦૦,૦૦૦ની ફીની મુદત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક વર્ષ માટે લંબાવી હોવાથી, ભારતીય IT વ્યાવસાયિકો અને કંપનીઓએ વધુ એક વર્ષ અનિશ્ચિતતાનો સામનો કરવો પડી શકે છે; ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમનો સૌથી મોટો લાભાર્થી સમૂહ ભારતીયો છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે વિવાદાસ્પદ ફીની મુદત લંબાવવાનો હેતુ અમેરિકન કામદારોનું રક્ષણ કરવાનો અને એ સુનિશ્ચિત કરવાનો છે કે ઉૅ-૧મ વિઝા અત્યંત કુશળ અને આવશ્યક વિદેશી કામદારો માટે જ અનામત રહેશે. શુક્રવારે જારી કરાયેલા રાષ્ટ્રપતિના જાહેરનામામાં ટ્રમ્પે કહ્યું કે ૨૦૨૫માં લાદવામાં આવેલી ફીને કારણે મોટી IT આઉટસોર્સિંગ કંપનીઓ દ્વારા કરવામાં આવતી H-1B નોંધણીમાં ૯૨ ટકાનો ઘટાડો થયો હતો. ટ્રમ્પે કહ્યું કે, ૨૦૨૫ના જાહેરનામાની મુદત લંબાવવાથી યુનાઈટેડ સ્ટેટ્સના આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા હિતોનું રક્ષણ ચાલુ રહેશે, અમેરિકન કામદારો અને સ્નાતકો માટે શ્રમ બજારની તકોમાં સુધારો થશે અને એ સુનિશ્ચિત થશે કે નોકરીદાતાઓ કાર્યક્રમના મૂળ ઉદ્દેશ્ય મુજબ જરૂરિયાત સમયે માત્ર અત્યંત કુશળ અને આવશ્યક વિદેશી કામદારોની જ ભરતી કરે. ફી વધારા અંગેનો ટ્રમ્પનો પ્રારંભિક આદેશ, જે સૌપ્રથમ સપ્ટેમ્બર ૨૦૨૫માં જારી કરવામાં આવ્યો હતો, તેની મુદત આ મહિને પૂરી થવાની હતી. આ આદેશ એવા વિદેશી નાગરિકોને લાગુ પડતો ન હતો જેઓ પહેલેથી જ સ્ટુડન્ટ વિઝા પર અમેરિકામાં છે અથવા જેમના વર્તમાન વિઝાનું રિન્યુઅલ થવાનું છે. આ મુદત વધારાની અસર ભારતીય ટેક્નોલોજી વ્યાવસાયિકો અને IT કંપનીઓ પર પડી શકે છે, જેઓ અમેરિકામાં કુશળ કામદારોને



તૈનાત કરવા માટે H-1B કાર્યક્રમ પર મોટા પાયે નિર્ભર છે. ટ્રમ્પની H-1B વિઝા ફી તપાસ હેઠળ છે ૨૦૨૫માં USD ૧,૦૦,૦૦૦ ફી વસૂલવાના નિર્ણયને કાનૂની પડકારનો સામનો કરવો પડ્યો છે અને આ મામલો બે અલગ અલગ ફેડરલ કોર્ટ સમક્ષ છે. બોસ્ટન સ્થિત અપીલ કોર્ટ જૂનમાં ફેડરલ ન્યાયાધીશના નિર્ણયની સમીક્ષા કરી રહી છે જેમણે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલી ઊંચી ફીને ગેરકાયદેસર ગણાવી હતી અને સરકારને તે વસૂલવાથી રોકી હતી. બીજી કોર્ટ વિચારણા કરી રહી છે કે શું કોઈ ન્યાયાધીશે યુએસ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ફી સામેના પડકારને યોગ્ય રીતે નકારી કાઢ્યો હતો, જે સૌથી મોટો યુએસ બિઝનેસ લોબિંગ જૂથ છે. કેટલીક કંપનીઓ અમેરિકનોને બદલે ઓછા પગારવાળા વિદેશી કામદારોને રાખવા માટે વિઝાનો ઉપયોગ કરે છે તેવી ટીકા છતાં, વ્યવસાય જૂથો અને કંપનીઓ કહે છે કે તેઓ ઉચ્ચ કુશળ વ્યાવસાયિકોની ભરતી કરવામાં મદદ કરે છે અને કેટલાક ઉદ્યોગોમાં લાયક યુએસ કામદારોની અછતને દૂર કરે છે. યુએસ રાષ્ટ્રપતિએ એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં જણાવ્યું હતું કે H-1B નોન-ઈમિગ્રન્ટ વિઝા પ્રોગ્રામ યુનાઈટેડ સ્ટેટ્સના અર્થતંત્રને વ્યૂહાત્મક રીતે પૂરક બનાવવા માટે અનન્ય રીતે કુશળ અને ઉચ્ચ વિશિષ્ટ વિદેશી કામચલાઉ કામદારોને ઓળખવા માટે બનાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો વ્યાપકપણે કેટલાક નોકરીદાતાઓ, તૃતીય-પક્ષ પ્લેસમેન્ટ જૂથો અને આઉટસોર્સિંગ કંપનીઓ દ્વારા કુશળ યુનાઈટેડ સ્ટેટ્સ શ્રમ પુરવઠાને ઘટાડવા અને વિસ્થાપિત કરવા માટે દુરુપયોગ કરવામાં આવ્યો છે. સંભવિત વિઝા ધારકોની તપાસ અને પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવે છે તેમાં થયેલા ફેરફારોથી કંપનીઓની ભરતી અને વિસ્તરણ યોજનાઓ પર અસર પડી છે, જેમાં કેટલાક ટોચના H-1B વપરાશકર્તાઓ, જેમ કે ઁપ્ૠની પેરેન્ટ કંપની આલ્ફાબેટ, ભારતમાં કામગીરી વધારવા માટે આગળ વધી રહ્યા છે.

## અમેરિકાને ૧,૫૭,૦૦૦થી વધુ એન્જિનિયરો અને કુશળ ટેકનિશિયનોની જરૂર છે : યુએસ કંપનીઓ માટે H-1B વિઝા ખર્ચ વધી રહ્યો છે

મેકકિન્સે અને SEMI ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત સંયુક્ત તારણો અનુસાર, યુએસ ૨૦૩૦ સુધીમાં ૧,૫૭,૦૦૦ સેમિકન્ડક્ટર નિષ્ણાતો અને ટેકનિશિયનોની અછત ઊભી થશે અને 'ચિંતાજનક' વાત એ છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ઈમિગ્રન્ટ શ્રેણીઓ, મહેમાન-કામદાર અધિકૃતતા, કાયમી રહેઠાણ અરજીઓ અને હાલની મુસાફરી પરવાનગીઓને આવરી લેતા અવરોધો રજૂ કર્યા છે. અપડેટેડ નિયમનકારી માળખું વિવિધ અરજદાર જૂથોમાં લક્ષિત અવરોધો રજૂ કરે છે. H-1B કુશળ કામદારો અને આશ્રિતોને $૧૦૩,૨૬૫ સુધી વધવાની પ્રસ્તાવિત ફાઈલિંગ ફી છે. ઓસ્ટિન, ટેક્સાસમાં સેમસંગના સેમિકન્ડક્ટર ડિવિઝનના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ જોન ટેલરે જણાવ્યું હતું કે દર વર્ષે માત્ર ૩% સ્થાનિક એન્જિનિયરિંગ સ્નાતકો ચિપ ઉદ્યોગમાં પ્રવેશવાનું પસંદ કરે છે, જેના કારણે ૭૩% સેમિકન્ડક્ટર નોકરીદાતાઓ ગંભીર ભરતી અવરોધોનો સામનો કરી રહ્યા છે. કુશળ મજૂરોની પહોંચ જરૂરી છે કારણ કે અમેરિકા સ્થાનિક સ્તરે અત્યાધુનિક લોજિક પ્રોસેસર અને મેમરી ચિપ્સનું ઉત્પાદન કરવા માટે ઈતિહાસમાં તેનું સૌથી ઝડપી ઉત્પાદન બિલ્ડઆઉટ સ્થાપિત કરી રહ્યું છે. એરિઝોનામાં, તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની (TSMC) અને ઈન્ટેલની ફેબ્રિકેશન સુવિધાઓ સક્રિયપણે આગામી પેઢીના લોજિક ચિપ્સનું ઉત્પાદન કરી રહી છે. દક્ષિણ કોરિયાની સેમસંગ સ્થાનિક લોજિક ફેબ્રિકેશન શરૂ કરનાર આગામી વિદેશી જાયન્ટ બનવાની છે, આ વર્ષના અંતમાં ટેક્સાસના ટેલરમાં બે ઉત્પાદન સુવિધાઓમાંથી પ્રથમ ખાતે કામગીરી શરૂ થશે. અમે એન્જિનિયરોને નોકરીએ રાખી રહ્યા છીએ, અમે ટેકનિશિયનોને રાખી રહ્યા છીએ, અમે સપ્લાય ચેઈનમાં લોકોને નોકરીએ રાખી રહ્યા છીએ. યુ.એસ.એ સેમિકન્ડક્ટર્સની શોધ કરી હતી અને હજુ પણ કમ્પ્યુટર ચિપ આર્કિટેક્ચર પર પ્રભુત્વ ધરાવે છે. કાર્યબળની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, ઈડાહો સ્થિત મેમરી ઉત્પાદક માઈક્રોને દક્ષિણ કોરિયાની ટેકનિકલ શાળાઓમાં પ્રવાસો કર્યા છે, અરજદારોના ઈન્ટરવ્યુ લીધા છે અને એક જ દિવસમાં તેના એશિયન કામગીરી માટે તાત્કાલિક પૂર્ણ-સમયની નોકરીની ઓફરો આપી છે.

# મધ્યપ્રદેશ હાઈકોર્ટના જજનું વિદાય પ્રવચન : દેહદાનનો સંકલ્પ, PM CARES ફંડમાં આપી રૂા.૧ કરોડની રકમ

(એજન્સી) ભોપાલ, તા.૧૯

મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ અવનિન્દ્ર કુમાર સિંહે પોતાના વિદાય સમારંભ (ફેરવેલ સ્પીચ) દરમિયાન એક પ્રેરણાદાયી જાહેરાત કરી છે. તેમણે અને તેમના પત્નીએ મૃત્યુ પછી પોતાના શરીરને વૈજ્ઞાનિક સંશોધનો માટે દાન (દેહદાન) કરવાનો સંકલ્પ લીધો છે. આ સાથે જ તેમણે પોતાની પ્રોવિડન્ટ ફંડ (GPF)ની સમગ્ર રકમ—જે આશરે રૂા.૧ કરોડ ૧ લાખ થાય છે—PM CARES ફંડમાં દાન કરવાની મોટી જાહેરાત પણ કરી છે. પોતાના સંબોધન દરમિયાન ભાવુક થઈને જસ્ટિસ સિંહે જણાવ્યું હતું કે, નિવૃત્તિના બે દિવસ પહેલાં તેમણે અને તેમના પત્નીએ એક મેડિકલ કોલેજ મારફતે દેહદાન માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે મૃત્યુ પછી શરીરના ઉપયોગ સંશોધન માટે કરવાનો અને જીપીએફના નાણાં રાષ્ટ્રનિર્માણ માટે પીએમ કેર્સ ફંડમાં આપવાનો આ વિચાર મુખ્યત્વે તેમના પત્ની શ્રીમતી ઈન્દ્રાનો હતો. તેમણે તેમના પત્નીનો આભાર માનતા કહ્યું કે, જીવનના દરેક ઉતાર-ચઢાવમાં અને કારકિર્દીના દરેક તબક્કે તેઓ તેમની સાથે અડીખમ ઊભા રહ્યા છે. ૩૬ વર્ષ કરતાં વધુ સમય સુધી ન્યાયિક સેવામાં રહ્યા બાદ ૧૭ સપ્ટેમ્બરના રોજ નિવૃત્ત થયેલા જસ્ટિસ સિંહે પોતાની કારકિર્દીના અનુભવો પણ શેર કર્યા હતા. ૩૧ મે, ૧૯૯૦ના રોજ સિવિલ જજ ક્લાસ-II તરીકે સેવા શરુ કરનાર જસ્ટિસ સિંહે પોતાના કાર્યકાળ દરમિયાન ઈટારસી, ભોપાલ, મોરેના, જબલપુર, ઈન્દોર અને ધાર સહિત અનેક જિલ્લાઓમાં સેવાઓ આપી હતી. ઉપરાંત, તેમણે ભોપાલ ગેસ પીડિતો માટે ડેપ્યુટી વેલફેર કમિશનર અને ફેમિલી કોર્ટમાં પ્રિન્સિપલ જજ તરીકેની જવાબદારીઓ પણ સંભાળી હતી. ન્યાયતંત્રના પરિવર્તન અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે, તેમના કાર્યકાળ દરમિયાન તેમણે ન્યાયતંત્રને માત્ર કોર્ટ સુધી પહોંચતા અરજદારો જ નહીં પરંતુ સામાન્ય નાગરિકો સુધી પહોંચવાના પ્રયાસો કરતા જોયું છે. તેમણે એક સિનિયર જજની સલાહ યાદ કરતા કહ્યું કે, ન્યાયાધીશે ક્યારેય ટીકાઓથી ડરવું જોઈએ નહીં અને ન્યાયિક ફાઈલ સાથે કામ કરતી વખતે જો મનમાં કોઈ પક્ષકાર પ્રત્યે ગુસ્સો કે પ્રેમ જેવો પક્ષપાત હોય તો તે કેસથી દૂર રહેવું જોઈએ. ૧૮ સપ્ટેમ્બર ૧૯૬૪ના રોજ ઉત્તર પ્રદેશના એટાહમાં જન્મેલા જસ્ટિસ સિંહે B.Sc. અને LL.B. નો અભ્યાસ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં જસ્ટિસ અલ્પેશ યશવંત કોગજે (જેઓ અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં સેવા આપી ચૂક્યા છે)એ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ૩૦મા મુખ્ય ન્યાયાધીશ (Chief Justice) તરીકે શપથ લીધા હતા. જસ્ટિસ સિંહે અંતમાં વ્યક્ત કર્યું કે આ નિવૃત્તિ એ તેમનો અંત નથી પરંતુ સમાજ સેવા તરફ આગળ વધવાનું એક નવું પગલું છે.

# ગ્રીનલેન્ડમાં 'સુરક્ષાના કાયમી નિયંત્રણ' અંગે ટ્રમ્પે ડેનમાર્ક સાથે કરાર કર્યા

## રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડમાં યુએસ લશ્કરી હાજરીને વિસ્તૃત કરવા માટે ડેનમાર્ક સાથે કરાર કર્યો છે. સોશિયલ મીડિયા પર કરારની જાહેરાત કરતા ટ્રમ્પે કહ્યું કે, આ કરાર યુએસને ગ્રીનલેન્ડની સુરક્ષા અને અન્ય તમામ જરૂરિયાતો પર કાયમી નિયંત્રણ આપશે. ટ્રમ્પ ઘણા મહિનાઓથી નાટો સાથી ડેનમાર્કથી ગ્રીનલેન્ડને બળજબરીથી કબજે કરવાની ધમકી આપી રહ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જાહેરાત કરી કે તેઓ ગ્રીનલેન્ડમાં યુએસ લશ્કરી હાજરીને વિસ્તૃત કરવા માટે ડેનમાર્ક સાથે કરાર કર્યા છે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે ટ્રમ્પ ઘણા મહિનાઓથી નાટો સાથી ડેનમાર્કથી ગ્રીનલેન્ડને બળજબરીથી કબજે કરવાની ધમકી આપી રહ્યા છે. જોકે, આ કરાર હેઠળ, આર્કટિક ક્ષેત્રમાં સ્થિત ગ્રીનલેન્ડ ડેનિશ નિયંત્રણ હેઠળ રહેશે. સોશિયલ મીડિયા પર કરારની જાહેરાત કરતા ટ્રમ્પે કહ્યું કે, કરાર પર પહોંચવાથી ગ્રીનલેન્ડની સુરક્ષા અને અન્ય તમામ જરૂરિયાતો પર યુએસને કાયમી નિયંત્રણ મળશે. તેમણે દાવો કર્યો હતો કે, આ અમેરિકાની બધી ચિંતાઓને સંપૂર્ણપણે દૂર કરશે. તેમણે જણાવ્યું હતું કે, આ કરાર હેઠળ, તેમનો વહીવટ તાત્કાલિક આ ખનિજ સમૃદ્ધ ડેનિશ ક્ષેત્રમાં યુએસ લશ્કરી હાજરી વધારવાની પ્રક્રિયા શરૂ કરશે. આ કરાર યુએસ, ગ્રીનલેન્ડ અને ડેનિશ અધિકારીઓ વચ્ચે મહિનાઓ સુધી ચાલી રહેલી વાટાઘાટોને અનુરૂપ છે. ત્રણેય પક્ષો આશરે ૫૬,૦૦૦ની વસ્તી ધરાવતા આ પ્રદેશ અંગે ટ્રમ્પની કેટલીક સુરક્ષા ચિંતાઓને દૂર કરવા માંગ કરી રહ્યા હતા. વેનેઝુએલાના પૂર્વ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને હાંકી કાઢવા માટે લશ્કરી ઝુંબેશ અને ઈઝરાયેલની આગેવાની હેઠળના યુદ્ધ દ્વારા ગ્રીનલેન્ડનો મુદ્દો થોડા સમય માટે શાંત થઈ ગયો હતો. યુએસમાં આગામી મધ્યસત્ર ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ કરાર મહત્ત્વપૂર્ણ છે. ડેનિશ વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેનના કાર્યાલયે જણાવ્યું હતું કે, ત્રણેય સરકારો આવતા અઠવાડિયે યુએન જનરલ એસેમ્બલી દરમિયાન કરાર પર હસ્તાક્ષર કરશે. ફ્રેડરિકસેને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ કરાર ગ્રીનલેન્ડ અને ડેનમાર્કની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને માન્યતા આપે છે, અને તેમના લોકોના સ્વ-નિર્ણયના અધિકારને સમર્થન આપે છે. ગ્રીનલેન્ડના વડાપ્રધાન, જેન્સ-ફ્રેડરિક નીલ્સને કહ્યું હતું કે, પ્રસ્તાવિત કરાર ત્રણેય સરકારોના શ્રેષ્ઠ હિતમાં છે અને ગ્રીનલેન્ડના હિતોને માન્યતા આપે છે. જોકે, તેનો અમલ થાય તે પહેલાં, ડેનમાર્ક અને ગ્રીનલેન્ડની સરકારોએ તેમના સંબંધિત સંસદો પાસેથી જરૂરી મંજૂરી મેળવવી આવશ્યક છે. ગયા વર્ષે વ્હાઈટ હાઉસ પરત ફર્યા બાદ, ટ્રમ્પે માંગ કરી હતી કે ડેનમાર્ક ગ્રીનલેન્ડ યુએસને વેચી નાખે. તેમણે કહ્યું હતું કે, આ ટાપુ યુએસ સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે. તેમણે ડેનમાર્ક નાટો સાથી હોવાથી, યુએસ લશ્કરી બળ દ્વારા તેને કબજે કરે તેવી શક્યતાને પણ નકારી કાઢી ન હતી. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ વારંવાર સ્પષ્ટતા કરી છે કે, ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી. રશિયા અને મોટાભાગના યુરોપિયન દેશોએ પણ ગ્રીનલેન્ડ હસ્તગત કરવાના યુએસના પ્રયાસનો સખત વિરોધ કર્યો હતો.

# યુકેના ટેલફોર્ડમાં શીખ બસ ડ્રાઈવરની દાઢી ખેંચવાની, બસ હાઈજેક કરવાની અને અન્ય વાહનો સાથે અથડાવવાની ઘટનાનો વીડિયો સામે આવ્યો

## પોલીસે જણાવ્યું હતું કે બસ ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થઈ હતી અને પેરામેડિક્સ દ્વારા તેમની સારવાર કરવામાં આવી હતી; અન્ય કોઈને ઈજા થઈ હોવાનું જાણમાં આવેલ નથી



(એજન્સી) તા.૧૯

યુકેના શ્રોપશાયર વિસ્તારમાં આવેલા ટેલફોર્ડ શહેરમાં એક શીખ બસ ડ્રાઈવર પર હુમલો કરવાની, બસ હાઈજેક કરવાની અને અનેક વાહનોને ટક્કર મારવાની ઘટના પ્રકાશમાં આવી છે. વિગતો અનુસાર, શુક્રવારે સાંજે મેડલીના કોર્ટ સ્ટ્રીટ પર હુમલા અંગે પોલીસને માહિતી મળી હતી. વાયરલ થયેલા વીડિયો અને સૂત્રોના જણાવ્યા અનુસાર, એક હુમલાખોરે શીખ બસ ડ્રાઈવર પર હુમલો કર્યો, તેને નિર્દયતાથી માર માર્યો અને તેની દાઢી પણ ખેંચી. આ હુમલા દરમિયાન ડ્રાઈવરને બસમાંથી બહાર ધકેલી દેવામાં આવ્યો હતો.

ડ્રાઈવરને બસમાંથી બહાર કાઢ્યા પછી, હુમલાખોરે બસનો કબજો લીધો અને તેને ખૂબ જ બેફામ રીતે પાર્ક વેથી હાઈ સ્ટ્રીટ તરફ રોડની ખોટી બાજુએ ચલાવી. આ દરમિયાન, બસ ચલાવતી વખતે તે રસ્તામાં આવતા અન્ય ઘણા વાહનો સાથે જોરદાર રીતે અથડાયો, જેનાથી અનેક વાહનોને ભારે નુકસાન થયું.

ઘટના સમયે ત્યાં હાજર પ્રત્યક્ષદર્શીઓએ આ સમગ્ર ઘટનાનો વીડિયો રેકોર્ડ કર્યો અને તરત જ પોલીસને જાણ કરી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તાત્કાલિક કાર્યવાહી કરી અને શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી. ઘટનાના વીડિયો ફૂટેજમાં આરોપી પાઘડી પહેરેલા ડ્રાઈવરને નિશાન બનાવતો અને તેની દાઢી ખેંચવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. ડ્રાઈવર, જેની ઓળખ જાહેર કરવામાં આવી નથી, તેણે પ્રતિકાર કરવાનો પ્રયાસ કર્યો પરંતુ હુમલા દરમિયાન તેને બસમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ વાહનને પાર્ક વે પરથી હાઈ સ્ટ્રીટ તરફ રોડની ખોટી બાજુએ ચલાવવામાં આવ્યું હતું અને પોલીસ દ્વારા અટકાવવામાં આવે તે પહેલાં તે અનેક વાહનો સાથે અથડાયું હતું. લૂંટ અને જોખમી રીતે વાહન ચલાવવાના શંકાસ્પદ આરોપસર ૨૦ના દાયકામાં રહેલા એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. તપાસ ચાલુ હોવાથી તે પોલીસ કસ્ટડીમાં છે. આ ઘટના અંગે યુકે સહિત પંજાબી અને શીખ સમુદાયોમાં ભારે રોષ અને વિરોધ જોવા મળી રહ્યો છે. વિવિધ સમુદાયો અને અગ્રણી નેતાઓએ આ 'હેટ ક્રાઈમ' (દ્વેષપૂર્ણ ગુના)ની સખત નિંદા કરી છે અને આરોપી સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહીની માંગ કરી છે. વેસ્ટ મર્સિયા પોલીસના ડિટેક્ટિવ સાર્જન્ટ ટાઈગ લેનીએ કહ્યું: "અમે સમજીએ છીએ કે આજે સાંજે આ વિસ્તારમાં હાજર લોકો માટે આ એક ચિંતાજનક ઘટના રહી હશે. હું સમુદાયને ખાતરી આપવા માંગુ છું કે પોલીસ અધિકારીઓએ ત્વરિત કાર્યવાહી કરી છે અને એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. અમારી તપાસ ચાલુ છે અને જેણે આ ઘટના જોઈ હોય અથવા જેની પાસે તપાસમાં મદદરૂપ થઈ શકે તેવું ફૂટેજ હોય, તેવી કોઈપણ વ્યક્તિ પાસેથી માહિતી મેળવવા અમે આતુર છીએ."

# દિલ્હી SIR : ઉંમરના તફાવતને કારણે CM રેખા ગુપ્તાને ECની નોટિસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ચૂંટણી પંચે શનિવાર, ૧૯ સપ્ટેમ્બરના રોજ યાદી જાહેર કરી તે પછીના અહેવાલો મુજબ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા એવા મતદારોમાં સામેલ છે જેમની વિગતોમાં વિસંગતતાઓ (ખાસ કરીને ઉંમરના તફાવતને કારણે) જોવા મળી છે અને તેમને દસ્તાવેજો રજૂ કરવા માટે નોટિસ મોકલવામાં આવી રહી છે; જ્યારે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પરિવારના સભ્યો પણ એવા લોકોમાં સામેલ છે જેમનાં નામ 'અનમેપ્ડ' રહી ગયા છે. ફેક્ટ-ચેકિંગ કરતી બિન-લાભકારી વેબસાઈટ 'AltNews'ના સહ-સ્થાપક મોહમ્મદ ઝુબૈરે 'X' (અગાઉનું ટ્વિટર) પર જણાવ્યું હતું કે દિલ્હીના મુખ્યમંત્રીનું નામ યાદીમાં છે કારણ કે તેમની અને તેમના માતા-પિતાની ઉંમર વચ્ચેનો તફાવત ૧૫ વર્ષથી ઓછો છે. ઝુબૈરે નિર્દેશ કર્યો હતો કે મુખ્યમંત્રી એવા ૧,૬૦,૭૯૫ લોકોમાં સામેલ છે જેમને આ જ કારણસર નોટિસ મોકલવામાં આવશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના માતા-પિતા, પત્ની અને પુત્ર પણ અગાઉની SIR (ખાસ સઘન સુધારણા પ્રક્રિયા) સાથે મેપ ન થયેલા લોકોની યાદીમાં છે. તેમણે કહ્યું કે તેઓ દિલ્હીના એ ૩૩ લાખ રહેવાસીઓમાં સામેલ છે જેમને ચૂંટણી પંચ દ્વારા દિલ્હી SIR હેઠળ નોટિસ મોકલવામાં આવી રહી છે. આ અગાઉ, દિલ્હી ચૂંટણી પંચ (EC)એ ડ્રાફ્ટ SIR યાદીમાં રહેવાસીઓના નામ અને જન્મતારીખમાં રહેલી વિસંગતતાઓની યાદી ઓનલાઈન પ્રકાશિત કરી હતી. મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) અશોક કુમારે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ સંબંધિત વ્યક્તિઓને દસ્તાવેજો રજૂ કરવા માટે નોટિસ મોકલી રહ્યું છે. ૩૧ ઓગસ્ટના રોજ, ચૂંટણી પંચે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરી હતી જેમાં શહેરના ૧.૪૫ કરોડ મતદારોમાંથી ૪૭ લાખ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા હતા. મતદાર યાદીના SIR (ખાસ સઘન સુધારણા)ના ભાગરૂપે પ્રકાશિત કરાયેલી ડ્રાફ્ટ યાદીમાંથી દિલ્હીના દર ત્રણમાંથી એક મતદારનું નામ દૂર કરવામાં આવ્યું હતું. 'હાલમાં દાવા અને વાંધાની પ્રક્રિયા અંગેની સુનાવણી ચાલી રહી છે, તેથી જનતાને નોટિસ મોકલવામાં આવી રહી છે. નોટિસના બે પ્રકાર છે : એક 'અન-મેપ્ડ' (નકશામાં નિર્દિષ્ટ ન થયેલા) મતદારો માટે અને બીજી એવા 'મેપ્ડ' મતદારો માટે કે જેમનાં નામ અથવા જન્મતારીખ વગેરેમાં નાની-મોટી વિસંગતતાઓ છે; આ બાબતો માટે નોટિસ મોકલવામાં આવી રહી છે.

# SIR સુનાવણી ચાલુ હોવાથી દિલ્હી ચૂંટણી કાર્યાલયે મતદારોની વિગતોમાં વિસંગતતા ધરાવતી યાદી જાહેર કરી

(એજન્સી) તા.૧૯

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી અશોક કુમારે શનિવારે જણાવ્યું હતું કે, ચૂંટણી યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા હેઠળ જેમના નામ અથવા જન્મતારીખની ચકાસણી જરૂરી છે, તેવા મતદારોની યાદી ચૂંટણી કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવી છે. કુમારે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે બે જૂથોને નોટિસ મોકલવામાં આવી રહી છે : એક એવા મતદારો જેમની વિગતો અગાઉના રેકોર્ડ સાથે મેળવી શકાઈ નથી અને બીજા એવા મતદારો જેમની વિગતો મેળવી શકાઈ છે પરંતુ રેકોર્ડમાં વિસંગતતાઓ છે. નોટિસ મેળવનારાઓને સુનાવણી દરમિયાન જરૂરી દસ્તાવેજો રજૂ કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. કુમારે કહ્યું કે ચૂંટણી નોંધણી ટીમો દાવા અને વાંધાઓ સાંભળવા માટે કેમ્પ યોજી રહી છે. જરૂર પડ્યે કેમ્પની સંખ્યામાં વધારો કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે આ યાદી ચૂંટણી કાર્યાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ છે અને મુખ્ય સ્થળોએ પણ પ્રદર્શિત કરવામાં આવી છે. આ સુનાવણી ૩૧ ઓગસ્ટના રોજ દિલ્હીની ડ્રાફ્ટ મતદાર યાદી (કાચી યાદી) પ્રકાશિત થયા બાદ યોજાઈ રહી છે. અગાઉની યાદીમાં સામેલ આશરે ૧.૪૫ કરોડ મતદારોમાંથી લગભગ ૪૭ લાખ નામ આ ડ્રાફ્ટમાં ગેરહાજર હતા. આ આંકડો લગભગ દર ત્રણમાંથી એક મતદાર જેટલો થાય છે, જો કે ડ્રાફ્ટ યાદી હજુ પણ દાવા અને વાંધાઓને આધીન છે. નામ બાકાત રાખવાની આ વ્યાપક પ્રક્રિયા અને નોટિસ મોકલવાની પદ્ધતિ સામે કાનૂની પડકાર પણ ઊભો થયો છે.

# નવી દિલ્હી મતદાર યાદી સુધારણા પ્રક્રિયા : AAPના વડા અરવિંદ કેજરીવાલ અને તેમના પરિવાર સહિત ૧૧૦ લોકોને SIR નોટિસ મળી

**દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના પરિવારના ચાર સભ્યો - જેમાં પત્ની સુનીતા, માતા-પિતા ગોવિંદ રામ અને ગીતા દેવી તથા પુત્ર પુલકિતનો સમાવેશ થાય છે - તેમને દિલ્હી ચૂંટણી પંચ તરફથી મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા દરમિયાન નોટિસ મળી છે, નવી દિલ્હી મતવિસ્તારના એક વિભાગમાં અન્ય ૧૦૫ લોકોની સાથે તેમને પણ 'અનમેપ્ડ વિથ લાસ્ટ SIR' (અગાઉની SIR પ્રક્રિયા સાથે મેળ ન ખાતી વિગતો) શ્રેણી હેઠળ સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા**

(એજન્સી) તા.૧૯

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ તેમજ તેમના પરિવારના ચાર સભ્યોને દિલ્હી ચૂંટણી પંચ તરફથી નોટિસ મળી છે. આ નોટિસ મતદાર યાદીની ચાલી રહેલી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયાના ભાગરૂપે આપવામાં આવી છે. નોટિસ મેળવનારાઓમાં કેજરીવાલના પત્ની સુનીતા, પિતા ગોવિંદ રામ કેજરીવાલ, માતા ગીતા દેવી અને ૨૫ વર્ષીય પુત્ર પુલકિત કેજરીવાલનો સમાવેશ થાય છે. પરિવારના આ પાંચ સભ્યો એવા ૧૧૦ લોકોના જૂથનો ભાગ છે જેમને વિધાનસભા મતવિસ્તાર ૪૦ (જે નવી દિલ્હી મતવિસ્તાર હેઠળ આવે છે)ના એક ચોક્કસ વિભાગમાં નોટિસ મળી છે.

## કેન્દ્રીય કર્મચારીઓ માટે મોટા સમાચાર

# કેન્દ્ર સરકારે CGHS નિયમોમાં મોટો ફેરફાર કર્યો

## કેન્દ્રીય કર્મચારીઓ તેમના રહેઠાણ કે પોસ્ટિંગ સ્થળની ભૌગોલિક શરત વિના પણ આ યોજનાનો લાભ લઈ શકશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ અને રાહતજનક સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કીમ (CGHS) સાથે જોડાયેલા નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. આ ફેરફાર હેઠળ સરકારે તે ભૌગોલિક શરતને દૂર કરવાનો નિર્ણય લીધો છે, જે અગાઉ કેન્દ્ર સરકારના વર્તમાન કર્મચારીઓ માટે તેમના રહેઠાણ અથવા પોસ્ટિંગની જગ્યાના આધારે CGHSની પાત્રતાને મર્યાદિત કરતી હતી. આ નવા ફેરફારથી દેશભરના તે કર્મચારીઓને મોટી રાહત મળશે જેઓ અત્યાર સુધી આ પાબંધિઓના કારણે યોજનાના લાભથી વંચિત હતા. અગાઉની ભૌગોલિક પાબંધિઓને કારણે CGHS કવરેજના વર્તુળમાંથી બહાર રહેતા કે પોસ્ટ થયેલા કર્મચારીઓને તબીબી સહાય મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવા નિયમો હેઠળ લાયક કર્મચારીઓને અન્ય શરતો પૂરી કરવા અને નક્કી કરેલું યોગદાન ચૂકવવા પર CGHS પસંદ કરવાની છૂટ આપવામાં આવી છે. ખાસ વાત એ છે કે એકવાર આ વિકલ્પ પસંદ કર્યા પછી તેને બદલી શકાતો નથી. CGHS પસંદ કરતા લાયક કર્મચારીઓએ એક અંડરટેકિંગ પણ આપવું પડશે કે તેઓ અથવા તેમના પરિવારના સભ્યો CGHS અને સેન્ટ્રલ સર્વિસેઝ (મેડિકલ અટેન્ડન્સ) રૂલ્સ, ૧૯૪૪ બંને હેઠળ બેવડા તબીબી ફાયદાઓનો દાવો કરશે નહીં. જોકે, જે કર્મચારીઓ પહેલેથી જ CGHSના કવરેજવાળા વિસ્તારમાં રહે છે અથવા તૈનાત છે, તેમના માટે આ કવરેજ અનિવાર્ય રહેશે અને તેઓ તેના બદલે અન્ય નિયમોનો વિકલ્પ પસંદ કરી શકશે નહીં. સરકારે આ સાથે એ પણ કડક નિર્દેશ આપ્યો છે કે જો કોઈ કર્મચારી ખોટી અથવા ભ્રામક માહિતી રજૂ કરીને તબીબી લાભ લેવાનો પ્રયાસ કરશે, તો તેની સામે ગંભીર શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આવી સ્થિતિમાં અનુશાસનાત્મક પગલાં લેવાની સાથે ખોટી રીતે મેળવેલા લાભની નાણાકીય વસૂલાત પણ કરવામાં આવશે.

# શું રાજકીય ગઠબંધનમાં ફેરફાર (રી-અલાઈનમેન્ટ) થશે ? કોંગ્રેસે કેજરીવાલના ગોવાના સાથી પક્ષ GFP માટે દરવાજા ખુલ્લા રાખ્યા છે

## 'ગોવા ફર્સ્ટ' કે ગોવા અંગે પુનર્વિચાર ? કેજરીવાલના સાથી પક્ષ GFP કોંગ્રેસ સાથે 'નવા ગઠબંધન' માટે તૈયાર

(એજન્સી) તા.૧૯

શું અરવિંદ કેજરીવાલ ગોવામાં બિન-ભાજપ અને બિન-કોંગ્રેસ ગઠબંધન બનાવવાની તેમની પ્રતિબદ્ધતાથી પીછેહઠ કરશે અને ફરી એકવાર આ જૂના પક્ષ (કોંગ્રેસ) સાથે રાજકીય મંચ શેર કરશે ? આ પ્રશ્ન ત્યારે ઉભો થયો છે જ્યારે ગોવા ફોરવર્ડ પાર્ટી (GFP)ના વડા વિજય સરદેસાઈ - જેઓ રાજ્યમાં છઇના નવા સાથી પક્ષ છે - તેમણે સંકેત આપ્યો કે તેઓ "નવા ગઠબંધન" (રી-અલાઈનમેન્ટ) માટે તૈયાર છે. કોંગ્રેસના ગોવા પ્રભારી માણિકરાવ ઠાકરે પણ GFP માટે દરવાજા ખુલ્લા રાખતા જણાયા હતા. તેમણે કહ્યું, "કોંગ્રેસે GFP સાથે ગઠબંધન માટે પોતાના દરવાજા બંધ કર્યા નથી. જે કોઈ પણ ભાજપને હરાવવા માંગે છે, તેમનું પક્ષ સાથે જોડાવા માટે સ્વાગત છે." ઠાકરેની આ ટિપ્પણી અરવિંદ કેજરીવાલના નેતૃત્વવાળી AAP અને GFP દ્વારા આવતા વર્ષે યોજાનારી ગોવા વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી-પૂર્વેના ગઠબંધનની જાહેરાત કર્યાના થોડા દિવસો બાદ આવી છે. AAP અને GFPએ ગયા રવિવારે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે તેમના ગઠબંધન "ગોવા ફર્સ્ટ"ની જાહેરાત કરી હતી અને તેને દરિયાકાંઠાના રાજ્યના મતદારો માટે બિન-ભાજપ અને બિન-કોંગ્રેસ વિકલ્પ તરીકે રજૂ કર્યો હતો. પણજીમાં ગઠબંધનની જાહેરાત કરતા, AAPના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે કહ્યું કે સત્તાધારી ભાજપ આગામી ચૂંટણીમાં બહુમતી મેળવી શકશે નહીં અને દાવો કર્યો કે 'ગોવા ફર્સ્ટ' ગઠબંધન આગામી સરકાર બનાવશે. કેજરીવાલે એમ પણ કહ્યું કે રાજ્યસભાના તેમના સાત સભ્યો ભાજપમાં ભળી ગયા પછી AAPએ બોધપાઠ લીધો છે અને ભવિષ્યમાં ઉમેદવારોની પસંદગી કરતી વખતે તેઓ વધુ સાવચેત રહેશે. કેજરીવાલે પત્રકાર પરિષદમાં કહ્યું, "ગોવાના લોકો પરિવર્તન ઈચ્છે છે. 'ગોવા ફર્સ્ટ' સરકાર બનાવશે. અમે અમારા દમ પર જીતીશું." આ પરિષદમાં GFPના પ્રમુખ વિજય સરદેસાઈ, દિલ્હીમાં વિરોધ પક્ષના નેતા અને AAPના ગોવા ડેસ્ક પ્રભારી આતિશી અને અન્ય લોકો હાજર હતા. AAP અને GFP દ્વારા આ ગઠબંધનને ભાજપ અને કોંગ્રેસ બંનેના વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે, જેમાં કેજરીવાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બંને પક્ષો આ વ્યવસ્થાનો ભાગ નહીં હોય.

# દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૧૩ ટકા સાથે રાજ્યમાં મોસમનો સરેરાશ ૮૮ ટકા વરસાદ વરસ્યો

## છેલ્લા ૨૪ કલાકમાં ૩૧ જિલ્લાના ૨૨૪ તાલુકામાં વરસાદ : અરવલ્લીના મેઘરજ અને ગીર સોમનાથના ગીર ગઢડામાં સૌથી વધુ ૩ ઈંચ વરસાદ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન આજ રોજ સવારે ૬ કલાક સુધીમાં કુલ એકંદર ૩૧ ઈંચ વરસાદ નોંધાયો છે, જે રાજ્યના મોસમના સરેરાશ વરસાદની સામે ૮૮ ટકા જેટલો થાય છે. ઝોનમાં ૫૭.૧૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાના ૨૨૪ તાલુકાઓમાં સરેરાશ ૧૭.૨૦ મી.મી. વરસાદ થયો છે. જેમાં અરવલ્લીના મેઘરજ અને ગીર સોમનાથના ગીર ગઢડા કુલ સંગ્રહ ક્ષમતાના ૯૬ ટકા જેટલો ભરાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ક્ષમતાના ૭૦.૪૯ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં હાલ ૩૦ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, ૩૮ ડેમ ૭૦થી ૧૦૦ ટકા, ૨૫ ડેમ ૫૦થી ૭૦ ટકા, ૪૦ ડેમ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજ્યમાં કુલ ૮૫,૪૫૬ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૯,૮૨૨ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ નવસારીમાંથી ૨૯,૧૯૮, વલસાડમાંથી ૨૨,૨૧૪ અને સુરતમાંથી ૧૭,૯૯૨

### સરદાર સરોવર નર્મદા ડેમ ૯૬ ટકા ભરાયો : રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૭૦ ટકા જળસંગ્રહ ઉપલબ્ધ

ઝોન વાઈઝ સ્થિતિ જોતાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૧૩.૫૨ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૮૮.૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૦.૩૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૭.૮૬ ટકા અને કચ્છ તાલુકામાં સૌથી વધુ ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં ૨.૮૭ ઈંચ, સાબરકાંઠાના તલોદમાં ૨.૫૨ ઈંચ અને નર્મદાના દેડિયાપાડામાં ૨.૪૦ ઈંચ વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર નર્મદા ડેમ ૨૫થી ૫૦ ટકા અને ૭૩ ડેમ ૨૫ ટકાથી નીચે ભરાયેલા છે. જળસંગ્રહના આધારે ૪૫ ડેમ હાઈ એલર્ટ, ૧૩ ડેમ એલર્ટ અને ૧૦ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે.

ચોમાસાની શરૂઆતથી તા.૧ જૂન, ૨૦૨૬થી ૧૮ નાગરિકોનું સ્થળાંતર કરાયું છે. આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્યમાં NDRFની ૧૦ ટીમો અને SDRFની ૨૮ પ્લાટૂન તૈનાત રાખવામાં આવી છે, જ્યારે ૪ NDRF અને ૫ SDRFની ટીમો રિઝર્વ રાખવામાં આવી છે.

# બિલ્કિસ બાનો કેસ : ગુજરાત હાઈકોર્ટે દોષિત રાધેશ્યામ શાહની સાત દિવસની પેરોલ મંજૂર કરી



અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટે વર્ષ ૨૦૦૨ના ચકચારી બિલ્કિસ બાનો ગેંગરેપ અને હત્યા કેસના ૧૧ દોષિતો પૈકીના એક રાધેશ્યામ ભગવાનદાસ શાહને સાત દિવસની પેરોલ મંજૂર કરી છે. જસ્ટિસ સંજીવ જે. ઠાકરે દ્વારા આ અરજી પર સુનાવણી કરવામાં આવી હતી અને કેસની વિગતો તેમજ જેલના અહેવાલને ધ્યાનમાં રાખીને પેરોલ મંજૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. અદાલતના આદેશ અનુસાર, અરજદારે જેલ સત્તાવાળાઓ સમક્ષ ૧૦,૦૦૦ રૂપિયાનો વ્યક્તિગત બોન્ડ રજૂ કરવાનો રહેશે અને પેરોલની મુદત પૂરી થતાંની સાથે જ ફરીથી જેલ સત્તાવાળાઓ સમક્ષ આત્મ સમર્પણ (સરેન્ડર) કરવાનું રહેશે. આ ઉપરાંત કોર્ટે શરત મૂકી છે કે દોષિતે મુક્તિના દિવસથી દર ત્રીજા અને પાંચમા દિવસે નજીકના પોલીસ સ્ટેશનમાં હાજરી નોંધાવવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન બિલ્કિસ બાનો પર ગેંગરેપ અને તેના પરિવારના ૧૪ સભ્યોની હત્યાના ગુનામાં મુંબઈની વિશેષ કોર્ટે ૨૧ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી. આ વિશેષ અદાલતના ચૂકાદાને બોમ્બે હાઈકોર્ટે ૪ મે ૨૦૧૭ના રોજ યથાર્થ રાખ્યો હતો અને ત્યારબાદ ૨૦ નવેમ્બર ૨૦૧૭ના રોજ સુપ્રીમ કોર્ટે પણ દોષિતોની વિશેષ અનુમતિ અરજીઓ (SLP) ફગાવી દઈ સજાને કાયમ રાખી હતી. આ કેસમાં અગાઉ મુક્તિ અને અધિકારક્ષેત્રને લઈને લાંબી કાનૂની લડાઈ ચાલી હતી. રાધેશ્યામ શાહે ગુજરાત હાઈકોર્ટમાં વહેલી મુક્તિ (રેમિશન) માટે અરજી કરી હતી, જ્યાં હાઈકોર્ટે યોગ્ય સરકાર મહારાષ્ટ્ર ગણાવી અરજી ફગાવી હતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે ૨૦૨૨માં ચુકાદો આપ્યો હતો કે ગુનાની જગ્યા ગુજરાત હોવાથી આ મામલે નિર્ણય લેવાની સત્તા ગુજરાત સરકારની છે. જેના આધારે વર્ષ ૨૦૨૨માં ગુજરાત સરકારે પોતાની નીતિ હેઠળ ૧૧ દોષિતોને મુક્ત કર્યા હતા. જો કે, આ મામલે સુપ્રીમ કોર્ટે ૨૦૨૪માં મોટો ચૂકાદો આપતા સ્પષ્ટ કર્યું હતું કે ટ્રાયલ મહારાષ્ટ્રમાં થઈ હોવાથી ગુજરાત સરકારને અધિકાર નાથી અને આ સાથે જ તમામ દોષિતોની મુક્તિના આદેશો રદ કરી તેમને બે અઠવાડિયામાં જેલમાં પરત ફરવા આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તમામ દોષિતો જેલમાં પરત ફર્યા હતા અને હવે આ કાનૂની પ્રક્રિયા વચ્ચે હાઈકોર્ટે રાધેશ્યામ શાહને પારિવારિક તેમજ અન્ય સંજોગો અને શરતોને આધીન સાત દિવસની ટૂંકી પેરોલ રજા મંજૂર કરી છે.

# અમદાવાદના મુખ્ય બસ સ્ટેન્ડ બહાર મુસાફરોને લૂંટતી ગેંગનો વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના ગીતામંદિર સેન્ટ્રલ એસ.ટી. બસ સ્ટેન્ડ નજીક રસ્તા પરથી પસાર થતાં મુસાફરો અને રાહદારીઓને રોકીને ડરાવી-ધમકાવી લૂંટ ચલાવતી એક ટોળકીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી છે. આ દરમિયાન એક જાગૃત મુસાફરે સમગ્ર ઘટના મોબાઈલમાં કેદ કરી વાયરલ કરતાં ઝોન-૬ પોલીસે સક્રિય થઈ એક શખ્સની ઓળખ કરી કાયદેસરનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ગીતામંદિર બસ સ્ટેન્ડ ખાતે રોજના હજારો-લાખો મુસાફરો અવરજવર કરે છે. આ ભીડભાડવાળા વિસ્તારની બહાર એક સગીર સહિત ચાર જેટલા અસામાજિક તત્ત્વો રસ્તા પરથી પસાર થતાં લોકોને બળજબરીથી રોકી, ધમકી આપીને તેમનાં ખિસ્સાં તપાસી રોકડ તથા સામાન લૂંટી રહ્યા હોવાનું સામે આવ્યું છે. આ લુખ્ખાગીરી દરમિયાન ત્યાંથી પસાર થતી બસમાં બેઠેલા એક મુસાફરે છૂપી રીતે વીડિયો બનાવી લીધો હતો.

આ સમગ્ર મામલો સામે આવતાં પોલીસે જણાવ્યું હતું કે, 'ધ્યાને આવેલા વીડિયોમાં કેટલાક શખ્સો રાહદારીઓને રોકીને તપાસતા દેખાય છે. વીડિયોના આધારે એક યુવકની ઓળખ થઈ ગઈ છે. આ વીડિયો કઈ તારીખ અને સમયનો છે તેની ખરાઈ કરીને આગળની કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.'

### જૂનાગઢ પંથકમાં અરેરાટી વ્યાપી

# આર્થિક સંકડામણથી કંટાળી એસટીના પૂર્વ કર્મચારી અને તેમના પત્નીએ સજોડે જીવન ટૂંકાવ્યું

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢમાં અરેરાટીજનક ઘટના ઘટવા પામી છે આવકનું કોઈ સાધન ન હોય અને ઘર ચલાવવું અત્યંત મુશ્કેલ બની જતાં પતિ-પત્નીએ સાથે મળી ઝેરી ટીકડા પી જતાં પ્રથમ પત્નીનું મૃત્યુ ગઈકાલે નોંધાયું હતું. જ્યારે આજે વહેલી સવારે પતિએ પણ દુનિયાને અલવિદા કરી દેતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવની મળતી વિગત મુજબ જૂનાગઢ ગેંડા રોડ (શક્કરિયા ટીંબા) ટેલીફોન એક્સચેન્જ નજીક રહેતા વનરાજસિંહ ઝાલા (ઉ.વ. ૫૮) અને તેમના ધર્મપત્ની રેખા બા વનરાજસિંહ ઝાલા (ઉ.વ. ૫૫)ના ઘરમાં કોઈ કમાનાર ન હોય તેમજ વનરાજસિંહ ઝાલા અગાઉ એસટીમાં સર્વિસ કરતા હોય, કોઈ કારણોસર વનરાજસિંહ ઝાલા એસટી માંથી ડીસમિસ થયેલ હોવાનું જાણવા મળેલ બાદ કોઈ આવકનું સાધન તેઓની પાસે ન હોય. ઉપરાંત તેમનો પુત્ર પણ બેકાર હોય, ઘર ચલાવવું અને વ્યવહારમાં રહેવું મુશ્કેલ બન્યું હતું. ઈજ્જતથી જીવનારા આ પરિવાર માટે આર્થિક તંગ દિલીના કારણે વનરાજસિંહ ઝાલાની માનસિક હાલત પણ ખરાબ થઈ જતાં દવા લેવાના પણ પૈસા ન હોય તેથી રેખાબા અને તેમના પતિ વનરાજસિંહ ઝાલાએ પોતાની ઈજ્જત સાથે આ દુનિયા છોડી જવાનો નિર્ણય કરી તેમના ભાઈ જેવો એડવોકેટ હોય તેઓને છેલ્લો ફોન કર્યાનું જાણવા મળેલ છે. ભાઈ અમે જિંદગીથી કંટાળી ગયા છીએ અને આ દુનિયા છોડી જવા માટે ઝેરી દવા પી લઈએ છીએ તેમ જણાવતા તેમના ભાઈએ તેમ ન કરવાનું કહી હું હમણાં ત્યાં આવું છું તેમ કહેલ પરંતુ તેમના ભાઈ ઘરે પહોંચે તે પહેલા બંને ઝેરી ટીકડા પી લેતા બંનેને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ જ્યાં રેખા બાનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જ્યારે તેમના પતિ વનરાજસિંહ ઝાલાનું આજે વહેલી સવારે મોત નોંધાયું હતું બનાવની તપાસ એ ડિવિઝન પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.બી. જોષી એ હાથ ધરી છે, આ બનાવથી જૂનાગઢમાં આર્થિક સંક્રમણના કારણે પતિ-પત્ની એક સાથે આ દુનિયા છોડી જવાનો બનાવ નોંધાતા અરેરાટી વ્યાપી જવા પામી છે.

# હાઈકોર્ટમાં ચાલી રહેલા કેસની પરવા કર્યા વગર ભૂજમાં મધ્યરાત્રીએ દરગાહ તોડી પડાઈ

## વન વિભાગ દ્વારા રાત્રે દોઢ વાગ્યા પછી દરગાહ તોડી કાટમાળ, દાનપેટી, સીસીટીવી કેમેરા ઉઠાવી ગયા હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશને નોંધાઈ



(તસવીર : યુસુફ જત, ભૂજ)



ભૂજ, તા.૧૯

તા.૧૮ અને ૧૯ની વચ્ચેની રાત્રેએ ભૂજના એરપોર્ટ સર્કલથી મુંદ્રા રિલોકેશન સાઈટ તરફ આવેલ હઝરત મીસ્કીનશાહની દરગાહ વન વિભાગના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તોડી પડાઈ હોવાની લેખિત ફરિયાદ દરગાહના મુજાવર દ્વારા ભૂજ એ-ડિવીઝન પોલીસ સ્ટેશને કરાઈ છે.

દરગાહના મુજાવર સમા અબ્દુલરહેમાન આમદ દ્વારા પોલીસ સ્ટેશને લેખિત રજૂઆત કરાઈ છે કે દરગાહનો કેસ નં.૯૭૨૬/૨૦૨૬ હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે તેમ છતાં ગઈ અને આજ વચ્ચેની મધ્યરાત્રીએ દરગાહ તોડી પડાઈ છે. તેનો કાટમાળ હઠાવી લઈ જવાયો છે, દરગાહમાં પડેલ દાનપેટી જેમાં રૂા. પચાસ હજાર હતા તે લઈ જવાયા છે, કુર્આન શરીફ તથા અન્ય ધાર્મિક પુસ્તકો બેઅદબીપૂર્વક ઉઠાવી લઈ જવાયા છે. તેમજ સીસીટીવી કેમેરા પણ ઉઠાવી લઈ જવાયા છે. માટે વન વિભાગના ભૂજ પશ્ચિમ રેન્જના ડીએફઓ અને આરએફઓ તથા આ કાર્યમાં સંડોવાયેલા કર્મચારીઓ વિરૂદ્ધ ધાર્મિક લાગણી દુભાયાની તથા લૂંટની ફરિયાદ નોંધવામાં આવે તેવી લેખિત અરજી કરાઈ છે.

દરગાહના મુજાવર અબ્દુલરહેમાનભાઈએ જણાવ્યું હતું કે ગઈકાલે વન વિભાગના અધિકારીઓએ તેમને દરગાહની માલિકીના કાગળિયા દેખાડવાનું કહ્યું હતું તેમજ ભૂજ એ-ડિવિઝનમાં બોલવીને એ જ માંગ કરાઈ હતી ત્યારે એમણે જવાબ આપ્યો કે આ બાબતનો કેસ હાઈકોર્ટમાં ચાલે છે અને કાળિયા દેખાડવા માટે બે દિવસનો સમય આપવામાં આવે.

ગઈરાત્રીના ૧૦-૩૦ સુધી મુજાવર દરગાહ પર હાજર હતા અને આજે સવારે ૬-૪૫ કલાકે દરગાહ પર ગયા ત્યારે રોડ પર જ પોલીસ દ્વારા તેમને અટકાવી દેવાયા અને કાટમાળ તથા દરગાહના અન્ય અવશેષો ભરેલા ટ્રેક્ટર સ્થળેથી નીકળી ગયા ત્યારે તેમને સ્થળ પર જવા દેવાયા જ્યાં કશું જ ન હતું. બધું જ બુલડોઝર વડે સાફ કરી ઉપાડી લેવાયું હતું.

અબ્દુલરહેમાનભાઈએ કહ્યું કે આગલી સાંજે તેમણે અધિકારીઓને વિનંતી કરી હતી કે તેઓ મઝાર સિવાયની બાઉન્ડ્રી વોલ વગેરે સ્વયંભૂ હટાવી દેશે. મઝારને તોડી પાડવાની ઉતાવળ કરવામાં ન આવે તેમજ રાતના અંધારામાં તેમને કોઈપણ જાતની જાણ કર્યા વગર મઝાર સહિત તમામ બાંધકામ, સાધન-સામગ્રી તોડી નાખવામાં આવી. સવારના જ્યારે તેમણે સપાટ જમીન જોઈ ત્યારે મઝારની જગ્યાનો અંદાજો લગાવી તે જગ્યાએ આસપાસથી પથ્થર ઉઠાવી નિશાનદહી માટે ગોઠવી નાખ્યા છે.

આ બનાવની જાણ થતાં મુસ્લિમ અગ્રણીઓ સ્થળ પર એકત્રિત થયા હતા અને પોલીસ સ્ટેશને રજૂઆત સમયે ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરામાં પમા માળેથી કૂદીને ધો.૧૦ની વિદ્યાર્થિનીનો આપઘાત ! બિઝનેસમેનની પુત્રીએ સ્કૂલેથી ઘરે પહોંચતાં જ ભર્યું અંતિમ પગલું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

વડોદરાના માંજલપુર સ્થિત સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ મકરપુરા વિસ્તારના પોતાના મકાનની બિલ્ડિંગના પાંચમા માળેથી કૂદીને જીવન ટૂંકાવ્યું છે. વિદ્યાર્થિનીએ સ્કૂલથી આવ્યા બાદ ટેરેસ પર જઈને નીચે પડતું મૂક્યું હતું. ધડાકાભેર અવાજ આવતાની સાથે સ્થાનિકો સહિત પરિવારજનો નીચે દોડી પહોંચ્યા હતા. સમગ્ર મામલે જાણ કરતાં મકરપુરા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વડોદરાના મકરપુરાની રાધે રેસિડેન્સીમાં રહેતી અને માંજલપુર સ્થિત અંબે સ્કૂલમાં ધોરણ-૧૦માં ભણતી ૧૫ વર્ષીય વિદ્યાર્થિનીએ આપઘાત કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

નિત્યક્રમ પ્રમાણે વિદ્યાર્થિની સ્કૂલથી ઘરે આવ્યા બાદ બિલ્ડિંગના પાંચમા માળે પહોંચી હતી અને અચાનક ટેરેસ પરથી નીચે પડતું મૂકી દીધું હતું. જેને પગલે વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. દીકરીએ આત્મહત્યા કરતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

સમગ્ર મામલે જાણ કરતાં મકરપુરા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતક વિદ્યાર્થિનીનો મૃતદેહ પીએમ અર્થે સરકારી હોસ્પિટલ મોકલ્યો છે. આપઘાત પાછલનું સાચું કારણ જાણવા પોલીસ દ્વારા વિદ્યાર્થિનીના પરિવારજનો, સ્કૂલના સહપાઠી અને શિક્ષકો સહિતની પૂછપરછ કરી વધુ તપાસ કરવામાં આવશે.

આત્મહત્યા એ કોઈપણ સમસ્યાનું સમાધાન નથી. જો તમે અથવા તમારા કોઈ પરિચિત માનસિક તણાવ અનુભવી રહ્યા હોય અથવા નકારાત્મક વિચારોથી ઘેરાયેલા હોય, તો ગભરાશો નહીં. તમે નિઃસંકોચપણે સહાય મેળવી શકો છો. ગુજરાત સરકારની હેલ્પલાઈન 'જીવન આસ્થા' (૧૮૦૦ ૨૩૩ ૩૩૩૦) પર ૨૪ કલાક નિષ્ણાતો દ્વારા વિનામૂલ્યે અને ખાનગી રીતે કાઉન્સેલિંગ પૂરૂં પાડવામાં આવે છે. યાદ રાખો, તમારૂં જીવન અમૂલ્ય છે.

### શિક્ષકોના જીવ તાળવે ચોંટ્યા

# એક કે બે નહીં, કુલ અગિયાર બાળકો એકાએક ધૂણવા લાગ્યા

## માસ હિસ્ટીરિયા જેવી આ ઘટનાને પગલે આશ્રમશાળાના શિક્ષકો અને સંચાલકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી

(સંવાદદાતા દ્વારા)

નર્મદા, તા.૧૯

નર્મદા જિલ્લાના દેડિયાપાડા સ્થિત મોસ્કુટ આશ્રમશાળામાં ૯મી તારીખે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી, જેમાં એક પછી એક ૧૧ જેટલા બાળકો અચાનક ધુણવા લાગતા શિક્ષકો અને તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

ઘટના બાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બાળકોને પહેલાં દેડિયાપાડા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ તપાસ માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શરૂઆતમાં ફૂડ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરાઈ હતી, પરંતુ બાળકોમાં ઝાડા-ઉલ્ટી કે પેટમાં દુખાવા જેવાં કોઈ લક્ષણો ન હોવાથી આ વર્તન પાછળ માનસિક કારણો જવાબદાર હોવાની શક્યતા દર્શાવાઈ રહી છે. આજે આ ઘટનાનો ખુલાસો થતાં જ શાળાના શિક્ષકો વચ્ચેનો આંતરિક વિખવાદ પણ ચર્ચામાં આવ્યો છે, જેને કારણે બાળકોના અભ્યાસ પર વિપરીત અસર ન પડે તે અંગે ગ્રામજનોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે.

શરૂઆતના તબક્કે હોસ્પિટલ સ્ટાફ અને તબીબો દ્વારા ફૂડ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. પરંતુ તબીબી તપાસ દરમિયાન બાળકોમાં ઝાડા, ઉલ્ટી કે પેટમાં દુખાવા જેવાં ફૂડ પોઈઝનિંગના કોઈ લક્ષણો જોવા મળ્યા નહોતા. જેથી તબીબોના મતે બાળકો ધુણવા લાગ્યા તે પાછળ શારીરિક બીમારી કરતાં કોઈ માનસિક કારણ કે મનોવૈજ્ઞાનિક અસર હોવાની શક્યતા વધુ સેવાઈ રહી છે. આ સમગ્ર બનાવમાં એક બીજો ચોંકાવનારો વળાંક પણ સામે આવ્યો છે. શાળાના શિક્ષકો વચ્ચે ચાલી રહેલો આંતરિક વિખવાદ અને વાતાવરણ પણ હાલ ચર્ચાનો વિષય બન્યો છે. આશ્ચર્યની વાત એ છે કે આ વિચિત્ર ઘટના ગત ૯ તારીખે બની હતી, પરંતુ તેની વિગતો અને ખુલાસા આજે સામે આવ્યા છે, જે સંચાલનની કામગીરી સામે પણ સવાલો ઊભા કરે છે. આશ્રમશાળામાં બનેલી આ ઘટના અને શિક્ષકોના અંદરોઅંદરના વિવાદને કારણે સ્થાનિક ગ્રામજનોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. શિક્ષકો વચ્ચેના આંતરિક કલેશ અને અશાંત વાતાવરણની સીધી અસર નિર્દોષ બાળકોના અભ્યાસ અને માનસિક સ્વાસ્થ્ય પર ન પડે તેવી માગ સાથે ગ્રામજનો આ બાબતે યોગ્ય તપાસ થાય તેમ ઈચ્છી રહ્યા છે.

### હોલસેલમાં ૨૦ કિલો લીંબુનો ભાવ રૂા.૪૦૦૦ સુધી પહોંચ્યો

# તહેવારોની સિઝનમાં લીંબુના ભાવમાં ભડકો

## તહેવારોની સિઝનમાં સુરત APMC સહિતના બજારોમાં લીંબુની આવક ઘટતાં તેના ભાવમાં મોટો ઉછાળો આવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

તહેવારોની સિઝન શરૂ થતાં જ મોંઘવારીનો મારો સામાન્ય જનતા પર વધી રહ્યો છે. હાલમાં સુરત APMC સહિત રાજ્યના વિવિધ માર્કેટિંગ યાર્ડમાં લીંબુના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. તહેવારો દરમિયાન રસોડામાં લીંબુની માંગ વધતી હોય છે, પરંતુ આ વર્ષે ભાવ આસમાને પહોંચતા સામાન્ય ગ્રાહકો અને ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની સાથે લીંબુ પણ હવે સામાન્ય માણસની પહોંચથી બહાર જઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

સુરત APMCના હોલસેલ માર્કેટમાં લીંબુના ભાવમાં અણધારી તેજી આવી છે. આશરે એક મહિના પહેલા ૨૦ કિલો લીંબુનો ભાવ રૂા.૧૦૦૦થી રૂા.૧૫૦૦ની આસપાસ હતો, જે હાલ વધીને રૂા. ૧૬૦૦થી રૂા.૪૦૦૦ સુધી પહોંચી ગયો છે. હોલસેલ બજારમાં ભાવ વધવાની સીધી અસર છૂટક માર્કેટ પર પડી છે, જ્યાં ઉત્તમ ક્વોલિટીના લીંબુનો છૂટક ભાવ રૂા.૨૪૦ પ્રતિ કિલોને પાર કરી ગયો છે.

લીંબુના વેપારીઓ અને સુરત APMCના ડિરેક્ટર બાબુભાઈ શેખના જણાવ્યા મુજબ, લીંબુના ભાવમાં આટલો મોટો ઉછાળો આવવાનું મુખ્ય કારણ બજારમાં તેની આવકમાં થયેલો સતત ઘટાડો છે. છેલ્લા કેટલાક સમયથી અનિયમિત વરસાદ અને વાતાવરણમાં આવેલા પલટાના કારણે લીંબુના પાકને ભારે અસરો પહોંચી છે. માર્કેટમાં માલની આવક ઘટતાં અછત જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના પરિણામે ૨૦ કિલોનો ભાવ રૂા.૪૦૦૦ના સ્તરે પહોંચી ગયો છે. આગામી દિવસોમાં નવી આવક શરૂ ન થાય ત્યાં સુધી ગ્રાહકોને મોંઘા લીંબુ ખરીદવાની ફરજ પડશે.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોબર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૬ | રૂા. | ૫૬.૦૦ |

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ખરેખર માનવ જાત માટે જોખમની વાતો વચ્ચે શું તે શિક્ષણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે કે અધોગતિ ?

હેલ્લો સ્ટુડન્ટ્સ

- સાહેબ સોની

**આ**ર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપની Anthropicના પૂર્વ છૈં સંશોધક જેકબ કોક્સન દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના જોખમો અંગે ગંભીર ચેતવણીઓ આપવામાં આવી છે. તેમણે કંપનીમાંથી રાજીનામું આપીને સોશિયલ મીડિયા પર શેર કરેલી વિગતો ખૂબ વાયરલ થઈ છે. જેકબે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, "AI બનાવનારા લોકો ગંભીરતાથી માને છે કે આ દાયકાના અંત સુધીમાં છૈં આપણા બધાનો નાશ કરી શકે છે". મનુષ્યની અન્ય કોઈ પ્રવૃત્તિ આ સ્તરનું જોખમ ઊભું કરતી નથી. કંપનીઓ જવાબદારીપૂર્વક કામ નથી કરતી: તેમણે ઓપનએઆઈ (OpenAI) અને એન્થ્રોપિક (Anthropic) બંને કંપનીઓમાં ત્રણ વર્ષ સુધી પ્રી-ટ્રેનિંગ રિસર્ચ કર્યું છે. તેમણે દાવો કર્યો કે બંનેમાંથી એકપણ કંપની સુરક્ષાને લઈને જવાબદારીપૂર્વક કામ કરી રહી નથી. તેઓ માત્ર એકબીજાથી આગળ નીકળવાની હરીફાઈમાં અતિશય શક્તિશાળી અને સેલ્ફ-ઇમ્પ્રૂવિંગ (પોતાની મેળે સુધરતી) સુપરઇન્ટેલિજન્સ સિસ્ટમ્સ બનાવીને લોકોના જીવન સાથે જુગાર રમી રહ્યા છે. તેમણે ચેતવણી આપી કે ટૂંક સમયમાં આ AI સિસ્ટમ્સ સુપરહ્યુમન (માનવથી પણ ઉપર) બની જશે, જે કોઈપણ કમ્પ્યુટર સિસ્ટમ કે ઇન્ફ્રાસ્ટ્રક્ચરને હેક કરી શકશે, કોઈપણ ક્ષેત્રમાં રાતોરાત ક્રાંતિ લાવી દેશે અને વાસ્તવિક પાવર તથા સંસાધનો પર કબજો મેળવી લેશે. આ બાબત સમગ્ર વિશ્વમાં ચર્ચાનો અને ચિંતાનો બન્ને વિષય બની છે. બીબીસી (BBC)ને આપેલા ઇન્ટરવ્યુમાં જેકબ કોક્સને કહ્યું કે AI ટેક્નોલોજી પર કામ કરતા લોકો તેની ઝડપી પ્રગતિ અને માનવજાતના ભવિષ્ય પર થનારી અસરોથી ખરેખર ગભરાયેલા છે. તેમનું માનવું છે કે કોઈ પણ કંપની સરકારના હસ્તક્ષેપ અથવા વૈશ્વિક સમજૂતી વિના આ ટેક્નોલોજીને સુરક્ષિત રીતે વિકસાવી શકે તેમ નથી. તેથી ગ્લોબલ લેવલે કો-ઓર્ડિનેશન કરીને AI ડેવલપમેન્ટની સ્પીડ થોડી ધીમી કરવી જોઈએ.અન્ય સંશોધકોનો ટેકો:એન્થ્રોપિકના વર્તમાન સંશોધક ઇવાન હુબિંગર (Evan Hubinger) અને સેમ્યુઅલ માર્ક્સ જેવા સાથીદારોએ પણ જેકબની વાતોને સમર્થન આપ્યું છે અને સ્વીકાર્યું છે કે આગામી ૧૦ વર્ષમાં AI દ્વારા માનવજાત ખતમ થવાની સંભાવના ૧૦% કરતાં વધુ છે. ગૂગલ ડીપમાઇન્ડ (Google DeepMind)ના પૂર્વ રિસર્ચર બિલાલ ચુગતાઈ અને AIના ગોડફાધર ગણાતા જેફરી હિન્ટને પણ આ પ્રકારના જોખમો અંગે સહમતી દર્શાવી છે. આમ ચારેકોર જોખમની ચર્ચા વચ્ચે તેની ઉપયોગીતા વિશે પણ આંખ આડા કાન કરી શકાય તેમ નથી.

જેકબની વાતને આટલી ગંભીર કેમ લેવામાં આવી? કારણ કે, એન્થ્રોપિક (Anthropic) એ કોઇ સામાન્ય કંપની નથી. અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયામાં આવેલી એક અગ્રણી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સલામતી અને સંશોધન કંપની છે. આ કંપની તેના શક્તિશાળી AI મોડલ Claude (ક્લોડ) માટે વિશ્વભરમાં જાણીતી છે, જે ઓપનએઆઈ (OpenAI)ના ChatGPTને સીધી ટક્કર આપે છે. એન્થ્રોપિકની સૌથી મોટી ખાસિયત તેની સલામતી પદ્ધતિ છે, જેને "બંધારણીય છૈં" (Constitutional AI) કહેવામાં આવે છે. આ ટેક્નોલોજી અંતર્ગત AIને નિયમોના એક ચોક્કસ માળખા (બંધારણ) પર ટ્રેન કરવામાં આવે છે, જેથી તે ક્યારેય માનવજાત માટે હાનિકારક, પક્ષપાતી કે અપ્રમાણિક જવાબો ન આપે. ટૂંકમાં, એન્થ્રોપિક એ માત્ર ટેક્નોલોજી વિકસાવતી કંપની નથી, પણ AI ભવિષ્યમાં માનવજાત માટે સુરક્ષિત અને મદદરૂપ સાબિત થાય તે માટે સંશોધન કરતી અગ્રણી સંસ્થા છે. તો ચાલો તેની શિક્ષણ જગત ઉપર અસરની ચર્ચા કરીએ.

**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને શિક્ષણ ક્ષેત્ર**

લોકો એઆઇના ભય સ્થાન જાણે છે પરંતુ તેની જરૂરિયાતની પણ ખબર છે. આથી આંખ આડા કાન કરે છે. તમે આજકાલ સ્કૂલ, કોલેજ કે કોચિંગ ક્લાસની જાહેરાત જુઓ તો તેમનું શિક્ષણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજીન્સ સેન્ટ્રીક છે તેવી જાહેરાતો કરવામાં આવે છે. અથવા તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને લગતા અભ્યાસક્રમો લોન્ચ કરીને જાણે કે જ્ઞાન મેળવી લેવાની કે કમાઇ લવાની દોટ લાગી છે. ત્યારે આપણે જાણીએ કે ખરેખર આ મુદ્દો કેટલો ગંભીર છે. સમયની સાથે માનવ સંસ્કૃતિએ અસંખ્ય તકનીકી ક્રાંતિઓ જોઈ છે, પરંતુ વર્તમાન યુગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તાએ જીવનના દરેક ક્ષેત્રમાં જે ઝડપે સ્થાન જમાવ્યું છે તે અદભુત અને વિચારવા મજબૂર કરે તેવું છે. ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રમાં AIનો પ્રવેશ માત્ર એક તકનીકી ફેરફાર નથી, પરંતુ તે જ્ઞાન અર્જન અને શિક્ષણ આપવાની સમગ્ર પદ્ધતિને મૂળમાંથી બદલી રહ્યો છે. ડિજિટલ યુગમાં જ્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને નવીન તકનીકો સાથે કદમ મિલાવી રહ્યા છે, ત્યારે વર્ગખંડમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો વધતો ઉપયોગ એક ચર્ચાસ્પદ અને અત્યંત મહત્વપૂર્ણ વિષય બની ગયો છે.

શિક્ષણની પરંપરાગત પ્રણાલીમાં દરેક વિદ્યાર્થીને એક જ સરખા ઢાંચામાં ભણાવવામાં આવતો હતો. એક જ વર્ગખંડમાં બેઠેલા પચાસ વિદ્યાર્થીઓની ગ્રહણશક્તિ, સમજવાની શક્તિ અને રસ-રુચિ અલગ અલગ હોવા છતાં, શિક્ષક માટે દરેક પર વ્યક્તિગત ધ્યાન આપવું વ્યવહારિક રીતે શક્ય નહોતું. AI સાધનો અને ચેટજીપીટી જેવા અદ્યતન પ્લેટફોર્મ્સે આ મર્યાદાને તોડી ફેંકી છે. પર્સનલાઇઝ્ડ લર્નિંગ એટલે કે વ્યક્તિકૃત શિક્ષણ આજે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સૌથી મોટી ભેટ સાબિત થઈ રહી છે. દરેક વિદ્યાર્થીની પોતાની એક શીખવાની ઝડપ હોય છે. કોઈ બાળક ગણિતના કોયડા ઝડપથી ઉકેલી લે છે તો કોઈને સાહિત્ય કે ઇતિહાસમાં વધુ રસ પડે છે. AI આધારિત સોફ્ટવેર અને લર્નિંગ એપ્લિકેશન્સ વિદ્યાર્થીના નબળા અને મજબૂત પાસાઓનું વિશ્લેષણ કરીને તેને અનુકૂળ હોય તેવા અભ્યાસક્રમ અને ઉદાહરણો તૈયાર કરી આપે છે. આનાથી વિદ્યાર્થી પોતાની ગતિએ અને પોતાની સમજ મુજબ શીખી શકે છે, જે તેના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. આ બાબત સારી છે પરંતુ માનવ મગજના વિકાસનું શું. આજની તારીખે પણ ગણિતના દાખલાઓ માટે પ્રાથમિક શાળાઓમાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જીત છે. તેનું મુખ્ય કારણ મગજનો વિકાસ છે. પરંતુ એઆઈથી મગજનો વિકાસ કેવી રીતે થશે તે ક્યારેય વિચાર્યું છે?

**જ્ઞાનનો શોર્ટકટ, વિદ્યાર્થી માટે શોર્ટ ટમ ફાયદો લોંગ ટર્મ નુકસાન**

ચેટજીપીટી અને અન્ય AI ટૂલ્સના આગમનથી વિદ્યાર્થીઓ માટે માહિતી મેળવવાનું અત્યંત સરળ બની ગયું છે. ભૂતકાળમાં જે જ્ઞાન શોધવા માટે પુસ્તકાલયોમાં કલાકો ગાળવા પડતા હતા અથવા વિવિધ પુસ્તકોના પાના ઉથલાવવા પડતા હતા, તે જ્ઞાન આજે એક સિંગલ પ્રશ્નના ઉત્તરમાં સેકન્ડોમાં ઉપલબ્ધ થઈ જાય છે. વિદ્યાર્થીઓ હવે સંકુલ વિષયોને સરળ ભાષામાં સમજવા, પ્રોગ્રામિંગના કોડ શીખવા, ભાષાંતર કરવા કે પછી ચોક્કસ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક વિચારવા માટે AIનો ઉપયોગ કરી રહ્યા છે. આ સાધનો માત્ર સવાલના જવાબ આપવા પૂરતા સીમિત નથી રહેતા, પરંતુ તે ચોક્કસ વિષય પર વિવિધ દૃષ્ટિકોણ પણ રજૂ કરે છે પરંતુ આ તકનીકી પ્રગતિની સાથે જ એક વ્યાપક ચિંતા અને પડકાર પણ ઊભા થયા છે, ખાસ કરીને હોમવર્ક અને પંપરાગત પરીક્ષા પદ્ધતિના સંદર્ભમાં. ભૂતકાળમાં ગૃહકાર્ય આપવાનો મુખ્ય હેતુ એ હતો કે વિદ્યાર્થી ઘરે જઈને જાતે વિચારે, સંશોધન કરે અને પોતાના શબ્દોમાં વિચારો વ્યક્ત કરે. હવે ઘણા વિદ્યાર્થીઓ પોતાના હોમવર્ક, નિબંધો કે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો સીધો ઉપયોગ કરવા લાગ્યા છે. માત્ર એક કમાન્ડ આપવાથી સંપૂર્ણ નિબંધ કે પ્રોજેક્ટ મિનિટોમાં તૈયાર થઈ જાય છે. આનાથી વિદ્યાર્થીઓની પોતાની સર્જનાત્મકતા, મૌલિક વિચારસરણી અને તાર્કિક ક્ષમતા મંદ પડી જવાનો મોટો ખતરો ઊભો થયો છે. જો વિદ્યાર્થી જાતે વિચારવાનું જ બંધ કરી દેશે અને સંપૂર્ણપણે મશીન પર નિર્ભર બની જશે, તો શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ્ય જ માર્યો જશે.

પરીક્ષાઓના માળખા પર પણ AIની ઊંડી અસર પડી રહી છે. જે પરીક્ષાઓ માત્ર ગોખણપટ્ટી કે લખાયેલા જ્ઞાનનું પુનરાવર્તન તપાસતી હતી, તે હવે નકામી સાબિત થઈ રહી છે. શૈક્ષણિક સંસ્થાઓ માટે હવે એ પડકાર છે કે તેઓ પરીક્ષા પદ્ધતિમાં એવા ફેરફારો લાવે જેથી વિદ્યાર્થીની માત્ર માહિતી યાદ રાખવાની શક્તિ નહીં, પરંતુ તેના વિશ્લેષણ અને વ્યવહારિક ઉપયોગની ક્ષમતા ચકાસી શકાય. ઘણા વિદેશી અને દેશી વિદ્વાનો હવે ઓપન-બુક એક્ઝામ, મૌખિક પરીક્ષાઓ, પ્રેક્ટિકલ પ્રોજેક્ટ્સ અને વર્ગખંડમાં ચર્ચા-સંવાદ આધારિત મૂલ્યાંકનને વધુ મહત્વ આપવાની હિમાયત કરી રહ્યા છે.

**શું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ભવિષ્યમાં શિક્ષકની જગ્યા લઈ લેશે?**


આ તમામ ઘટનાક્રમ વચ્ચે સૌથી મોટો અને રસપ્રદ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ભવિષ્યમાં શિક્ષકની જગ્યા લઈ લેશે? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આપણે શિક્ષકની ભૂમિકાને ઊંડાણપૂર્વક સમજવી પડશે. શિક્ષકનું કામ માત્ર જ્ઞાન કે માહિતી આપવા પૂરતું સીમિત નથી. જો શિક્ષણ માત્ર માહિતી આપવાનું સાધન હોત તો પુસ્તકો અને ઇન્ટરનેટના આગમન સાથે જ શિક્ષકોની જરૂરિયાત પૂરી થઈ ગઈ હોત. પરંતુ વાસ્તવિકતા એ છે કે શિક્ષક માત્ર જ્ઞાનનો સ્ત્રોત નથી, પરંતુ તે એક માર્ગદર્શક, પ્રેરણાદાતા અને ચરિત્ર નિર્માતા છે.

AI મશીન ગમે તેટલું બુદ્ધિશાળી હોય, પરંતુ તેની પાસે માનવીય સંવેદનાઓ, લાગણીઓ, નૈતિકતા અને સહાનુભૂતિ નથી. જ્યારે એક વિદ્યાર્થી વર્ગખંડમાં હતાશ કે નિરાશ બેઠો હોય છે, ત્યારે એક જીવંત શિક્ષક જ તેની આંખોમાં છુપાયેલી મૂંઝવણ વાંચી શકે છે. બાળકને જ્યારે પ્રોત્સાહનની જરૂર હોય ત્યારે શિક્ષકનો એક હાથ તેના ખભા પર પડે અને કહેવામાં આવે કે તું આ કરી શકીશ, ત્યારે જે આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય છે તે કોઈ ડિજિટલ સ્ક્રીન કે AI એલ્ગોરિધમ ક્યારેય આપી શકતું નથી. શિક્ષક વિદ્યાર્થીને જીવનના મૂલ્યો, સંસ્કારો, સમાજમાં કેવી રીતે રહેવું અને વિપરીત પરિસ્થિતિઓમાં કેવી રીતે નિર્ણય લેવો તે શીખવે છે. આ માનવીય સ્પર્શ અને સંવેદના જ શિક્ષકને અનન્ય બનાવે છે. હા પણ તેના માટે શિક્ષક પોતે જ એઆઇ પર નિર્ભર હોવો જોઇએ નહિ.

આથી, એવું માનવું ભૂલભરેલું હશે કે AI શિક્ષકની જગ્યા લઈ લેશે. વાસ્તવમાં, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ શિક્ષકની ભૂમિકાને વિસ્થાપિત કરવા માટે નહીં, પરંતુ શિક્ષણ પદ્ધતિને વધુ સરળ, કાર્યક્ષમ અને સમૃદ્ધ બનાવવાનું એક માધ્યમ છે. શિક્ષકો માટે AI એક શક્તિશાળી સહાયક તરીકે કામ કરી શકે છે. જટિલ વૈજ્ઞાનિક પ્રયોગો, અવકાશ વિજ્ઞાન કે ઐતિહાસિક બનાવોને 3D મોડેલ્સ અને વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા ભણાવવા માટે AI અત્યંત ઉપયોગી સાબિત થાય છે. શિક્ષક અને AI વચ્ચેની આ ભાગીદારી શિક્ષણના સ્તરને એક નવા જ શિખર પર લઈ જઈ શકે છે.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**


**Email:sahebtoday@gmail.com**



**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપની Anthropicના પૂર્વ AI સંશોધક જેકબ કોક્સન દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના જોખમો અંગે ગંભીર ચેતવણીઓ આપવામાં આવી છે ત્યારે આજની જરૂરિયાત AIનો બહિષ્કાર કરવાની નથી, પરંતુ તેને યોગ્ય અને સંતુલિત રીતે શિક્ષણ પ્રણાલીમાં સ્વીકારવાની છે. આપણે એવા વાતાવરણનું નિર્માણ કરવું પડશે જ્યાં વિદ્યાર્થીઓ AIનો ઉપયોગ પોતાના મગજને આળસુ બનાવવા માટે નહીં, પરંતુ પોતાના જ્ઞાનના ક્ષિતિજોને વિસ્તારવા માટે કરે. આ માટે શાળાઓ અને કોલેજોમાં AI ઈથિક્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તાના નૈતિક ઉપયોગ અંગેના પાઠ ભણાવવા જરૂરી બન્યા છે. વિદ્યાર્થીઓને એ સમજાવવું પડશે કે AI એ એક સાધન છે જેની મદદથી તેઓ પોતાનું કામ સુધારી શકે છે, પરંતુ તે તેમના મૂળભૂત જ્ઞાન અને મહેનતનો વિકલ્પ બની શકે નહીં. યોગ્ય અને સંતુલિત ઉપયોગ જ રચનાત્મક અને ધાર્યા પરિણામો લાવી શકશે.**

# એક ચાતક રોજ મારા શ્વાસમાં ધબક્યા કરે;એમ લાગે આંખમાં વરસાદ જેવું છે હજી

દસ્તક



હર્ષદ પંડ્યા

**પો**તાની જાત સામે ઊભા રહેવાની પ્રામાણિક સચ્ચાઈ જેનામાં હોય એવા માણસને પ્રેમ કરનાર કયારેય પસ્તાય નહીં. નિખાલસતાનો પ્રાણવાયુ જ્યાં સુધી પ્રેમને મળતો રહેશે. ત્યાં સુધી કોઈનોય પ્રેમ અડધા રસ્તે કે આયુષ્યના અંતિમ પડાવ પર પણ મુરઝાઈ નહીં જાય.

પ્રેમીઓ પણ વરસાદ જેવા હોય છે. વરસે તો મન મૂકીને અનરાધાર વરસે ! અને ન વરસે તો છાંટોય ન વરસે, મને વરસતા વરસાદની જેમ વરસતો પ્રેમી ગમે છે. વરસનાર વરસી જઈને પોતે તો હળવાશ અનુભવે, આપણને પણ હળવેથી હળવાશના ખોળામાં બેસાડી દે છે. 'વરસાદ' - ચાર અક્ષરનો શબ્દ જ મને તો ચારેબાજુએથી ભીનો ભીનો કરી નાખે છે. વરસાદ વરસવાનું ભલે કોઈ ભૌગોલિક કારણ હોય-મારે મન એનું કોઈ જ મહત્ત્વ નથી. હું તો બસ એટલું જ માનું કે વરસાદ એટલા માટે જ વરસાદ હોય છે કે બે સાચુકલા પ્રેમીઓના હૈયાં એકબીજાને મળવા કેટલા તપ્ત થયાં હશે... એ તપ્ત હૈયાની અગનને ઠારવા અને એ બંનેના દિલોમાં લાગણીઓથી લથપથ પ્રેમના અંકૂરોને અંકુરિત કરવા જ વરસાદ વરસે છે.

વરસતા વરસાદમાં કોરા રહી ગયેલા કોઈ પ્રેમીને જોયો છે ? ન જોશો દાઝી જશો. આગ બહારથી જ હોય એવું કોણે કહ્યું ? ભીતરની આગ ઠારવા માટે કોઈ જ ફાયર બ્રિગેડ કામમાં ન આવે, વરસાદ પણ નહીં. છતાં એક એવો વરસાદ ખરો, જે પ્રિયતમાની યાદોનો વરસાદ હોય અને અનરાધાર વરસતો હોય, જેની ભીનાશ પેલી આગને ઠારી શકે ! વરસાદના માત્ર એક ટીપાંથી જો ધરતી ગદ્‌ગદ્‌ થઈ જતી હોય તો પ્રિયતમ કે પ્રિયતમાની યાદોના વરસાદથી આપણું હૈયું ગદ્‌ગદ્‌ ન થાય તો જ નવાઈ !

ધોધમાર વરસાદ વરસતો હોય અને છતાં કોઈ યુવા હૈયું રેઈન કોટ કે છત્રી લીધા વિના જ ઘરની બહાર નીકળે તો એને પૂછવાનું નહીં કે આમ કેમ ? દરેક પ્રેમીને પોતાનો ધર્મ પાળવાની છૂટ છે. સાચા પ્રેમીનો ધર્મ છે કે વરસતા વરસાદમાં ભીંજાવું, એમાં પલળવું મળવાની મજા જ પલળવામાં છે અને પલળવાનો આનંદ જ મળવામાં છે એવું પ્રેમીઓ સિવાય કોણ સમજે ? સમજીને પ્રેમ ન થાય. પ્રેમ થયા પછી સમજી જવાનું



કે આ પ્રેમને શ્વાસમાં ઓગાળીને અને લોહીના લયમાં ઘોળીને છેલ્લા શ્વાસ સુધી માણવાનો છે. વરસતા વરસાદના રોમાંચક સ્પર્શથી રોમાંચિત થવાનો અધિકાર કે એવો ઈજારો કંઈ ધરતી એકલીનો થોડો છે ? પ્રેમીઓનો પણ છે.

આપણે ભલેને ઉંમરનો ઉંબર વટાવી ગયા હોઈએ કે પછી વયની સરહદ પાર કરી દીધી હોય, પણ આપણામાં હજી પણ ક્યાંક 'બાળકપણું' ધબકતું હોય તો કોઈ તાકાત આપણને આપણા પ્રેમથી વિખૂટા પાડી નહીં શકે. બાળકને પ્રેમની ભૂખ હોય છે, દયાની નહીં. માણસ 'ઉંમરલાયક' થાય છે પણ 'પ્રેમલાયક' નથી થતો. જે ઉંમર લાયક હોવાનો દાવો કરે છે એ વરસાદમાં ભીંજાવું પસંદ નહીં કરે પણ જેને ઉંમરનો કોઈ ભાર નથી કે ઉંમરનું કોઈ વળગણ જ નથી એ તો ૭૦-૮૦ કે ૯૦ વર્ષનો હશે તો પણ નાના બાળકની જેમ દોડીને વરસતા વરસાદનો હૂંફાળો સ્પર્શ માણશે. 'ઉંમરલાયક' માણસોના સમાજમાં વરસાદનું જેટલું અપમાન થયું છે એટલું બીજે કયાંય નથી થયું. પ્રેમની હત્યા આવા 'ઉંમરલાયક' માણસોએ જ કરી છે. અત્યારે આ લખવા બેઠો છું ત્યારે રાતના પોણા બે વાગ્યા છે. વરસાદ પણ કેવો બેશર્મ છે. એ પણ રાતના સુંવાળા સમયે જ વરસે છે ! મારૂં કોરૂં મન વરસાદમાં પલળવા જવાની હઠ કરે છે અને પલળેલું મન આ કોરા કાગળ પર વરસાદી સંવેદનાનું ઝીણું ઝીણું નકશીકામ કરવા ધક્કો મારે છે. નશાનો ધક્કો તો જેણે અનુભવ્યો હોય એણે જ અનુભવ્યો હોય ને ! નશાનો પણ એક મુલાયમ ધક્કો હોય છે ! જેમ યાદને કોઈ સ્થળ-સમય, જાતિ-જ્ઞાતિ, ધર્મ કે વર્ણનો ભેદ નથી હોતો. એમ વરસાદને પણ નથી હોતો. વરસાદ સૌનો છે, પણ વરસાદના સૌ કોઈ નથી હોતા. પ્રેમ સૌ કોઈ માટે હોય છે, પણ સૌ કોઈ પ્રેમને સમજી નથી શકતા.

પ્રેમીને બાનમાં લઈ શકાય, પ્રેમને નહીં. પ્રેમ તો વરસાદમાંથી પેદા થતી સુંગધ જેવો છે, શ્વાસમાં ભરાય એટલો ભરી લો... શકય છે કે ક્યારે ઉનાળો આવી જાય અને સુગંધ મુરઝાવા માંડે ! ક્ષણ જતી રહે એ પહેલાં વરસાદી નશાને નસ નસમાં ભરી દો... આંખોના આકાશમાં ગોરંભાયેલા વહેમના વાદળોને વેળાસર વિખેરી નાખો અને એની જગાએ વર્ષોથી પડી રહેલી લઘરવઘર લાગણીઓને આંસુમાં ધોઈ પાંપણપાળે સૂકવવા મૂકી દો કે જેથી કરીને એ કુંવારી લાગણીઓ બહાર વરસતાં કુંવારા વરસાદનો પહેલો કુંવારો સ્પર્શ ગટગટાવી શકે ! આંખોની પણ એક આલમ છે. આંખોનો પણ એક ઉત્સવ હોય છે. આંખોની ઊંડી વાવમાં પણ ગમતી વ્યક્તિનું દશ્ય પીવાની એક જીવતી તરસ તરફડતી પડી હોય છે. વરસાદમાં પલળતી આંખો અને ઘરમાંથી બારી બહાર વરસતા વરસાદને ટગરટગર જોઈ રહેલી રેતાળ આંખો... આ બંને આંખોમાં ફરક છે.

જ્યારે શ્વાસ ટૂંકો પડવા માંડે ત્યારે જ કોઈની લાગણીનું અને પ્રેમનું મહત્ત્વ સમજાય છે. વરસાદને આજે ભલે આપણે નજરઅંદાજ કરી નાખીએ, એ જ વરસાદ કોઈક ઉનાળામાં આપણને શ્વાસના છાંયડા જેવો લાગવાનો. જ્યારે આપણી પાસે જે કંઈક હોય છે એ ક્ષણે એનું આપણને મૂલ્ય નથી હોતું. એનું મલ્ય એની ગેરહાજરીમાં અનુભવાય છે. પ્રેમીના પ્રેમનું પણ એવું છે. ચાહનાર જ્યારે ચાહતનો અનરાધાર વરસાદ વરસાવે છે ત્યારે આપણે કોર્પોરેટ કલ્ચર કે પછી સોસિયો-ઈકો કલ્ચરમાં મહાલતા હોઈએ છીએ. કરૂણતા જ એ વાતની છે કે આંખો ગુમાવી દીધા પછી ચશ્મા પહેરવાનો કોઈ અર્થ નથી. ઝાડ કાપીને છાંયડો શોધવા નીકળનારો મૂર્ખ કહેવો કે કરૂણ ? જ્યાં વરસાદી સંબંધો છે ત્યાં કયારેય ઉકળાટ ન હોય - કકળાટ ન હોય. વરસાદી સંબંધો એટલે વરસાદની મૌસમ પૂરતા જ સંબંધો એવું નહીં. હું એને જ વરસાદી સંબંધો કહું છું - જે વરસતા વરસાદી સ્પર્શને કારણે ઊઠતી ભીની માટીની મહેકને શ્વાસમાં ભેળવી દેવાઈ હોય ... એ બધું તો ઠીક, પણ વરસતા વરસાદની હળવી છાલકમાં જ્યારે ગમતી વ્યક્તિની હથેળીનો લીલોછમ્મ્ સ્પર્શ અનુભવાતો હોય... એ જ સાચો વરસાદી સંબંધ છે. ભલેને રાજ ઉનાળાનું ચાલતું હોય પણ પ્રિયજનના સંગાથમાં-એના સહવાસમાં પહેલા વરસાદની ભીની માટીની મહેક વરતાતી હોય - એ જ વરસાદી પ્રેમ અને એ જ વરસાદી સંબંધ !

દૂર બેઠેલા પ્રેમીનો સૂક્ષ્મ સ્પર્શ પામવો હોય તો બે ઘડી વરસતા વરસાદમાં પલળી જુઓ... શરદીની બીક રાખનારો કયારેય પ્રેમ નહીં કરી શકે ! 'શબ્દપ્રીત' કહે છે :

**એક ચાતક રોજ મારા શ્વાસમાં ધબક્યા કરે**
**એમ લાગે આંખમાં વરસાદ જેવું છે હજી**

**ટહુકો :**

**જો ઉસકી જાન પે ગુજરે હૈ વોહી જાને હૈ**
**ખુદા કિસીકો જહાંમેં કિસીકે બસ ન કરે.**

- ઝફર

# ઘડપણનું વડપણ...



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

એક કાળે ઘરોમાં બાળકોની ખોટ ન હતી. ત્રણચાર બાળકો સહેલાઈથી જોવાં મળતાં. પછી વસ્તી ઘટાડ યોજનાઓ અમલમાં આવી. બે જ બાળકો બસ ! અમે બે, અમારા બે-સૂત્ર પ્રચલિત થયું. વધતી જતી મોંઘવારીમાં વધારે બાળકો પોષાય એમ જ ન હતું. એવું થતું કે દીકરો કુળદીપક હોઈને, જ્યાં સુધી તે ન જન્મે ત્યાં સુધી દીકરીઓ પણ અવતરતી રહેતી. વળી દીકરી તો 'પારકી થાપણ' ગણાતી, એટલે તેના તરફ ઓછું ધ્યાન અપાતું ને દીકરાનું બધી રીતે મનથી લાલનપાલન થતું. એ પછી સ્ત્રી સશકતીકરણની વાતો ચાલી. દીકરી તરફ પણ કુટુંબની ઉદારતા વધી અને તેને પણ ભણવા-ગણવાની, નોકરીધંધાની તકો વધી. એમાં એમ પણ થયું કે અમે બે, અમારાં બે-સૂત્ર પણ ઝાંખું પડ્યું ને એક જ સંતાનથી સંતોષ માનવાનું બન્યું. એ દીકરો કે દીકરી, કંઈ પણ હોય, પણ મોટે ભાગનાં કુટુંબોમાં એક જ સંતાનથી ચાલી ગયું.

આમ પણ જરૂરિયાતને લીધે પતિ-પત્ની, બંને નોકરી કે વ્યવસાય કરે એ સમયનો તકાદો હતો, એટલે એકથી વધુ બાળકો ને તેમનો ઉછેર પરવડે એમ જ ન હતું. બીજું, પતિ-પત્ની વચ્ચે સ્વમાન આવતાં છૂટાછેડાના કિસ્સાઓ વધતા આવ્યા. એ કારણે પણ સંતાનોનાં ઉછેરના પ્રશ્નો વધુ જટિલ બનતા, એક બાળક જેમ તેમ પરવડતું હતું. ટૂંકમાં, આધુનિક જીવનશૈલીને કારણે સંતાન એક જ પરવડે એવી સ્થિતિ આવી. એક બાળક પર વધારે ધ્યાન અપાય એ ખરૂં, પણ કોઈક કારણસર બાળક ના રહે તો માતા-પિતા માટે પાછલી જિંદગી કાઢવાનું અઘરૂં થઈ જતું હતું. સ્થિતિ એવી પણ આવી કે બાળકોનાં ઉછેરમાં જિંદગી ખર્ચી કાઢનાર માબાપ માટે સંતાનને સમય ન હોય એવા પણ ઘણા કિસ્સાઓ સામે આવ્યા. બાળકના ઉછેરની જેમ જ પાછલી ઉંમરે માબાપની દેખરેખ રાખવાનું પણ સહેલું ન હતું. તેમાં દીકરી તો પરણીને સાસરે ચાલી જતી એટલે માબાપની રોજિંદી દેખરેખનું શક્ય બને એમ નથી હોતું. દીકરો એકલો હોય ત્યાં સુધી તો માબાપની દેખરેખ થઈ શકતી હતી, પણ દીકરો પરણે, તેની પત્ની આવે ત્યારે ચિત્ર બદલાતું હોય છે.

હવે માબાપ બહુ જલદી વધારાના થઈ જાય છે ને વૃદ્ધાશ્રમ તરફ ધકેલાતાં હોય છે. ક્યાંક વાંચેલી એક વાત યાદ આવે છે. દીકરો પિતાને કહે છે કે પપ્પા માટે ac લઈએ. પપ્પા ખુશ થાય છે કે દીકરો પોતાને માટે એરકન્ડિશનર લેવા માંગે છે. પિતા acના પૈસા આપવા માંગે છે, તો દીકરો કહે છે, ac મારા પપ્પા માટે નહીં, પણ તમારા પપ્પા (દાદા) માટે લેવું છે, જે વૃદ્ધાશ્રમમાં રહે છે. પપ્પાને વધારે આનંદ થયો કે પોતાના પપ્પા માટે ac લેવાનું દીકરાનાં મનમાં છે. દીકરાએ ac ખરીદ્યું ને દાદાને આપવા વૃદ્ધાશ્રમ ઉપડ્યો. દાદાના રૂમમાં પહોંચતા દાદાએ પૌત્રને આવકાર્યો ને ઘણે વખતે આવ્યો- એમ કહીને ટપાર્યો પણ ! પૌત્રે વધામણી ખાતાં કહ્યું-દાદા, તમારે માટે એસી લાવ્યો છું ને તમારા રૂમમાં નાખવાનો છું. દાદા હસ્યા- મને તાપમાં રહેવાનું ફાવે છે. મને acની જરૂર નથી. પૌત્ર બોલ્યો-હું ac લઈને આવ્યો છું તો તેને ક્યાં નાખું ? હું આટલા પ્રેમથી લાવ્યો છું, તેનો અનાદર ન કરો, પ્લીઝ ! પણ દાદા માન્યા નહીં. પુત્ર આ જાણીને હતાશ થયો. તે ac પરત લઈ જવા તૈયાર થયો, ત્યાં દાદાએ કહ્યું- આ ac તું સામેના રૂમમાં નખાવ. પૌત્રને આશ્ચર્ય થયું- સામેના રૂમમાં તો કોઈ રહેતું પણ નથી, તો ત્યાં ac નાખવાનો કોઈ અર્થ નથી. દાદાને હસવું આવ્યું. બોલ્યા- દીકરા, ac હમણાં તો નાખી રાખ. થોડા વખત પછી તારા પપ્પા આવશે તો એમણે અહીં જ આવવાનું થશે ને એને ધગધગતા તાપમાં ac વગર ચાલતું નથી.

વાત તો આટલી જ હતી, પણ તેના સૂચિતાર્થો ધ્યાન ખેંચનારા છે. એ સૂચક છે કે દાદા વૃદ્ધાશ્રમમાં પહોંચ્યા છે. એટલે કે દાદાને કોઈ કારણસર વૃદ્ધાશ્રમમાં આવવાનું બન્યું છે. દાદા વૃદ્ધાશ્રમ તેમની મરજીથી આવ્યા હોય અથવા તેમને ફરજ પડી હોય ને વૃદ્ધાશ્રમમાં પહોંચ્યા હોય. જો વૃદ્ધાશ્રમમાં જવાની દાદાને ફરજ પડી હોય તો દીકરાને કારણે કે તેની વહુને લીધે એવી સ્થિતિ આવી હોય કે દાદાએ વૃદ્ધાશ્રમ તરફ જવું પડે. ઉપલી સ્ટોરીમાં દાદાને ઈચ્છાથી કે દીકરા વહુને લીધે વૃદ્ધાશ્રમ જવાનું બન્યું હોય. માબાપ સંતાનોને ઉછેરી લે છે, પણ સંતાનોથી પાછલી ઉંમરે માબાપ સચવાતાં નથી. એટલે જ સંતાનો માબાપને વૃદ્ધાશ્રમમાં મોકલી આપે છે. એ સાથે જ એમ પણ લાગે છે કે પપ્પાને લીધે, તેના પપ્પાએ છેડો ફાડ્યો હોય. ને એક સૌથી સૂચક વાત તો એ છે કે દાદાને માર્ગે જ પપ્પાને ઘરમાંથી વૃદ્ધાશ્રમ જવાનું થશે. એટલે જે કારણથી પપ્પાએ, દાદાને વૃદ્ધાશ્રમમાં મોકલ્યા હોય એ જ પપ્પાને પૌત્ર વૃદ્ધાશ્રમ સુધી લઈ જશે.

કોણ જાણે કેમ, પણ જ્યારથી વૃદ્ધાશ્રમો વિકસ્યા છે, ત્યારથી વૃદ્ધો ઘરમાં ઓછું સચવાય છે. કેમ જાણે તેમનું ઘર વૃદ્ધાશ્રમ જ થઈ ગયું હોય. જે ઘરમાં રહે છે, એવા વૃદ્ધો પણ એકલા જ હોય છે. દીકરી પરણી ગઈ હોય ને બહારગામ રહેતી હોય એટલે માબાપ પાસે આવી ના શક્તિ હોય ને એકાદ દીકરો હોય તો તે વધુ કમાવા વિદેશ ખેડતો હોય કે ત્યાં જ પરણીને વિદેશને જ વતન માનીને મસ્તીથી રહેતો હોય. અહીં માબાપ દીકરો આજે આવશે કે કાલે આવશે એમ રાહ જોવામાં જિંદગી ખુટાડતા જતાં હોય. એક ઉદાહરણ જોઈએ- એક શહેરમાં વૃદ્ધ દંપતી રહે. તેમને એક જ દીકરો. દીકરાને પરણાવ્યો. દંપતીને હતું કે દીકરાનાં લગ્નથી વહુ ઘરમાં આવશે, તો શાંતિથી ઘરમાં રહેવાશે ને વહુની મદદ મળી રહેશે, પણ એવું કશું થયું નહીં. વધારામાં પિતાને હાર્ટનો પ્રોબ્લેમ હતો. ડોકટરે સ્ટ્રેસ લેવાની ના પાડી હતી ને કાળજી રાખવાનું કહ્યું હતું, પણ પુત્રવધૂ સાસુ-સસરા સાથે વાતે વાતે વાંધા પાડતી હતી. સાસુ-સસરા કંઇ કહેવા જતાં તો વહુ અલગ થઈ જવાની ધમકી આપતી હતી. હવે ટ્રેજેડી એ હતી કે માબાપનો વહુ-દીકરા સિવાય કોઈ આધાર ન હતો, એટલે વહુ-દીકરા અલગ થઈ જાય તો ઘરડાં માબાપનું આવી બને એમ હતું.

આવી સ્થિતિમાં માબાપે શું કરવું એ પ્રશ્ન છે. વહુનો ત્રાસ સહન કરી તેની સાથે રહેવું અથવા તો વહુ-દીકરા વગર ચલાવવું ને એ પણ એટલું જ દુ:ખદાયક ગણાય. વારૂ, પિતાને હાર્ટ પ્રોબ્લેમ છે ને ડોકટરે સ્ટ્રેસ લેવાની ના પાડી છે. એ સ્થિતિમાં વહુ ઝઘડતી રહે તો સસરાને સ્ટ્રેસ પહોંચ્યા વગર રહે નહીં. ન રહેવાય ન સહેવાય એવી સ્થિતિ માબાપની છે. આ વાતનો ઉકેલ નથી. અથવા તો બે ઉકેલ છે. એક વહુ જોડે સમાધાન કરીને તેની સાથે રહેવું. આમાં એક મુદ્દો રહી જાય છે અને તે દીકરાની કોઈ ભૂમિકા જણાતી નથી. તે શું કરે છે તે કહેવાયું નથી. તે વહુને પક્ષે છે કે માબાપને પક્ષે તે સ્પષ્ટ નથી. પણ તેની સંમતિ ન હોય તો વહુ એકલી અલગ થઇ જવાની ધમકી આપે નહીં. એટલે દીકરો વહુને પક્ષે છે એવું લાગે છે. એટલે માબાપે જ નમતું જોખવું પડે એમ છે. તેવું ન કરે તો દીકરા વગર રહેવાનું આવે. એવે વખતે થાય કે માત્ર એક સંતાન ઈચ્છવા જેવું નથી. અગાઉ વધારે બાળકો હતા તેનો લાભ એ હતો કે એકાદ દીકરો આડો ફાટે તો બીજા કે ત્રીજા દીકરાને આશરે જઈ શકાય. એ તક આ ઉદાહરણમાં નથી, કારણ દીકરો એકનો એક જ છે. એને લીધે ઘડપણનું વડપણ ચાલતું નથી ને ઘરડે ઘડપણ ઓશિયાળી જિંદગી જીવવાની આવે છે.

વૃદ્ધોનું જીવન વધુ ને વધુ એકલવાયું થતું આવે છે એ ચિંતાનો વિષય છે.

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# અલ-ફર્રા (યહ્યા ઇબ્ને ઝિયાદ) : કૂફાની વ્યાકરણ-પરંપરાનું તેજસ્વી નામ

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

**પરિચય**

ઈસ્લામી જ્ઞાન-પરંપરામાં જ્યારે પણ અરબી વ્યાકરણ, ભાષાવિજ્ઞાન અને કુર્આનની ભાષાકીય વ્યાખ્યાની ચર્ચા થાય છે ત્યારે એક નામ વારંવાર સામે આવે છે - અબૂ ઝકરિયા યહ્યા ઈબ્ને ઝિયાદ, જેમને ઈતિહાસ "અલ-ફર્રા"ના નામે ઓળખે છે. બીજી હિજરી સદીના આ મહાન વિદ્વાને કૂફાની વ્યાકરણ-પરંપરાને એવી ઊંચાઈએ પહોંચાડી કે બગદાદના ખલીફાઓ પણ તેમની વિદ્વતાને વિશેષ માન આપતા હતા. તેમની સૌથી મહત્ત્વની કૃતિ "મઆની અલ-કુર્આન" આજે પણ અરબી ભાષા અને કુર્આનના અભ્યાસનું એક મૂળભૂત ગ્રંથ માનવામાં આવે છે. અરબી ભાષા, નાહ્વ એટલે કે વ્યાકરણ, કુર્આનની ભાષા, કિરાઅત એટલે કુર્આનના પાઠભેદો અને અરબી સાહિત્યના ક્ષેત્રમાં તેમની પ્રતિભા એટલી ઊંચી હતી કે પછીના વિદ્વાનોએ તેમને સન્માનપૂર્વક **"અમીરૂલ મુમિનીન ફી અલ-નહ્વ" - વ્યાકરણના ક્ષેત્રના અમીરૂલ મુમિનીન** તરીકે ઓળખાવ્યા. આ કોઈ ધાર્મિક કે રાજકીય પદવી નહોતી પરંતુ તેમની અસાધારણ વિદ્વત્તા દર્શાવતું સન્માન હતું. અલ-ઝહબી તેમની ઓળખ એક મહાન વિદ્વાન, ગ્રંથકાર અને કૂફાના અગ્રણી વ્યાકરણવિદ તરીકે કરાવે છે.

**જન્મ અને વંશ**

અલ-ફર્રાનો જન્મ ૧૪૪ હિજરી (૭૬૧-૭૬૨ ઈસવી)માં ઈરાકના પ્રસિદ્ધ શહેર કૂફામાં થયો હતો. તેમનું પૂરૂં નામ અબૂ ઝકરિયા યહ્યા ઈબ્ને ઝિયાદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મન્સૂર અદ-દૈલમી અલ-ફર્રા અલ કુફી હતું. "અદ-દૈલમી" ઉપનામ પરથી જાણવા મળે છે કે તેમના પૂર્વજોનો સંબંધ ઈરાનના દૈલમ પ્રદેશ સાથે હતો. એટલે તેઓ મૂળ અરબ નહીં પરંતુ બિન-અરબ એટલે કે મવાલી પરિવારમાંથી હતા. આ બાબત તે સમયના ઈસ્લામી સમાજની એક વિશિષ્ટતા દર્શાવે છે, કારણ કે અરબી ભાષા અને સાહિત્યના ઘણા મહાન રક્ષકો બિન-અરબ મૂળના વિદ્વાનો હતા.

તેમની ઉપાધિ "અલ-ફર્રા" એટલે કે ચામડું અથવા ફર વેચનાર - તેના મૂળ વિશે જીવનચરિત્રકારોમાં મતભેદ છે. કેટલાકના મતે આ નામ તેમના પરિવારના વ્યવસાય સાથે જોડાયેલું હતું, જ્યારે કેટલાક તેને બીજા કારણો સાથે જોડે છે. ઈબ્ને ખલ્લિકાન તેમને "કૂફાના સૌથી મોટા વિદ્વાન અને વ્યાકરણ, ભાષા તથા સાહિત્યની વિવિધ શાખાઓમાં અગ્રણી વ્યક્તિ" તરીકે યાદ કરે છે.

**શિક્ષણ અને ગુરૂ**

અલ-ફર્રાએ કૂફામાં જ પ્રારંભિક શિક્ષણ મેળવ્યું. ત્યાં તેમણે ભાષા, બલાગત એટલે કે વાક્પટુતા, ફિક્હ અને કલામ એટલે કે ધર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. અલ-ફર્રાના જીવનમાં સૌથી મહત્ત્વના ઉસ્તાદ હતા અલી ઈબ્ને હમઝા અલ-કિસાઈ, કૂફાની વ્યાકરણશાળાના મહાન આચાર્ય અને પ્રસિદ્ધ કારી. અલ-કિસાઈ પાસેથી અલ-ફર્રાએ માત્ર વ્યાકરણના નિયમો શીખ્યા નહોતા; તેમણે અરબોની જીવંત ભાષા, કુર્આનની કિરાઅતો, કાવ્ય અને ભાષાના પ્રયોગ પરથી નિયમો કેવી રીતે શોધવા તે શીખ્યું.

અલ-કિસાઈ પછી અલ-ફર્રાને કૂફાની પરંપરાના સૌથી મોટા પ્રતિનિધિ તરીકે માનવામાં આવ્યા. અરબીમાં તેમના વિશે "અઅલમ અલ-કૂફિયીન બઅદ અલ-કિસાઈ" કહેવામાં આવ્યું છે, એટલે કે અલ-કિસાઈ પછી કૂફાવાસીઓમાં સૌથી મોટા વિદ્વાન. પરંપરાગત રીતે તેમને કૂફાની વ્યાકરણ-શાળાના મુખ્ય સ્થાપક અને નેતા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કૂફા-પરંપરા બસ્રાની પ્રતિસ્પર્ધી વ્યાકરણ-પરંપરાની સામે ઊભી હતી.

અલ-ઝહબીના વર્ણનમાં અલ-ફર્રાએ કૈસ ઈબ્ન અલ-રબી', મન્દલ ઈબ્ન અલી, અબૂ અલ-અહવસ, અબૂ બકર ઈબ્ને અય્યાશ અને અલ-કિસાઈ જેવા વિદ્વાનો પાસેથી જ્ઞાન મેળવ્યું હોવાનું નોંધાયું છે. બીજા પ્રાચીન વર્ણનોમાં બસરાના મહાન ભાષાશાસ્ત્રી યૂનુસ ઈબ્ને હબીબ પાસેથી પણ તેમને લાભ મળ્યો હોવાની નોંધ મળે છે. એટલે અલ-ફર્રા માત્ર કૂફાની એક જ વિચારધારામાં બંધાયેલા ન હતા; તેમણે વિવિધ જ્ઞાનપરંપરાઓમાંથી પોતાની વિદ્વત્તા વિકસાવી હતી.

**બગદાદ અને ખલીફા અલ-મામૂન સાથેનો સંબંધ**

અલ-ફર્રાની વિદ્વત્તાની ખ્યાતિ ટૂંક સમયમાં બગદાદના શાહી દરબાર સુધી પહોંચી. તેમને ખલીફા અલ-મામૂનના બે પુત્રોને અરબી ભાષા અને સાહિત્ય ભણાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આથી સમજાય છે કે તે સમયના શાસકો શિક્ષણમાં ભાષાવિજ્ઞાનને કેટલું ઊંચું સ્થાન આપતા હતા.

દરબાર સાથે તેમનો સંબંધ એટલો ગાઢ હતો કે જ્યારે વઝીર ઉમર ઈબ્ને બક્રએ તેમને કુર્આનની ભાષાકીય વ્યાખ્યા પર ગ્રંથ તૈયાર કરવાની વિનંતી કરી ત્યારે તેમણે પોતાના શિષ્યોને બોલાવી "મઆની અલ-કુર્આન" પોતે બોલીને લખાવ્યું. આ અસાધારણ યાદશક્તિ એમની ખાસિયતોમાંથી એક હતી. એ જ રીતે ખલીફા અલ-મામૂનના આદેશથી તેમણે "કિતાબ અલ-હુદૂદ" નામનો ગ્રંથ તૈયાર કર્યો. આ કૃતિને એટલી મૂલ્યવાન માનવામાં આવી કે ખલીફાએ તેને પોતાના ખજાનામાં સુરક્ષિત રખાવી હતી. ઈબ્ને ખલ્લિકાન જેવા જીવનચરિત્રકારોએ દરબારમાં અલ-ફર્રાની વિનમ્રતા અને ગંભીરતાને દર્શાવતા અનેક પ્રસંગો પણ નોંધ્યા છે.

**મુખ્ય રચનાઓ**

અલ-ફર્રા અત્યંત સર્જનશીલ લેખક હતા. અલ-સુયૂતીએ તેમની અગિયાર કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે, ઈબ્ને અન-નદીમે તેર કૃતિઓ ગણાવી છે, જ્યારે ઈબ્ને ખલ્લિકાન અને યાકૂત અલ-હમવીએ સત્તર-સત્તર કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે. કહેવાય છે કે તેમની કુલ લેખનસામગ્રી લગભગ ત્રણ હજાર પાનાં સુધી વિસ્તરેલી હતી. તેમની મુખ્ય કૃતિઓ આ મુજબ છે:

● **મઆની અલ-કુર્આન** - ત્રણ ભાગોમાં વિસ્તરેલી આ કૃતિ તેમની સૌથી પ્રસિદ્ધ રચના છે. નામનો સરળ અર્થ થાય છે - "કુર્આનના અર્થો"; પરંતુ આ માત્ર સામાન્ય તફસીર નથી.

આ ગ્રંથમાં તેઓ કુર્આનના શબ્દોની રચના, વાક્યરચના, ઈઅરાબ એટલે શબ્દના અંતિમ વ્યાકરણિક રૂપ, અરબી બોલીઓ, કાવ્યના ઉદાહરણો અને વિવિધ કિરાઅતોના આધારે આયતોનો અર્થ સમજાવે છે. એટલે આ કૃતિ તફસીર, વ્યાકરણ, ભાષાશાસ્ત્ર અને કિરાઅત - આ ચારેય ક્ષેત્રોને જોડે છે.

ઈબ્ને અલ-નદીમ એક રસપ્રદ પ્રસંગ નોંધે છે. અલ-ફર્રાના સાથી ઉમર ઈબ્ને બુકૈરે તેમને વિનંતી કરી કે કુર્આન વિશે પૂછાતા ભાષાકીય પ્રશ્નોના જવાબ માટે કોઈ વ્યવસ્થિત પુસ્તક તૈયાર કરો. ત્યારબાદ અલ-ફર્રાએ લોકોને એકત્ર કર્યા, કુર્આનની શરૂઆતથી વાંચન કરાવ્યું અને આયત પછી આયત તેનો ભાષાશાસ્ત્રીય અર્થ બોલીને સમજાવવાનું શરૂ કર્યું. એ રીતે મઆની અલ-કુર્આનનું સર્જન થયું.

આ ગ્રંથની અસર કેટલી ઊંડી હતી તેનો સૌથી મજબૂત પુરાવો પછીના મહાન મુફસ્સિર **ઈમામ મુહમ્મદ ઈબ્ને જરીર અલ-તબરી**ના જામિઅ અલ-બયાનમાં મળે છે. અલ-તબરી વિવિધ આયતોની ભાષા, વાક્યરચના અને કિરાઅત સમજાવતા અલ-ફર્રાના મત તથા મઆની અલ-કુર્આનની સામગ્રીનો ઉપયોગ કરે છે. એટલે અલ-ફર્રાની ભાષાશાસ્ત્રીય મહેનત આગળ જઈને કુર્આની તફસીરની મહાન પરંપરામાં પણ પ્રવેશી ગઈ. ભાષાકીય તફસીરની પરંપરામાં આ સૌથી જૂની અને મૂળભૂત કૃતિઓમાંની એક ગણાય છે.

● **કિતાબ અલ-હુદૂદ** - વ્યાકરણ અને કાવ્યશાસ્ત્રની પરિભાષાઓનો સંગ્રહ, જે ખલીફા અલ-મામૂનના આદેશથી લગભગ ૨૦૪ હિજરીમાં તૈયાર થયો હતો.

● **અલ-અય્યામ વલ-લયાલી વશ-શુહૂર** - દિવસો, રાતો અને મહિનાઓ સાથે સંબંધિત ભાષાકીય અને માર્ગદર્શક સામગ્રી.

● **હુરૂફ અલ-મુઅજમ** - અરબી વર્ણમાળાના અક્ષરો પર આધારિત કૃતિ, જે હવે ઉપલબ્ધ નથી.

● **અલ-ફાખિર ફિલ-અમ્સાલ** - અરબી કહેવતોનો સંગ્રહ.

ઈબ્ને અલ-નદીમની અલ-ફિહરિસ્ત અલ-ફર્રાના અનેક પુસ્તકોના નામ સાચવી રાખે છે. તેમાં **મઆની અલ-કુર્આન, અલ-બહી, અલ-લુઘાત, અલ-મસાદિર ફી અલ-કુર્આન, અલ-જમ્ વલ-તસ્નિયા ફી અલ-કુર્આન, અલ-વકફ વલ-ઈબ્તિદા, અલ-નવાદિર, ફઅલ વ અફઅલ, અલ-મકસૂર વલ-મમદૂદ અને અલ-મુઝક્કર વલ-મુઅન્નસ** જેવા ગ્રંથોનો સમાવેશ થાય છે. આ યાદી બતાવે છે કે તેમની રસની વ્યાપકતા માત્ર સામાન્ય વ્યાકરણ સુધી મર્યાદિત નહોતી; કુર્આન, શબ્દવિજ્ઞાન, ક્રિયારૂપ, લિંગ, ઉચ્ચાર અને ભાષાના સૂક્ષ્મ પાસાઓ બધું તેમની શોધનો વિષય હતો.

**શિષ્યો અને જ્ઞાનપરંપરા**

તેમના જાણીતા શિષ્યો અને રાવીઓમાં **સલમા ઈબ્ને આસિમ** અને **મુહમ્મદ ઈબ્ને અલ-જહ્મ અલ-સિમ્મરી**નો સમાવેશ થાય છે. સલમા અલ-ફર્રાની કૃતિઓના મહત્ત્વના સંરક્ષક બન્યા. ઈબ્ને અલ-નદીમ તેમને અલ-ફર્રાના સાથી અને તેમના પુસ્તકોના વિશ્વસનીય રાવી તરીકે ઓળખાવે છે.

**ઈસ્લામ અને કુર્આનની સેવામાં યોગદાન**

અલ-ફર્રાનું સૌથી મોટું યોગદાન એ હતું કે તેમણે કુર્આનની ભાષાને વ્યાકરણ અને સાહિત્યના આધાર પર સમજવાની એક સુવ્યવસ્થિત પદ્ધતિ વિકસાવી. તેમના પહેલાં ભાષાકીય વ્યાખ્યાની સામગ્રી વિખેરાયેલી હતી, પરંતુ **"મઆની અલ-કુર્આન"એ તેને એક વ્યવસ્થિત શાસ્ત્ર**નું સ્વરૂપ આપ્યું.

કેટલાક ઈસ્લામી વિજ્ઞાનના ઈતિહાસકારોના મતે તેઓ કુર્આનમાં રૂપક અથવા લાક્ષણિક પ્રયોગ એટલે કે મજાઝ વિશે વ્યવસ્થિત રીતે લખનાર પ્રારંભિક વિદ્વાનોમાંના એક હતા. તેમની આ પદ્ધતિ આગળ જઈને અનેક મુફસ્સિરો એટલે કે કુર્આનના વ્યાખ્યાકારો માટે આધારરૂપ બની. તેમણે ભાષાની મદદથી કુર્આનના અર્થને વધુ સ્પષ્ટ કરવાની પરંપરાને આગળ વધારી.

**ભાષાના સંગીત અને લયમાં યોગદાન**

અહીં એ સમજવું જરૂરી છે કે **અલ-ફર્રાને સંગીતકાર, સંગીતશાસ્ત્રી અથવા સંગીતના સિદ્ધાંતકાર તરીકે રજૂ કરવા માટે પ્રાચીન પ્રમાણભૂત સ્ત્રોતોમાં આધાર મળતો નથી.** અલ-ઝહબી તેમના જ્ઞાનક્ષેત્રોમાં ભાષા, નાહ્વ, ફિક્હ, તિબ્બ, કવિતા, અરબોના ઈતિહાસ અને નુજૂમ જેવા વિષયોનો ઉલ્લેખ કરે છે, પરંતુ સંગીતશાસ્ત્રનો ઉલ્લેખ કરતો નથી.અલ-ફર્રા સંગીતકાર નહોતા, પરંતુ ભાષાવિજ્ઞાની હતા. તેમ છતાં તેમનું કાર્ય અરબી ભાષા અને કુર્આનના પાઠની "અવાજની રચના", એટલે કે તેની લય અને ધ્વનિ-વ્યવસ્થા સાથે ઊંડે જોડાયેલું હતું. તેમણે અરબી અક્ષરોની રચના, તેમના ઉચ્ચારસ્થાન અને વ્યાકરણિક ફેરફારોનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો. તેના કારણે શબ્દોના સાચા ઉચ્ચાર અને વાક્યોની લય સમજવાનો શાસ્ત્રીય આધાર વધુ મજબૂત બન્યો.

કુર્આનના પાઠ એટલે કે કિરાઅતમાં જે લયબદ્ધ સુંદરતા આજે પણ સાંભળવા મળે છે, તેની પાછળ વ્યાકરણ અને ધ્વનિ સાથે જોડાયેલા એ જ પ્રકારના નિયમો કાર્ય કરે છે, જેને વ્યવસ્થિત કરવામાં કૂફાની પરંપરાનો અને તેમાં ખાસ કરીને અલ-ફર્રાનો મોટો ફાળો હતો. આ અર્થમાં તેમને અરબી ભાષાના "સ્વર-વ્યાકરણ"ના એક મહત્ત્વના રચયિતા કહી શકાય, ભલે તેમનું કાર્ય સીધું સંગીતકલા સાથે જોડાયેલું ન હોય.

**વિશ્વ સંસ્કૃતિમાં યોગદાન**

અલ-ફર્રાનું વિશ્વ સંસ્કૃતિમાં યોગદાન મુખ્યત્વે જ્ઞાનની ભાષાકીય પાયાની રચનામાં રહેલું છે. અબ્બાસી યુગમાં અરબી ભાષા માત્ર ધાર્મિક ગ્રંથોની ભાષા નહોતી; ગણિત, ચિકિત્સા, ફિલસૂફી, ખગોળશાસ્ત્ર, ભૂગોળ, ઈતિહાસ અને સાહિત્ય સહિત વિશાળ જ્ઞાનપરંપરાની ભાષા બની રહી હતી.

આવી ભાષાને સ્પષ્ટ નિયમો, ચોક્કસ શબ્દપ્રયોગ અને મજબૂત વ્યાકરણ જરૂરી હતું. અલ-કિસાઈ અને અલ-ફર્રા જેવા વિદ્વાનોના કાર્યે આ ભાષાકીય માળખાને મજબૂત બનાવ્યું. એટલે અલ-ફર્રાએ પોતે ગણિત કે ભૌતિકશાસ્ત્રની શોધ કરી નહોતી, પરંતુ જે ભાષામાં આખી ઈસ્લામી વૈજ્ઞાનિક સભ્યતા પોતાનું જ્ઞાન લખવાની હતી તે ભાષાના સંરક્ષણ અને વૈજ્ઞાનિક અભ્યાસમાં તેમનો મહત્ત્વનો હિસ્સો હતો. બાદના કુર્આનવિદો, ભાષાશાસ્ત્રીઓ અને મુફસ્સિરો દ્વારા તેમની કૃતિઓનો ઉપયોગ થતો રહ્યો. આધુનિક Encyclopaedia of Islamમાં પણ અલ-ફર્રાને પ્રારંભિક અરબી ભાષાશાસ્ત્રના મહત્ત્વના કૂફી વિદ્વાન તરીકે સ્વતંત્ર પ્રવેશ આપવામાં આવ્યો છે, જે તેમની લાંબા ગાળાની શૈક્ષણિક મહત્તાને દર્શાવે છે.

અલ-ફર્રાનો પ્રભાવ માત્ર ધાર્મિક ક્ષેત્ર સુધી મર્યાદિત રહ્યો નહોતો. કૂફાની વ્યાકરણ-પરંપરાના નેતા તરીકે તેમણે બસ્રાની પરંપરા સાથે ચાલતી લાંબી બૌદ્ધિક ચર્ચાને નવી ઊંડાઈ આપી. તેના કારણે અરબી વ્યાકરણ વધુ સમૃદ્ધ બન્યું.

તેમની પદ્ધતિની એક ખાસિયત એ હતી કે તેઓ શાસ્ત્રીય કાવ્યની સાથે સામાન્ય બોલચાલ અને પ્રાદેશિક બોલીઓના પુરાવાઓને પણ વ્યાકરણિક દલીલ માટે સ્વીકારતા હતા. તેના કારણે અરબી ભાષાના અભ્યાસનું ક્ષેત્ર વધુ વિસ્તર્યું

આ રીતે અલ-ફર્રાનું કાર્ય આગળ જઈને અરબી શબ્દકોશોની રચના, સાહિત્યિક વિવેચન અને ભાષા-શિક્ષણની સમગ્ર પરંપરામાં સમાઈ ગયું. આ એવો વારસો હતો, જેણે અબ્બાસી યુગના જ્ઞાનવિસ્ફોટ દરમિયાન ભાષાવિજ્ઞાનને એક સ્વતંત્ર જ્ઞાનશાખા તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી.

**અંતિમ દિવસો અને અવસાન**

અલ-ફર્રાનું અવસાન ૨૦૭ હિજરી (૮૨૨-૮૨૩ ઈસવી)માં થયું. ત્યારે તેમની ઉંમર લગભગ ૬૩ વર્ષની હતી. પરંપરાગત જીવનચરિત્રકારોના જણાવ્યા મુજબ તેમના જીવનના અંતિમ દિવસો ખલીફા અલ-મામૂનની સેવા અને મુસાફરી સાથે જોડાયેલા હતા. આથી જણાય છે કે જીવનના અંત સુધી તેઓ રાજકીય અને વિદ્વત્તાપૂર્ણ જવાબદારીઓમાં સક્રિય રહ્યા હતા.

**ઉપસંહાર**


અલ-ફર્રાનું જીવન એનું ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે બિન-અરબ મૂળના એક વિદ્વાને અરબી ભાષા અને કુર્આનના અભ્યાસને નવી ઊંચાઈ આપી. "મઆની અલ-કુર્આન" જેવી તેમની કૃતિ આજે પણ વિદ્વાનોમાં વાંચવામાં અને ઉલ્લેખવામાં આવે છે. કૂફાની વ્યાકરણ-પરંપરાનો જે પાયો તેમણે મજબૂત કર્યો, તેણે આગળ અનેક સદીઓ સુધી અરબી ભાષાવિજ્ઞાનની દિશાને અસર કરી. તેમનો વારસો આપણને યાદ અપાવે છે કે ભાષાની ઊંડી સમજ અને ધાર્મિક જ્ઞાનની સેવા એકબીજાથી અલગ બાબતો નથી પરંતુ એકબીજાને વધુ સમૃદ્ધ બનાવતી પરંપરાઓ છે.

Email. :-msaeed181@gmail.com (મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

# શું 'લો વિઝન' (ઓછી દૃષ્ટિ)ને અટકાવી કે ધીમી પાડી શકાય? આંખના નિષ્ણાતો આપી રહ્યા છે મહત્ત્વપૂર્ણ માહિતી

**ઓપ્થેલ્મોલોજિસ્ટ્સ (આંખના ડોકટરો) સમજાવે છે કે શું ઓછી દૃષ્ટિને રોકી કે ધીમી કરી શકાય છે અને સાથે જ નિયમિત ચેક-અપ, ડાયાબિટીસનું નિયંત્રણ, સ્ક્રીન હાઈજીન અને રક્ષણાત્મક ચશ્માના મહત્ત્વ પર પ્રકાશ પાડે છે**

## હેલ્થ બુલેટીન



'લો વિઝન' (દૃષ્ટિ ઓછી થવી)ને ઘણીવાર ઉંમર વધવાની એક અવિભાજ્ય પ્રક્રિયા માની લેવામાં આવે છે, જેને લોકોએ સ્વીકારી જ લેવી પડે છે. જોકે, નેત્ર ચિકિત્સકો ભારપૂર્વક જણાવે છે કે દૃષ્ટિ ગુમાવવાની દરેક સ્થિતિને રોકી શકાતી નથી, પરંતુ સમયસર સારવાર અને યોગ્ય જીવનશૈલીથી તેને ધીમી, નિયંત્રિત અને ઘણી હદ સુધી સુધારી શકાય છે.

ગ્વાલિયરની રતન જ્યોતિ નેત્રાલયના સ્થાપક અને ડાયરેક્ટર ડૉ. પુરેન્દ્ર ભસીનના જણાવ્યા અનુસાર, લો વિઝનને હંમેશા સંપૂર્ણપણે અટકાવી શકાતી નથી, ખાસ કરીને જ્યારે તે જિનેટિક (આનુવંશિક) પરિસ્થિતિઓ અથવા ઉંમર સંબંધિત આંખના રોગો સાથે જોડાયેલી હોય. જોકે, વહેલી નિદાન અને યોગ્ય સંભાળ દ્વારા તેની ગંભીરતા વધવાની ઝડપ ચોક્કસપણે ધીમી કરી શકાય છે.

ડૉ. ભસીન સમજાવે છે, "ગ્લુકોમા (કાચબિંદુ), ડાયાબિટીક રેટિનોપેથી અને મેક્યુલર ડિજનરેશન જેવી સ્થિતિઓની વહેલી ઓળખ માટે નિયમિત આઈ ચેક-અપ ખૂબ જરૂરી છે." આમાંના ઘણા રોગોમાં આંખને નુકસાન ધીમે ધીમે અને કોઈ પણ લક્ષણો વગર થાય છે. વહેલું નિદાન અને સમયસર સારવાર બાકી રહેલી દૃષ્ટિને બચાવવામાં અને વધુ નુકસાન અટકાવવામાં મદદ કરી શકે છે.

આ વાતને સમર્થન આપતા પુણેની વેન્સર હોસ્પિટલના કન્સલ્ટન્ટ ઓપ્થેલ્મોલોજિસ્ટ અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. શારૂન શિતોલે દૃષ્ટિમાં આવતા ફેરફારોને માત્ર 'વૃદ્ધાવસ્થાની અસર' ગણાવીને અણદેખા ન કરવાની સલાહ આપે છે. તેઓ કહે છે, "આપણે અવારનવાર ઓછી દૃષ્ટિને વધતી ઉંમરનો એક સહજ ભાગ માની લઈએ છીએ. પરંતુ સૌથી સરળ અને અસરકારક ઉપાય એ છે કે તમે સારી રીતે જોઈ શકતા હોવ તો પણ નિયમિતપણે તમારી આંખોની તપાસ કરાવો."

તેઓ ગ્લુકોમાનું ઉત્તમ ઉદાહરણ આપે છે, જે કોઈ પણ દુખાવા કે સ્પષ્ટ લક્ષણો વિના આંખની નસ (ઓપ્ટિક નવ)ને નુકસાન પહોંચાડી શકે છે. જ્યારે દૃષ્ટિમાં ફેરફાર અનુભવાય, ત્યાં સુધીમાં ઘણું મોટું નુકસાન થઈ ચૂક્યું હોય છે. આથી, ડૉ. શિતોલે ૪૦ વર્ષની ઉંમર પછી, ખાસ કરીને ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, માયોપિયા (નજીકની દૃષ્ટિની ખામી), વધુ પડતો સ્ક્રીન ટાઈમ અથવા ગ્લુકોમાનો વારસાગત ઈતિહાસ ધરાવતા લોકોને નિયમિત આંખની તપાસ કરાવવાની સખત ભલામણ કરે છે.

ક્લિનિકલ સ્ક્રીનિંગ ઉપરાંત, બંને નિષ્ણાતો દૃષ્ટિના રક્ષણ માટે રોજિંદી ટેવોના મહત્વ પર ભાર મૂકે છે. ડૉ. ભસીન નોંધે છે કે ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવી લાંબા ગાળાની બીમારીઓને નિયંત્રણમાં રાખવી ખૂબ જરૂરી છે, કારણ કે આ બંને રેટિના (આંખના પડદા)ની રક્તવાહિનીઓના સ્વાસ્થ્યને સીધી અસર કરે છે. તેઓ વધુ પડતા સ્ક્રીન સમયને ઘટાડવાની, વાંચતી વખતે યોગ્ય પ્રકાશ રાખવાની અને બહાર જતી વખતે યુવી (UV) પ્રોટેક્ટીવ સનગ્લાસ પહેરવાની સલાહ આપે છે.

પોષણ પણ મહત્વની ભૂમિકા ભજવે છે. એન્ટીઑક્સિડન્ટ્સ, ઓમેગા-૩ ફેટી એસિડ્સ અને આવશ્યક વિટામિન્સથી ભરપૂર આહાર રેટિનાના સ્વાસ્થ્યને ટેકો આપે છે અને દૃષ્ટિમાં થતા ઘટાડાને ધીમો કરી શકે છે. લીલા શાકભાજી, ફેટી ફિશ, ડ્રાયફ્રૂટ્સ અને રંગબેરંગી ફળો રક્ષણાત્મક પોષક તત્વો પૂરા પાડે છે જે સમય જતાં આંખના ટીશ્યુને મજબૂત બનાવે છે.

ડૉ. શિતોલે ઉમેરે છે કે આંખના નાના લક્ષણોને પણ ક્યારેય અવગણવા જોઈએ નહીં. આજના ડિજિટલ યુગમાં ડ્રાય આઈ (આંખો સુકાઈ જવી) અને ડિજિટલ આઈ સ્ટ્રેન ખૂબ સામાન્ય બની ગયા છે. બળતરા થવી, આંખમાં કચરો ખૂંચવો, વધુ પડતું પાણી આવવું, દૃષ્ટિમાં સતત ઉતાર-ચઢાવ આવવો કે આંખો થાકી જવી એ સંકેત છે કે તમારી આંખોને સંભાળની જરૂર છે.

મહત્વની વાત એ છે કે, દૃષ્ટિમાં ધીમે ધીમે આવતો ઘટાડો, વાંચવામાં ઝાંખપ, રાત્રે જોવામાં તકલીફ, તીવ્ર પ્રકાશથી અંજાઈ જવું કે અવારનવાર આંખો ખેંચાવી - આ બધું સામાન્ય ઉંમર વધવાના લક્ષણો માનીને છોડી દેવું જોઈએ નહીં. યોગ્ય સમયે તબીબી સલાહ મોટો તફાવત લાવી શકે છે.

જ્યારે દૃષ્ટિનું નુકસાન સંપૂર્ણપણે ઠીક થઈ શકે તેમ ન હોય, ત્યારે પણ 'વિઝન રિહેબિલિટેશન' અને 'લો-વિઝન એઈડ્સ' (મદદગાર સાધનો) લોકોને આત્મનિર્ભર રહેવામાં મદદ કરી શકે છે. આધુનિક આસિસ્ટિવ ટૂલ્સ અને મેગ્નિફિકેશન ડિવાઈસ દર્દીઓને આત્મવિશ્વાસ સાથે દૈનિક કાર્યો ચાલુ રાખવા સક્ષમ બનાવે છે.


બંને નિષ્ણાતોનો સંદેશ સ્પષ્ટ છે: લો વિઝનને કદાચ સંપૂર્ણપણે અટકાવી ન શકાય, પરંતુ તેને અસહાય છોડી દેવાની જરૂર નથી. નિયમિત તપાસ, શિસ્તબદ્ધ જીવનશૈલી અને સમયસર સારવાર એ લાંબા સમય સુધી દૃષ્ટિને જાળવી રાખવાનો સાચો પાયો છે. (સૌ. : ન્યૂઝ૧૮.કોમ)

# અમ્માર મોસૂલી

(મૃ. ઈ.સ. ૧૦૦૫)

**Ammar Ibn Ali Al-Mosuli**

**આંખોના રોગોનો નિષ્ણાત**




તેમનું આખું નામ અબૂલ કાસિમ અમ્માર બિન અલી મોસૂલી છે, પરંતુ તેઓ યુરોપમાં કેના મુસલી (**Cana Musali**)ના નામથી મશહૂર છે, જે અબૂલ કાસિમનું અપ્રભંશ થયેલું રૂપ છે. તે ઈરાકના મોસૂલ શહેરના વતની હતા. તેમણે પોતાના જીવનનો મોટો ભાગ મિસર (ઈજીપ્ત)ના પ્રસિદ્ધ શિક્ષણપ્રેમી કાઝમી હાકેમની રાજધાનીમાં વિતાવ્યો.

અબૂલ કાસિમ અમ્માર મોસૂલી આંખોના સર્જન હતા અને આંખના ઈલાજ માટે, વિશેષતા : મોતિયાના ઓપરેશન પર તેમના સંશોધનો ખૂબ મહત્ત્વના છે. અબૂલ કાસિમ અમ્માર મોસૂલીએ આ વિષય પર એક પુસ્તક પણ લખ્યું છે, જેનું નામ 'કિતાબુલ મુન્તખબ ફિ ઈલાજુલ ઐન' (Book of Choices in the Treatment of Eye Diseases) છે. આમાં આંખોની તમામ બિમારીઓનું વર્ણન છે અને તેના ઈલાજની રીતો અને દવાઓના નુસખાઓનો પણ ઉલ્લેખ છે.

આ પુસ્તકનો તે હિસ્સો વિશેષત : ખૂબ મહત્ત્વનો છે, જેમાં આંખોના ઓપરેશન પર વિગતવાર ચર્ચા કરવામાં આવી છે અને મોતિયાના ઓપરેશનની છ વિભિન્ન રીતો લખવામાં આવી છે.

તેરમી સદીમાં આ પુસ્તકનો ઈબ્રાની ભાષામાં અનુવાદ થયો હતો, જેના દ્વારા પશ્ચિમી બુદ્ધિજીવીઓ આ પુસ્તકથી પરિચિત થયા. ઈ.સ.૧૯૦૫માં આ પુસ્તક મૂળ અરબી લિપિ અને જર્મન અનુવાદ સાથે જર્મનીના શહેર Hirschbergમાં છાપવામાં આવ્યું અને આખા યુરોપમાં તેને ખ્યાતિ મળી.

- મૌલાના સિરાજુદ્દીન નદવી

(સૌ : મુસ્લિમ વૈજ્ઞાનિકો શોધ અને સેવાઓ પુસ્તકમાંથી સાભાર)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# ગુજરાતમાં શાહી મુઘલ ફરમાન

**(મુઘલ સમ્રાટો દ્વારા મુખ્યત્વે અમદાવાદના શાંતિદાસ જવાહરીના પક્ષમાં જારી કરાયેલા ફરમાન)**

ભાગ ૪

૧. આ પદવી શાસક સત્તા દ્વારા સતાવાર રીતે આપવામાં આવી હોય તેના કરતાં લોકપ્રચલિત મૂળ ધરાવતી હોય તેમ જણાય છે.

૨. 'માય સ્ટડીઝ ઈન ધ હિસ્ટ્રી ઓફ ગુજરાત' (લોંગમેન્સ), પૃ. ૫૩.

અમદાવાદના ક્રમિક નગરશેઠો - જેઓ આ પરિવારના વર્તમાન વારસદારો છે - તેમના જૂના કૌટુંબિક દસ્તાવેજોના વિશાળ સંગ્રહમાંથી છેલ્લા દસ વર્ષ દરમિયાન મારા દ્વારા મોટી સંખ્યામાં દસ્તાવેજો શોધી કાઢવામાં આવ્યા છે; અને આ કાર્ય આ શહેરના શ્રી કસ્તુરભાઈ મણિભાઈ નગરશેઠ તથા તેમના પુત્ર અરુણના સૌજન્યથી શક્ય બન્યું છે. તે જ પરિવારના અન્ય એક સભ્ય, સારાભાઈ ભોગીલાલ શેઠ - જેઓ એચ. જી. બ્રિગ્સે તેમના પુસ્તક 'સિટીઝ ઓફ ગુજરાત'માં શેઠ ફૂલશા દીપચાના વંશજ છે - તેમણે પણ પોતાની પાસે રહેલા નોંધપાત્ર સંખ્યામાં 'ફરમાનો' (શાહી આદેશો) ખૂબ જ ઉદારતાપૂર્વક (કાંતિ શાહ મારફતે) મારા ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવ્યા છે. આ લેખમાં રજૂ કરાયેલા ત્રણ ફરમાનોની મૂળ નકલો અમદાવાદની 'શેઠ આનંદજી કલ્યાણજી' પેઢીના કબજામાં છે. આ સંસ્થાના વર્તમાન પ્રમુખ અને ઉત્તર ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈ - જેમણે આ દસ્તાવેજો મને ઉછીના આપ્યા હતા - તેઓ પણ નગરશેઠ પરિવારના જ સભ્ય છે. અતિશયોક્તિ વિના કહીએ તો, આજે ભારતમાં મુસ્લિમ કે હિન્દુ એવો કોઈ અન્ય પ્રાચીન કે ઉમરાવ પરિવાર ભાગ્યે જ હશે - જેના પૂર્વજોએ ૧૭મી સદીના રાજકીય ઈતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હોય - જે પોતાની પાસે તેટલા શાહી અનુદાન-પત્રો (ફરમાનો) ધરાવવાનો દાવો કરી શકે, જેટલા મારા દ્વારા અમદાવાદના આ પ્રખ્યાત અને ઐતિહાસિક જૈન પરિવારના કબજામાંથી મળી આવ્યા છે. આગળ વધતા પહેલાં, આપણે ફારસી સ્ત્રોતો પર આધારિત મુઘલ ફરમાનોના વિષય વિશે સામાન્ય માહિતી મેળવી શકીએ. અકબરના શાસનકાળના પ્રખ્યાત ઈતિહાસકાર અબુલ ફઝલે તેમના ગ્રંથ 'આઈન-એ-અકબરી'માં શાહી ફરમાનોના મુસદ્દા તૈયાર કરવાની અને તે બહાર પાડવાની પ્રક્રિયાનું વિસ્તૃત - (જોકે અમુક અંશે અત્યંત તકનીકી) - વર્ણન આપ્યું છે; જેમાં તેમણે તે વિવિધ વિભાગોનો ઉલ્લેખ કર્યો છે જેમાંથી આ દસ્તાવેજો અંતિમ તબક્કે પહોંચતા પહેલાં પસાર થતા હતા. આધુનિક લેખકોના સંશોધનોએ પછીના શાસનકાળને લગતા ઐતિહાસિક ગ્રંથોમાંથી મેળવેલી કેટલીક વધારાની વિગતો આ વર્ણનમાં ઉમેરી છે. જોકે, આ વિષયને લગતી ઘણી બાબતો એવી છે જે હજુ પણ આપણા માટે અસ્પષ્ટ છે.

૧. બ્લોકમેનનું 'આઈન-એ-અકબરી'

૨. 'આઈન' અને અન્ય કૃતિઓ પર આધારિત અત્યાર સુધીનું શ્રેષ્ઠ વિવરણ ઈબ્ન હસનના પુસ્તક 'ધ સેન્ટ્રલ સ્ટ્રક્ચર ઓફ ધ મોગલ એમ્પાયર' (૧૯૩૬), પૃષ્ઠ ૯૩-૧૦૬માં જોવા મળે છે.

(વાકિયા-નવીસ) - જેમાંથી બે દરરોજ દરબારમાં ફરજ બજાવતા હતા - તેઓ સમ્રાટ દ્વારા આપવામાં આવેલા તમામ આદેશો તેમજ તેમની વિવિધ પ્રવૃત્તિઓ અને તેમના દ્વારા કરવામાં આવતા નિત્ય કાર્યોની નોંધ એક ડાયરીમાં કરતા હતા. આ ડાયરીનું નિરીક્ષણ અને તેમાં સુધારા-વધારા દરબાર સાથે સંકળાયેલા ઉચ્ચ દરબારીઓમાંથી કોઈ એક દ્વારા કરવામાં આવતા અને ત્યારબાદ તેને સમ્રાટ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવતી. ત્યારબાદ, ડાયરીમાં નોંધાયેલા દરેક આદેશ અને અહેવાલ માટે કારકુનો દ્વારા એક નકલ તૈયાર કરવામાં આવતી; તેના પર 'પરવાંચી' અને 'મીર-એ-અર્ઝ'ની સહી લેવામાં આવતી અને તેને 'યાદ-દાશ્ત' અથવા 'મેમોરેન્ડમ' કહેવામાં આવતું. આ મેમોરેન્ડમને પછી એક કાર્યાલયમાં મોકલવામાં આવતું જ્યાં તેની વિગતોનો સારાંશ સારી અને સ્પષ્ટ શૈલીમાં તૈયાર કરવામાં આવતો. આ સંક્ષિપ્ત દસ્તાવેજને 'તાલીકા' કહેવામાં આવતું; તેના પર વિવિધ અધિકારીઓની સહી અને મહોર લગાવવામાં આવતી અને તેને આગળ મોકલવામાં આવતું, જ્યારે મૂળ 'યાદ-દાશ્ત' તે કાર્યાલયમાં રાખવામાં આવતું. આમ, આદેશોના વિષયવસ્તુ અનુસાર વિવિધ વિભાગો અને અધિકારીઓ મારફતે આ પ્રક્રિયા ચાલતી રહેતી, જ્યાં સુધી 'ફરમાન' બહાર પાડવાના અંતિમ તબક્કા સુધી ન પહોંચી જાય.

અબુલ ફઝલ 'ફરમાન-એ-સબ્તી' અને 'ફરમાન-એ-બયાઝી' વચ્ચે તફાવત સ્પષ્ટ કરે છે.

'ફરમાન-એ-સબ્તી' અને 'બયાઝી': પ્રથમ પ્રકારનું ફરમાન (સબ્તી) ખૂબ જ વ્યાપક શ્રેણીના હેતુઓ માટે બહાર પાડવામાં આવતું હતું, જેમ કે મનસબ પર નિમણૂકો અને રાજ્યના તમામ સર્વોચ્ચ હોદ્દાઓ પર નિમણૂકો માટે; તેમજ જેવી ગ્રાન્ટ્સ (અનુદાન) આપવા માટે જે તુર્કી ભાષામાં 'સયુરઘાલ' અને અરબી ભાષામાં 'મદદ-એ-માઆશ' કહેવામાં આવતું - એટલે કે પરોપકારી હેતુઓ માટે અથવા જીવનનિર્વાહ ભથ્થા તરીકે આપવામાં આવતી જમીનની ગ્રાન્ટ્સ. 'બયાઝી' ફરમાન તાકીદની અને ગુપ્ત બાબતોને લગતું હતું જેમાં જરા પણ વિલંબ થઈ શકે તેમ નહોતો. આવા ફરમાનને વાળીને તેની બંને કિનારીઓ એકબીજા સાથે જોડવામાં આવતી, તેના પર કાગળની એક ગાંઠ મુકવામાં આવતી અને તેને એવી રીતે સીલ કરવામાં આવતું કે જેથી તેની અંદરની વિગત જોઈ ન શકાય. આ રીતે સીલ કર્યા પછી, ફરમાનને સોનેરી કવરમાં મૂકવામાં આવતું અને તેના સ્વરૂપ તથા મહત્ત્વને અનુરૂપ કોઈ મનસબદાર અથવા અહદી (સામાન્ય પાયદળ સૈનિક) દ્વારા સંબંધિત વ્યક્તિ કે અધિકારીને મોકલવામાં આવતું. અબુલ ફઝલ જણાવે છે કે, 'જ્યારે કોઈ અધિકારીને આવું ફરમાન પ્રાપ્ત થાય છે, ત્યારે તે તેને લેવા માટે યોગ્ય અંતર સુધી સામે જાય છે, આદર-સન્માનની વિવિધ ક્રિયાઓ કરે છે, તેને પોતાના માથા પર ધારણ કરે છે, સિજદા (અભિવાદનરૂપે સાષ્ટાંગ પ્રણામ) કરે છે અને સંદેશવાહકને યોગ્ય પુરસ્કાર આપે છે.'

૧. આમાં વકીલનું પદ, વિઝારત, સદારત, બક્ષી, પ્રાંતીય ગવર્નરો અને સેનાપતિઓના હોદ્દા, રાજકુમારોના શિક્ષકનું પદ વગેરેનો સમાવેશ થતો હતો (બ્લોચમેન, ૧, ૨૬૦-૨૬૧).

તેની પરિસ્થિતિ અથવા તેના પર કરવામાં આવેલી કૃપા. સામ્રાજ્યના ઘણા મુખ્ય શહેરોમાં 'ફરમાન-બારી' નામનું એક વિશેષ સ્થળ હતું, જે શહેરથી થોડાક માઈલ દૂર આવેલું હતું. ત્યાં તે સ્થળના ગવર્નરો અને અન્ય અધિકારીઓ શાહી દસ્તાવેજનું યોગ્ય સન્માન સાથે સ્વાગત કરવા માટે જતા હતા; આ દસ્તાવેજના આગમનની તેમને અગાઉથી જાણ કરવામાં આવતી હતી.

'આઈન' (આઈન-એ-અકબરી)માં અકબરના સમયમાં વિવિધ પ્રકારના દસ્તાવેજો માટે વપરાતી અનેક મુદ્રાઓનો ઉલ્લેખ છે. તેમાંથી બે સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્રાઓ આ મુજબ હતી:

શાહી મુદ્રાઓ વિશે અબુલ ફઝલ: (૧) નાની ગોળાકાર શાહી મુદ્રા, જે ચગતાઈ નામ 'ઉઝુક' તરીકે ઓળખાતી હતી અને તેનો ઉપયોગ 'ફરમાન-એ-સબ્તી' માટે થતો હતો; અને (૨) મોટી ગોળાકાર મુદ્રા, જેમાં વર્તુળોમાં સમ્રાટ અને તેમના પૂર્વજોના નામ અમીર તૈમૂર સુધી કોતરેલા હતા. આ મોટી મુદ્રાનો ઉપયોગ શરૂઆતમાં માત્ર વિદેશી રાજાઓને મોકલવામાં આવતા પત્રો માટે થતો હતો, પરંતુ પાછળથી તેનો ઉપયોગ તમામ કાર્યો માટે થવા લાગ્યો. અન્ય દસ્તાવેજો માટે ચોરસ મુદ્રાનો ઉપયોગ થતો હતો, જ્યારે અંત:પુર (હરમ)ને લગતી બાબતો માટે એક વિશિષ્ટ પ્રકારની મુદ્રાનો ઉપયોગ થતો હતો. 'ઉઝુક' મુદ્રા સામાન્ય રીતે શાહી મહિલાઓ અથવા કોઈ અત્યંત ઉચ્ચ હોદ્દો ધરાવતા અને વિશ્વાસુ વ્યક્તિની દેખરેખ હેઠળ રાખવામાં આવતી હોય તેમ જણાય છે. ફાધર મોન્સેરાટ, જેમણે અકબરના દરબારમાં બે વર્ષ વિતાવ્યા હતા, તેઓ જણાવે છે કે વઝીર પાસેથી ફરમાનો રાણીઓમાંથી કોઈ એક દ્વારા પ્રાપ્ત કરવામાં આવતા હતા, 'જેમની પાસે શાહી અંગૂઠી અને રાજ્યની મહાન મુદ્રા રહેતી હતી'. અહીં અંગૂઠીનો સંદર્ભ સ્પષ્ટપણે 'ઉઝુક' મુદ્રા તરફ છે, જ્યારે મહાન મુદ્રા એ છે જેને અબુલ ફઝલે 'મુહર-એ-મુકદ્દસ-એ-કલન' ('મહાન અને પવિત્ર મુદ્રા') તરીકે વર્ણવી છે. અકબરના શાસનકાળના અંતિમ તબક્કામાં, જ્યારે શાસનના ૪૭મા વર્ષમાં ખાન-એ-આઝમ મિર્ઝા અઝીઝ કોકાની સામ્રાજ્યના 'વકીલ' તરીકે નિમણૂક કરવામાં આવી, ત્યારે તેમને આ મહાન મુદ્રાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. સમ્રાટ જહાંગીરે તેમના 'તુઝુક' (આત્મકથા)માં 'મારી પોતાની ઉઝુક મુદ્રા'નો ઉલ્લેખ કર્યો છે, જે તેમના શાસનના પ્રથમ વર્ષમાં 'અમીર-ઉલ-ઉમરા'ને સોંપવામાં આવી હતી. શાહજહાંના શાસનકાળ દરમિયાન, આ મુદ્રા-અંગૂઠી વારાફરતી મુમતાઝ મહેલ અને તેમના પિતા તથા સામ્રાજ્યના વડાપ્રધાન આસફ ખાનની દેખરેખ હેઠળ રહેતી હતી. અબુલ ફઝલ જણાવે છે કે અકબરના શાસનની શરૂઆતમાં, હેરાતના મુદ્રા-કોતરનાર મૌલાના મકસૂદે સ્ટીલની સપાટી પર ગોળાકાર આકારમાં 'રીગ' લિપિમાં સમ્રાટ અને તૈમૂર સુધીના તેમના પ્રતાપી પૂર્વજોના નામ કોતર્યા હતા.

તે મુદ્રા તેમની પ્રિય પુત્રી 'બેગમ સાહેબ'ને સોંપવામાં આવી હતી અને ફરમાનો (શાહી આદેશો) પર મહોર મારવાની જવાબદારી તેમની હતી. આમ, 'ઉઝુક' મુદ્રા સામાન્ય રીતે મહેલના મહિલા વિભાગમાં રહેતી હતી. સૌથી ઉચ્ચ શ્રેણીના ફરમાનો - એટલે કે, સમ્રાટના અંગત પરિચયવાળા વ્યક્તિઓને અથવા શાસક રાજકુમારો અને સામંતોને જારી કરાયેલા ફરમાનો - તૈયાર કરતી વખતે, આપણે વિકસાવવા ક્રમમાં વિશેષતાના ત્રણ ચિહ્નો જોઈએ છીએ. આ ચિહ્નો તે સન્માનની માત્રા સૂચવે છે જે સમ્રાટ તે પક્ષને આપવા માંગતા હતા જેને ફરમાન મોકલવામાં આવતું હતું. પ્રથમ બાબત એ છે કે, મુદ્રા ઉપરાંત શાહી હસ્તાક્ષર પણ કરવામાં આવતા હતા. ત્યારબાદ, સમ્રાટના હસ્તાક્ષરની ટોચ પર એક-બે લીટીઓ ઉમેરવામાં આવતી અથવા સમગ્ર દસ્તાવેજ સ્વયં સમ્રાટ દ્વારા લખવામાં આવતો હતો. આ લેખમાં દર્શાવવામાં આવેલા બે ફરમાનોમાં, આપણે મુદ્રાની નજીક કેટલીક નોંધો લખેલી જોઈએ છીએ; સંભવતઃ આ નોંધો સ્વયં સમ્રાટના અથવા તે રાજકુમારના હસ્તાક્ષરમાં છે જેના નામે ફરમાનો જારી કરવામાં આવ્યા હતા. વિશેષતાનું ત્રીજું ચિહ્ન અત્યંત અપવાદરૂપ કિસ્સાઓમાં ફરમાન પર શાહી હસ્તછાપ ('પંજા-એ-મુબારક') અંકિત કરવાનું હતું, જેમ અધિકૃત મુદ્રા તેના યોગ્ય સ્થાને યથાવત રહેતી હતી. જહાંગીર 'તુઝુક'માં નોંધે છે કે તેમના શાસનના નવમા વર્ષમાં, રાજકુમાર ખુર્રમ સામેની હાર બાદ સ્વીકારેલી સંધિના દસ્તાવેજ પર ઉદયપુરના રાણાએ શાહી 'પંજા' (હથેળીની છાપ)ની માંગણી કરી હતી અને આ શરત સ્વીકારવામાં આવી હતી. આ સંશોધન-ગ્રંથના અંતે આપેલી છેલ્લી ત્રણ તકતીઓ (ક્રમાંક XXII થી XXIV)માં, ફરમાનોના આ સંગ્રહમાંથી પસંદ કરાયેલી નવ પ્રતિનિધિરૂપ શાહી મુદ્રાઓની પ્રતિકૃતિઓ જોવા મળશે. તેમાંથી ત્રણ મુદ્રાઓ જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબની સુંદર 'વંશાવળી-દર્શક' મુદ્રાઓ છે; જેમાં અંદરના વર્તુળમાં શાસક સમ્રાટનું નામ અને તેની આસપાસના નાના વર્તુળોમાં અમીર તૈમૂર સુધીના તેમના પૂર્વજોના નામ અંકિત થયેલાં છે. અબુલ ફઝલે આપણને જણાવ્યું છે તેમ, આ વિશિષ્ટ પ્રકારની મોટી ગોળાકાર મુદ્રા સૌપ્રથમ અકબરના સમયમાં કોતરવામાં આવી હતી, અને એવું કહી શકાય કે કલા-કૌશલ્યની સુંદરતા તેમજ તેમાં અંકિત લખાણમાં આપવામાં આવેલી વિગતોની દૃષ્ટિએ આ મુદ્રાઓ ભવ્ય હતી.


**લેખક ખાન બહાદુર એમ.એસ. કમિશનરિયેટ**
**એમ.એ., આઈ.ઈ.એસ. (નિવૃત્ત)**
**હઝરત પીરમોહમ્મદ શાહ લાઈબ્રેરી અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ**
**(સૌ : 'ઈમ્પીરિયલ મુઘલ ફરમાન્સ ઈન ગુજરાત' પુસ્તકમાથી સાભાર)**
**(ક્રમશ : )**

# "મુગલ સમ્રાટોની આત્મકથાઓ એ સમયના દરબારી રાજકારણ, સામાજિક વ્યવસ્થા અને સાંસ્કૃતિક બદલાવોને નજીકથી જાણવાની એક તક પૂરી પાડે છે" : ઈતિહાસકાર રોમિલા થાપર

રવિવારની સાંજે 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર' ખાતે તેમના સંસ્મરણ ગ્રંથ 'Just Being : A Memoir'ના લોકાર્પણ સમારોહમાં બોલતા પ્રખ્યાત ઈતિહાસકાર રોમિલા થાપરે મુઘલ સમયગાળા સાથે જોડાયેલા સંસ્મરણો અને જીવનચરિત્રોની સમૃદ્ધ પરંપરા તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે આ ગ્રંથોને શાસકો જે રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણમાં જીવતા હતા તેને સમજવા માટેના મહત્ત્વપૂર્ણ સ્ત્રોત તરીકે વર્ણવ્યા હતા. પોતાના સંસ્મરણો વિશે વિસ્તૃત વાત કરવાને બદલે, થાપરે આ પ્રસંગનો ઉપયોગ લેખનની એક શૈલી તરીકે સંસ્મરણો અને ઈતિહાસકારો માટે તેના મહત્ત્વ વિશે ચર્ચા કરવા માટે કર્યો હતો. તેમણે સમજાવ્યું કે સંસ્મરણો અને જીવનચરિત્રો માત્ર વ્યક્તિગત જીવનના અહેવાલો કરતાં ઘણું વધારે પ્રદાન કરે છે. લેખકો તેમના સમાજ, રાજકીય પરિસ્થિતિ અને જે લોકો સાથે તેઓ સંપર્કમાં આવ્યા હતા તેમને કેવી રીતે જોતા હતા, તે પણ પ્રગટ કરે છે. આ સંદર્ભમાં ઈતિહાસકાર થાપરે મુગલ કાળ દરમિયાન મુગલ શાસકો અને શાહી દરબારના સભ્યો સાથે જોડાયેલા અને રચાયેલા લખાણો પર વિશેષ ધ્યાન દોર્યું હતુ. તેમણે જણાવ્યું હતું કે આ લખાણો ઐતિહાસિક અને સાહિત્યિક અભિવ્યક્તિનું એક જીવંત સ્વરૂપ હતા અને તે મુગલ ઉચ્ચ વર્ગના જાહેર તેમજ અંગત બંને જીવન વિશે અર્થસભર માહિતી પૂરી પાડતા હતા.

તેમણે બાબરના સંસ્મરણોને સૌથી નોંધપાત્ર ઉદાહરણોમાંના એક તરીકે દર્શાવ્યા હતા. બાબરે ફરગાના અને કાબુલના પોતાના અનુભવો તેમજ ઉત્તર-પશ્ચિમ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના સરહદી વિસ્તારમાં સામ્રાજ્ય સ્થાપવા માટેના પોતાના યુદ્ધો અને પ્રયત્નોની નોંધ રાખી હતી. થાપરના જણાવ્યા અનુસાર, બાબરની લેખન શૈલી નોંધપાત્ર રીતે સહજ અને અનૌપચારિક હતી, જેમાં મુખ્ય રાજકીય અને લશ્કરી ઘટનાઓના વર્ણનની વચ્ચે-વચ્ચે રોજિંદા જીવનના અવલોકનો પણ વણાયેલા હતા. તેમણે નોંધ્યું કે, બાબરના સંસ્મરણોને ખાસ કરીને આકર્ષક બનાવતી લાક્ષણિકતાઓમાંથી એક એ છે કે, તેમાં યુદ્ધ અને રાજ્ય-નિર્માણના ગંભીર અહેવાલોની સાથે સાથે સામાન્ય વ્યક્તિગત અવલોકનો પણ જોવા મળે છે. થાપરે સૂચવ્યું કે, આવી વિગતો આ સંસ્મરણોને માત્ર યુદ્ધો અને રાજકીય સિદ્ધિઓના રેકોર્ડ કરતાં કંઈક વિશેષ બનાવે છે. તે શાસકના પોતાના વ્યક્તિત્વ અને તેની પસંદ-નાપસંદની ઝલક પૂરી પાડે છે. બાબબરના વૃત્તાંત બાબરનામા કરતાં અલગ એવા હુમાયુ સાથે જોડાયેલા સંસ્મરણો વિશે પણ થાપરે ચર્ચા કરી હતી. જે તેની બહેન ગુલબદન બેગમ દ્વારા લખવામાં આવ્યું હતું. તેમણે આ કાર્યને વધુ મજબૂત જીવનચરિત્રાત્મક લક્ષણો ધરાવતું ગણાવ્યું હતું, જેમાં મુગલ દરબારના જીવન વિશેની મૂલ્યવાન અવલોકનો પણ શામેલ છે.

થાપરના જણાવ્યા અનુસાર, આ સંસ્મરણો દરબારના જાહેર અને ખાનગી બંને પાસાઓની ઝાંખી કરાવે છે. તે દરબારની વધુ દૃશ્યમાન રાજકીય પ્રવૃત્તિઓની સાથે તેના પ્રમાણમાં 'ગુપ્ત' જીવનના પાસાઓને પણ અંકિત કરે છે. આ બાબત આવા લખાણોને તે ઈતિહાસકારો માટે ખાસ કરીને મૂલ્યવાન બનાવે છે જેઓ મુગલ દરબાર શાહી સત્તાના ઔપચારિક વર્ણનોથી પર રહીને કેવી રીતે કામ કરતો હતો તે સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે. થાપરે અબુલ ફઝલના 'અકબર નામા'નો પણ ઉલ્લેખ કર્યો હતો અને તેને જીવનચરિત્ર અને ઈતિહાસના એક અનોખા મિશ્રણ તરીકે વર્ણવ્યો હતો. આ કૃતિ સમ્રાટ અકબરની પ્રવૃત્તિઓનો વિગતવાર ઈતિહાસ આપે છે અને સાથે જ તેમના શાસનકાળની વ્યાપક ઐતિહાસિક પરિસ્થિતિઓનો અહેવાલ પણ પૂરો પાડે છે. તેમણે નોંધ્યું કે પછીના મુગલ શાસકોએ કાં તો પોતે પોતાના સંસ્મરણો લખ્યા હતા અથવા તેમના જીવનકાળની વિગતો અન્ય પાસે લખાવી હતી, જેના કારણે જહાંગીર અને શાહજહાં સાથે જોડાયેલા આવા ઐતિહાસિક પુસ્તકો તૈયાર થયા હતા. થાપરે જણાવ્યું હતું કે, આ લખાણોની સૌથી આકર્ષક વિશેષતાઓમાંની એક અકબરના સમયગાળા પહેલા અને તેમના શાસન દરમિયાન તેમજ તે પછીના ગાળામાં જોવા મળતો સાંસ્કૃતિક બદલાવ હતો. આ લખાણોમાં લેખક અને તેમની આસપાસના સાંસ્કૃતિક વાતાવરણ વચ્ચેની નોંધપાત્ર વાતચીત તેમજ તેમની આસપાસની દુનિયા વિશે જાણવાની વધતી જતી જિજ્ઞાસાની ભાવના સ્પષ્ટપણે દેખાતી હતી.



થાપરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ સાંસ્કૃતિક વાતચીતનું આદાનપ્રદાન એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે ઈતિહાસકારોએ તે સમયના વિશ્વને એ રીતે સમજવાની જરૂર છે જે રીતે તે ચોક્કસ સમયગાળામાં જીવતા લોકો દ્વારા જોવામાં આવતું હતું. તેમણે દલીલ કરી હતી કે, મુગલ લખાણો માત્ર શાસકો પોતાને કેવી રીતે જોતા હતા તેના જ પુરાવા નથી આપતા, પરંતુ તેઓ જેમની પર શાસન કરતા હતા તે લોકો અને જેમની સાથે તેઓ ખૂબ નજીકથી રહેતા હતા તેવા સમુદાયો સાથેના તેમના સંબંધોના પુરાવા પણ પૂરા પાડે છે. તેમણે સૂચવ્યું કે, આવા પરસ્પર વ્યવહારો બંને પક્ષોના જીવન અને સાંસ્કૃતિક પદ્ધતિઓના પાસાઓમાં પરિવર્તન લાવી શકે છે. તેથી, સંસ્મરણો અને આત્મકથાઓને માત્ર સામ્રાજ્યની સિદ્ધિઓના સત્તાવાર રેકોર્ડ તરીકે જ વાંચવા જોઈએ નહીં. તેમને વિવિધ જૂથો અને સંસ્કૃતિઓ વચ્ચેની મુલાકાતો અથવા સંપર્કોના અહેવાલો તરીકે પણ તપાસી શકાય છે. થાપરે મુગલ સ્ત્રીઓના લખાણોને ખાસ મહત્ત્વ આપીને જણાવ્યું કે કેટલીક સ્ત્રીઓના સંસ્મરણો અત્યંત રાજકીય હતા. તેમણે શાહજહાંની પુત્રી અને ઓરંગઝેબની બહેન જહાંઆરા બેગમનું ઉદાહરણ આપ્યું છે, જેમણે મુગલ દરબારના જીવન અને રાજકારણ વિશે લખાણ કર્યું હતું. તેમણે સૂચવ્યું કે, આવા લખાણોનું મહત્ત્વ સામાન્ય ચિંતાઓ અને રાજકીય અવલોકનોને એકસાથે લાવવાની તેમની શૈલીમાં રહેલું છે. સમાજ, દરબારની હસ્તીઓ અને રાજકીય વિકાસ પરના વિચારોની સાથે રોજબરોજના અનુભવો પણ તેમાં જોવા મળી શકે છે. રાજકીય પ્રવૃત્તિઓના વર્ણનને કારણે આ સંસ્મરણોને એક અલગ જ રાજકીય ધાર મળી, જેનાથી તેઓ ઈતિહાસની તે પળોને એવા દૃષ્ટિકોણથી રજૂ કરી શક્યા જે અન્યથા કદાચ વણપ્રતિનિધિત્વ પામેલા હોત. થાપરે કહ્યું કે આ લખાણો મુગલ કુલીન વર્ગની 'મિશ્ર ઓળખ' પણ દર્શાવે છે. રાજદરબાર કોઈ અલગ પડેલી કે રાજકીય સંસ્થા ન હતી; તે એક એવી જગ્યા હતી જ્યાં વિવિધ સાંસ્કૃતિક પ્રભાવો, સામાજિક સંબંધો અને રાજકીય હિતો એકત્ર થતા હતા. સ્મરણિકાઓ અને જીવનચરિત્રો આ આંતરક્રિયાઓનો પુરાવો પૂરો પાડે છે અને ઈતિહાસકારોને એ સમજવામાં મદદ કરે છે કે તે વાતાવરણમાં વ્યક્તિઓએ પોતાની ઓળખ કેવી રીતે ઘડી કે નક્કી કરી હતી. તેમની ચર્ચાએ ઐતિહાસિક દસ્તાવેજોમાંથી શું ખૂટે છે તે તરફ પણ ધ્યાન દોર્યું હતું. થાપરે સંસ્કૃત સ્ત્રોતોમાં ઉભરી રહેલા ભદ્ર વર્ગ વિશેના સમાન વિચારોની ગેરહાજરી પર નિરાશા વ્યક્ત કરી હતી, ખાસ કરીને એટલા માટે કારણ કે કેટલાક ઉચ્ચ જ્ઞાતિના અધિકારીઓએ દરબારી રાજકારણ વિશે લખ્યું હતું. આ વિરોધાભાસ દર્શાવે છે કે ઐતિહાસિક સ્ત્રોતોનું અસ્તિત્વ અને તેમનું સ્વરૂપ કોઈ ચોક્કસ સમયગાળા વિશેની આધુનિક સમજને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે.

થાપરની મુખ્ય દલીલ એ હતી કે સંસ્મરણોને એકદમ સાચા અને વાસ્તવિક રેકોર્ડ તરીકે સ્વીકારવાને બદલે તેનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવું જોઈએ. કોઈ સંસ્મરણનું મૂલ્ય માત્ર એ વાતમાં નથી કે તેમાં દરેક ઘટના સચોટ રીતે નોંધવામાં આવી છે કે નહીં, પરંતુ એ વાતમાં પણ છે કે લેખકે કઈ બાબતોનું નિરીક્ષણ કરીને ભાર મૂકે છે અથવા કઈ બાબતોને અવગણવાનું નક્કી કરે છે. જ્યારે મુગલ સંસ્મરણો વાંચતા હોઈએ ત્યારે આ અભિગમ ખાસ કરીને મહત્ત્વનો બને છે. પોતાના યુદ્ધો વિશે લખતો એક શાસક, સમ્રાટનું વર્ણન કરતો દરબારી ઈતિહાસકાર, અથવા શાહી પરિવારના અંદરના જીવન વિશે લખતી કોઈ મહિલા—આ દરેક વ્યક્તિ એક અલગ દૃષ્ટિકોણ રજૂ કરે છે. તેમના અહેવાલો જેટલા ઐતિહાસિક ઘટનાઓ પર પ્રકાશ પાડે છે, તેટલા જ તે તેમના પોતાના વ્યક્તિગત અનુભવો અને ધારણાઓને પણ પ્રગટ કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જીવનચરિત્રો અને સંસ્મરણો તેથી જે-તે વ્યક્તિઓ અને તેઓ જે સમય કે સંદર્ભમાં જીવ્યા હતા તે બંને પરની ટીકા-ટિપ્પણીઓ છે. લેખક, અન્ય વ્યક્તિ વિશે લખતી વખતે પણ, ઘટનાઓની પસંદગી અને વ્યક્તિત્વના અર્થઘટન દ્વારા અનિવાર્યપણે પોતાના વિશે પણ કંઈક પ્રગટ કરે છે. થાપરની ચર્ચાએ મુગલ સંસ્મરણોને ભારતમાં જીવનચરિત્ર લેખનની ઘણી લાંબી પરંપરાની અંદર સ્થાન આપ્યું છે. તેમણે નોંધ્યું કે મુગલ કાળ પહેલાં પણ જીવનચરિત્રો અસ્તિત્વમાં હતા, જેમાં બાણભટ્ટ દ્વારા સાતમી સદીમાં લખાયેલ રાજા હર્ષવર્ધનનું જીવનચરિત્ર (હર્ષચરિત) અને સંધ્યાકર નંદીના 'રામચરિતમ્' જેવા પુસ્તકોનો ઉલ્લેખ કર્યો છે. જો કે, મુગલ યુગના લખાણો એક વિશિષ્ટ સાંસ્કૃતિક અને રાજકીય વાતાવરણમાં વિકસ્યા હતા અને તે શાસકો, દરબારી ઉમરાવો અને વ્યાપક સમાજ વચ્ચેની પરસ્પર ક્રિયાઓના ખાસ કરીને મૂલ્યવાન પુરાવા પૂરા પાડે છે. તેમની ટિપ્પણીઓ આખરે સૂચવે છે કે મુઘલ સંસ્મરણોને માત્ર સમ્રાટો અને તેમની સિદ્ધિઓના ઈતિહાસ કરતાં કંઈક વિશેષ તરીકે જોવા જોઈએ. તેઓ વ્યક્તિત્વ, રાજકીય સંબંધો, સાંસ્કૃતિક મુલાકાતો અને બદલાતી ધારણાઓના રેકોર્ડેડ દસ્તાવેજો છે. બાબરનું તેમના વતન અને ભારત વિશેનું અવલોકન, હુમાયુ અને મુઘલ પરિવાર વિશે ગુલબદન બેગમનો અહેવાલ, અબુલ ફઝલ દ્વારા અકબરનું વિસ્તૃત નિરૂપણ અને જહાંઆરા બેગમ જેવી મહિલાઓનાં રાજકીય અવલોકનો સામૂહિક રીતે મુલ દરબાર સાથે જોડાયેલા વિવિધ મંતવ્યો દર્શાવે છે. ઈતિહાસકાર રોમિલા થાપરે દલીલ કરી હતી કે, ઈતિહાસકારો માટે આ ગ્રંથો/લખાણો એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે ભૂતકાળને એવા લોકોની નજરથી જોવાની મંજૂરી આપે છે જેમણે પોતે તેનો અનુભવ કર્યો હતો. તેમનો વ્યક્તિલક્ષી સ્વભાવ તેમનું ઐતિહાસિક મૂલ્ય ઘટાડતો નથી; તેના બદલે, તે લોકો પોતાની દુનિયાને કેવી રીતે સમજતા હતા તે વિશે પુરાવાઓનું એક બીજું સ્તર પૂરૂં પાડે છે. થાપરે આખરે મુગલ આત્મકથાઓને વ્યક્તિગત અનુભવ અને ઈતિહાસ વચ્ચેના સેતુ તરીકે રજૂ કરી હતી. તેને અન્ય ઈતિહાસિક પુરાવાઓની સાથે વાંચીને, ઈતિહાસકારો રાજાઓ અને લડાઈઓની પરંપરાગત વાર્તાથી આગળ વધીને મુગલ યુગને આકાર આપનાર સમાજ, રાજકારણ અને સાંસ્કૃતિક પરસ્પર ક્રિયાઓની ઊંડી સમજ મેળવી શકે છે. **- મો. નૌશાદ ખાન(સૌ. : ઈન્ડિયા ટુ મોરો)**


# મોહન ભાગવતનો વિદેશ પ્રવાસ : નફરતનું રાજકારણ અને સમાવેશીતાનો માસ્ક

## રામ પુનિયાની લખે છે કે ન્યૂ યોર્કમાં મોહન ભાગવતના કાર્યક્રમો મુખ્યત્વે ઓળખના મુદ્દાઓ પર કેન્દ્રિત હતા, ભાગવતે તેમના બાકાત રાજકારણને છુપાવવાનો અને પોતાને ઉદારવાદી તરીકે દર્શાવવાનો પ્રયાસ કર્યો

RSSના વડા, સરસંઘચાલક મોહન ભાગવત, હાલમાં ત્રણ દેશોના પ્રવાસ પર હતા. પ્રથમ તબક્કામાં, તેઓ યુનાઈટેડ સ્ટેટ્સ પહોંચ્યા, જ્યાં તેમનો મુખ્ય કાર્યક્રમ ન્યૂ યોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં ભાષણ હતું. આ કાર્યક્રમમાં આશરે ૫,૦૦૦ લોકો હાજર રહે તેવી અપેક્ષા હતી. મુલાકાતનો ઉલ્લેખિત હેતુ RSS વિશેની ગેરમાન્યતાઓને દૂર કરવાનો, લોકો સાથે વાતચીત કરવાનો અને "આખી દુનિયા એક છે" એવો સંદેશ આપવાનો હતો. આ કાર્યક્રમનો જોરદાર વિરોધ થયો. વિરોધ કરનારાઓમાં લગભગ ૬૧ માનવાધિકાર સંગઠનો પણ સામેલ હતા, જેમણે સંઘ પરિવારની નફરતની રાજનીતિ પર પ્રકાશ પાડ્યો. વિરોધીઓએ RSSના સહયોગીઓના લખાણોનો ઉલ્લેખ કર્યો જેમાં હિટલરના યહૂદીઓના નરસંહાર માટે ભવ્ય પ્રશંસા કરવામાં આવી હતી અને હિન્દુ રાષ્ટ્રવાદીઓને રાષ્ટ્રનિર્માણની હિટલરની પદ્ધતિઓનું અનુકરણ કરવા વિનંતી કરવામાં આવી હતી. વિરોધીઓએ RSS દ્વારા મહાત્મા ગાંધીની હત્યા કરવામાં આવી હોવાનો દાવો કરતા બેનરો હાથ ધર્યા હતા. ભારતીય મૂળના ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મમદાનીએ પણ RSSની નિંદા કરી અને આ ઘટના પ્રત્યે નારાજગી વ્યક્ત કરી, પરંતુ કહ્યું કે તેઓ તેને રોકવા માટે શક્તિહીન છે. તેમણે એમ પણ કહ્યું કે જ્યારે તેઓ જે ભારતમાં મોટા થયા છે (તેઓ ભારતીય ફિલ્મ નિર્માતા મીરા નાયરના પુત્ર છે) તે વિવિધતાનો આદર કરે છે, ત્યારે આજનું ભારત એક અસહિષ્ણુ રાષ્ટ્ર બની ગયું છે. અનેક હિન્દુ સંગઠનો અને અન્ય માનવાધિકાર સંગઠનોએ પણ ભાગવત વિરોધી વિરોધ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો.

**ભાગવત પોતાને ઉદારવાદી તરીકે દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા છે**

ભાગવતનો કાર્યક્રમ ૨૦૦થી વધુ સંગઠનો દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો જે મુખ્યત્વે ઓળખના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કાર્યક્રમમાં, ભાગવતે પોતાની બાકાત રાજકારણ છુપાવીને પોતાને ઉદારવાદી તરીકે દર્શાવવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે વિવિધતા આપણી જન્મજાત એકતાનું રત્ન છે અને જે હિન્દુ મુસ્લિમ મુક્ત ભારત ઈચ્છે છે



તે હિન્દુ રહેશે નહીં ! આ ખૂબ સારું છે ! આપણે કોઈ વ્યક્તિ કે સંગઠન વિશે કયા આધારે આપણા મંતવ્યો બનાવીએ છીએ ? તેમના શબ્દો કે કાર્યોના આધારે ? વિવિધતામાં એકતા, સંવાદિતા અને ધાર્મિક સીમાઓ પારના લોકોમાં એકતા ભારતના ભૂતકાળનો ભાગ રહી છે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન, લોકોએ ભગતસિંહના આદર્શો, આંબેડકરના મૂલ્યો અને ગાંધીજીના બંધુત્વ સાથે બ્રિટિશ ગુલામીમાંથી મુક્તિ માટે લડત આપી. RSS, હિન્દુ મહાસભા અને મુસ્લિમ લીગ લોકોને એક કરવાની આ પ્રક્રિયાથી દૂર રહ્યા.

**મુસ્લિમ વિરોધી દ્વેષ :** આ સમયગાળા દરમિયાન, RSS માત્ર ભારતીય રાષ્ટ્રના નિર્માણની પ્રક્રિયા પ્રત્યે ઉદાસીન રહ્યું નહીં, પરંતુ મુસ્લિમો (અને પછીથી ખ્રિસ્તીઓ સામે પણ) સામે નફરત ફેલાવવામાં કોઈ કસર છોડી નહીં અને બ્રિટિશ શાસકોને ઘણી રીતે મદદ કરી. RSS દ્વારા તેની શાખાઓ, શાળાઓ, મીડિયા અને પછીથી સોશિયલ મીડિયા દ્વારા ફેલાયેલી નફરતને કારણે વ્યાપક સાંપ્રદાયિક હિંસા થઈ, જેમાં મુસ્લિમો મુખ્ય ભોગ બન્યા. જ્યારે બ્રિટિશ રાજ દરમિયાન, હિન્દુ અને મુસ્લિમ સાંપ્રદાયિક તત્વો લગભગ સમાન રીતે લડી રહ્યા હતા, ત્યારે સ્વતંત્રતા પછી, RSSનો સાંપ્રદાયિકતા પ્રબળ બની ગઈ, જેના કારણે આ બે મુખ્ય સમુદાયો વચ્ચે ઊંડો તફાવત સર્જાયો. આ નફરતને કારણે ૧૯૯૩માં મુંબઈમાં, ૨૦૦૨માં ગુજરાતમાં, ૨૦૧૩માં મુઝફ્ફરનગરમાં અને ૨૦૧૯માં દિલ્હીમાં મુસ્લિમોના વ્યાપક નરસંહાર થયા. ગુજરાતમાં બિલ્કીસ બાનો કેસમાં RSS રાજકારણનો સાચો ચહેરો સ્પષ્ટપણે દેખાય છે. એક ગર્ભવતી મુસ્લિમ મહિલા પર સામૂહિક બળાત્કાર થાય છે અને ગુનેગારોને જેલમાં થોડા સમય પછી છોડી દેવામાં આવે છે ! આ તેમનો મહિલાઓ પ્રત્યેનો અનાદર છે ! તેણે પવિત્ર ગાયનો મુદ્દો પણ જોરશોરથી ઉઠાવ્યો, જેના પરિણામે અનેક મુસ્લિમોની લિંચિંગ થઈ. અખલાક અને રકબર ખાનની સાથે, ઘણા દલિતો પણ લિંચિંગનો ભોગ બન્યા. ઉનામાં દલિતોને લાકડીઓ અને લોખંડના સળિયાથી માર મારવાથી RSSનો દલિતો પ્રત્યેનો વલણ ઉજાગર થયો.

**ખ્રિસ્તીઓ પણ નિશાન બન્યા :** ૧૯૮૦ના દાયકાથી, ખ્રિસ્તીઓ પણ RSSનું નિશાન બન્યા છે. જ્યારે તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. કે.આર. નારાયણને પાદરી સ્ટેઈન્સ અને તેમના બે નિર્દોષ પુત્રોને જીવતા સળગાવી દેવાને માનવતાના સૌથી ઘૃણાસ્પદ કૃત્યોમાંનું એક ગણાવ્યું હતું. કંધમાલની ઘટનાએ ફરી એકવાર દર્શાવ્યું કે "ખ્રિસ્તી ધર્મ વિદેશી છે" સૂત્ર RSSનું છે. છેલ્લા દાયકામાં ખ્રિસ્તીઓ અને મુસ્લિમો પ્રત્યે તેનું વલણ વધુને વધુ ઉગ્ર બન્યું છે. RSSની રાજકીય પાંખ લગભગ ૧૨ વર્ષથી કેન્દ્રમાં સત્તામાં છે.

**ખ્રિસ્તી પ્રાર્થના સભાઓ પર હુમલાઓ વધ્યા છે**

તાજેતરમાં, ખ્રિસ્તી પ્રાર્થના સભાઓ પર હુમલાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. મુસ્લિમોને કેટલી હદે હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે તે એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે RSSના રાજકીય સંતાન BJP પાસે કુલ ૧,૦૦૦ થી વધુ સાંસદો અને ધારાસભ્યો છે, પરંતુ તેમાંથી એક પણ મુસ્લિમ નથી. મુસ્લિમો પ્રત્યે ભાગવતના સમાનતાના દાવાની આ વાસ્તવિકતા છે. ૨૦૨૫માં, યુએસ કોંગ્રેસ દ્વારા અન્ય દેશોમાં ધાર્મિક સ્વતંત્રતા પર નજર રાખવા અને યુએસ સરકારને ભલામણો કરવા માટે સ્થાપિત સ્વતંત્ર કમિશન, યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF)એ ભલામણ કરી કે યુએસ સરકાર ભારતને "ખાસ ચિંતાનો દેશ" તરીકે નિયુક્ત કરે. USCIRFએ પણ આની ભલામણ કરી હતી ઈજીજી સહિત કેટલીક વ્યક્તિઓ અને સંગઠનો સામે લક્ષિત પ્રતિબંધો લાદવાની માંગ કરી હતી, જેમાં તેમની સંપત્તિ સ્થગિત કરવી અને યુનાઈટેડ સ્ટેટ્સમાં તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો સામેલ છે. તાજેતરના વિકાસમાં, USCIRFએ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ વચ્ચેની બેઠકો અને ભાગવત અને અન્ય RSS નેતાઓ સાથે રાજદ્વારી સૌજન્ય સામે ચેતવણી આપી હતી. અનેક માનવાધિકાર સંગઠનોએ યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોને ભાગવતના યુએસ વિઝા રદ કરવા અથવા નકારવા વિનંતી પણ કરી હતી.

**RSS અને વિવિધતા :** RSSનું વર્તન હંમેશા વિવિધતાનો આદર કરવાના તેના દાવાથી સંપૂર્ણપણે વિરુદ્ધ રહ્યું છે. પરંતુ ભાગવતે ચતુરાઈથી તેમના સંગઠનના સાચા સ્વભાવને છુપાવ્યો છે. વિવિધતાનો આદર કરવાનો ચહેરો માત્ર એક કપટ છે, વિશ્વને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ છે. પરંતુ શું ઈન્ટરનેટના આ યુગમાં અને માનવ અધિકારોને ગંભીરતાથી લેવામાં આવે છે તેવા સમયમાં દુનિયાથી સત્ય છુપાવવું શક્ય છે ? કારવાં મેગેઝિન અનુસાર, RSS પાસે વિશ્વભરમાં ૨,૫૦૦થી વધુ સંલગ્ન સંગઠનો છે, જ્યારે ભારતમાં મુસ્લિમો, ખ્રિસ્તીઓ, દલિતો, મહિલાઓ અને આદિવાસીઓની સાચી દુર્દશાથી વિશ્વને વાકેફ કરી રહ્યા છે. એવું લાગે છે કે ભાગવતનું પ્રાથમિક લક્ષ્ય વૈશ્વિક એકતાને પ્રોત્સાહન આપવાનું નથી પરંતુ ભારતમાં તેમણે કરેલા ભયાનક કાર્યોને છુપાવવાનું છે. ધાર્મિક સ્વતંત્રતા, અભિવ્યક્તિની સ્વતંત્રતા, સ્વતંત્ર પ્રેસ, ભૂખ અને ખુશીના વૈશ્વિક સૂચકાંકોમાં ભારતનો ઘટાડો અને RSS-BJPનો ઉદય, સમાંતર રીતે થયો છે. નફરતની રાજનીતિને છુપાવવામાં ભાગવત તેમની "ચાતુર્ય" માટે પ્રશંસાને પાત્ર છે. એ પણ શક્ય છે કે તેમનો ધ્યેય વિવિધતાના આડમાં અમેરિકા અને વિશ્વના અન્ય દેશોમાં હિન્દુ લોબીને સશક્ત બનાવવાનો હોય. ભારતમાં શાંતિ જાળવવા માટે, આપણે ભારતીય બંધારણનું પાલન કરવું જરૂરી છે, જેનો સંઘ પરિવાર વિરોધ કરે છે. વૈશ્વિક એકતા સ્થાપિત કરવાનો શ્રેષ્ઠ માર્ગ માનવ અધિકારોની સંયુક્ત રાષ્ટ્ર ઘોષણા છે. આ યુગમાં, જ્યારે આખું વિશ્વ એક ગામ બની ગયું છે, ત્યારે હિન્દુ શાસ્ત્રોને ટાંકવા સંપૂર્ણપણે ખોટું છે. આ હિન્દુ સર્વોપરીવાદીઓના સાચા ઈરાદાઓને ઉજાગર કરે છે. **- રામ પુનિયાની (સૌ : સત્ય હિન્દી.કોમ)**

# સમાન શિક્ષણ હોવા છતાં માતા-પિતા કેમ સરકારી શાળાઓ કરતાં ખાનગી શાળાઓને વધુ પ્રાધાન્ય આપે છે ?

## તમિલનાડુમાં માતા-પિતા તેમના બાળકોને સરકારી શાળાઓમાંથી હટાવી રહ્યાં છે

તમિલનાડુના સેલમ જિલ્લામાં કે જ્યાં મોટાભાગે ઓછી આવક ધરાવતા પરિવારો રહે છે. અહીના સ્થાનિક નિવાસી વી.બાલકૃષ્ણન વર્ષોથી સહપરિવાર આ વિસ્તારમાં રહે છે. એક દીકરો અને ત્રણ દીકરીઓના પિતા વી.બાલકૃષ્ણન રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના બે મોટા બાળકો ખાનગી શાળામાં અભ્યાસ કરે છે. ૧૧માં ધોરણમાં ભણતા પુત્રની વાર્ષિક ફી આશરે રૂા.૫૦,૦૦૦ જેટલી છે અને ૮માં ધોરણમાં ભણતી પુત્રીની વાર્ષિક ફી આશરે રૂા. ૨૦,૦૦૦ જેટલી છે. તેનાથી વિપરીત તેનું ત્રીજું બાળક સરકારી સહાયતા મેળવતી શાળામાં ભણે છે અને તેનું ચોથું બાળક સરકારી શાળામાં ભણે છે.

બાલકૃષ્ણન તેમના બાકીના બંને નાના બાળકોને પણ ખાનગી શાળાઓમાં મોકલવા માંગે છે પરંતુ પહેલા બે બાળકોની ફી જ ભરવા માટે તેને ક્યારેક લોન લેવી પડે છે. તે કેવા પ્રકારની શાળાઓ પસંદ કરે છે અંગે તે કહે છે કે, ''ખાનગી શાળાઓમાં શિક્ષકો ઘણાં સારા હોય છે. તેઓ વિદ્યાર્થીઓ પર વધુ ધ્યાન આપે છે, જેને કારણે બાળકને તેના ભવિષ્ય સુધારવા માટેની સારી તૈયારી કરવામાં મદદ થાય છે.''

માતા-પિતાની આવી પસંદગી પડોશની સરકારી શાળાની હાજરીમાં પ્રતિબિંબિત થાય છે (દેખાઈ આવે છે), જ્યાં બાલકૃષ્ણને જે સરકારી શાળામાં બાળપણમાં અભ્યાસ કર્યો હતો ત્યારે તેમાં લગભગ ૨૦૦થી ૩૦૦ વિદ્યાર્થીઓ હતા, આજે, તેમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓ જ છે. બાલકૃષ્ણનના પડોશી પ્રીથા પણ માને છે કે, ખાનગી શાળાઓમાં બાળકોને વધુ સારું શિક્ષણ મળે છે. તેની પુત્રી પહેલા સરકારી શાળામાં ભણતી હતી, પરંતુ હવે ખાનગી શાળામાં ભણે છે. પ્રીથાના પતિનું વર્ષો પહેલા અવસાન થયું હતું. તેનો ઘરખર્ચ અને પુત્રીની વર્ષે આશરે રૂા.૫૦,૦૦૦ ફી સરભર કરવા માટે તે લોકોના ઘરે કામ કરે છે. જોકે આર્થિક ખેંચતાણ રહેતી હોવા છતાં તે માને છે કે, માત્ર ખાનગી શાળાનું શિક્ષણ જ તેની પુત્રીને સારી નોકરી મેળવવાની તકની ખાતરી આપશે. પ્રીથાએ જણાવ્યું કે, આનું એક મુખ્ય કારણ એ છે કે સરકારી શાળાઓના શિક્ષકોનો પગાર નક્કી હોય છે, તેથી તેમના પર વિદ્યાર્થીઓ સારું પ્રદર્શન કરે તે માટેનું કોઈ દબાણ હોતું નથી. પરંતુ ખાનગી શાળામાં જો બાળક બરાબર ન ભણતું હોય, તો આપણે શિક્ષકોને પ્રશ્ન પૂછી શકીએ છીએ કારણ કે આપણે ફી ચૂકવીએ છીએ.

બાલકૃષ્ણન પણ આ જ વાતને નો ટેકો આપતા કહે છે કે, ''સરકારી શાળાના શિક્ષકો ભણાવીને જતા રહે છે. વિદ્યાર્થીને સમજણ પડી છે કે નહી તે જોતા નથી. ત્યાં વિદ્યાર્થીઓને સારું પ્રદર્શન કરવા પ્રોત્સાહન આપવા જેવું કંઈ હોતું નથી.'' બાલકૃષ્ણનની આ માન્યતા તમિલનાડુમાં ઓછી ફીવાળી ખાનગી શાળાઓ પર થયેલા એક તાજેતરના અભ્યાસના તારણો કરતાં તદ્દન અલગ છે. 'સેન્ટર ફોર પબ્લિક પોલિસી એન્ડ રિસર્ચ'ના સંશોધકોએ વિવિધ શ્રેણીની શાળાઓમાં ધોરણ ૩, ૬ અને ૯ ના વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શનનું વિશ્લેષણ કર્યું અને શોધી કાઢ્યું કે, ''એકવાર સામાજિક-આર્થિક પરિબળો, ઘરની પરિસ્થિતિઓ અને માતા-પિતાના શિક્ષણના સ્તરને ધ્યાનમાં લેવામાં આવે, તો સરકારી અને ખાનગી શાળાઓ વચ્ચે ભણતરનો તફાવત બહુ નજીવો રહી જાય છે.''

જ્યારે ઘણા માતા-પિતા એવું માને છે કે ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને વધુ સારું શિક્ષણ મળે છે ત્યારે સંશોધન એક વધુ સ્પષ્ટ અને અલગ ચિત્ર રજૂ કરે છે. હકીકતમાં, રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની વાત આવે ત્યારે અભ્યાસમાં જાણવા મળ્યું કે સરકારી શાળાના વિદ્યાર્થીઓનું પ્રદર્શન ખાનગી શાળાના વિદ્યાર્થીઓ કરતાં સારું હતું. ખાસ કરીને, રાજ્યની સરકારી શાળાઓ અને અનુદાનિત (aided) શાળાઓ તેમજ કેન્દ્ર સરકારી શાળાઓના ધોરણ ૩ના વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ કરતાં ગણિત અને ભાષા બંનેમાં સારું પ્રદર્શન કર્યું હતુ. અભ્યાસે નોંધ્યું કે ખાનગી શાળાઓ માટે એક મુખ્ય સમસ્યા શિક્ષકોની ગુણવત્તા હતી. તેમાં નોંધવામાં આવ્યું કે, ''શિક્ષકોમાં પ્રેરણાનો અભાવ છે; ઓછા પગારને કારણે બહુ ઓછા લોકો આ વ્યવસાયમાં આવી રહ્યા છે.'' અને ખાસ કરીને ઓછી ફી ધરાવતી શાળાઓ લાયકાત ધરાવતા શિક્ષકોને વધુ પગાર આપી શકતી નથી.

હકીકતમાં, અન્ય સંશોધનોમાં પણ એવું જાણવા મળ્યું છે કે સરકારી શાળાના શિક્ષકો વધુ લાયકાત ધરાવતા હતા. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા ૨૦૧૮ના એક શોધપત્રમાં, ૧૦ જિલ્લાઓની ૧૨૧ સરકારી અને ઓછી ફી ધરાવતી ખાનગી શાળાઓ અને ૧,૨૧૦ પરિવારોનો અભ્યાસ કરવામાં આવ્યો, જેમાં જાણવા મળ્યું કે ૬૪% સરકારી શાળાના શિક્ષકો પાસે સ્નાતકોત્તર ડિગ્રી હતી, જ્યારે ખાનગી શાળાઓના માત્ર ૪૪% શિક્ષકો પાસે જ સ્નાતકોત્તર ડિગ્રી હતી. પ્રીથાની પુત્રીએ તેની માતા સાથે અસંમત થતાં કહ્યું કે, તેને અત્યારની ખાનગી શાળાના શિક્ષકો કરતાં તેની સરકારી શાળાના શિક્ષકો વધુ ગમતા હતા. તેણે કહ્યું, ''તેઓ અમને વધારે સારું ભણાવતા હતા. આ શિક્ષકો અમને સરખી રીતે ભણાવતા નથી. એકમાત્ર તફાવત એ છે કે હવે હું અંગ્રેજી વધુ સારું બોલી શકું છું. પરંતુ અન્ય વિષયોની બાબતમાં, મને લાગે છે કે સરકારી શાળા વધુ સારી હતી.''

જોકે, ડેટા દર્શાવે છે કે, સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે, જ્યારે ખાનગી શાળાઓમાં પ્રવેશ સતત વધી રહ્યો છે. ભારતમાં ખાનગી શાળાના શિક્ષણ તરફના આ બદલાવ પાછળ કયું પરિબળ કામ કરી રહ્યું છે? 'સ્ક્રોલ'એ તમિલનાડુમાં આના જવાબો શોધવાનો પ્રયત્ન કર્યો હતો. તમિલનાડુ એક એવું રાજ્ય છે જ્યાં શાળાના કુલ વિદ્યાર્થીઓમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓ હવે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરે છે.

'સ્ક્રોલ'એ જે વાલીઓ સાથે વાત કરી, તેમાંથી ઘણા વાલીઓએ ખાનગી શાળાઓ પ્રત્યેની તેમની પસંદગી માટે આશ્ચર્યજનક કારણો આપ્યા હતા. આ વાતચીતથી એવા ડર અને આશાઓની ઝલક મળી, જે ભારતીય વાલીઓને તેમના બાળકોને સરકારી શાળા પ્રણાલીમાંથી બહાર કાઢીને ખાનગી શાળાઓમાં મોકલવા માટે પ્રેરિત કરી રહ્યા છે. ભારતની સરકારી શાળાની વ્યવસ્થા હાલમાં ચર્ચામાં છે કારણ કે 'કોકરોચ જનતા પાર્ટી' નામના નવા રાજકીય જૂથે તાજેતરમાં 'શાળાઓ સુધારો' અભિયાન શરૂ કર્યું છે. દિલ્હીના જંતર-મંતર ખાતે મોદી સરકાર સામે યુવા આંદોલનનું સફળ નેતૃત્વ કર્યા પછી, આ નવા પક્ષના કાર્યકરોએ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં રાજસ્થાન અને મહારાષ્ટ્ર સહિત દેશભરની શાળાઓની મુલાકાત લીધી હતી. આ મુલાકાતોના વીડિયોમાં શાળાઓની ખરાબ હાલત સામે આવી હતી, જેમાં શિક્ષકોની ઘટ, જર્જરિત ઈમારતો અને નબળી સ્વચ્છતા જેવી અનેક સમસ્યાઓ જોવા મળી હતી. ઘણા લોકો માટે, જમીની હકીકતના આ અહેવાલો એ સમજાવવા માટે પૂરતા છે કે શા માટે ભારતીય વાલીઓની પસંદગી સરકારી શાળાઓને બદલે ખાનગી શાળાઓ તરફ વધી રહી છે.

● **વિદ્યાર્થીઓની સંખ્યામાં બદલાવ :** ૨૦૨૩-૨૪ દરમિયાન સરકારી શાળાઓમાં ૩૫.૨૧ કરોડ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જે ઘટીને ૩૨.૪૮ કરોડ થઈ ગયા હતા. તેની સામે ખાનગી શાળાઓમાં ૧૫.૬૭ કરોડથી વધીને ૨૬.૦૭ કરોડ વિદ્યાર્થીઓ થઈ ગયા હતા.

● **કોવિડ પછીની અસર :** કોરોના મહામારી દરમિયાન આર્થિક મુશ્કેલીને કારણે જે વાલીઓએ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં મૂક્યા હતા, તેઓ હવે ફરીથી પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં પાછા મોકલી રહ્યા છે.

● **વર્તમાન ટકાવારી :** યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (UDISE) મુજબ ભારતમાં ૫૧.૯% વિદ્યાર્થીઓ ખાનગી કે અન્ય શાળાઓમાં ભણે છે, જ્યારે માત્ર ૪૮.૧% વિદ્યાર્થીઓ જ સરકારી શાળાઓમાં છે.

● **વિદેશો સાથે સરખામણી :** અમેરિકામાં માત્ર ૧૦% અને UKમાં માત્ર ૭% વિદ્યાર્થીઓ જ ખાનગી શાળામાં જાય છે. મતલબ કે પશ્ચિમી દેશોમાં મોટાભાગના બાળકો સરકારી શાળાઓમાં જ ભણે છે, જ્યારે ભારતમાં સ્થિતિ તેનાથી ઊંધી છે.



જ્યારે ખાનગી શાળા શબ્દ સામાન્ય રીતે એવી ભદ્ર/પ્રતિષ્ઠિત સંસ્થાઓનું ચિત્ર સામે લાવે છે જે લાખો રૂપિયા ફી વસૂલે છે, પરંતુ આવી શાળાઓ કુલ શાળાઓનો માત્ર એક નાનો હિસ્સો છે. ભારતની ખાનગી શાળાઓનો એક મોટો હિસ્સો એવા પ્રકારનો છે, જેમાં બાલકૃષ્ણન અને પ્રીથાના બાળકો અભ્યાસ કરે છે, જે ખૂબ ઓછી ફી વસૂલે છે અને ઓછી આવક ધરાવતા કે નીચલા-મધ્યમ વર્ગના પરિવારોની જરૂરિયાતો પૂરી કરે છે.

શિક્ષણવિદો અને સંશોધકો દ્વારા આ શાળાઓને 'ઓછા ખર્ચવાળી' અથવા 'ઓછી ફીવાળી' ખાનગી શાળાઓ તરીકે ઓળખવામાં આવે છે, જેને સામાન્ય રીતે એવી શાળાઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જ્યાં માસિક ફી રૂા.૪૦૦થી રૂા.૩,૫૦૦ વચ્ચે હોય છે.

Ministry of Statistics and Programme Implementationના જણાવ્યા અનુસાર, ખાનગી શાળાઓમાં ૭૦% વિદ્યાર્થીઓ ફી તરીકે દર મહિને રૂા.૧,૦૦૦ કરતા ઓછી રકમ ચૂકવે છે. તામિલનાડુમાં પણ મોટી સંખ્યામાં ખાનગી શાળાઓ આ શ્રેણીમાં આવે છે. રાજ્યની ખાનગી શાળાઓ પરના ૨૦૨૬ના એક અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, ''તામિલનાડુની ૭૭.૪% શાળાઓ વર્ષે રૂા.૨૦,૦૦૦ કરતા ઓછી ફી વસૂલે છે અને આમાં ૩૫.૬% શાળાઓ રૂા.૫,૦૦૦થી રૂા.૧૦,૦૦૦ વચ્ચે અને ૩૮.૫% શાળાઓ ?૧૦,૦૦૦ થી રૂા.૨૦,૦૦૦ વચ્ચે ફી લે છે.'' ઓછી ફી લેતી ખાનગી શાળાઓમાં જે ઉચ્ચ સ્તર પર હતી, તે વર્ષે રૂા.૩૦,૦૦૦થી રૂા.૫૦,૦૦૦ વચ્ચે ફી વસૂલતી હતી, જે કુલ શાળાઓના ૬.૮% જેટલી હતી.

દેખીતી રીતે, જે રાજ્ય તેની સરકારી શાળા પ્રણાલી (જાહેર શિક્ષણ વ્યવસ્થા) માટે અવારનવાર વખણાય છે, ત્યાં શાળાઓની સંખ્યાના આંકડા ખાનગી શાળાના શિક્ષણ તરફના ઝુકાવને દર્શાવતા નથી. રાજ્યમાં સરકારી શાળાઓની કુલ સંખ્યા ૩૭,૪૭૮ છે, જેની સરખામણીમાં ૧૧,૬૩૮ ખાનગી ગ્રાન્ટ ન મેળવતી શાળાઓ છે. પરંતુ વિદ્યાર્થીઓની નોંધણીના આંકડા દેશભરના પ્રવાહોને અનુરૂપ એક અલગ જ વાર્તા કહે છે: યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (UDISE)ના ડેટા અનુસાર, ૪૬ લાખ વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં નોંધાયેલા છે અને ૬૨ લાખ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં નોંધાયેલા છે. તમિલનાડુના સેલમમાં ૪૬ લાખ વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં અને ૬૨ લાખ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરે છે.

કેટલાક વિસ્તારોમાં આ તફાવત ખૂબ જ મોટો છે. ઉદાહરણ તરીકે, તમિલનાડુની રાજધાની ચેન્નાઈમાં, ૧.૬૪ લાખ વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં અને ૮.૩ લાખ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં નોંધાયેલા છે. સેલમ જિલ્લામાં, ભલે માત્ર ૨૦% શાળાઓ જ ખાનગી છે, તેમ છતાં આશરે ૨.૭૫ લાખ વિદ્યાર્થીઓ તેમાં ભણે છે, જ્યારે આશરે ૨.૪૫ લાખ વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં ભણે છે. સ્ટેટ પ્લેટફોર્મ ફોર કોમન સ્કૂલ સિસ્ટમ તમિલનાડુના જનરલ સેક્રેટરી પ્રિન્સ ગજેન્દ્ર બાબુએ જણાવ્યું હતું કે, ''એ સમજી શકાય તેવું છે કે માતા-પિતા તેમના બાળકોને સરકારી શાળાઓમાં મોકલવા માંગતા નથી, આપણે તેના માટે તેમને દોષ આપી શકાય નહી. સરકારે શિક્ષણમાં વધુ રોકાણ કરવાનો અને સરકારી શાળાઓને વધુ સારી રીતે ચલાવવાનો ઈનકાર કરીને માતા-પિતાને ખાનગી શાળાઓ તરફ ધકેલ્યા છે.'' માતાપિતાએ તેમની પસંદગી માટે વધુ જટિલ કારણો રજુ કર્યા.

બાળકૃષ્ણે ઉદાહરણ આપતા કહ્યું કે, ''વાલીઓ સરકારી શાળાઓ કરતાં ખાનગી શાળાઓને વધારે પસંદ કરે છે કારણ કે ત્યાં વાતચીત કે સંપર્ક સારો હોય છે. ખાનગી શાળાઓમાં તેઓ અમને વારંવાર ફોન કરે છે; જો બાળક બીમાર પડે, તો તેઓ ફોન કરીને અમને જણાવે છે, પરંતુ સરકારી શાળાના શિક્ષકો આવું કરતા નથી.'' દરમિયાન, પ્રીથાના પરિવારે સમજાવ્યું કે ખાનગી શાળાઓ જે સમય રાખે છે તેનાથી તેઓ ચિંતામુક્ત અનુભવે છે, અને અન્ય પરિવારોએ પણ આ જ વાતનો સૂર પુરાવ્યો હતો.

પ્રીથાની માતાએ કહ્યું કે, ''જ્યારે તેણી સરકારી શાળામાં હતી, ત્યારે તેણ વહેલી ઘરે આવી જતી હતી. હવે તે ખૂબ મોડી પાછી આવે છે. શિક્ષકો શાળાના સમય પછી પણ બાળકોને રોકી રાખે છે અને વધારાનું કોચિંગ આપે છે, તેથી અમને ખબર હોય છે કે બાળક ભણી રહ્યું છે.'' સેલમના બાળ અધિકાર કાર્યકર્તા ક્રિસ્તુરાજ એસ. જણાવ્યું હતું કે, ઘણા માતા-પિતાએ તેમને કહ્યું કે તેઓ ખાનગી શાળાઓને વધુ પસંદ કરે છે કારણ કે તે વધુ સુરક્ષિત લાગે છે. તેમણે કહ્યું, ''એક વાન આવે છે અને બાળકોને લઈ જાય છે. જો બાળક સરકારી શાળામાં જાય, તો તેમણે બસ પર નિર્ભર રહેવું પડે છે, જેને તેઓ અસુરક્ષિત માને છે.'' દરમિયાન, બાબુએ ખાનગી શાળાઓ તરફના આ બદલાવને પરીક્ષાલક્ષી શિક્ષણ તરફના એક મોટા બદલાવ તરીકે ઓળખાવ્યો હતો. જેના જવાબમાં આમાંની ઘણી શાળાઓએ ૧૦૦% પરિણામની જાહેરાત કરવાનું શરૂ કરી દીધું. તેમણે કહ્યું, ''શરૂઆતમાં સરકારી શાળાઓમાં ક્યારેય ૧૦૦% પરિણામ નહોતું આવતું. બાળકો નાપાસ થતા પરંતુ પૂરક પરીક્ષાઓમાં પાસ થઈ જતા, અને પછી જીવનમાં આગળ વધીને ખૂબ જ સારા કાર્યો કરતા હતા.'' તેમણે ઉમેર્યું, ''પરીક્ષાઓ જ બધું નહોતી, પરંતુ જ્ઞાન મેળવવું મહત્વપૂર્ણ હતું, આજે તે બદલાઈ ગયું છે.''

Scroll સાથેની વાતચીતમાં ઘણા માતા-પિતાએ જે આશ્ચર્યજનક વિચારો રજૂ કર્યા, તેમાંનો એક એ હતો કે તેઓ તેમના ઘરની નજીક આવેલી શાળાઓને તેમના બાળકો માટે અયોગ્ય માનતા હતા. આ વલણ આ બાબતે સરકારી નીતિની દિશા કરતાં તદ્દન વિપરીત ચિત્ર રજૂ કરે છે. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ (RTE Act), ૨૦૦૯ હેઠળ, પ્રાથમિક સ્તરના બાળકોના ઘરથી એક કિલોમીટરના ચાલવાના અંતરે શાળા હોય તે સુનિશ્ચિત કરવાની સરકારની કાયદાકીય જવાબદારી છે. પરંતુ ૪૩ વર્ષના એ. કૃષ્ણમૂર્તિ જેઓ એક ઈલેક્ટ્રિશિયન છે અને સાથે જ પાદરી તરીકે પણ કામ કરે છે અને બાલકૃષ્ણનની જેમ જ તે જ વિસ્તારમાં રહે છે, તેમણે સમજાવ્યું કે તેઓ તેમના ઘરની આસપાસના સામાજિક વાતાવરણથી ચિંતિત હતા, જ્યાં એક કિલોમીટરની અંદર એક સરકારી શાળા આવેલી છે. તેમણે કહ્યું કે તેઓ અવારનવાર શાળાની બહાર 'અપશબ્દો' બોલતા અને રખડતા છોકરાઓ અને યુવાનોને જુએ છે. તેમણે કહ્યું કે, વિસ્તારમાં યુવાનોમાં હિંસા અને નશીલા પદાર્થોના સેવનની સમસ્યાઓ હતી. ''મારી પત્ની નર્સ હોવાથી, ઘણા બાળકો ત્યાં સારવાર માટે જાય છે અને બાળકો શું કરી રહ્યા છે તેના વિશે હું ખૂબ જ ખરાબ વાતો સાંભળું છું.''

તેથી, કૃષ્ણમૂર્તિએ તેમના ત્રણેય બાળકોને અલગ-અલગ ખાનગી શાળાઓમાં મોકલવાનું નક્કી કર્યું છે, જે ૫ કિમી કરતાં વધુ દૂર છે, ભલે તેના માટે પરિવારને અવારનવાર ફી ચૂકવવા માટે પૈસા ઉછીના લેવા પડે છે. તેમણે કહ્યું, ''પૈસા તો આવશે અને જશે, પણ મારા બાળકોનું શિક્ષણ સૌથી મહત્વનું છે.'' તેમને આશા છે કે આ નિર્ણય તેમના બાળકો મોટા થાય અને આ વિસ્તાર છોડીને બહાર જઈ શકે તે સુનિશ્ચિત કરવા તરફનું એક પગલું સાબિત થશે. તેમણે કહ્યું, ''હું ઈચ્છતો હતો કે તેઓ એવી શાળામાં જાય જે આ વિસ્તારથી ઘણી દૂર હોય અને મને આશા છે કે તેઓ અહીંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો શોધી લેશે.'' કૃષ્ણમૂર્તિ પર બીજો એક મોટો ડર તોળાઈ રહ્યો હતો, જે સરકારી શાળામાં ભણવાના તેમના પોતાના અનુભવ પર આધારિત હતો કે જો તેમના બાળકો નજીકની સરકારી શાળામાં જશે, તો તેઓ હંમેશા તેમની જ્ઞાતિની ઓળખથી ઓળખાશે. તેમણે કહ્યું, ''કારણ કે હું જાણું છું કે એ અનુભવ કેવો હશે, હું નથી ઈચ્છતો કે મારા બાળકો પણ એ જ સમસ્યાઓનો સામનો કરે જેનો સામનો મેં કર્યો હતો.'' તેમણે ભૂતકાળને યાદ કરતા કહ્યું, ''મારા શિક્ષકો હંમેશા મને મારા સમુદાય સાથે જોડીને જ જોતા હતા. હું ગમે તે કરું, પણ હું એ જ વિદ્યાર્થી હતો જે નીચલી જ્ઞાતિનો હતો.'' ખરેખર, નંદમ્મા નામના એક પાડોશીએ જણાવ્યું કે, તેમનો દીકરો જે પડોશની સરકારી શાળામાં જતો હતો, તેને વર્ગખંડમાં ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો. તેમણે જણાવ્યું, તે સારો અભ્યાસ કરતો હતો, પરંતુ શિક્ષકો કહેતા કે, ઓહ! તું 'ચેરી' (એક વંચિત સમુદાયની વસાહત માટે વપરાતો અપમાનજનક શબ્દ)માંથી આવે છે છતાં પણ સારો અભ્યાસ કરે છે. તેઓ આ વિસ્તારમાંથી આવતા બાળકો સાથે હંમેશા ઉતરતી કક્ષાનો વ્યવહાર કરતા હતા. 'પરિવારે સ્પષ્ટતા કરી કે, આ સમસ્યા શાળાની બહારની પ્રવૃત્તિઓમાં પણ વિસ્તરેલી હતી. નંદમ્માની બહેને ગર્વ સાથે સમજાવ્યું કે તેમની પુત્રી, જે અત્યારે એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે, તેણે ભરતનાટ્યમ શીખ્યું હતું અને તેનું પ્રથમ જાહેર પ્રદર્શન પણ કર્યું હતું પરંતુ તેની તાલીમ માટે, પરિવારે તેમના રહેઠાણથી ઘણી દૂર એક શિક્ષક શોધવા પડ્યા હતા. નંદમ્માએ કહ્યું, ''અમે નજીકમાં શિક્ષકો શોધવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેઓ જાણતા હતા કે અમે ક્યાંથી આવીએ છીએ, તેથી તેઓ અમારી જ્ઞાતિ કઈ છે તે જાણી ગયા હતા. તેઓએ તેને ક્લાસમાં આવવા દીધી ન હતી.''

વાલીઓએ એવાં બીજાં ઘણાં કારણો પણ જણાવ્યાં, જેણે તેમનાં બાળકોને ખાનગી શાળાઓમાં મોકલવાના નિર્ણયને દોરવણી આપી હતી. ઉદાહરણ તરીકે, કેટલાક લોકોએ જણાવ્યું કે, તેમને લાગ્યું કે સરકારી શાળાઓમાં શિક્ષકોની સંખ્યા ઘટી છે, અને સાથે-સાથે તેમની કુશળતા તથા ઉત્સાહ પણ ઘટ્યા છે.

બાલકૃષ્ણને ઉદાહરણ આપતાં નોંધ્યું કે, તેમના વિસ્તારની સરકારી પ્રાથમિક શાળામાં હાલમાં ૩૦ વિદ્યાર્થીઓ માટે માત્ર બે જ શિક્ષકો છે. તેમણે એ વાત પણ યાદ કરી કે, અગાઉ સરકારી શાળાના શિક્ષકો ઘરે-ઘરે જઈને પરિવારોને તેમનાં બાળકોને પડોશની શાળામાં દાખલ કરવા માટે આગ્રહ કરતા હતા. પરંતુ હવે કોઈ આવતું નથી.

એક પ્રાથમિક શાળાના સરકારી શિક્ષકે સ્વીકાર્યું કે, સરકારી શાળાઓમાં શિક્ષકોની સંખ્યામાં એકંદરે ઘટાડો થયો છે. આનું મુખ્ય કારણ, વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ખાનગી શાળાઓ પસંદ કરવાનું શરૂ કર્યું છે. તેમણે યાદ કરતાં જણાવ્યું કે, જ્યારે તેઓ ૧૫ વર્ષ પહેલાં જોડાયા હતા, ત્યારે શાળામાં થોડાક સો વિદ્યાર્થીઓ હતા. આજે, તેમની પાસે માત્ર ૩૦ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકો છે. તેમણે કહ્યું, ''શિક્ષણ નીતિ મુજબ, ૩૦ વિદ્યાર્થીઓ માટે બે શિક્ષકો હોવા જોઈએ, તેથી અહીં માત્ર બે જ નિમણૂક છે. અમારી પાસે જે શિક્ષકો હતા તેમની અન્ય શાળાઓમાં બદલી કરવામાં આવી છે.''

તેમણે કહ્યું, ''પરંતુ આ ઓછી સંખ્યાના વિદ્યાર્થીઓ પણ અલગ-અલગ ધોરણોમાં વહેંચાયેલા છે, આથી, શિક્ષકોને એક જ પિરિયડ દરમિયાન એકસાથે બે કે ત્રણ ધોરણોને ભણાવવાની ફરજ પડે છે. અમારી શાળામાં અંગ્રેજી અને તમિલ બંને માધ્યમો છે, તેથી અમારે એક વાર એક ભાષામાં અને પછી બીજી ભાષામાં બોલવું પડે છે.'' વાલીઓ દ્વારા સરકારી શાળાઓ કરતાં ખાનગી શાળાઓને વધુ પસંદ કરવા પાછળનું બીજું એક મુખ્ય કારણ એ છે કે મોટાભાગની ખાનગી શાળાઓ અંગ્રેજી માધ્યમની હતી, જ્યારે મોટાભાગની સરકારી શાળાઓ સ્થાનિક ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરે છે. શિક્ષકે જણાવ્યું કે, ''વાલીઓને એવું લાગે છે કે અંગ્રેજી માધ્યમની શાળાઓ વધુ સારી હોય છે.'' નંદમ્માની ભત્રીજીએ સમજાવ્યું કે, જોકે તેને અને તેના સહપાઠીઓને સરકારી શાળામાં ભણ્યા પછી 'સારી નોકરીઓ' મળી ગઈ હતી, છતાં મને અંગ્રેજી નથી આવડતું, તેથી હું ઘણી તકો ગુમાવી બેસું છું અને મારે અંગ્રેજીમાં કરવાના થતા સરળ કાર્યોમાં પણ મુશ્કેલી પડે છે. તેણીએ વધુમાં ઉમેર્યું, ''પ્લેસમેન્ટ દરમિયાન પણ સરકારી શાળાના વિદ્યાર્થીઓ પાછળ રહી જાય છે કારણ કે અમે અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કર્યો હોતો નથી.'' તેમાં રાજ્ય બહારની તકોનો પણ સમાવેશ થાય છે. નંદમ્માએ કહ્યું, ''જો બાળકો માત્ર તમિલ માધ્યમમાં જ ભણશે, તો તેઓ માત્ર તમિલનાડુમાં જ નોકરી મેળવી શકશે, પરંતુ જો તેઓ તમિલનાડુ કે ભારતની બહાર જવા માંગતા હોય, તો તેમને અંગ્રેજીની જરૂર પડશે. ખાનગી શાળાઓ હિન્દી પણ ભણાવે છે. વિદ્યાર્થીઓ માટે એક વધારાની ભાષા શીખવી સારી બાબત છે.

ઘણા લોકોએ એ પણ નોંધ્યું કે ખાનગી શાળાઓમાં બાળકોને ઈતર પ્રવૃત્તિઓ વિશે વધુ જાણવા અને શીખવા મળતું હતું. બાલકૃષ્ણને યાદ કરતાં જણાવ્યું કે, ભૂતકાળમાં સરકારી શાળાઓ પણ આ પ્રવૃત્તિઓ કરાવતી હતી. તેમણે કહ્યું, ''સ્વતંત્રતા દિવસ પર નાના કાર્યક્રમો, તહેવારો અને ફેન્સી-ડ્રેસ સ્પર્ધાઓ પણ યોજાતી હતી. પરંતુ આજકાલ એવું કંઈ થતું નથી.'' નંદમ્માએ પણ આ વાતને ટેકો આપતા કહ્યું, ''સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ભાગ્યે જ કોઈ પ્રવૃત્તિઓ હોય છે, પરંતુ ખાનગી શાળાઓમાં આવી પ્રવૃત્તિઓની ઘણી વિવિધતા હોય છે. અભ્યાસ એ શાળાનો માત્ર એક ભાગ છે, અન્ય વસ્તુઓ શીખવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે.'' સેલમ જિલ્લામાં અન્ય સ્થળોએ, સરકારી શાળાઓ અંગેની કેટલીક ચિંતાઓ વધુ સ્પષ્ટ હતી. ઉદાહરણ તરીકે, ઓમલુરના અર્ધ-શહેરી વિસ્તારમાં રહેતા અને સરકારી સહાય મેળવતી ખાનગી શાળામાં ભણતા બે બાળકોના માતા રમ્યાએ જણાવ્યું કે, તેમના પડોશમાં આવેલી પ્રાથમિક સરકારી શાળા એટલી જર્જરિત હાલતમાં હતી કે તેઓએ કેટલીકવાર તેની નજીક સાપ પણ જોયા હતા. તેમણે કહ્યું, ''શાળાની આસપાસ કોઈ કમ્પાઉન્ડ વોલ પણ નથી. જ્યારે અમે ત્યાં મતદાન કરવા ગયા ત્યારે અમે આ બધું જોયું હતું. તે સાવ તૂટી રહી છે.'' તે જ પડોશમાં, છ સભ્યોના સંયુક્ત પરિવારના માતા-પિતા, જેમના ત્રણ બાળકો છે, તેઓ તે બધાને ખાનગી શાળામાં મોકલે છે. તેની પાછળનું કારણ અન્ય માતા-પિતાની એ ઈચ્છાને દર્શાવે છે કે તેમના બાળકો જે પરિસ્થિતિઓમાં જન્મ્યા છે તેમાંથી બહાર નીકળે. પિતા સૂર્ય પ્રકાશે તેમની આઠ વર્ષની પુત્રી યાશિકા વિશે જણાવ્યું, ''જ્યારે હું તેને યોગ્ય શૂઝ સાથે સ્વચ્છ ગણવેશમાં જોઉં છું ત્યારે મને ખૂબ આનંદ થાય છે. મારી પાસે એવું નહોતું. મારી પાસે બૂટ પહેરવાના પૈસા ન હોવાથી મારી સાથે ખરાબ વર્તન કરવામાં આવતું હતું.

માતા વિવેકાએ કહ્યું, ''જ્યારે હું શાળામાં હતી ત્યારે મારે શૌચાલયનો ઉપયોગ કરવા ઘરે જવું પડતું હતું, અને ત્યાંનું જમવાનું પણ બહુ ખરાબ હતું. આ સાંભળીને યાશિકા વચ્ચે બોલી, ''પરંતુ હું સરકારી શાળા વધુ પસંદ કરું છું. હું નથી ઈચ્છતી કે મારા માતા-પિતાને મારી ફી ચૂકવવા માટે સંઘર્ષ કરવો પડે.'' સેલમ શહેરથી આશરે ૬૦ કિલોમીટર દૂર, આત્તુર તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં સ્થાનિક લોકોએ 'સ્ક્રોલ'ને જણાવ્યું કે, આ વિસ્તારમાં ઘણી બધી ખાનગી શાળાઓ છેલ્લા થોડા વર્ષોમાં જ શરૂ થઈ છે. તેમ છતાં, ઘણા લોકો સરકારી શાળાઓ કરતાં આ ખાનગી શાળાઓને વધુ પસંદ કરે છે અને તેના માટે તેઓ પણ એવા જ કારણો આપે છે જે જિલ્લાના શહેરી વિસ્તારના વાલીઓ આપે છે. માતા-પિતા દ્વારા ખાનગી શાળાઓને પસંદ કરવાનું મુખ્ય કારણ એ હતું કે ત્યાં અંગ્રેજી માધ્યમમાં ભણાવવામાં આવે છે. યેથાપુર ગામના એક વાલી, જેમની દીકરી અપર કેજીમાં ભણે છે, તેમણે જણાવ્યું કે, ''આજના સમયમાં અંગ્રેજી પહેલા કરતાં વધુ મહત્વનું બની ગયું છે. સારી નોકરી મેળવવા માટે બાળકોને અંગ્રેજી બોલતા આવડવું જ જોઈએ.

હકીકતમાં, અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની ઈચ્છા એટલી બધી તીવ્ર હતી કે કેટલાક વાલીઓએ તો એવું પણ કહ્યું કે, તેઓ પોતાના બાળકને માત્ર ત્યાં સુધી જ ખાનગી શાળામાં રાખવા માંગે છે જ્યાં સુધી તે અંગ્રેજી શીખી ન લે. જયપ્રધા નામની એક માતાએ જણાવ્યું કે, તેઓ તેમની દીકરીને ધોરણ ૫ સુધી જ ખાનગી શાળામાં ભણાવવાનું આયોજન કરી રહ્યા છે, કારણ કે ત્યાં સુધીમાં તે અંગ્રેજી સારી રીતે શીખી જશે. તેમણે કહ્યું, ''એકવાર તે અંગ્રેજી સારી રીતે શીખી લે, પછી તેઓ હાઈસ્કૂલમાં તમિલ માધ્યમની સરકારી શાળામાં જોડાઈ શકે છે.

બીજા વાલીઓએ પણ પોતાના બાળકોને ધોરણ ૫ સુધી ખાનગી શાળામાં રાખવાનું આયોજન કર્યું હતું અને આ નિર્ણય પાછળ બાળકોની વધુ સારી સુરક્ષા અને શિક્ષકો દ્વારા અપાતું પર્સનલ ધ્યાન મુખ્ય કારણો હોવાનું જણાવ્યું હતું. અન્ય એક માતાએ કહ્યું, ''બાળક હજી ઘણું નાનું છે કે તે પોતાની સંભાળ જાતે રાખી શકે. સરકારી શાળાઓમાં સામાન્ય રીતે બાળકોને તેમના પોતાના ભરોસે છોડી દેવામાં આવતા હોય છે.

જિલ્લાના આ ભાગોમાં પણ, માતા-પિતા માટે આ શાળાઓનો ખર્ચ એક મોટી ચિંતાનો વિષય હતો. યેથાપુરમાં પોતાના પતિ અને બે બાળકો સાથે રહેતા ઉમા મહેશ્વરીએ સમજાવ્યું કે, તેમનો પુત્ર એક ખાનગી શાળામાં અભ્યાસ કરે છે જે વર્ષે અંદાજે રૂા.૩૦,૦૦૦ ફી લે છે. મહેશ્વરીના પતિ એક એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે અને પરિવાર માંડ-માંડ ગુજારો કરી રહ્યો છે. પરિણામે, તેમના પુત્રના શિક્ષણમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા હતા. કોવિડ-૧૯ મહામારીના વર્ષો દરમિયાન, આ દંપતીને તેમના પુત્રને ખાનગી શાળામાંથી સરકારી શાળામાં બદલવાની ફરજ પડી હતી, કારણ કે તેઓ તેની ફી ભરી શકે તેમ નહોતા. જો કે, તેઓ સરકારી શાળામાં તેમના પુત્રના પ્રદર્શનથી નાખુશ હતા, અને જ્યારે તેઓ ફરીથી ખર્ચ ઉઠાવી શક્યા ત્યારે તેને પાછો ખાનગી શાળામાં મોકલી દીધો. તેણે કહ્યું, ''તે જે ખાનગી શાળામાં હતો ત્યાં તે ઘણું બધું શીખ્યો હતો અને જ્યારે તે સરકારી શાળામાં ગયો ત્યારે તે બધું ભૂલી ગયો. હું તેની દરેક નોટ્સ પણ ચેક કરતી અને મને લાગતું કે શિક્ષકો બરાબર ભણાવતા ન હતા. ખાનગી શાળાઓ માટે વાલીઓની મજબૂત પસંદગી હોવા છતાં, બાળકોના શૈક્ષણિક પ્રદર્શન વિશે ખાસ કરીને વાલીઓ અને શિક્ષકો સાથેની વાતચીતમાંથી એક વધુ જટિલ ચિત્ર સામે આવ્યું છે, જે દર્શાવે છે કે ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને વધુ સારો અભ્યાસ મળશે જ તેની કોઈ ખાતરી ન હતી. તમિલનાડુમાં ઓછી ફી લેતી ખાનગી શાળાઓ પર 'સેન્ટર ફોર પબ્લિક પોલિસી એન્ડ રિસર્ચ'ના અભ્યાસમાં આ બાબત જોવા મળી હતી.

તેમાં જાણવા મળ્યું કે, ભલે બંને પ્રકારની શાળાઓમાં વિદ્યાર્થીઓની ક્ષમતામાં સતત ખામીઓ જોવા મળી હતી પરંતુ સાક્ષરતા અને અંકજ્ઞાનમાં, ખાનગી શાળાઓ સરકારી શાળાઓ કરતાં કોઈ ખાસ કે મોટો ફાયદો દર્શાવતી નથી.

સેલમ શહેરની એક સરકારી અનુદાનિત શાળાના આચાર્યાએ જણાવ્યું કે, તેઓ અનુભવે છે કે આ પરિણામો તેમના પોતાના અનુભવ સાથે મેળ ખાય છે. તેમની શાળાનું મેનેજમેન્ટ એક ખાનગી શાળાનું પણ સંચાલન કરે છે. તેમણે કહ્યું, ''એટલા માટે હું જાણું છું કે ત્યાં કેવા વિદ્યાર્થીઓ ભણે છે અને અહીં કેવા ભણે છે.''

તેમણે આગળ જણાવ્યું કે, ''જ્યારે સરકારી અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓ ખાનગી શાળામાં જવાનું નક્કી કરે છે ત્યારે તેમને ત્યાં સેટ થવામાં કે નવું શીખવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. પરંતુ જે વિદ્યાર્થીઓ ખાનગી શાળામાંથી અહીં આવે છે, તેમને બહુ ઓછું જ્ઞાન હોય છે. તેઓ પાયાની બાબતોમાં પણ સંઘર્ષ કરે છે. આવું એટલા માટે છે કારણ કે ત્યાં શિક્ષકોની ગુણવત્તા ખૂબ જ નબળી છે.'' તેમણે દલીલ કરી હતી કે સરકારી શાળાના શિક્ષકો અવારનવાર વધુ લાયકાત ધરાવતા અને કુશળ હોય છે. તેમણે કહ્યું, ''જે શિક્ષકો અહીં આવે છે તેમને સરકાર તરફથી સારો પગાર મળે છે અને તેઓ ખૂબ જ અનુભવી તથા ઉચ્ચ શિક્ષિત હોય છે.''

તેમણે વધુમાં ઉમેર્યું, ''ખાનગી શાળાઓ ઊંચી ફી વસૂલે છે, પરંતુ તેમના શિક્ષકોને સારો પગાર આપતી નથી, અને તેમની પાસે કોઈ અનુભવ હોતો નથી. તેથી બાળક કંઈ શીખી શકતું નથી.''

સેલમની એક સરકારી અનુદાનિત (aided) શાળાના આચાર્યે જણાવ્યું કે જે વિદ્યાર્થીઓ આ શાળામાંથી ખાનગી શાળામાં ગયા તેમને ત્યાં સેટ થવામાં કે આગળ વધવામાં કોઈ મુશ્કેલી પડી ન હતી. કેટલાક વાલીઓના અનુભવો પણ શૈક્ષણિક પ્રદર્શન અંગેના આ અવલોકનોને દર્શાવે છે. મોટાભાગના વાલીઓ જેમણે પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં મોકલ્યા હતા, તેમણે 'સ્ક્રોલ'ને જણાવ્યું કે તેમના બાળકો ભણવામાં એવરેજ હતા, અને તેઓ પોતાની આ ચિંતાઓ વિશે શિક્ષકો સાથે ચર્ચા કરવાનો પ્રયાસ કરતા હતા. માહેશ્વરીએ કહ્યું, ''ક્યારેક તેઓ અમને બાળકને ટ્યુશનમાં મોકલવાનું કહે છે, પણ અમે તેનો ખર્ચ ઉઠાવી શકીએ તેમ નથી.''

બાલકૃષ્ણને જણાવ્યું કે તેમની સૌથી નાની દીકરી, જે સરકારી શાળામાં ભણે છે, તે ત્યાં જ ભણવાનું ચાલુ રાખવા માટે ખુશ છે અને ખાનગી શાળામાં જવા માંગતી નથી. વાસ્તવમાં, તેમણે ગર્વ સાથે સમજાવ્યું કે તે તમિલ માધ્યમમાં ખૂબ જ સારું ભણી રહી હતી અને તેના શિક્ષકોએ તેમને તેને અંગ્રેજી માધ્યમની સરકારી શાળામાં બદલવા કહ્યું હતું. તેમણે કહ્યું, ''તે ખૂબ જ હોંશિયાર બાળક છે.''

અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના અભ્યાસમાં એવું પણ સૂચવવામાં આવ્યું હતું કે ખાનગી શાળાઓ પ્રત્યે માતા-પિતાના આકર્ષણ કે પસંદગીનો આધાર હંમેશાં યોગ્ય કે સાચો હોતો નથી. તેમાં જણાવાયું હતું કે, ''આંકડાકીય માહિતી દર્શાવે છે કે માતા-પિતાની માન્યતાઓ અને શાળાઓની વાસ્તવિકતા વચ્ચે અંતર જોવા મળે છે.''

મોટા ભાગે એવું જોવા મળ્યું કે આનું કારણ ખાનગી શાળાઓ દ્વારા પોતાની જાતને પ્રમોટ કરવા પર વધારે ભાર મૂકવામાં આવે છે તે છે. અભ્યાસમાં કહેવાયું છે કે, ''મોટા ભાગની ખાનગી શાળાઓ પ્રવેશ મેળવવા માટે વ્યવસ્થિત રીતે પ્રવેશ ઝુંબેશ યોજે છે. આ ઝુંબેશમાં વાહનવ્યવહાર અને સીસીટીવી કેમેરા જેવી સુરક્ષા સુવિધાઓની મોટી જાહેરાતો કરવામાં આવે છે.'' બાબુ આ મૂલ્યાંકન સાથે સહમત હતા. તેમણે કહ્યું, ''બધી ખાનગી શાળાઓ ફક્ત જાહેરાતો જ કરે છે. આ બધું માત્ર માર્કેટિંગ છે.''

**- જોહાના દિક્ષા (સૌ. : સ્ક્રોલ.ઈન)**